Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

છઠ્ઠી ચોપડી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

66 ग
१६(घ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 66 ग/93(दा)

पंजिका-संख्या 29८79/27.6.2002

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ [illegible]

વિદ્યાપીઠ વાચનમાળા

છઠ્ઠી ચોપડી

[ગુજરાતી શાળાના છઠ્ઠા યા અંગ્રેજી શાળાના બીજા ધોરણ માટે]

CHECKED 1973
Initial

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ	૧૯૪૧,	પ્રત	૫૦૦
બીજી આવૃત્તિ	,,	પ્રત	૮,૦૦૦
પુનર્મુદ્રણ	,,	પ્રત	૬,૫૦૦
,,	૧૯૪૨,	પ્રત	૧૨,૦૦૦
,,	૧૯૪૪,	પ્રત	૫,૦૦૦
,,	૧૯૪૫,	પ્રત	૪,૦૦૦
,,	૧૯૪૬,	પ્રત	૮,૦૦૦

સાડા દસ આના

મે, ૧૯૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠે લગભગ તેની હસ્તીની શરૂઆતથી, ગુજરાતીના અભ્યાસને માટે સારી અને સુઘડ વાચનમાળા તૈયાર કરવાનો ઇરાદો સેવ્યો છે; અને તે અનુસાર આજ સુધીમાં કેટલીક ચોપડીઓ પ્રસિદ્ધ પણ કરી છે. તે બધું કામ તપાસીને, ઠીક લાગે તે સુધારવું વધારવું, અને આજે જે પસંદ કરવા જેવું ન લાગે તે રદ કરી નવેસર બીજું રચવું, એ કામ ઈ. સ. ૧૯૩૫ પછી વિદ્યાપીઠે ઉપાડ્યું છે. તે અનુસાર બાળપોથી તરીકે 'ચાલણ–ગાડી'ની સુધારેલી વધારેલી નવી આવૃત્તિ બહાર પડી છે. અને ત્યાર પછીની ચાર ચોપડીઓનું કામ હાથ ઉપર છે, જે પૂરું કરી થોડાક માસ બાદ જનતા આગળ મૂકવાની આશા છે.

વાચનમાળાની ત્યાર પછીની ત્રણ ચોપડીઓ — પાંચમી, છઠ્ઠી અને સાતમી — તેમની પ્રત્યક્ષ જરૂર અમને વિનય મંદિરનાં પ્રથમ ત્રણ ધોરણોને માટે પણ લાગ્યા કરી છે. કેમ કે એ વર્ગોને માટે કરીને પ્રસિદ્ધ થયેલી, ઉપલબ્ધ ચોપડીઓ સર્વ રીતે સંતોષ આપી શકતી નથી.

બીજી તરફથી સરકારે પોતાની આજ એક પેઢીથી પણ વધુ જૂની થયેલી વાચનમાળા છાપવાનું બંધ કર્યું, અને એનું સ્થાન આજ ખાલી જ છે. તેથી કુમાર મંદિરો કે સાત ધોરણની ગુજરાતી શાળાઓનાં છેલ્લાં ત્રણ ધોરણને માટે પણ યોગ્ય ચોપડીઓની જરૂર જણાય છે.

અને ઉપર જણાવેલાં ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ તથા હાઇસ્કૂલનાં પ્રથમ ત્રણ ધોરણના વિદ્યાર્થીઓની જરૂર ભિન્ન નથી. એમાં ફરક પડતો હોય તો એટલો જ કે, પાછળનાં ધોરણોમાં અંગ્રેજી શરૂ થવાથી, શિક્ષણમાં ગુજરાતી ગૌણ સ્થાને જાય છે, તેથી કરીને કદાચ વરસમાં કામ ઓછું થાય. પરંતુ, બાળકની જરૂર, તેનાં વિકાસ તથા ઘડતર, અને જિજ્ઞાસા તથા કર્તૃત્વ વગેરે જોતાં, બેઉ પ્રકારનાં ત્રણ ધોરણો માટે સરખી જ વાચનમાળા જોઈએ.

શિક્ષણની આ જરૂર ઉપરાંત, જ્ઞાનવિજ્ઞાન અને સંસ્કારિતા તથા લોકજીવનની દૃષ્ટિએ પણ છેલ્લી પેઢીમાં આપણે ખૂબ વધ્યા છીએ. પ્રજાના જીવનનાં સર્વ અંગોનાં આદર્શ અને મહત્ત્વાકાંક્ષાઓમાં ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પલટો થયો છે. તેથી કરીને, દરેક દાયકે એને અનુરૂપ વાચનમાળા ઘડાતી કે રૂપાંતરિત થતી રહે, તો તે ઇષ્ટ છે.

આ ખ્યાલો ઉપરથી વિદ્યાપીઠની પુસ્તક પ્રકાશન સમિતિએ ઠરાવ્યું કે, વિનય મંદિર યા હાઈસ્કૂલનાં પહેલાં ત્રણ, અથવા કુમાર મંદિર કે સાત ધોરણની ગુજરાતી શાળાનાં છેલ્લાં ત્રણ, એ ધોરણોને માટે, વાચનમાળાની પાંચમી, છઠ્ઠી અને સાતમી ચોપડીઓ પણ તૈયાર કરવામાં આવે. તે અનુસાર, પાંચમી ચોપડી ગયે મહિને પ્રસિદ્ધ થઈ ગઈ છે, અને માળાની આ છઠ્ઠી ચોપડી હવે બહાર પાડવામાં આવે છે. ત્રણ ચોપડીઓના આ જૂથમાં હવે છેલ્લી સાતમી ચોપડી બાકી રહે છે, તે આવતે મહિને બહાર પાડવાની આશા છે.

આ ત્રણ ધોરણોમાં વિજ્ઞાન, ભૂગોળ, ઇતિહાસ જેવા ખાસ વિષયો માટે અલગ પાઠ્યપુસ્તકો વપરાતાં હોવાથી, તેમને વિષેના પાઠોથી વાચનમાળાની જગા રોકવાની જરૂર હવે રહી નથી. એટલે આ ચોપડીમાં એ વિષયના ક્રમિક ભાગો રાખ્યા નથી.

પાનાંની સંખ્યા સામાન્ય જરૂર કરતાં કાંઈકેય વધારે છે, તે એ ઇરાદે કે તેથી કરીને શિક્ષકોને પસંદગીનું ક્ષેત્ર મળી રહે.

વિદ્યાર્થીઓને કોશ વાપરતાં આવડે એ ઇરાદે, ચોપડીમાંથી પસંદ કરેલા લગભગ સવા પાંચસો શબ્દો અંતે આપ્યા છે.

કાવ્ય નાગરીમાં છાપવાનો રિવાજ સરકારી વાચનમાળામાં ચાલતો તે જારી રાખ્યો છે, જેથી આપણાં બાળકો, વગર બોજે ભોગવ્યે, નાગરી લિપિનો પણ પરિચય કરી લઈ શકે. હવે હિંદુસ્તાનીનું શિક્ષણ પણ આ વર્ષોમાં શરૂ થાય છે, તેથી પણ નાગરીનો આ ઉપયોગ આવકારપાત્ર થશે.

આ પ્રકારનું પુસ્તક તૈયાર કરવામાં અનેક લેખકોનાં લખાણોનો, સીધો કે આડકતરો ઉપયોગ કરવાનો તો હોય જ છે, અને એ સૌનાં નામ ગણાવવા બેસવું અશક્ય લેખાય. છતાં આ સ્થળે, સંસ્થા વતી તે સૌનો આભાર માનું છું. જે લેખકોએ પોતાનાં લખાણો આમાં લેવાની અમને પરવાનગી આપી છે, તેમનો પણ સંસ્થા આભાર માને છે. બાકી રહ્યા આ ચોપડીનું કામ કરનારા, વિદ્યાપીઠને સ્વકીય સમજનારા કાર્યકર્તાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સેવકો, જેમણે મહેનત લઈ ને ઉપરની સામગ્રીમાંથી આ ચોપડીના પાઠો ઘડચા છે. તેઓ તો ઘરના જ હોઈ, એમનો આભાર માનવાનો હોય નહિ.

છેવટે વિનંતી કે, ગુજરાતના શિક્ષકો આ પુસ્તકને અપનાવે, અને તેને સુધારવા વધારવાને માટે પોતાની અનુભવસિદ્ધ સલાહ અને સૂચનાઓ આપી શિક્ષણના આ કાર્યને ઉત્તેજન આપે. એ જ.

તા. ૪-૩-'૪૧
ગૂ૦ વિ૦ કાર્યાલય

મગનભાઈ પ્ર. દેસાઈ
મહામાત્ર

બીજી આવૃત્તિ

સરકારી પાઠચપુસ્તક સમિતિએ આ ચોપડીને શાળાઓના ઉપયોગને માટે મંજૂર રાખી છે. નવી આવૃત્તિનો લાભ લઈ, બધું ફરી તપાસી જતાં સુધારવા જેવું કાંઈક લાગ્યું તે સુધાર્યું છે. ગુજરાતની અંગ્રેજી શાળાઓ તથા સ્કૂલ બોર્ડો હવે આ પુસ્તકને અપનાવે એવી વિનંતી છે.

તા. ૩૦-૫-'૪૧

મ. પ્ર. દેસાઈ

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

[કવિતા પાઠનું નામ નાગરી લિપિમાં દર્શાવ્યું છે.]

૧.	સ્વાશ્રય ખંડ ૧–૨	૯
૨.	ઘોડાનું બંધન	૧૧
૩.	ध्रुव नारद संवाद	૧૫
૪.	ત્રીજા વર્ગની વિટંબણા	૧૭
૫.	ડોશીમાનો આંબો	૧૯
૬.	मात विना सूनो संसार !	૨૨
૭.	કુદરતરૂપી પુસ્તક	૨૩
૮.	એને શી ઉપમા દઈએ !	૨૬
૯.	हरिभक्तनी लाज	૨૯
૧૦.	ગરીબ બિચારી દીકરી	૨૯
૧૧.	'वचन गयु तो थई रह्युं'	૩૨
૧૨.	ભામાશાહની સ્વામીભક્તિ	૩૩
૧૩.	રાજમાતા મીનલદેવી	૩૫
૧૪.	સાચી હજ	૩૭
૧૫	पारसमणि फेंकी दीधो !	૪૦
૧૬.	કીસા ગોતમી	૪૨
૧૭.	મહાત્મા કોન્ફૂશિયસ	૪૪
૧૮.	हरिजननो ओच्छव खंड १–२	૪૮
૧૯.	તારાઓનું સખ્ય ખંડ ૧–૨	૫૦
૨૦.	જૂતાનો જન્મ	૫૩
૨૧.	जेने राम राखे रे	૫૭
૨૨.	ઇબ્રાહીમકાકા	૫૮
૨૩.	આળસુ લોકો	૬૨
૨૪.	कहाननी वांसळी	૬૬
૨૫.	ગુજરાતી ભાષાના પહેલા નવલકથાકાર	૬૭
૨૬.	एक सवार	૭૨
૨૭.	શાન્તિદાસ ખંડ ૧–૪	૭૩
૨૮.	दयाहीन थयो नृप	૮૩
૨૯.	કચ્છનાં સંસ્મરણો	૮૬
૩૦.	બે ભાઈની ભેટ	૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧. काया माया कूडी रे ૯૩
૩૨. હિંદના બે જગવિખ્યાત કવિઓ ખંડ ૧–૫ . ૯૪
૩૩. बापानी पीपर ૧૦૦
૩૪. ઇંગ્લેન્ડનો આદિ જેલ-સુધારક . . . ૧૦૨
૩૫. પ્રાચીન ઇજિપ્તનું અમર સ્મારક . . . ૧૦૬
૩૬. युद्धनुं गौरव आटलुं ? . . . ૧૧૧
૩૭. ટાઇટેનિકની જળસમાધિ . . . ૧૧૩
૩૮. मंगळ मंदिर खोलो . . . ૧૧૭
૩૯. રોજિંદુ છાપું ખંડ ૧–૪ . . . ૧૧૮
૪૦. शामळशाह शेठ ૧૨૪
૪૧ અંગુલિમાલ લૂંટારો ૧૨૬
૪૨. હજરત મહંમદ પેગંબર . . . ૧૨૯
૪૩. चालो निज देश भणी ૧૩૮
૪૪. અશ્વમેધનો અશ્વ ખંડ ૧–૩ . . . ૧૩૯
૪૫. આદર્શ ગામ ૧૪૭
૪૬. जननी ૧૫૦
૪૭. કાગળની આત્મકથા ૧૫૧
૪૮. बळबळता जाम्या बप्पोर . . . ૧૫૪
૪૯. જનકનંદિની સીતા ખંડ ૧–૫ . . . ૧૫૬
૫૦. जन शूरा ૧૬૩
૫૧. સુએઝની નહેર ખંડ ૧૬૪
૫૨. कडवां कारेलां . . . ૧૬૮
૫૩. ઝાડ અને છોડવા ખંડ ૧–૨ . . . ૧૬૯
૫૪. बे छप्पा ૧૭૩
૫૫. બિયાંની મુસાફરી ખંડ ૧–૨ . . . ૧૭૩
૫૬. आत्मबलिदान ૧૭૮
૫૭. કોણ જીત્યું ? ૧૮૦
શબ્દકોશ ૧૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાશ્રય

૧

લાવરી અને તેનાં બચ્ચાંની વાત તો તમે જાણતાં જ હશો. એક ખેતરમાં લાવરીએ માળો કરી પોતાનાં બચ્ચાં ઉછેર્યાં હતાં. તે ખેતર કાપવાનો સમય થયો ત્યારે ખેડૂતે વિચાર કર્યો કે, આપણા ભાઈબંધ સ્નેહીઓને બોલાવી કાલે કાપણી કરીશું. તોપણ લાવરી બચ્ચાંને લઈ ઊડી ગઈ નહિ. બીજે દિવસે ખેડૂતને સહાય થવા કોઈ આવ્યું નહિ, ત્યારે તેણે વિચાર કર્યો કે, કાલે તો અવશ્ય કાપણી કરવી 'ને તે માટે ફલાણા કાકા, ફલાણા ભાઈ, આદિને બોલાવી લાવવા, છતાં લાવરી ખસી નહિ. બીજી વાર પણ ખેડૂત નિરાશ થયો. છેવટે તેણે પોતાના છોકરાને કહ્યું કે, હવે તો કાલે વહેલા ઊઠીને આપણે બે જણ જ મંડીશું કે બેએક દિવસમાં પાર આવે. આવું સાંભળતાં જ લાવરી બચ્ચાંને લઈને નાસી ગઈ, કેમ કે તેને ખાતરી થઈ કે, ખેડૂતે પોતે જ પોતાનું કામ કરવાનું ધાર્યું છે, તો હવે કર્યા વિના રહેશે નહિ.

આ વાતનો સાર એટલો જ છે કે, પોતા વિના બીજાની આશા રાખી કોઈ પણ કામ પાર પાડવાનું ધારવું, એ કેવળ નિરાશ થવાની વાત છે. કહેવત છે કે, 'પારકી આશ સદા નિરાશ', 'આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ.' આપણે જે કામ સાધવું હોય તેનું યોગ્ય જ્ઞાન અને તે પ્રમાણે કરવાની ચીવટ જેવી આપણને પોતાને હોય તેવી બીજા કોઈને હોઈ શકે નહિ; ને એટલા માટે તે કામ આપણાથી જેવું થાય તેવું બીજાથી થઈ શકે નહિ. કોઈ પણ કામ કરવામાં તે કામના રૂપનું અને તે કરવાનાં સાધનનું યોગ્ય જ્ઞાન હોવું જોઈએ, એ પહેલી વાત છે. બીજી વાત એ છે કે, તે જ્ઞાન પ્રમાણે પાર ઉતારવા જેટલો આગ્રહ અને ઉદ્યોગ પણ જોઈએ. જેનું જે કામ હોય, તેને તે કામનું પૂરેપૂરું જ્ઞાન હોય છે, ને જેને તે કામનું ફળ પામવાનું છે, તેને તે કામમાં મંડવાનો આગ્રહ અને ઉદ્યોગ હોય છે. એટલે કદાપિ બીજા પાસે કામ કરાવવું પડે તોપણ, તેમાં આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે ભાગ લઈએ તેના જેવું સારું તે કદાપિ થાય નહિ. બધું પોતાને હાથે જ કરવું એમ આ લખવાનું તાત્પર્ય નથી. પણ આપણે જે કરવું હોય, જે જોઈતું હોય, તે બધા માટે પારકાના જ ઉપર આધાર ન રહેવો જોઈએ, એટલું આ પ્રમાણે લખવાનું તાત્પર્ય છે.

૨

કામધંધો ન હોય તો માણસનું જીવિત વિષમ થાય છે: તેનાં શરીર અને મન એ બગડે છે, ને નવરાં બેઠા નખોદ વાળવાનું સૂઝે છે. એ ઉપરાંત બીજું ન્યાયનું પણ કારણ છે, જે વિચારી આપણે સર્વદા પ્રવૃત્તિમાં રહેવું આવશ્યક છે. આપણે જેટલું ખાઈએ છીએ, ભોગવીએ છીએ, વાપરીએ છીએ, તેટલું કોઈ પણ પ્રકારના કામ વિના પેદા થયું નથી, એ તો નિશ્ચય છે. તો એ શ્રમમાં આપણે કેટલો ભાગ લીધો છે? બીજી રીતે કહીએ તો, આપણે આપણા ભોગવવામાં આવતી વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે કેટલું મૂલ્ય આપ્યું છે? બાપદાદા પાસેથી પ્રાપ્ત થયું હોય તેને જ ભોગવ્યા કરવામાં પણ આપણે અન્યાય કરીએ છીએ, કેમ કે તેમને પણ એ વસ્તુઓ પ્રાપ્ત કરતાં શ્રમ તો પડ્યો જ હશે. તો તેમાં આપણે કેટલો ભાગ આપીએ છીએ? આપણને જે પ્રકારનો ઉદ્યોગ કરતાં આવડતો હોય, તે પ્રકારનો શ્રમ કરી આપણે આપણા ઉપભોગની વસ્તુઓનું મૂલ્ય વાળી આપવું જોઈએ. પારકા ઉદ્યોગનાં ફળ ભોગવવાની આશાથી તો પોતાને હાનિ થાય છે એટલું જ નહિ, પણ પરિણામે આખા દેશને હાનિ થાય છે; કેમ કે, જે વસ્તુનો આપણે ભોગવીને નાશ કરીએ છીએ, તેને સ્થાને બીજું કશું નવું પેદા કરતા નથી. જો પ્રત્યેક મનુષ્ય પારકાનું પેદા કરેલું ભોગવવાનો નિશ્ચય કરીને બેસે, તો આખા દેશમાં ખાવાનું કે પીવાનું કંઈ રહે નહિ, પેદા થાય નહિ, ને સર્વે મરી જાય. આવું છે એટલે, જે માણસ કોઈ પણ પ્રકારનો ઉદ્યોગ કે શ્રમ કરી, પોતે જે ભોગવે છે તેનો બદલો પોતાના જાતિભાઈને આપતો નથી, તે આખા દેશને હાનિ કરે છે. પોતાની જાતને તેના આળસથી હાનિ છે, એટલે તે આત્મદ્રોહી તો છે જ, પણ વળી તે દેશદ્રોહી પણ, હમણાં બતાવ્યું તે રીતે, થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ માણસોએ કોઈ દિવસ પરોપજીવી, એટલે પારકાને આધારે જીવનારા થવું નહિ, કોઈ પણ પ્રકારનો ઉપયોગી શ્રમ કરવા સર્વદા પ્રયત્ન કરવો, અને તે શ્રમથી જે ભોગવાય તેમાં જ સંતોષ અને સુખ માનવાં. વંશપરંપરાની આવેલી સમૃદ્ધિ ભોગવતાં પણ, તેનું મૂલ્ય કોઈ પણ પ્રકારનો ઉપયોગી શ્રમ કરીને વાળી આપવું.

સ્વાધ્યાય

૧. આ પાઠ સ્વ૦ મણિભાઈ નભુભાઈ દ્વિવેદીએ લખેલા 'બાલવિલાસ' માંથી તૈયાર કર્યો છે. તે પુસ્તકમાં અનેક મજેદાર વાતોના પાઠો છે. તમને ગમે એવા કેટલાક પાઠો જરૂર તેમાં તમને મળશે, તે વાંચજો.

૨. સ્વાશ્રય અને પ્રવૃત્તિ કે કામધંધા વચ્ચેનો સંબંધ વિચારો.

૩. બધી વાતે સ્વાશ્રયી થઈ શકાય?

૪. લાવરી અને તેનાં બચ્ચાંની વાત તમારી શેરીનાં નાનાં ભાઈબહેનોને ભેગાં કરીને કહો.

૨

ઘોડાનું બંધન

પહેલાં ઘોડો આજની જેમ માણસનો ગુલામ ન હતો. જેમ કારણ હોય કે ન હોય તોપણ છોકરાંઓ આખું આંગણું ગજાવી મૂકે છે, તેમ ઘોડો આખા બીડમાં મનભાવતી હડિયાપટ્ટી કરતો. તેના મોંમાં કોઈનું ચોકઠું ન હતું. તેની પીઠ પર કોઈ સવાર ન હતું, કે તેની છાતીએ ગાડીનું ઝૂંસરું ન હતું.

આ તેજદાર અને પાણીવાળું પ્રાણી જે દિવસ સ્વતંત્ર હતું, તે દિવસ સ્વતંત્રતા ઓર બહારમાં ખીલતી.

ઘોડાનું બીડ પુષ્કળ મીઠા ઘાસથી ભરપૂર હતું. પોતે તેમાં મનને ગમે તેમ વિચરતો. આ છેડે ઘાસની એક પૂળી ખાઈને હડી મેલે; સામે છેડેથી વળી એક પૂળી ખાય ને પાછો હડી મેલે. આમ એનો વખત જતો.

એક વખત ઘોડો બીડમાં આમતેમ દોડી રહ્યો હતો, ત્યાં છેટે એને કંઈ કાળું કાળું દેખાયું. ઘોડો કાન ઊભા કરીને એની તરફ જોવા લાગ્યો. તેને લાગ્યું કે આ વળી નવો ડુંગર અચાનક ક્યાંથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારીને જુએ છે તો કાળા ડુંગર જેવું એ કંઈક ચાલે છે અને હળવે હળવે તેના બીડ તરફ વધી રહ્યું છે. હવે ઘોડો ગભરાયો, હતું એટલું જોર કરીને તે બીડને સામે છેડે દોડી ગયો. ત્યાં ઘાસની ઓથે લપાઈને કાળ જેવા પેલા હાથીને જોઈ રહ્યો.

પેલો કાળો ડુંગર જેવો હાથી હતો. સુંદર ઘાસથી ભરેલું બીડ જોઈને તેના હરખનો પાર રહ્યો નહિ. તેણે આગળ જવાનો વિચાર માંડી વાળીને બીડમાં જ ધામો નાંખ્યો. ઘોડો મુસ્કેલીમાં આવી પડ્યો. ચોવીસે કલાક ભયને લીધે તેની છાતીમાંથી થડકાટ ખસતો ન હતો. અને વિશાળ પેટવાળો હાથી, છપ્પનિયા કાળની પેઠે વીધાં ને વીધાં ચરી જઈને બીડને હથેળી જેવું કર્યે જતો હતો, એ તેનાથી દીઠું જતું ન હતું.

આ રોજનું દુઃખ કેમ ખમાય? હાથીનું કાસળ કોઈ પણ ઉપાયે કાઢવું જોઈએ જ. ઘોડાએ વિચાર્યું, 'આપણા એકલાથી તો આની જોડે નહિ લડાય; કોઈની મદદ મેળવવી જોઈએ. ઘાસ ન ખાઈ શકે, એવું કોઈ શોધવું જોઈએ. સિંહ પાસે જાઉં, પણ એની સામે જવાને પગ કેમ ઊપડે? મદદ માગવા જાઉં ને મને જ ફાડી ખાય તો?

'હં, માણસ જ ઠીક. ઘાસ એ ખાઈ શકનાર નથી, એટલે મારું બીડ સહીસલામત જ છે; અને મારી જાત પણ તેટલી જ સહીસલામત છે; કારણ મને મારવા કરવા આવશે ત્યારે દોડી એના હાથમાંથી છટકવું શું મુસ્કેલ છે?'

પોતાનો જાનમાલ સુરક્ષિત રહે અને છતાં દુસ્મન મરે, એ માટે માણસની જ મદદ માગવી, એમ તેણે મનની સાથે ઠરાવ્યું. માણસ એ ઘણું ચતુર પ્રાણી છે એમ તે જાણતો હતો. બળ ન હોવા છતાં બુદ્ધિ વડે માણસ હાથી જેવા બળવાન પ્રાણીને મારશે એમ જાણનાર ઘોડાએ એટલું ન જાણ્યું કે, એ જ બુદ્ધિ વડે માણસ ધારે તો તેને પણ મારી શકે. ગરજવાન એટલી અક્કલ ક્યાંથી દોડાવી શકે? ઘોડો માણસને શરણે થયો.

દૂરથી માણસે ઘોડાને આવતો જોયો. વાહ, શું ઉત્તમ પ્રાણી ઈશ્વરે પણ પેદા કર્યું છે! એમ મનમાં વિચારતો એ તો એકીટશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડાને નીરખી જ રહ્યો. લાડુ જોઈને બાળકના મનની જેવી દશા થાય, તેવી ઘોડાને જોઈને માણસના મનની દશા થઈ.

ઘોડાએ આવીને માણસના પગમાં લાંબા પડીને નમસ્કાર કર્યાં અને ગદ્ગદ્ કંઠે પોતાના આવવાનું કારણ નિવેદિત કર્યું. તેણે કહ્યું, 'માણસકાકા, અત્યારે મને એક તમારો જ આધાર છે. ગમે તેમ કરો, પણ મારું આટલું એક કામ કરી આપો. તમારો પાડ હું કદીયે નહિ ભૂલું.'

ઘોડાએ તે વખતે માણસની આંખ જોઈ હોત તો તેમાં, 'ઠીક લાગ આવ્યો છે,' એવી લુચ્ચાઈભરેલી વૃત્તિ તે ઉકેલી શકયો હોત. પણ ગરજવાનને અક્કલ ન હોય.

માણસે કહ્યું, 'ભાઈ ઘોડા, તારા જેવા સુંદર પ્રાણીનું કામ કોણ ન કરે? પણ તું જાણે છે કે, હું તો સાવ નાનો છું; મારાથી ઉતાવળે દોડી પણ શકાતું નથી. તારો વેરી હાથી કેવડો જબરો! એનું બળ કેટલું! છતાં હું કહું તેમ તું કરે, તો મને ઉમેદ છે કે હું તને મદદ કરી શકીશ.'

ઘોડાએ કબૂલ કર્યું: 'જેમ કહેશો તેમ કરીશ. મારે માટે કરવું છે ને? કયાં તમારું કામ છે?'

ઘોડાએ મોંમાં આંગળી આપી એટલે હવે માણસ હળવે હળવે એનો પહોંચો ગળવાની તૈયારી કરવા લાગ્યો. એણે કહ્યું, 'મને તારી પીઠ પર ચડીને બેસવા દે.'

ઘોડો કહે, 'ખુશીથી.'

'મારે કઈ તરફ જવું છે એ તને ખબર પડે તેટલા માટે તારા મોંમાં લગામ નાંખવા દે.'

ઘોડો કહે, 'કબૂલ.'

'મારે ઉતાવળું કે ધીમે ચાલવું છે તે તું સમજે તે માટે તારાં પડખામાં લોખંડી એડીઓ મારવા દે.'

ગરજુ ઘોડાએ કહ્યું, 'ભલે તેમ.'

કબૂલત થઈ ગઈ. ઘોડા ઉપર ચડીને માણસ હાથીને હરાવવા ચાલ્યો. યુદ્ધમાં બુદ્ધિમાન માણસે હાથીને પાડયો. માણસ એ બીડમાં જ રહ્યો. ઘોડાના મોંમાં લગામ કાયમ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણુસ હવે આજ જશે, કાલ જશે, એમ ઘોડો દહાડા ગણતો હતો. પણ પેલાની તો જવાની દાનત જરાયે જણાતી ન હતી. એક દિવસ ઘોડાએ કહ્યું, 'માણસકાકા, આ જન્મમાં તો હું તમારું ઋણ નહિ ફેડી શકું. પણ મારી ખાતર હવે તમારે તમારાં બૈરી-છોકરાંનો વિયોગ ખમવાની જરૂર નથી. હવે તો હું મારું ફોડી લઈશ.'

પરોપકારી માણુસ બોલ્યો, 'તને એમ એકલો મૂકીને મારાથી કેમ જવાય? બૈરીછોકરાંને તો હું અહીં જ તેડી લાવનાર છું. તેં મારું શરણ લીધું તો મારે તને પૂરી મદદ કરવી એ મારો ધર્મ છે. તું તારા પોતાના જ જોર વડે એકલો રહેવા જેટલો હોશિયાર થઈ જા; ત્યાર પછી જ હું અહીંથી ખસી શકું.'

ઘોડાને કાળજે હવે ફટકારો પેઠો. થોડા દિવસ રહીને એણે ડરતાં ડરતાં પૂછ્યું, 'મારી જીભમાં છાલું પડયું છે. મારા મોંમાંથી આ લગામ . . .'

ડોળા કાઢી મોટો ઘાંટો તાણીને માણસ બોલ્યો, 'ફિટકાર છે તને, નિમકહરામ! તારે માટે મેં મારાં ઘરબાર છોડયાં, જીવનું જોખમ ખેડીને મેં હાથી જેવા મહા બળવાન પ્રાણી સાથે યુદ્ધ કર્યું, અને આટલી એક લગામ પણ તારાથી નથી ખમાતી? આવા નિમકહરામનો ભરોસો શો? કાંટાવાળી લગામ પહેરાવ્યા વગર તું પાંસરો ચાલવાનો જ નથી.'

ઘોડાએ ઘડીક ઠેકડા માર્યા. લગામના કાંટાથી તાળવું ફૂટી જતું હતું. ચાબુકના ફટકાથી પીઠ ચિરાઈ જતી હતી. એડીના ઘાથી પડખાં વીંધાઈ જતાં હતાં. તેના ઠેકડા બધા સુકાઈ ગયા.

ઘોડાનો આજની ઘડી સુધી છુટકારો થયો નથી. સ્વતંત્રતા શું એ હવે તો એને યાદ પણ નથી રહ્યું.

સ્વાધ્યાય

માણુસ કે સમાજ પણ આમ જ બંધનમાં પડે છે! ઘોડો ભલે ભૂલ્યો, તે તો પશુ છે. પણ માણુસ કે સમાજ સ્વતંત્રતાને ભૂલી શકે?

આ પાઠ 'મધપૂડો' ચોપડીમાંથી લીધો છે. ત્યાં 'ભવિષ્યપુરાણ' એ મથાળાનો પાઠ છે તે પણ વાંચો. ભવિષ્યમાં પછી ઘોડો મનુષ્ય પાસેથી શી રીતે છૂટશે, તે આ પાઠમાં કલ્પી બતાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્રુવ નારદ સંવાદ

[અપર માના વેણથી દુભાઈને ધ્રુવજી માતાની રજા લઈને વન જાય છે. વનમાં જતાં રસ્તામાં નારદ મુનિ મળે છે, તે બે વચ્ચેનો સંવાદ વસાવડના કવિ કાળિદાસ (૧૭૦૦-૧૭૫૦)ના 'ધ્રુવાખ્યાન'માંથી લીધો છે. તેમનું 'પ્રહ્‌લાદાખ્યાન' પણ બાળકોને મજા પડે એવું રસિક છે.]

[ચંદ્રાવળા]

नारद कहे, शीद जाओ छो ? शुं छे तमारे काम ?
कोण तमारां मातपिता ? शुं छे तमारुं नाम ?
ध्रुव — मारुं नाम छे ध्रुव निरधार, मारा पिताने बे छे नार;
राव राणा बेठा सहु रंग, उत्तमने तेड्यो उछंग.
जय जय वैकुंठराय. १
उछंगे बेसवा हुं गयो, मारी खांत हैयानी खोली,
दृष्टिए मुजने दीठो त्यारे अपर मा एम बोली :
अपर कहे, अभागणी केरा, जो सुख वांछो, वन जाओ वहेला,
फरी जनम ले मारे पेट, तो तने राज अपावीश नेट. जय० २
नेट नारद, केम भोगवुं एनुं आप्युं धन ?
सभा सघळी देखतां, मने कह्यां कठण वचन.
कठण वचन ते केम वीसरे, लोढा सम होय तो नीसरे,
खड्ग तणो तो सहीए घाय, पण ए बोल सह्या नव जाय. जय० ३
नारद — जा रे घेला, अत्यारथी ते तुं एवडो शो धरे काळ !
मान कुमान शुं तारे ? तुं तो पांच वर्षनुं बाळ.
बाळकने मा धरवा बोल, खाओ पीओ ने करो कल्लोल,
अपर मानां एवां हेत, विसारीने वाळो चेत. जय० ४
ध्रुव — चित्त ते कई पेर वाळीए ! मने बोलाव्यो नहि बाप,
कशायमां लेख्यो नहि हुंने, ऊकळुं छुं ते ताप.
नारद — ताप, कुंवर, नहि आणीए रती, सुख दुःखनुं कोई सरीगत नथी;
हरिए निर्म्युं तेम ज होय, कर्या करम छोडावे नहि कोय. जय० ५
को काळे वृद्धि हाण छे, तेनो न धरो हर्ख ने शोक;
अणचिंतव्युं जे आवी मळे, तेनो धर संतोष.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संतोष कुंवर घेर पधारो, अपर माना बोल विसारो;
आज कुंवर, तारा बापने कहुं; राज अपावुं ने माने सहु. जय० ६
ध्रुव — सभामां शुं देखाडीए, सौकोमां वळी नाक !
सभामां ज्यारे शोभशुं, मन पूरशे अभिलाख;
लाख–लाखेणो करशे हरि, त्यारे मंदिर आवीश फरी.
तप करतां जो हरि नहि मळे, तो मुज प्राण तजीश बहु बळे. जय० ७
नारद — बळ कीधे हरि नहि मळे, मानो मारु वचन;
जन्म थकी जोगी देह दमे, स्वप्ने नहि दर्शन.
दर्शन तमने केम आपशे ? वन जईने विमासण थशे;
वाघ वरु वनमां बहु हशे, ते देखीने तन ध्रूजशे. जय० ८
जाशे चित्त संसारमां, त्यारे सांभरशे रंगभोग;
भूख तरस ज्यारे लागशे, त्यारे कुंवर, मूकशो जोग.
ध्रुव — जोग ऋषि, मूकुं नहि स्वाम, मन इन्द्रियो राखीश ठाम;
मेरु चळे पण हुं चळुं नहि, ऋषिजी तम परतापे सही. जय० ९
नारद — ऋषि कहे, तुं नीसर्यो त्यारे जाने मधुवनमांय.
जमनाजीमां नाहीने तुं तप आदरजे त्यांय.
त्यां जई करजे अल्पाशन, जळ पत्रने फळ प्राशन;
वळी तुं भजजे हरिनुं नाम, स्वरूप समरजे श्रीघनश्याम. जय० १०
श्यामने शीश मुगट छे, काने कुंडळ मकराकार;
कोटे कौस्तुभ कटि मेखला, पाय नेपुर झणकार;
पाय पद्म शंख चक्र ने गदा, एवुं स्वरूप समरजो सदा;
कानमां अक्षर कहुं छुं जेह, द्वादश अक्षर* भणजो तेह. जय० ११
ए करतां खट मासमां तुजने मळशे वैकुंठनाथ.
कवि — आशीर्वाद दई दासने, मस्तक मूक्यो हाथ;
हाथ जोडी ध्रुव लाग्यो चरण, आज्ञा मांगी विचर्यो अरण.

સ્વાધ્યાય

નારદ ઋષિની વાતો બહુ ગમતવાળી ને રસિક હોય છે. વધારે વાતો જાણો.

---

* 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ બારાક્ષરી મંત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ત્રીજા વર્ગની વિટંબણા

આગગાડીમાં ન બેઠું હોય એવું કોઈ માણસ આજ ભાગ્યે જ હશે. આજ આગગાડીનો ઉપયોગ એટલો બધો વધી ગયો છે કે, ગરીબ અને તવંગર સૌ એમાં બેસીને ગામ પરગામ જાય છે. ફરક એટલો છે કે, ગરીબ લોકો ત્રીજા વર્ગના ડબામાં બેસે છે ત્યારે તવંગર લોકો પહેલા કે બીજા વર્ગના ડબામાં બેસે છે. પરંતુ આગગાડીમાં બેસનારાઓનો મોટો ભાગ ત્રીજા વર્ગમાં બેસનારા ગરીબ લોકોનો હોવાથી, ગાડીમાં મોટે ભાગે ત્રીજા વર્ગના ડબા વધારે હોય છે, અને રેલવેની કમાણીનો મુખ્ય ભાગ પણ એ વર્ગના ઉતારુઓ જ આપે છે. પરંતુ ઉપલા બે વર્ગના અને ત્રીજા વર્ગના ઉતારુઓને અપાતી સુખસગવડની સરખામણી કરીએ તો, આમ-પ્રજા માટેના આ ત્રીજા વર્ગમાં રેલવે ખાતાએ ઘણું જ ઓછું ધ્યાન આપેલું દેખાય છે. રેલવેના અમલદારો ત્રીજા વર્ગના ઉતારુઓ પ્રત્યે તોછડાઈ અને અવિવેકથી વર્તતા પણ જોવામાં આવે છે. ત્રીજા વર્ગના ઉતારુઓની સંખ્યા પ્રમાણે તેમને બેસવાને માટે પૂરતી જગા છે કે નહિ, તેની જરાય દરકાર રેલવે કરતી નથી. તેથી આપણી રેલવેમાં ભીડનો ત્રાસ તો સામાન્ય થઈ પડ્યો છે. અને રેલવેવાળા પણ ભૂલી ગયા છે કે, ભીડ દૂર કરવી એ એમની પ્રથમ ફરજ છે. આ પ્રમાણે રેલવેવાળા બેજવાબદાર બન્યા છે અને લોક એ ત્રાસને અટળ માની વેઠી લેતા થયા છે. ઉભય પક્ષે આ પરિણામ ઇષ્ટ તો નથી જ.

બીજા દેશોના અનુભવી લોક કહે છે કે, ત્યાં વર્ગો વચ્ચે અહીંના જેવો ફરક કે રેલવે અમલદારોની અન્યાયી બેદરકારી જોવામાં નથી આવતાં. ગાંધીજી એમની આત્મકથામાં એક જગાએ લખે છે, 'યુરોપમાં તો મેં ત્રીજા જ વર્ગમાં મુસાફરી કરેલી. અનુભવને ખાતર પહેલા વર્ગની મુસાફરી એક વાર કરેલી. ત્યાં મેં પહેલા અને ત્રીજા વર્ગ વચ્ચે અહીંના જેવું અંતર ન ભાળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણ આફ્રિકામાં ત્રીજા વર્ગના ઉતારુઓ મોટે ભાગે હબસીઓ જ હોય છે. છતાં ત્યાંના ત્રીજા વર્ગમાં પણ વધારે સગવડ છે. કેટલાક ભાગમાં તો ત્યાં ત્રીજા વર્ગના ડબ્બામાં સૂવાની સગવડ પણ હોય છે અને બેઠકો ગાદીથી મઢેલી હોય છે. દરેક ખાનામાં બેસનાર ઉતારુઓની સંખ્યાની હદ જાળવવામાં આવે છે. અહીં તો ત્રીજા વર્ગમાં સંખ્યાની હદ જળવાયાનો મને અનુભવ જ નથી.' ત્રીજા વર્ગના ઉતારુઓ એટલે જાણે ઘેટાં, અને તેમની સગવડ એટલે ઘેટાંના ડબ્બા !

રેલખાતા તરફની આ અગવડો ઉપરાંત મુસાફરોની કુટેવોથી પણ ત્રીજા વર્ગની મુસાફરીમાં ઘણો ત્રાસ વધે છે, એ પણ આપણે ભૂલવું ન જોઈએ. આને માટે આપણે જ ગુનેગાર છીએ. ગમે ત્યાં થૂંકવું, ગમે ત્યાં કચરો નાખવો, ગમે તેમ ને ગમે તે વખતે બીડાં ફૂંકવાં, પાન કે તમાકુ ચાવવાં ને જ્યાં બેઠા હોઈએ ત્યાં જ પિચકારીઓ મારવી, ખાઈ ને એઠવાડ કે છોતરાં ડબ્બામાં નાંખવાં, નાનાં છોકરાંને ડબ્બામાં જ ઝાડો–પેશાબ કરાવવો, બરાડા પાડીને વાતો કરવી, ગંદી ભાષા વાપરવી કે ગાળાગાળી કરવી— આ બધા માટે આપણે જાતે જ ઠપકો વહોરવો જોઈએ. એમાં નરી આપણી અસભ્યતા જ જણાઈ આવે છે. અને ટિકિટ-ઑફિસ આગળ પોલીસ ન હોય તો આપણે કેવી પડાપડી કરીએ છીએ, એ શરમની વાત તો સૌને જાણીતી છે.

વળી ડબ્બામાં બેસવા આવનાર જોડે જે તકરારો થાય છે, એ જોઈ ને સમજુ માણસને તો હસવું જ આવે. કોઈ પણ ગાડી તમે જુઓ. તે આવી કે ડબ્બામાં પેસવાની પડાપડી અચૂક જોવા મળે. તેથી કરીને અંદરથી ઊતરવા માગનારને ઊતરવાની પણ મુસ્કેલી પડે છે. અને એક વાર પોતે અંદર પેઠા પછી બીજો અંદર ન આવે એવી પેરવી કરવી ! આ બધાને લીધે જ રેલવે ખાતું પણ કાંઈક બેદરકાર બને છે અને તે એને પાલવી શકે છે. કેટલાક લોક તો પોતાના સ્વાર્થને સારુ અમલદારોને લાંચરુશવત ખટાવતાં પણ પાછું જોતા નથી. નહિ તો રેલવે ખાતાની બેદરકારી તો, લોક જરા અડગ બનીને, થોડી વારમાં સુધરાવી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા લોકનાં સુખસગવડનો આ એક આખો અને અગત્યનો સામાજિક સવાલ છે. એના ઉકેલ પાછળ જો એક બે બાહોશ અને ખંતીલા સજ્જન પોતાનો બધો વખત રોકે, તો તે નાનીસૂની સેવા નથી. પણ એ અગાઉ સૌ મુસાફરોએ, એટલે કે આપણે બધાએ, ઉપર ગણાવી તે બધી અસભ્યતાઓ અને કુટેવો કાઢવી જોઈએ. એટલી આત્મશુદ્ધિ જો સમાજ સાધે, તો રેલવે ખાતાને દુરસ્ત કરવામાં પછી વાર નહિ લાગે.

સ્વાધ્યાય

આગગાડીના તમારા અનુભવ યાદ કરો. અને હવે પછી જ્યારે મુસાફરી કરો ત્યારે, પાઠમાં કહેલી બાબતોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરજો.

૫

ડોશીમાનો આંબો

એક ડોશીમાએ બીજાં એક ડોશીમાની કરેલી આ વાત છે. ડોશીમા એકલાં હતાં. કોઈમાં કોઈ એમનું ગણો તો આકાશમાં એક એમનો પરમેશ્વર અને આ લોકમાં એમનો એક આંબો; એ સિવાય ડોશીમાને બીજું કોઈ ન હતું. આંબાની કેરીઓ ઊતરે એની ઉપર ડોશીમાનું આખું વર્ષ નભતું. ડોશીમાને બાપડાંને કમાનારો ધણી ગણો તોય એ આંબો અને દીકરો ગણો તોય એ જ.

ડોશી નાની છોકરી હતી અને નવી વહુ થઈને સાઠ પાંસઠ વર્ષ ઉપર પહેલવહેલી સાસરે આવી, ત્યારનો આ આંબો હતો. એનાં સાસુસસરા આ આંબાની કેરીઓ ખાતાં આવ્યાં હતાં. ડોશી અને તેનો ડોસો નાનપણથી એ જ આંબાની કેરીઓ ખાતાં ખાતાં નાનાનાં ઘરડાં થયાં હતાં.

પહેલાંના જમાનામાં એવું હતું કે, ખવાય એટલી કેરીઓ ઘરનાં ખાતાં અને વધતી તે પાડોશીનાં છોકરાં ખાતાં. જેમ જમાનો બદલાયો તેમ વધતી કેરીઓ વાણિયાને વેચાવા લાગી અને તેના પૈસા આવે તેના દાણા ઘરમાં આવવા લાગ્યા. આજુબાજુનાં દૂબળાનાં છોકરાં પથરા ફેંકી ફેંકી પાડી ખાતાં, એમને કોણ રોકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે એ પણ બિચારાં ખાય. પણ જ્યારથી કેરી વેચીને દાણા ઘરમાં આણવાનો વહીવટ મંડાયો, ત્યારથી બિચારાં દૂબળાનાં છોકરાં રડી ઊઠ્યાં. ડોશીમાનાં છોકરાં એમને તગડી મૂકવા લાગ્યાં.

પડોશીને ઘેર લહાણીમાં કેરીઓ પહોંચાડવાનો વિવેક પણ, પાકી કેરી ખરી પડે તેમ, ખરી પડ્યો. વિવેક કરવા જતાં ઘરમાં દાણો ખૂટે. એવો વિવેક કેમ પરવડે ?

આમ જમાનો તો ખાડમાં ઊતર્યે જ જતો હતો. પહેલો દૂબળાનાં છોકરાં ઉપર કાપ પડ્યો. બીજો પડ્યો પડોશીધર્મ ઉપર. હવે ત્રીજો કાપ ડોસાડોશીએ પોતાની જાત ઉપર લીધો. બહુ ખાધું; ખાધું ક્યાં પેટમાં બેસી રહે છે! કેરીઓ વેચાશે તો ઘરનો ખર્ચ નીકળશે,— આમ સમજી ડોસાડોશી બિચારાં છતી કેરીએ કેરી નહિ ખાતાં. પછી તો ધીમે ધીમે કાપ ઘરનાં છોકરાં ઉપર પણ આવી પડ્યો. ઘરમાં થોડીક કેરીઓ લાવી મૂકી હોય તે જ ખવાય. આખો દહાડો ઉપર ચડીને વાંદરાની પેઠે ખાવાના દિવસો તો હવે ભુલાઈ જ ગયા.

નવા જમાનાની મોંઘવારી આવી ને ઘરના જ આંબાની કેરીઓ જેમ પારકી થઈ ગઈ, તેમ નવા જમાનાની મારામારીઓ પણ આવી અને ઘરનાં માણસો ધીમે ધીમે પરલોકવાસી બની ગયાં. ડોસો મરી ગયો, છોકરાં મરી ગયાં, વહુઓ મરી ખૂટી. બાકી રહી ડોશી અને બીજો એના ઘડપણનો આધાર પેલો આંબો.

પણ નવા જમાનાની બધી 'મારી'ઓ હજી આવી રહી ન હતી. કેટલાક દિવસથી સાહેબ જેવાં ટોપાં પહેરીને એક ટુકડી ગામડાંમાં ફરવા લાગી. માપવાનાં યંત્રો મેલી મેલીને કાંઈક માપવા લાગી. રેલગાડી આવવાની છે, રેલગાડી આવવાની છે, એવી વાત બધા ગામમાં ફેલાઈ ગઈ. આ સાંભળીને કોઈ રાજી થયા તો કોઈ નારાજ થયા. ગાડાવાળાઓ નિસાસા નાખવા લાગ્યા કે, નવરાશના દહાડામાં ગાડાં ફેરવી ખાતા તે હવે ગયું. ખેતરવાળાઓ હરખાતા હતા કે, કપાસના ભાવ હવે સારા ઊપજશે. પણ રેલગાડી તો હજુ બેચાર વરસે આવે ત્યારે ખરી. એનો હરખ શોક તો અત્યારે વાત પૂરતો જ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१८८५१
२५-६-२०७३
८८ग/१६(६)
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ કેટલાકનાં ઘરમાં આજથી જ આંધણ મુકાઈ ચૂકયાં. રેલવેના રસ્તાની લીટી પેલા ટોપીવાળાઓ આંકી ગયા હતા. જેમની જમીનમાંથી એ લીટી પસાર થઈ, તેમને નોટિસો મળી ગઈ કે, તેમણે એ જમીનો સરકારને વેચી દેવી જોઈશે.

કોના હૈયા ઉપર થઈ ને અને કોના પેટ ઉપર થઈ ને રેલવેના પાટાઓ પસાર થયા, એનાં દફતરો દુનિયામાં કોણે રાખ્યાં છે? પણ આટલી એક વાત અમારાં વાર્તા કહેનાર ડોશીમાની કૃપાથી સચવાઈ રહી છે કે, પેલાં બાપડાં અનાથ ડોશીમાના જીવનરૂપ આ આંબા ઉપર થઈ ને એ લીટી નીકળતી હતી. આથી ડોશીના વલોપાતનું શું વર્ણન કરવું! પોતાના ઘડપણનો પાળનાર હવે ચાલ્યો જવાનો! ચચ્ચાર પેઢીઓનો સાથી હવે કપાઈ જવાનો! કસાઈ જેવા, ફાંસીખોરો જેવા, જમના દૂતો જેવા મજૂરો એક દિવસ આવીને આંબો કાપી ગયા. આંબાનાં લાકડાં વેચાઈ ગયાં. થોડાક રૂપિયાની બચકી, સળગી ગયેલા ઘરની રાખના જેવી, ડોશીમાના હાથમાં રહી.

આટલું પણ અધૂરું હોય તેમ, થોડા દિવસ પછી ખબર આવી કે, કાંઈક કારણોને લઈ ને આ રસ્તો રદ કરીને રેલવેને માટે બીજો રસ્તો લેવાનું નક્કી થયું છે. આ સાંભળી, ભાડે ફેરવનારા ગાડાંવાળા વગર સમજ્યે થોડા દહાડા રાજી થયા. જમીનદારો થોડા દિવસ વગર સમજ્યે દિલગીર થયા. જેમની જમીનો ઉપરથી લીટી ગઈ હતી તેઓના આનંદનો પાર ન રહ્યો. આપણી અભાગણી ડોશી જ બાપડી મરણની ઘડી સુધી આંસુ પાડતી રહી. જેમ એના ઘરનાં મૂએલાં માણસોની પાછાં વળવાની આશા નહોતી રહી, તેમ તેનો આંબો કપાયો તે પાછો ચોંટવાની આશા પણ નહોતી.

આપણને બધાને આ ડોશીમાની વાતની ખબર પડી છે. પણ રેલવે કાઢનારને એની થોડી જ ખબર પડી હશે! અને પડી હોય તોયે શું? તેણે શું ડોશીમાના આંબાની કિંમત નહોતી ચૂકવી આપી?

સ્વાધ્યાય

૧. આ પાઠ તમારા ઘરનાં કે પરોશનાં ડોશીમાને વાંચી સંભળાવો.
૨. આ કરુણ કથા પરથી તમને શા વિચાર આવ્યા?
૩. ડોશીમાને રૂપિયાની બચકી કોણે આપી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત વિના સૂનો સંસાર!

[નરસિંહ મહેતા પોતાની પુત્રી કુંવરબાઈના સીમંત પ્રસંગે મામેરું કરવા ગયા હતા. પરંતુ તેને માટે સામગ્રી તો કાંઈ જ લઈ ગયેલા નહિ! પિતા આવ્યા જાણી હરખઘેલી પુત્રી તેમને ઉતારે મળવા ગઈ. પણ જુએ તો પિતા તો ખાલી તાળ લઈને જ આવેલા! આ જોઈને કુંવરબાઈને બહુ દુ:ખ થયું; તેને પોતાની મરી ગયેલી માતા સાંભરી. આ દુ:ખનું વર્ણન કવિ પ્રેમાનંદે પોતાના 'મામેરું' કાવ્યમાં કર્યું છે, તે હવે વાંચો:]

[રાગ મારુ]

दूर थकी दीठी दीकरी, महेताए समर्या श्रीहरि.
अन्योअन्य नयणां भरी, भेटयां बंन्यो आदर करी.
महेते मस्तक मूकी हाथ, पासे बेसाडी पूछी वात :—
'कहो कुंवरबाई, कुशळी क्षेम? सासरियां राखे छे प्रेम?
रूडो दिवस आव्यो, दीकरी, तो मोसाळुं करशे श्रीहरि.'
कुंवरबाई बोली विनति, 'सामग्री कांई पासे नथी.
नागरी नाते रहेशे केम लाज? धन विना आव्या शे काज?
निर्माल्य निर्धननो अवतार, निर्धननुं जीव्युं धिक्कार;
निर्धनने कोई नव गणे, नव राखे ऊभो आंगणे;
चतुरपणुं निर्धननुं जेह, घेला मांही गणाये तेह;
लोक बोलावे दुर्बळ कही, एथी माठुं कांई बीजुं नहि.
पिताजी, कांई उद्यम नव करो, धननो नव राखो संघरो;
आ अवसर सचवाशे केम? पिताजी, तमे विचारो एम.
नथी लाव्या तमो नाडाछडी, नथी मोड के कुंकुमपडी!
नथी माटली, चोळी, घाट! एम शुं आव्या बारेवाट?
केम करी लज्जा रहेशे, तात? हुं शें न मूई मरते मात!
मात विना सूनो संसार, नमायांनो शो अवतार!
जे बाळकनी माता गई मरी, बापनी सगाई साथे ऊतरी.
जेवुं आथमता रविनुं तेज, मा विना एवुं बापनुं हेत.
सुरभि मरतां जेवुं वच्छ, जळ विण जेवुं तलफे मच्छ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

टोळा-वछोई जेवी मृगली, मा विना दीकरी एकली.
लवण विना जेवुं फीकुं अन्न, भाव विना जेवुं भोजन,
कीकी विना जेवुं लोचन, मा विना तेवुं बापनुं मन.
घडो फूटे रझळे ठींकरी, मा विना एवी दीकरी.
गोळ विना मोळो कंसार, माता विना सूनो संसार.'

સ્વાધ્યાય

૧. 'મામેરું' કાવ્ય વાંચી જજો.
૨. આ ચોપડીમાં 'જનની' કાવ્ય છે તે તમારી મેળે વાંચો.

૭

કુદરતરૂપી પુસ્તક

[પં. જવાહરલાલજીએ એમની પુત્રીને વિજ્ઞાનની વાતો સમજાવવા લખેલા પત્રોમાંથી આ પહેલો પત્ર છે. તેમાં મજા પડે તો, તે પત્રોની ગુજરાતી ચોપડી મેળવીને વાંચજો. પણ ખરું તો, તેમાં કહ્યું છે એમ, કુદરત પાસેથી શીખતાં આવડવું જોઈએ. કુદરત નિહાળવાની ટેવ પાડો.]

જ્યારે આપણે સાથે હોઈએ છીએ, ત્યારે તું મને ઘણી બાબતો વિષે વારંવાર પ્રશ્નો પૂછે છે અને હું તેમના જવાબ આપવા પ્રયત્ન કરું છું. પરંતુ હાલ તું મસૂરી છે અને હું અલ્હાબાદ છું, એટલે આપણે એવી રીતે તો વાત ન કરી શકીએ. આથી હું તને આપણી પૃથ્વીના ઇતિહાસની અને તેમાં આવેલા નાનામોટા અનેક દેશોની ટૂંકી વાતો વખતોવખત લખવા ધારું છું. તેં હિંદના તેમ જ ઇંગ્લંડના ઇતિહાસ વિષે થોડું થોડું કંઈક તો વાંચ્યું છે. પરંતુ ઇંગ્લંડ તો એક નાનકડો ટાપુમાત્ર છે; અને હિંદુસ્તાન વિશાળ દેશ છે ખરો, પણ પૃથ્વીની સપાટીનો તો તે એક નાનો સરખો જ ભાગ છે. જો આપણે આપણી દુનિયાના ઇતિહાસ વિષે કંઈ કે જાણવા માગતાં હોઈએ તો, જે નાનકડા દેશમાં આપણે જન્મ્યા હોઈએ તેનો જ નહિ, પણ દુનિયાના બધા દેશો અને તેમાં વસેલી બધી પ્રજાઓ વિષે વિચાર કરવો જોઈએ.

મને ભય છે કે, મારા આ પત્રોમાં હું તેને ઝાઝું નહિ કહી શકું. પરંતુ મને આશા છે કે, જેટલું કહી શકીશ એટલું પણ તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસપ્રદ થશે અને આખી દુનિયા એક છે તેમ જ તેમાં વસતી બીજી પ્રજાઓ આપણાં ભાઈબહેનો છે, એવો ખ્યાલ તને આપશે. તું મોટી થઈશ ત્યારે પૃથ્વી અને તેમાં વસતી બીજી પ્રજાઓ વિષે દળદાર પુસ્તકો વાંચશે અને તેં વાંચેલી બીજી કોઈ પણ નવલકથા કે વાર્તા કરતાં તેમાં તને વધારે રસ પડશે.

એ તો તું જાણે જ છે કે, આપણી પૃથ્વી કરોડો વરસ પુરાણી છે, અને ઘણા લાંબા કાળ સુધી તેમાં મનુષ્યો વસતાં નહોતાં. મનુષ્યોની પહેલાં પૃથ્વી પર માત્ર જાનવરો જ હતાં, અને જાનવરો પહેલાં એવો સમય પણ હતો કે જ્યારે પૃથ્વી ઉપર કોઈ પણ સજીવ વસ્તુ હસ્તી ધરાવતી નહોતી. આજે વિવિધ પ્રકારનાં મનુષ્યો અને પ્રાણીઓથી ભરપૂર ભરેલી આપણી પૃથ્વી કદીયે તેમના વિનાની હશે એમ કલ્પવું એ મુશ્કેલ છે. પરંતુ વિજ્ઞાનશાસ્ત્રીઓ અને જેમણે આ બાબતો વિષે ઘણું ઘણું વાંચ્યું અને વિચાર્યું છે તેઓ કહે છે કે, એક સમયે પૃથ્વી એટલી બધી ગરમ હતી કે કોઈ પણ સજીવ પ્રાણી તેના ઉપર જીવી જ ન શકે, જો આપણે તેમનાં પુસ્તકોનો અભ્યાસ કરીએ અને ખડકો તથા પ્રાણીઓનાં અવશેષોનું અવલોકન કરીએ, તો આપણને પણ સમજાય કે એ હકીકત સાચી હશે.

તું ઇતિહાસ ચોપડીઓમાંથી વાંચે છે. પણ અસલના વખતમાં જ્યારે માણસની હસ્તી જ નહોતી, ત્યારે પુસ્તકો તો ક્યાંથી જ લખાય? તો પછી તે વખતે શું બન્યું તે આપણે કેવી રીતે જાણી શકીએ? આપણે બેઠાં બેઠાં ત્યારની બધી વસ્તુની કલ્પના તો ન જ કરી શકીએ. એમ કરવામાં મજા પડે ખરી; કારણ મરજી પડે તે વસ્તુની આપણે કલ્પના કરી શકીએ અને એ રીતે સુંદર પરીકથાઓ રચી કાઢીએ. પણ એ બધી સાચી હોય એમ ન બને, કારણ કે આપણે નિહાળેલી કોઈ હકીકતો ઉપર તે રચાયેલી નથી હોતી. એ દૂર દૂરના દિવસોમાં લખાયેલી ચોપડી આપણી પાસે નથી એ ખરું; પરંતુ સદ્‌ભાગ્યે આપણી પાસે કેટલીક વસ્તુઓ છે, જે આપણને લગભગ એક ચોપડીની પેઠે ઘણું ઘણું કહે છે. આપણી પાસે ખડકો, પર્વતો, સમુદ્રો, તારાઓ, નદીઓ અને જૂના વખતના પ્રાણીઓના અવશેષો છે. પૃથ્વીના આરંભકાળના ઇતિહાસ માટે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આવી બીજી વસ્તુઓ આપણે માટે પુસ્તકો જેવી છે. અને આ ઇતિહાસ સમજવાનો ખરો રસ્તો માત્ર એ વિષેનાં બીજા લોકોનાં લખેલાં પુસ્તકો વાંચવાં એ નથી, પણ કુદરત કે જે પોતે એક પુસ્તક છે તેની પાસે પહોંચવું એ છે. હું આશા રાખું છું કે, ખડકો અને પર્વતો ઉપરથી એ ઇતિહાસ કેવી રીતે વાંચવો તે તું થોડા વખતમાં શીખવા માંડશે.

એ કેવો અદ્ભુત છે તેની કલ્પના તો કરી જો! રસ્તા ઉપર કે પર્વતની બાજુમાં તારી નજરે પડતો દરેક પથરો કુદરતના ગ્રંથનું નાનકડું પાનું હોઈ શકે, અને તેને વાંચતાં આવડતું હોય તો તને કંઈ કહી શકે. હિંદી, ઉર્દૂ કે અંગ્રેજી ભાષા વાંચવા માટે તેમના મૂળાક્ષરો શીખવાની જરૂર પડે છે. તે જ પ્રમાણે પથ્થર અને ખડકરૂપી પુસ્તકોમાંથી દુનિયાનો ઇતિહાસ વાંચવા માટે તારે કુદરતના મૂળાક્ષરો શીખવા જોઈએ. કદાચ હમણાં પણ તને એ વાંચતાં જરાતરા આવડતું હશે. એક નાનકડો, ગોળ, લીસો અને ચકચકતો પથરો તારા જોવામાં આવે તે તને કંઈ નથી કહેતો કે? તે ખૂણા-ખાંચરા અને ખરબચડી ધાર વિનાનો, ગોળ, લીસો અને ચકચકિત કેવી રીતે થયો? તું કોઈ મોટા ખડકને ભાંગી નાના ટુકડા કરે તો દરેક ટુકડો ખૂણાખાંચરાવાળો અને ખરબચડો હોય છે. તે ગોળ, લીસા કાંકરા જેવો તો નથી જ હોતો. તો પછી એ એટલો બધો ગોળ, લીસો અને ચકચકતો કેવી રીતે થયો? જો તારી પાસે એ સાંભળવાની અને જોવાની સારી આવડત હશે, તો તે તને પોતાની વાત કહેશે. તે તને કહેશે કે, ઘણા લાંબા વખત પહેલાં એક સમયે તે, મોટા ખડક કે પથ્થરને ભાંગતાં થાય એવો, અનેક ખૂણાખાંચરા અને ધારવાળો ટુકડો હતો. ઘણું કરીને તે કોઈ પર્વતની બાજુમાં પડ્યો રહ્યો હશે. ત્યાંથી વરસાદ તેને પર્વતની નાનકડી ખીણમાં આવેલા કોઈક ઝરણા આગળ ઘસડી ગયો. એ ઝરણું તેને નાની નદીમાં અને એ નાની નદી તેને મોટી નદીમાં ઘસડી ગઈ. આ બધો સમય તે નદીતળિયે ગબડતો રહ્યો અને તેમાં તેની ધારો ઘસાઈ ગઈ તથા તેની સપાટી લીસી અને ચળકતી થવા લાગી. તારા જોવામાં આવેલો ગોળ કાંકરો એ રીતે બન્યો. કોઈક રીતે નદી તેને પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકતી ગઈ અને તે તને જડચો. જો નદી તેને આગળ ઘસડી ગઈ હોત, તો તે વધારે ને વધારે નાનો થતો થતો રેતીના કણ બની, દરિયાકિનારે પોતાના બીજા દોસ્તો જોડે મળીને, સુંદર રેતીનો પટ બનાવત, અને તેના ઉપર નાનાં બાળકો રમત અને રેતીના કિલ્લા બનાવત.

જો એક નાનકડો પથરો આટલું બધું કહી શકે, તો બધા ખડકો અને પર્વતો તથા આપણી આસપાસની વસ્તુઓ પાસેથી આપણે કેટલું બધું શીખી શકીએ?

૮

એને શી ઉપમા દઈએ!

[આ પાઠ ગાંધીજીના 'ધર્મમંથન' નામના લેખસંગ્રહમાંથી લીધો છે. આલમોડામાં તે હતા ત્યારે ત્યાંનો હિમાલય જોઈને જે અનુભવ થયો તે એમાં જણાવ્યો છે. પાઠનું ચિત્ર એ જ સ્થાનેથી દેખાતા હિમાલયનું છે. પણ એ ચિત્ર તો ચિત્ર જ. ખરું તો કોક દહાડો પ્રવાસે જાઓ ને જુઓ.]

સિમલા દાર્જિલિંગ પણ હિમાલયના પ્રદેશ છે. પણ ત્યાં મને હિમાલયના મહત્ત્વનો ખ્યાલ ન આવી શક્યો. હું ત્યાં રહ્યો પણ ઓછું અને એ પ્રદેશ એક અંગ્રેજી સંસ્થાન જેવો લાગ્યો. આલમોડામાં, હિમાલય શું છે, એની કંઈક કલ્પના આવી.

હિમાલય ન હોય તો ગંગા, જમના, બ્રહ્મપુત્રા ન હોય; હિમાલય ન હોય તો વરસાદ ન હોય અને આ નદીઓ ન હોય; વરસાદ ન હોય તો હિન્દુસ્તાન રેગિસ્તાન અથવા સહરાનું રણ હોય. આ જાણનારા, અને સદાય બધી પ્રસાદીઓને સારુ ઈશ્વરનો પાડ માનનારા, દીર્ઘદર્શી પૂર્વજોએ હિમાલયને યાત્રાનું ધામ કરી મૂક્યું. આ પ્રદેશમાં હજારો હિન્દુઓએ ઈશ્વરની શોધમાં પોતાના દેહનો ભોગ આપ્યો છે. તે ગાંડા નહોતા. તેમની તપશ્ચર્યાને બળે હિંદુધર્મ અને હિંદુસ્તાન ટકી રહ્યાં છે.

એ હિમાલયનાં ધોળાં શિખરો નિહાળતાં, જુદી જુદી કોટિનાં માણસો શું ધારે એ વિચાર કરતો હું કોસાનીમાં સૂર્યના તેજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



‘સૂર્યના તેજમાં નાચતાં, બરફથી ઢંકાયેલ શિખરોની હાર,’ આલમોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાચતાં, બરફથી ઢંકાયેલ શિખરોની હારનાં દર્શન કરી રહ્યો હતો. તે વખતે જે વિચારો ઉપરાઉપર ધસી આવ્યા તેનો ભાગીદાર હું વાંચનારને બનાવી દઉં અને મન હળવું કરું.

બાળકો જુએ તો કહે: 'આ તો સૂતરફેણીનો પહાડ છે; ચાલો આપણે દોડી જઈએ ને તેની ઉપર બેઠા સૂતરફેણી ચાખ્યા જ કરીએ.' મારા જેવો રેંટિયાઘેલો કહેશે: 'કપાસ ફોલીને, કપાસિયા પીલી કાઢીને, રૂ પીંજીને, કોઈએ રેશમ જેવા અખૂટ રૂનો પહાડ બનાવી મૂક્યો છે. આ દેશના લોકો કેવા ઘેલા છે કે, આટલી રૂની સગવડ છતાં નાગા-ભૂખ્યા રખડે છે!' ધર્મનિષ્ઠ પારસી પહોંચી જાય તો સૂર્યદેવને નમસ્કાર કરતો કહેશે: 'હમણાં જ પેટીમાંથી કાઢેલી નવી ઊજળી દૂધ જેવી પાઘડી ને તેવા જ ઊજળા, અસ્ત્રી કરેલા, ગડીબંધ જામા પહેરેલા, પહાડ જેવા દસ્તૂરો સૂર્યનારાયણનાં દર્શનમાં લીન થઈ, હાથ જોડી, સ્થિર થઈ ઊભેલા શોભી નીકળે છે.' ભાવિક હિન્દુ આ ઝગમગતાં છતાં દૂરથી ઘટ્ટ વાદળાંમાંથી પાણી ઝીલતાં શિખરોને જોઈ કહેશે: 'આ તો સાક્ષાત્ દયાના ભંડાર શિવજી ગંગાજીને પોતાની ઊજળી જટામાં ઝીલી રહ્યા છે ને ભારતવર્ષને પ્રલયમાંથી બચાવી રહ્યા છે.'

શંકરાચાર્યે આલમોડામાં ભ્રમણ કર્યું હતું. તેમને તો અત્યારે પણ કહેતા સાંભળી રહ્યો છું: "ખરેખર, આ અદ્‌ભુત દર્શન છે. પણ બધી ઈશ્વરી માયા જ છે. હિમાલયે નથી, હુંયે નથી; જે છે તે છે ને એ બ્રહ્મ છે. એ જ સત્ય છે, જગત મિથ્યા છે. બોલો, 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા!'"

વાંચનાર! ખરો હિમાલય આપણા હૃદયમાં છે. એ ગુફામાં સંતાઈ જવું ને ત્યાં શિવદર્શન કરવાં એ ખરી યાત્રા છે, એ જ પુરુષાર્થ છે.

સ્વાધ્યાય

૧. શંકરાચાર્યને વિષે ઇતિહાસમાં ન શીખ્યા હો તો શિક્ષકને પૂછો. તેમના વિષે લખેલી નાની ચોપડી મળે છે તે વાંચો.

૨. ખરો હિમાલય આપણા હૃદયમાં છે એમ ગાંધીજી કહે છે એટલે શું તે સમજાવો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિભક્તની લાજ

[કવિ ગેમલદાસ બહુ જાણીતા નથી. તેમનું આ ભજન લહેકબંધ ગાવામાં મજા પડે એવું ને ભક્તિની જોરદાર ઊર્મિવાળું હોઈ બહુ લોકપ્રિય થયું છે. 'આશ્રમભજનાવલિ'ના પાઠમાં કવિનું નામ પ્રેમળદાસ છે, તે અહીં કાવ્યદોહન ભાગ આઠમાને આધારે ફેરવ્યું છે.]

[રાગ આરુ]

हरिने भजतां हजी कोईनी लाज जती नथी जाणी रे,
जेनी सुरता शामळिया साथ, वदे वेदवाणी रे. टेक
वहाले उगार्या प्रह्लाद, हिरणाकंस मार्यो रे,
विभीषणने आप्युं राज, रावण संहार्यो रे. हरि० १
वहाले नरसिंह महेताने हार हाथोहाथ आप्यो रे;
ध्रुवने आप्युं अविचळ राज, पोतानो करी थाप्यो रे. हरि० २
वहाले मीरां ते बाईनां झेर हळाहळ पीधां रे;
पांचाळीनां पूर्यां चीर, पांडव-काम कीधां रे. हरि० ३
आवो हरि भजवानो लहावो, भजन कोई करशे रे;
कर जोडी कहे गेमलदास, भक्तोनां दुःख हरशे रे. हरि० ४

:૧૦

ગરીબ બિચારી દીકરી

સ્થળ — ન્યાયની કચેરી

[દ્વારપાળ પ્રવેશ કરે છે.]

द्वारपाळ (નમન કરીને) — ભગવંત! કોટવાળ સાહેબ અંદર આવવાની રજા માગે છે.

अमात्य — એકલા છે?

द्वारपाळ — સાથે સિપાઈઓ છે અને પકડેલા માણસો છે.

अमात्य — સૌને અંદર આવવા દે.

[દ્વારપાળ જાય છે.]

[કોટવાળ, સિપાઈઓ, અને હાથે બાંધેલા બે માણસો પ્રવેશ કરે છે.]

कोटवाळ — ભગવંતને નમસ્કાર કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अमात्य — કોટવાળજી! આ માણસોનો શો અપરાધ છે?

कोटवाळ — આ બંને શખસો રાજમાર્ગ ઉપર ગાળાગાળી અને મારામારી કરતા હતા. તેમની મદદે તેમના પક્ષનાં માણસો આવ્યાં અને રસ્તામાં બહુ તોફાન થયું. સિપાઈઓએ તેમને રોક્યાં, પણ માન્યું નહિ; અને ઉલટા તેઓ સિપાઈઓને મારવા ધસ્યા.

अमात्य (પકડાયેલા માણસોને) — તમને ઘેર અણગમો થતો હોય, તોપણ તુરંગમાં જવા શા માટે આતુર થાઓ છો? જાત્રાએ જાઓને!

पहेलो माणस — ભગવંત! તુરંગમાં જવા જેવું મેં કાંઈ કૃત્ય કર્યું નથી.

बीजो माणस — ભગવંત! એ તુરંગમાં જવાને પાત્ર છે; હું નિર્દોષ છું.

अमात्य — જે નિર્દોષતા રાજદરબારમાં આવી ધારણ કરો છો, તે ઘેર ધારણ કરી હોત, તો કોટવાળજીને આટલી મહેનત પડત નહિ. તમારી વચ્ચે કલહ શાથી થયો?

बीजो माणस — ભગવંત! આ માણસ મારો ગોર છે, હું એનો જજમાન છું. મારી દીકરી માટે સારો વર ખોળી લાવવા મેં એને પરગામ મોકલ્યો હતો. એ મારો વંશપરંપરાનો ગોર છે. મારી તરફથી સારી રીતે દાનદક્ષિણા એને મળે છે. તે છતાં, મારી નવ વરસની બાળકીનું વેવિશાળ એંસી વર્ષના ઘરડા ડોસા સાથે એ કરી આવ્યો છે. ડોસાના પૈસા ખાઈને મારી દીકરીનો ભવ બગાડ્યો છે.

अमात्य — ભવ બગાડ્યો શાનો? તું વેવિશાળ રદ્દ કર.

बीजो माणस — ગોર ચાંલ્લો કરી આવ્યા પછી વેવિશાળ કાંઈ તોડાય?

अमात्य — અન્યાયનાં બંધન તોડી ન નંખાય?

बीजो माणस — ભગવંત! નાતની રૂઢિ પડી તે શું કરીએ! અમારી નાતનાં વેવિશાળ કોઈ કારણથી તોડાતાં નથી. કોઈ તોડે તો નાતવાળા નાતબહાર મૂકે, અને કન્યાને બીજું કોઈ લે નહિ.

अमात्य — યોગ્ય અયોગ્યનો નાત વિચાર નહિ કરે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો માણસ — નાત તે વળી એવો વિચાર કરે, ભગવંત?

અમાત્ય — નાત સત્ અસત્ પણ જુએ નહિ?

બીજો માણસ — શી રીતે જુએ?

અમાત્ય (પહેલા માણસને) — ભૂદેવ! તમે કન્યાના પિતા તુલ્ય, અને બિચારીને કૂવામાં કેમ નાખી આવ્યા?

પહેલો માણસ — ભગવંત! કૂવામાં નથી નાખી. વર તો શ્રીમંત છે. બીજવર છે, એટલે ઉંમર તો સહેજ વધારે હોય. પણ કન્યા બેઠી બેઠી રોટલો ખાશે, અને પરદેશથી વૈદ્યરાજ આવ્યા છે* તેમના ઉપચાર આ વર કરશે, તો એ જુવાન પણ થઈ જશે.

બીજો માણસ — ભગવંત! આ ગોરે એવું કહ્યું તેથી જ લડાઈ થઈ. મેં ગોરને કહ્યું કે, તમને ડોસાએ પૈસા આપ્યા છે તેના ચાર ભાગ કરો. એક ભાગ તમે રાખો અને ત્રણ ભાગ મને આપો; એટલે તેમાંથી એક ભાગ ડોસાને જુવાન કરવામાં ખરચીએ, અને બાકીના બે ભાગ મારે ઘડપણમાં ગુજરાન માટે ચાલે. મેં પૈસા માગ્યા ત્યારે ગોર સામી ગાળો દેવા લાગ્યા અને મારવા આવ્યા. એથી લોકો ભેગા થઈ ગયા અને હોહો થઈ ગઈ.

પહેલો માણસ — ભગવંત! મારા પૈસામાંથી હું શાનો ભાગ આપું? મેં તો કારજ કરી આપ્યું. વરને જુવાન થવું હોય તો વર પૈસા ખરચે, અને કન્યાના બાપને નાણાં જોઈતાં હોય તો વર પાસે કઢાવે.

બીજો માણસ — ડોસાની પહેલી વારની બાયડીના છોકરા છે, તે હવે એક ફૂટી બદામ પણ આપવા દે તેવા નથી.

અમાત્ય — કોટવાળજી! અત્યારે હું જરા કામમાં છું. કાલે આ માણસોને હાજર કરજો. એમનાં બંધન કાઢી નાખજો. એમનાં દુરાચરણે એમને બાંધ્યા છે, તે બસ છે.

કોટવાળ — જેવી આજ્ઞા.

[કોટવાળ, સિપાઈઓ અને બંને માણસો જાય છે.]

---

* કનકપુરના વૃદ્ધ રાજા પર્વતરાયે જુવાન થવા માટે એ વૈદ્યને તેડાવ્યા હતા, એમ નાટકમાં આવે છે, તેનો અહીં ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. સ્વ. શ્રી. રમણભાઈ નીલકંઠના 'રાઈનો પર્વત' નાટકમાંથી આ પ્રસંગ લીધો છે.

૨. એમાં વર્ણવેલી જાતના વિવાહ થતા આપણા સમાજમાં તમે સાંભળ્યા છે? લગ્નોમા પૈસાની લેવડદેવડ કેવી રીતની હોય છે તેની માહિતી મેળવો. તેમાં શું સારું, શું નરસું તેનો વિચાર કરો.

૩. નાત અને રૂઢિ ઉપરાંત અમાત્યે શી ટીકા સૂચવી, તે ખ્યાલમાં આવ્યું?

૧૧

'વચન ગયું તો થઈ રહ્યું'

वचन काज हरिश्चंद्र नीच घर भरियुं पाणी;
वचन एकने काज कृष्णे कुब्जाने आणी;
वचन एकने काज हरे हलाहल पीधुं;
वचन एकने काज देववर दैत्ये लीधुं.
शुभ धर्म कर्म ने शर्म सौ, वचन जतां ते वही गयुं,
कवि शामळभट साचुं कहे, वचन गयुं तो थई रह्युं. ६
एक वचनने काज रंक रावण थई बेठो;
एक वचनने काज बळि पाताळे पेठो;
एक वचनने काज वेची हरिश्चंद्रे नारी;
एक वचनने काज पांडवो हार्या प्यारी.
वळी एक वचनने कारणे भड पांचे वनमां भम्या;
कहे शामळ, वचनने कारणे सो कीचक साथे शम्या. १२

સ્વાધ્યાય

૧. એકવચનીઓનાં દૃષ્ટાંતો કવિ આપે છે તેમની વાત ખબર છે?

૨. ચોથી લીટીમાં હિરણ્યકશિપુએ બ્રહ્મદેવ પાસેથી દુર્લભ વરદાન લીધું તે કહેલું લાગે છે. બ્રહ્માએ વર આપવા કહ્યું પછી ના ન પડાય, માટે જ એ દૈત્ય દુર્લભ દેવવર પામી શક્યો હતો. એ વાત ભાગવત કે પ્રહ્‌લાદાખ્યાનમાંથી મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભામાશાહની સ્વામીભક્તિ

મેવાડના ઇતિહાસમાં જેમ મુકાબલો ન થાય એવી સખત રાજ્યનીતિની નોંધ છે, તેમ તેમાં અનુપમ રાજ્યભક્તિના દાખલા પણ ઓછા નથી. રજપૂતો કે એ રજપૂતો જેની કૂખમાં જન્મ્યા તે રજપૂતાણીઓ તો રાજ્યભક્તિ, સ્વામીભક્તિ, દેશભક્તિ અને સ્વાત્માર્પણ કે સ્વદેશાભિમાનનાં કામો કરે; પણ વાણિયા જેવી ધનલોભી જાત ધનલોભ મૂકીને રાજ્યભક્તિ કે પ્રજાધર્મ બજાવે, એ આશ્ચર્ય પમાડનારું છે.

વખાનો માર્યો પ્રતાપ પોતાના માણસો લઈ મેવાડ તજીને નીકળ્યો, એ સમાચાર એના જૂના કારભારી ભામાશાહને મળ્યા. પોતાનો રાજા દુ:ખી હાલતમાં, કાંઈ પણ સાધન કે ઉપાય ન રહ્યો ત્યારે દેશ તજીને જાય છે, તો આપણે તેના કારભારી શા કામના? બળ્યા આપણા પૈસા અને બળ્યું આપણું જીવતર. જેના વડે આટલું આટલું કમાયા ને સુખ ભોગવીએ છીએ, તે જ દુ:ખી હાલતમાં દેશ તજે છે, ને આપણે તેના પૈસા વડે સુખ ભોગવવું? બળ્યું એ સુખ ને બળ્યા એ પૈસા. આવી અણીને વખતે હું એને કામ નહિ આવું, ત્યારે મારું જીવતર શા કામનું? રાજાને દુ:ખમાં રિબાતો રહેવા દઈ હું સુખ ભોગવીશ? ના ના, એ કદી બનવાનું નથી. મારાથી જે થાય તે મદદ મારા રાજાને મારે કરવી જ જોઈએ.

એમ વિચારી, એકદમ ઊઠી ઘોડેસવાર થઈ, રાજાને ખોળતો ભામાશાહ સિંધના રણની હદ ઉપર પ્રતાપસિંહને આવી મળ્યો, અને પ્રતાપને ભેટી પડી બોલ્યો, 'મહારાજ, આપ ક્યાં પધારો છો? શા માટે પધારો છો?'

પ્રતાપ — કામદાર, મેવાડમાં રહેવામાં હવે કાંઈ માલ રહ્યો નથી. ત્યાં રહ્યે આબરૂ સચવાય એમ નથી. પાસે નથી માણસ કે નથી પૈસો. સગાંવહાલાં ને મદદ કરનારા પણ મરી ફીટ્યા. મેવાડ મુસલમાનો પાસેથી પાછું મેળવવાનાં સાધનો નથી અને આશાયે નથી. માટે, માત્ર આબરૂ સાચવવાને, મેવાડ તજી કોઈ સલામત જગાએ રહેવાને આ તરફ આવ્યો છું. આખી પૃથ્વી આપણી છે. જ્યાં જોગ આવશે ત્યાં જઈને રહીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતાપનાં આવાં વચન સાંભળી ભામાશાહ ગળગળો થઈ ગયો. તે પ્રતાપને પગે પડ્યો અને બોલ્યો, 'અન્નદાતા, તમે આ દેહના માલિક છો. તમારું અન્ન ખાધું છે અને તમારું ખાઉં છું. મારી પાસે જે કાંઈ છે તે આપનું જ છે. આ દેહના ચામડાનાં તમારે માટે ખાસડાં સિવડાવું તોપણ તે થોડું છે. લાચાર છું કે, આ વૃદ્ધ અવયવોમાં હવે કોઈ તાકાત રહી નથી. નહિ તો વાણિયો છતાં પણ, આપનું ખાધેલું અન્નપાણી, રે મારી મેવાડ માતા, મને હજાર હાથ જેટલું બળ આપત. મહારાજા સાહેબ, હવે હું કોઈ રીતે આપને મદદ કરી શકું તેમ નથી. પણ મારી પાસે થોડો ઘણો પૈસો છે, તે આપનો જ છે. એ પૈસા વડે આપથી મેવાડ માતાનું જેટલું થાય તેટલું રક્ષણ કરો. પ્રભુ કરશે તો સૌ સારાં વાનાં થશે. માટે આપ પાછા પધારો. મારી સઘળી દોલત મેવાડની ને આપની જ છે, અને તે મેવાડના ને આપના જ કામમાં આવશે. તેથી પણ હું કૃતાર્થ થઈશ. મહારાજ, જોકે આ માયા મોટી નથી, તો પણ પચીસ હજાર જોદ્ધાઓ એમાંથી બાર વરસ સુધી પલવાશે, એવો મેં હિસાબ ગણેલો છે. માટે, ઓ મારા અન્નદાતા, તમારાં ઘોડાં તમે મેવાડને માર્ગે પાછાં વાળો.'

આ પ્રમાણેના ભામાશાહના આગ્રહથી, જાણે મેવાડ માતાએ જ તેને મોકલ્યો હોય એમ માની, પ્રતાપ પાછો વળ્યો. ભામાશાહે પોતાની સઘળી દોલત પ્રતાપસિંહની આગળ ભેટ કરી. આમ પાસે પૈસા આવ્યા એટલે લડવૈયાની કાંઈ ખોટ રહી નહિ. થોડી વારમાં એની અજિત સિસોદિયાની ટોળીમાં લશ્કરની પૂરતી ભરતી થઈ. અને તેને લઈને આ બહાદુર વીરે મેવાડનું રાજ્ય પાછું મેળવ્યું.

ધન્ય છે ભામાશાહની રાજભક્તિને અને સ્વદેશપ્રીતિને.

સ્વાધ્યાય

૧. સ્વ. વિઠ્ઠલદાસ ધનજીભાઈ પટેલે લખેલી 'મેવાડની જાહોજલાલી' ચોપડીમાંથી આ પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. એ ચોપડી વાંચો તો મેવાડના રજપૂતોની ઘણી સુંદર વાતો તમને જાણવા મળશે.

૨. સ્વ. ગણપતરામ ત્રવાડીનું 'પ્રતાપ નાટક' મળે તો તેમાંથી આ પ્રસંગ નાટકરૂપે વાંચો.

૩. ભામાશાહની કમાણી રાણા પ્રતાપની શી રીતે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજમાતા મીનલદેવી

કવિ નર્મદાશંકરે ‘જય જય ગરવી ગુજરાત’ વાળી તેમની પ્રસિદ્ધ લાવણીમાં નિર્દેશેલા અણહિલવાડના રંગ જે સિદ્ધરાજ જયસંગના વખતમાં (ઈ. સ. ૧૦૯૪–૧૧૪૩) ખીલી ઊઠ્યા હતા, તે સિદ્ધરાજ જ્યારે નાની ઉંમરનો હતો, ત્યારે તેના તરફથી તેની મા મીનલદેવી રાજ્યકારભાર ચલાવતી. રાજ્ય બહુ ડહાપણ અને બાહોશીથી સંભાળી, પુત્ર લાયક ઉંમરનો થયો એટલે તેને તે સોંપી દઈ મીનલદેવી યાત્રા કરવા નીકળી. સોમનાથની યાત્રાનો પ્રસંગ આચાર્ય મેરુતુંગે, પોતાના ‘પ્રબંધચિંતામણિ’ નામે ગ્રંથમાં, નીચે પ્રમાણે વર્ણવ્યો છે :

પછી મીનલદેવી શ્રીસોમનાથને યોગ્ય સવા કરોડ સુવર્ણમહોરની સેવા લઈને યાત્રા કરવા ચાલી. ત્યાં યાત્રાળુ લોકોને રાજાના સેવકોએ રોક્યા હતા, અને જેમનાથી કર નહોતો આપી શકાયો, તે રોતા અને કકળતા પાછા વળતા હતા. મીનલદેવીનું કોમળ હૈયું આ જોઈને પીગળ્યું અને યાત્રા કર્યા વિના જ તે પાછી ફરી. સિદ્ધરાજે તેને પાછા ફરવાનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે, ‘કોઈ પણ પ્રકારે આ ત્રાસદાયક કર તું માફ કરે તો જ હું સોમનાથ જઈશ. ત્યાં સુધી મારે અન્નજળનો ત્યાગ છે.’ માતાનો આ પ્રકારનો આગ્રહ જોઈ તે કર ઉઘરાવવાને મોકલેલું પંચકુલ[1] રાજાએ પાછું બોલાવી લીધું, અને ૭૨ લાખ દામનો[2] તેમનો પટો ફાડી નાંખી, હાથમાં જળ લઈ તેનું પુણ્ય માતુશ્રીને અર્પણ કર્યું. પછી મીનલદેવીએ સોમેશ્વરનાં દર્શન કરી સુવર્ણપૂજાની ભેટ તથા તુલાપુરુષાદિક[3] મહાદાન આપ્યાં.

---

૧. પંચકુલ — કર ઉઘરાવવાને મોકલેલું પંચ તેમાં મામલતદાર, તલાટી, મુખીપટેલ, મહાજનનો એક માણસ, તથા ગામનો ચોકીદાર એટલા હોય. ૨. દામ — એ તાંબાનો સિક્કો છે. સં. દ્રમ્મ. જુદાં જુદાં રાજ્યોમાં જુદી જુદી કિંમતના દામ ચાલતા. આપણા બેથી ચાર પૈસા જેટલી કિંમતનું તાંબું તેમાં આવતું. ૩. તુલાપુરુષાદિક મહાદાન — આ દાનમાં દાતા સુવર્ણાદિ કોઈ વસ્તુ વડે જોખાય છે અને તે દાન કરી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે રૈયતને દુઃખમુક્ત કરી તથા મોટાં દાન આપ્યાં, તેથી મીનલદેવીના મનમાં અહંકાર થયો કે, આજને સમે મારા જેવી દાનેશ્વરી કોઈ છે નહિ અને થશે પણ નહિ. આ વિચાર કરતાં કરતાં અહંકારથી ભરપૂર મીનલદેવી નિદ્રાવશ થઈ. રાત્રિએ સ્વપ્નામાં સોમનાથ મહાદેવે તપસ્વીનો વેશ ધારણ કરી મીનલદેવીને કહ્યું, 'આ મારા દેવમંદિરમાં કોઈ એક ઘણી જ ગરીબ યાત્રાળુ સ્ત્રી આવી છે, તેનું પુણ્ય તું માગ.' આમ કહી મહાદેવ તો અદશ્ય થઈ ગયા.

મીનલદેવીએ સવારમાં ઊઠીને વિચાર કર્યો કે, 'ગરીબ સ્ત્રીનું પુણ્ય લેવું કાંઈ કઠણ નથી, દ્રવ્ય આપીને પણ લઈ શકીશ.' એમ ધારી, અનુચરોને કોઈ ગરીબ સ્ત્રી યાત્રા કરવા આવી હોય તો તેને શોધી પોતાની પાસે લાવવા કહ્યું. અનુચરો એક ગરીબ બ્રાહ્મણીને લઈ આવ્યા. રાજમાતાએ તેને કહ્યું, 'તારું પુણ્ય મને આપ. તેના બદલામાં તું માગીશ એટલું દ્રવ્ય હું તને આપીશ.'

આમ મીનલદેવીએ ઘણું કહ્યું, પણ પેલી સ્ત્રીએ તે કબૂલ કર્યું નહિ. ત્યારે મીનલદેવીએ તેને પૂછ્યું : 'તેં એવું તે શું પુણ્ય કર્યું છે, તે મને કહી દેખાડ.'

પેલી સ્ત્રીએ જવાબ આપ્યો : 'હું ઘેરથી નીકળી ભિક્ષા ઉપર નિર્વાહ કરતી ચાર સો ગાઉથી આવી છું. ગઈ કાલે તીર્થોપવાસ કર્યો હતો. આજે કોઈ પુણ્યશાળી પાસેથી જેવો તેવો મીઠા વગરનો સાથવો મળ્યો, તેનો અર્ધો ભાગ કરીને સોમેશ્વરની પૂજા કરી. બાકી રહેલા અર્ધમાંથી અર્ધો એક અતિથિને આપી શેષ ભાગનાં મેં પારણાં કર્યાં. આપ તો મહા પુણ્યશાળી છો. આપના પિતા, ભાઈ, સ્વામી અને પુત્ર સર્વે રાજા છે. વળી યાત્રાળુને માથેથી આપે કર કઢાવી નંખાવ્યો; સવા કરોડ મહોરની પૂજા કરી. એવાં મોટાં પુણ્ય કરનાર છતાં અલ્પ જણાતું મારું પુણ્ય લેવાની આપ ઇચ્છા કરો છો એ શું? પરંતુ મારા ઉપર કોપ ન કરો તો આપને કહું.'

રાણીએ ગુસ્સે ન થવાની ખાતરી આપી એટલે બ્રાહ્મણીએ કહ્યું : 'ખરી વાત વિચારીએ તો આપના કરતાં મારું પુણ્ય ઘણું છે. ઘણી સંપત્તિ છતાં પણ નિયમ પાળવા, છતી શક્તિએ સહન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું, યુવાવસ્થામાં વ્રતો પાળવાં, તથા દરિદ્ર અવસ્થામાં દાન આપવું, એ સર્વ અલ્પ હોય તોપણ તેમાંથી મોટો લાભ થાય છે.'

આ પ્રકારનાં વચનો સાંભળી રાજમાતા મીનલદેવીનો અહંકાર ઊતરી ગયો.

સ્વાધ્યાય

૧. આચાર્ય મેરુતુંગ — વઢવાણના એ જૈન સાધુએ ઈ. સ. ૧૩૦૫માં 'પ્રબંધચિંતામણિ' ગ્રંથ લખ્યો હતો તે સમયના ઇતિહાસ માટે આ પુસ્તક એક મોટો આધાર ગણાય છે.

૨. ગુજરાતના ઇતિહાસમાંથી સિદ્ધરાજ અને મીનલદેવી વિષે વધુ વાંચો.

૩. પછીના પાઠ જોડે આ પાઠની વાત સરખાવો.

૧૪

સાચી હજ

મુસલમાનોમાં હાજી અટક હોય છે, એ તમને ખબર હશે. આ 'હાજી' શબ્દ અરબી 'હજ' શબ્દ ઉપરથી બન્યો છે. હજ એટલે યાત્રા — મુસાફરી. તે પરથી મક્કાની તીર્થયાત્રાને હજ કહેવામાં આવે છે અને તે કરનાર હાજી કહેવાય છે. હજ કરવા ઇચ્છનારે પાક થઈને મક્કા જવું જોઈએ અને ત્યાંથી પાછા આવીને અમુક વ્રતનિયમો પાળવાં જોઈએ, એવો ધારો છે.



કાબાની મસીદ, મક્કા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્દુલ્લા કરીને એક મહા તપસ્વી પુરુષ હતા. પાંડિત્ય અને શાસ્ત્રજ્ઞાનમાં તે એવા તો નિપુણ હતા કે, લોકો તેમને 'શાહલશાહે આલ્મા' એટલે કે ઉલેમા કે પંડિતોના સમ્રાટ કહેતા. તે એક વખત મક્કાની હજે ગયા હતા. હજનું કામ પૂરું કરીને તે કાબાની મસીદ પાસે સૂઈ ગયા. ઊંઘમાં તેમણે એક સ્વપ્નું જોયું કે, સ્વર્ગમાંથી જાણે બે ફિરસ્તા વાતચીત કરતા કરતા પૃથ્વી પર ઊતરે છે.

પહેલો ફિરસ્તો પૂછે છે : ,આ વર્ષે કેટલાં માણસો હજ કરવા આવ્યાં હશે?'

બીજો ફિરસ્તો — છ લાખ.

પહેલો — તેમાંથી ખુદાએ કેટલાં માણસોની હજ સ્વીકારી?

બીજો — એકની પણ નહિ.

આ વાતચીત સાંભળી અબ્દુલ્લા બહુ દુઃખી થયા, અને સ્વપ્નમાં બોલવા લાગ્યા, 'અરે! દુનિયાનાં જુદાં જુદાં સ્થળોએથી આટલાં બધાં માણસો અનેક તકલીફો વેઠીને અહીં આવ્યાં, તે તમામની મહેનત શું નિષ્ફળ છે?'

એટલામાં બીજા ફિરસ્તાએ વાત આગળ ચલાવી. તે બોલ્યો: 'દમસ્ક નગરમાં એક મોચી છે; તેનું નામ અલી છે. જોકે તે મક્કામાં આવ્યો નથી, છતાં તેને મક્કાની યાત્રાનું ફળ પ્રાપ્ત થયું છે.'

આ સાંભળી અબ્દુલ્લા આશ્ચર્ય પામ્યા અને ઊંઘમાંથી જાગી ઊઠ્યા. તેમને દમસ્કમાં જઈ તે માણસનાં દર્શન કરવાની અભિલાષા થઈ, અને તરત તેમણે સફર શરૂ કરી. દમસ્ક પહોંચી અલીનું ઘર શોધતા શોધતા અંતે તે અલી પાસે પહોંચ્યા.

અબ્દુલ્લાએ પૂછ્યું : 'તમે શો ધંધો કરો છો?'

અલીએ કહ્યું : 'હું જોડા સીવું છું.'

અબ્દુલ્લાએ તેને એકાંતમાં લઈ જઈ પોતાના સ્વપ્નની વાત કહી સંભળાવી. તે સાંભળતાં જ, તે મોટેથી ચીસ પાડી બેભાન થઈ ગયો. થોડી વારે હોશમાં આવતાં તે કહેવા લાગ્યો :

"મને ત્રીસ વર્ષથી મક્કાની હજ કરવાની તીવ્ર અભિલાષા છે, તેથી જોડા સીવી હું થોડા થોડા પૈસા ભેગા કર્યા કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વર્ષે પૂરતા પૈસા ભેગા થયા છે એમ માની હું હજ કરવા જવા તૈયાર થયો; પરંતુ એટલામાં મેં મારા પડોશીની દુઃખી દશાની વાત સાંભળી. તેના કુટુંબને સાત દિવસના વાખા થયા હતા અને તેનાં ભૂખે ટળવળતાં બાળકો એક મરેલા પ્રાણીનું માંસ રાંધી ખાવા તૈયાર થયાં હતાં.

"એ વાત સાંભળી મારા અંતરમાં ઊંડું દુઃખ થયું: 'અરેરે, પડોશીનાં કુમળાં બાળકોને ટળવળતાં મૂકીને હું હજ કરવા જાઉં!' તેથી હજ માટે એકઠા કરેલા તમામ પૈસા લાવીને મેં મારા પડોશીને આપ્યા અને કહ્યું: 'આ પૈસા મેં મક્કાની હજ કરવા ભેગા કર્યા હતા; પરંતુ તારાં ભૂખે મરતાં બાળકો માટે એ પૈસા હું તને આપી દઉં છું. તેમાંથી તેમને તું અન્ન-વસ્ત્ર લાવી આપજે.'"

આ સાંભળી અબ્દુલ્લા બોલ્યા, 'ખરેખર, ફિરસ્તાએ સ્વપ્નમાં જે કહ્યું તે સાચું છે. તારી જ હજ ખુદાના દરબારમાં પહોંચી અને તેમણે તે સ્વીકારી છે; કારણ કે, તેં તારા પુણ્યનો વિચાર કર્યા વિના, હજ માટેના તારા પૈસાથી એક ગરીબ કુટુંબને અન્નવસ્ત્રની તંગીમાંથી બચાવી તેને જીવતદાન આપ્યું છે, અને એમ હજનું પુણ્ય પણ કમાયો છે.'

સ્વાધ્યાય

૧. અલી મક્કા ગયો નહિ તોય તેને યાત્રા ફળી ને ગયેલા તેમને ન ફળી એમ કેમ?

૨. તમારા મુસલમાન વિદ્યાર્થી-મિત્ર પાસેથી મક્કાની હજની વાતો સાંભળો. મક્કા ક્યાં આવ્યું? મક્કાની હજે જનારાઓ હિંદથી કયે રસ્તે જાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારસમણિ ફેંકી દીધો!

[કવિવર રવીન્દ્રનાથ ટાગોરના બંગાળી કાવ્ય 'સ્પર્શમણિ'નો શ્રી નગીનદાસ પારેખે કરેલો અનુવાદ છે.]

सरिता केरे कांठडे, वृंदावननी मांह्य,
एक-मना थई ईशने साधु सनातन ध्याय. १
एवामां त्यां आवियो विप्र वेशनो दीन,
साधुने चरणे नम्यो, मनडे भक्ति-लीन. २
पूछे सनातन तेहने: 'आव्या क्यांथी आप?
कवण नाम ते आपनुं?' दे छे विप्र जवाब: ३
"बावाजी हुं शुं कहुं! भम्यो अतिशय दूर,
त्यारे आजे पामियो दर्शन तम सुमधुर. ४
जीवन मारुं नाम छे, मानकरे मुज धाम;
वर्धमान जिल्ला विषे; हवे कहुं मुज काम. ५
मुज जेवो हतभाग्य के दीन हीन अति कोई,
नथी जगतमां क्यांय पण; आवो सघळे जोई. ६
जरजमीन कंई छे खरां, तोये नीचुं मुख,
कमाई थोडी माहरी, ए ज सनातन दुःख. ७
क्रियाकांड ने यज्ञथी पहेलां कीर्ति विशेक
हती, तोय आजे हवे आव्यो तेनो छेक. ८
उन्नति करवा माहरी, जईने शिवजी पास,
घणी करी आराधना, माग्यो वर में खास. ९
एक दिवस पो फाटतां, सोणामां कहे देव:
'दउं छुं वर हुं, विप्र हे, आश फळे ततखेव. १०
जमुना-तट गोसांईजी वसे, सनातन नाम;
जा, चरणे पड तेमने, मानी पिता समान. ११
धनप्राप्ति केरो रह्यो उपाय तेने हाथ.'"
साधु आकुळ थाय छे, सांभळतां आ वात. १२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'मारी पासे छे ज शुं ! जे कंई हतुं मुज पास,
छोडी आव्यो छुं; हवे भिक्षा उपर आश.' १३
एकाएक कंई सांभर्युं, साधु करे पोकार–
'साचुं, साचुं, ए खरुं; हवे सांभर्युं सार ! १४
एक दिवस नदीने तटे, पारस मळियो जाण;
कदी कोई दिन कोईने देवा थाये दान, १५
एवुं धारी रेतमां दाटयो पणे जरूर;
ब्राह्मण, लई जा; अडकतां दुःख थशे तुज दूर.' १६
विप्र गयो उतावळो, खोद्युं रेतीमांय,
मणि मळियो झातकार ने हैये हरख न माय. १७
मादळियां बे लोहनां बांध्यां ब्राह्मण हाथ,
क्षणमां सोनानां थयां मणि अडतांनी साथ. १८
विस्मय–घेलो विप्र त्यां बेसी नदीने तीर,
विचारवंटोळे चडयो, मनडुं थयुं अधीर. १९
जमुनाना कल्लोलना स्वर पहोंच्या ते कान,
विचार-बूडया विप्रने देता कंई कंई ज्ञान. २०
सामे कांठे, दिवसना थाके रातो सूर
जई बेठो अस्ताचळे, गाज्या संध्यासूर. २१
ब्राह्मण त्यारे ऊठियो, नम्यो साधुने पाय;
बोले तोये नेत्रमां अश्रुपूर ऊभराय : २२
'जे धनथी थईने धनी, मणिने मानो काच,
ते धननी झीणी कणी, नमी याचुं तम पास.' २३
एवुं बोली ब्राह्मणे, जमुना केरे नीर,
पारसमणि फेंकी दीधो; फरी नमाव्युं शिर. २४

સ્વાધ્યાય

૧. જીવન બ્રાહ્મણ જમનાકાંઠે શા વિચાર–વંટોળે ચડ્યો હશે ?

૨. મનુષ્ય-જીવન-રૂપી બ્રાહ્મણ અને સનાતન-સાધુ-રૂપી સત્ય ધર્મ કલ્પો; અને આ કથા-કાવ્યનો અર્થ સમજવા મથો. એમાં એ રૂપક ખાસ છે.

૩. પારસમણિ જીવને કેમ ફેંકી દીધો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિસા ગોતમી

કિસા ગોતમીનો જન્મ એક ગરીબ કુટુંબમાં થયો હતો. ઉંમર લાયક થતાં તેનું લગ્ન થયું. પરંતુ ગરીબ ઘરની હોવાથી સાસરિયાંમાં તેનો તિરસ્કાર થવા લાગ્યો. કેટલોક વખત વીત્યા બાદ એને એક પુત્ર થયો, અને તેથી તેઓમાં તેનું માન વધવા લાગ્યું. કિસાને સ્વાભાવિક રીતે જ પોતાના પુત્ર ઉપર પુષ્કળ વહાલ હતું.

છોકરો મોટો થયો એટલે આમતેમ નાચવા-કૂદવા ને તોફાન કરવા લાગ્યો. પુત્રનાં એ રમતગમત અને તોફાન જોઈ માતા કિસાનું હૃદય હરખાઈ જતું. પરંતુ એવામાં અચાનક ગામમાં વાવર શરૂ થયો. અને બિચારી કિસાનો લાડકો પુત્ર તેમાં ઝડપાઈ ગયો.

તેને અચેતન પડેલો જોઈને કિસા અત્યંત શોકાતુર થઈ ગઈ. પોતાનો રમતો કૂદતો પ્રિય પુત્ર થોડી જ વારમાં આમ હતો ન હતો થઈ જાય, તે વાત તેના માનવામાં જ આવી નહિ. તેથી તે પોતાના મરેલા પુત્રને છાતીએ દાબતી દાબતી, તથા 'આને કંઈ ઓસડ આપો, આને કંઈ દવા આપો' એવી બૂમો પાડતી પાડતી, ગાંડાની જેમ આખા ગામમાં આમથી તેમ દોડવા લાગી.

'તારો પુત્ર તો મરી ગયો; મરેલાનું ઓસડ હોતું હશે?' એવું કહી કહીને લોકો તેને સમજાવવા મથતા. પરંતુ તે એ માની જ શકતી નહિ; અને પોતાનો પ્રિય પુત્ર જીવતો થવાની આશાએ તે બધા વૈદ્યોને ઘેર કાલાવાલા કરતી દોડવા લાગી. ધીમે ધીમે, શોક અને થાકથી તે ગાંડા જેવી બની ગઈ. અને લોકો જેમ જેમ તેને કહેતા કે, તારો છોકરો મરી ગયો છે, હવે તે જીવતો નહિ થાય, તેમ તેમ તેને લાગતું કે, આ લોકો દ્વેષબુદ્ધિથી મને ખોટું સમજાવે છે અને મારા છોકરાને નાખી દેવાનું કહે છે.

તેની આવી કરુણાજનક સ્થિતિ જોઈ, એક ડાહ્યા માણસે તેને કહ્યું, 'બહેન, સામેના વિહારમાં ભગવાન બુદ્ધ રહે છે. તેમની પાસે જઈને તું તારા છોકરા માટે ઓસડ માગ. તે બહુ દયાળુ છે, એટલે જરૂર તારું દુઃખ દૂર કરશે.'

કિસાને આ માણસનું કહેવું ગમ્યું. તરત દોડતી તે બુદ્ધ ભગવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે ગઈ, અને પોતાના મરેલા છોકરાને ગમે તેમ કરીને જિવાડવા માટે તેમને કાલાવાલા કરવા લાગી.

બુદ્ધ તેની સ્થિતિ પામી ગયા. તેમણે તેને કહ્યું કે, 'બાઈ, તું મારી પાસે આવી એ તેં ઠીક કર્યું. જરૂર હું તારા છોકરાની દવા કરીશ. પરંતુ પ્રથમ તું એક કામ કર : ગામમાં જઈ, જેના ઘરમાં આજ સુધીમાં કોઈ પણ સગુંવહાલું મરણ ન પામ્યું હોય, તેની પાસેથી ચપટી રાઈ માગી લાવ.'

કિસા ગોતમી રાજી થતી છોકરાના મડદા સાથે જ શહેરમાં દોડી અને લોકો પાસે ચપટી રાઈ માગવા લાગી. ચપટી રાઈ કોણ ન આપે! લોકો બહુ ખુશીથી તેને રાઈના દાણા આપવા તૈયાર હતા. પરંતુ તે પૂછતી કે, 'તમારા ઘરમાં કોઈ સગુંસંબંધી મરણ તો નથી પામ્યું ને! કેમ કે મારે એવા ઘરની જ રાઈ જોઈએ.'

તેનો આ પ્રશ્ન સાંભળી દરેક જણ જરા નવાઈ પામીને કહેતું કે, 'એવું તો ક્યાંથી હોય! દરેક ઘરમાં માણસો તો મરતાં જ રહે છે.'

આ પ્રમાણે રાઈ માગતી માગતી તે ઘણાં ઘર ફરી વળી. દરેક ઘેર એક જ જવાબ સાંભળી તેને સાન આવી કે, મરણ એ તો ઘર ઘરનો નિયમ લાગે છે. જન્મેલા દરેક પ્રાણીને કોઈક દિવસ મરવાનું જ છે. મરણ ટાળવાનો કોઈ ઉપાય છે જ નહિ; નહિ તો બધા જ પોતાનાં સગાંવહાલાંને શું કામ મરવા દેત? મરણ કંઈ અમુક ગામમાં કે અમુક માણસના ઘરમાં જ થાય છે એવું નથી; એ તો આખા જગતમાં બધે જ વ્યાપેલું છે.

આવો નિશ્ચય થતાં જ તેણે છોકરાનું મુડદું સ્મશાનમાં ફેંકી દીધું, અને ભગવાન પાસે તે ખાલી હાથે પાછી આવી. ભગવાને પણ તેને સમજાવ્યું કે, જન્મેલા દરેક પ્રાણીને મરવાનું જ છે; અને સગાંવહાલાંનો કોઈ ને કોઈ દિવસ વિયોગ થવાનો જ છે. અરે, આપણે પોતે પણ મોડાં વહેલાં મરવાનાં જ છીએ. માટે મૃત્યુનો શોક કરવો છોડી દઈ, આ જન્મ–મરણના ફેરામાંથી નીકળી જવાનો માર્ગ શોધવો, એ જ સમજુ મનુષ્યનું કર્તવ્ય છે.

ભગવાન પાસે ઉપદેશ સાંભળ્યા બાદ કિસા ગોતમી ઘરબાર તજી ભિક્ષુણી થઈ અને ભગવાને બતાવેલે માર્ગે ચાલવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. બુદ્ધે કિસાને કઈ દવા આપી? તેનાથી કયું દરદ ગયું?

૨. સ્વ૦ કવિ નરસિંહરાવનું 'કિસા ગોતમી' કાવ્ય તેમના 'નૂપુરઝંકાર' નામના કાવ્યસંગ્રહમાં છે તે જુઓ.

૧૭

મહાત્મા કૉન્ફૂશિયસ

દુનિયામાં પોતાનો સુધારો આજ હજારો વર્ષો સુધી સાચવી રાખનારા દેશો બે છે: એક આપણો હિંદુસ્તાન અને બીજો ચીન. ચીનદેશ બૌદ્ધધર્મી છે એમ આપણે સામાન્ય રીતે જાણીએ છીએ. પરંતુ બૌદ્ધધર્મ ચીનની પેદાશ નથી; એ ધર્મ તો આપણે ત્યાંથી ચીનમાં ગયો હતો. તે અગાઉ ચીનમાં પોતાનો ધર્મ હતો. અને એ ધર્મના મૂળ પુરુષ બુદ્ધના સમકાલીન એક મહાપુરુષ હતા. તેમનું ચીની નામ કુંગ-ફુત્ઝે છે. પણ યુરોપમાં તે ચીની નામનું લૅટિન રૂપ કૉન્ફૂશિયસ થયું, અને અંગ્રેજી પરથી આજ તે બધે ચાલુ થયું છે.

કૉન્ફૂશિયસ ને તેમના ત્રણ શિષ્યો

કૉન્ફૂશિયસનો જન્મ એક મોટા અમીર કુટુંબમાં ઈ.સ.પૂ. ૫૫૦-૫૧માં થયો હતો. કૉન્ફૂશિયસ તેમના પિતાના ઘડપણના દીકરા હતા. તેમના જન્મ પછી ત્રીજે વરસે બાપ ગુજરી ગયા, એટલે કૉન્ફૂશિયસને ઉછેરીને મોટા કરવાનો ભાર તેમની માતાએ વહ્યો. તેમનું ખાનદાન ઊંચું હતું, પણ ઘરની સ્થિતિ સારી નહોતી. એટલે, કામ કરવા જેવડા થતાં જ કૉન્ફૂશિયસને ધંધે લાગવું પડયું હતું. તેથી હુન્નરકળા પર તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ બહુ સારો બેઠો હતો. વિદ્યા ભણવાનો શોખ તેમને પંદર વર્ષે થયો; અને છેવટે જીવનમાં તેમણે વિદ્યાઓ ભણવી અને ભણાવવી એ જ કામ પસંદ કર્યું. આ પ્રકારનું શિક્ષકજીવન તેમણે પોતાના બાવીસમા વર્ષથી શરૂ કર્યું. જિંદગીભરમાં તેમણે ૩,૦૦૦ શિષ્યો તૈયાર કર્યાં, જેમાંના ૭૦–૮૦ તો નામાંકિત વિદ્વાનો ગણાતા હતા.

તે વખતે ચીનમાં એક બીજા મહાપુરુષ પણ હતા. તેમની ખ્યાતિ આજે કૉન્ફ્યૂશિયસ જેટલી નથી; છતાં તે પણ ચીનના એક નામીચા મહાપુરુષ ગણાય છે. તેમનું ચીની નામ લાઓ-ત્ઝે છે; તેને લૅટિનમાં લાઓશિયસ કહે છે. પરંતુ અંગ્રેજીમાં લાઓ-ત્ઝે જ ચાલે છે, તે પરથી તે નામ જ પ્રચલિત થયું છે. ચીની ભાષામાં 'લાઓ-ત્ઝે'નો અર્થ 'વૃદ્ધ જ્ઞાની' કે મહર્ષિ થાય છે, અને તે હતા પણ એવા જ. એ કૉન્ફ્યૂશિયસ કરતાં ઉંમરે મોટા હતા. તેમનો જીવનકાળ ઈ. સ. પૂ. ૬૦૪થી ૫૧૭ સુધીનો ગણાય છે. એટલે કે, કૉન્ફ્યૂશિયસથી તે ૫૩–૫૪ વર્ષ મોટા હતા. તેમના પરથી પણ એક ધર્મ સંપ્રદાય ચીનમાં ચાલ્યો છે. તેનું નામ 'તાઓ' ધર્મ છે. 'તાઓ' એ ચીની શબ્દ છે; અને તેનો અર્થ વિશ્વમાં બધે વ્યાપેલું સૂક્ષ્મ તત્ત્વ અથવા બ્રહ્મ, એવો થાય છે. તે પરથી તમે કલ્પી શકશો કે, લાઓ-ત્ઝે જ્ઞાન અને તત્ત્વચિંતન પર વધારે જોર દેનારા હતા. કૉન્ફ્યૂશિયસ તેથી જુદી જાતનું માનનારા હતા. આ બે મહાપુરુષો એક વાર મળ્યા ત્યારે તેમની વચ્ચે થયેલા સંવાદ પરથી એમનો આ ભેદ સરસ સમજાશે.

લાઓ-ત્ઝે

લાઓ-ત્ઝે ચીની બાદશાહના દફતરી તરીકે કામ કરતા હતા. કૉન્ફ્યૂશિયસને જૂના ગ્રંથો અને જૂની વિદ્યાઓ ભણવાનો ભારે શોખ હતો; રાષ્ટ્રના પુનુરુત્થાનને માટે એને તે આવશ્યક માનતા. લાઓ-ત્ઝેની મહાજ્ઞાની ફિલસૂફ તરીકેની નામના સાંભળી, તે એમનાં દર્શને એક વાર ગયા; અને જઈને પોતે શું કરે છે તેની વાત તેમને કરી. તે પરથી લાઓ-ત્ઝેએ તેમને કહ્યું, 'ભલા માણસ, આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારો પ્રયત્ન મિથ્યા છે. જેમને વિષે તું વાતો કરે છે તે માણસો તો મરી પરવાર્યા; તેમનાં અસ્થિ આજ ધૂળમાં મળી ગયાં, તું તો તારું મિથ્યાભિમાન ત્યજ અને તારી અનેક વાસનાઓ છોડ. ખરો પુરુષાર્થ તો તાઓ — બ્રહ્મને અંતરમાં શોધવાનો છે.'

કૉન્ફૂશિયસને ગૂઢ તત્ત્વ તરફ બહુ આકર્ષણ નહોતું. તેમને તો લોકસેવા જ ગમતી. પિતા પુત્ર, પતિ પત્ની, રાજા પ્રજા, ભાઈ ભાઈ, મિત્ર મિત્ર — એમણે પોતપોતાની વચ્ચે પાળવાનો સદાચારધર્મ જ મહત્ત્વની વસ્તુ છે, એમ તે કહેતા. રાજાપ્રજાએ સુખી થવાને માટે, સાચો કુટુંબધર્મ, સાચો સમાજધર્મ, સાચો રાજધર્મ શો છે, તે જાણીને આચરવો જોઈએ. આ ધર્મનો તે ઉપદેશ આપતા. જે રાજા આ ધર્મ પ્રમાણે વર્તવા અને રાજતંત્ર ચલાવવા તૈયાર હોય, તેના રાજમાં તે રહેતા, અને તે કાર્યમાં તેને પોતે જાનને જોખમે પણ મદદ કરતા. જે રાજ્ય તેમને ધર્મભ્રષ્ટ લાગતું, તેનો ત્યાગ કરીને તે ચાલ્યા જતા.

આપણા દેશની જેમ, કૉન્ફૂશિયસના વખતમાં ચીનમાં પણ સંન્યાસ-પંથી લોકો હતા. પરંતુ લોકસેવા જ સાચો માર્ગ છે એમ કૉન્ફૂશિયસ માનતા. એક વાર પોતાના શિષ્યો સાથે તે પ્રવાસમાં હતા ત્યારે રસ્તામાં એક નદી આવી. એક શિષ્યને તેમણે કહ્યું, 'બેટા, પેલા ખેતરમાં કોઈ માણસ દેખાય છે, તેને જઈને પૂછી આવ કે, નદી ક્યાંથી પાર કરી શકાશે?' પેલો માણસ સંન્યાસ-પંથી હતો. તેણે કૉન્ફૂશિયસના શિષ્યને ઓળખ્યો ને કૉન્ફૂશિયસને ટોણો મારવાનો લાગ જોઈને કહ્યું, 'રાજ્ય પર અંધાધૂંધીની રેલ ચડી આવી છે ને કોઈ તેને કાબૂમાં આણી શકતું નથી. તારો ગુરુ એક રાજવીએ ન માન્યું તો બીજાને ત્યાં જાય છે; એવા ભટકણને અનુસરવા કરતાં દુનિયાથી અલગ બેસનારનો અનુયાયી તું થાય એ સારું નહિ?'

શિષ્યે આવીને આ જવાબ ગુરુને કહ્યો. ગુરુ બોલ્યા, 'દુનિયાથી અલગ થઈને પશુપક્ષી જોડે સંગ બાંધવો, એ તો અશક્ય છે. પશુપક્ષીને અને આપણે શો સંબંધ? સંકટમાં સબડતાં માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડીને હું બીજા કોની જોડે સંબંધ બાંધું ? બધે પ્રસરેલી અંધાધૂંધી તો મારી પાસે મહેનત માગે છે. જો રાજ્યમાં સુનીતિ ચાલતી હોત, તો તેને સુધારવા માટે મારી મહેનતની જરૂર ન પડત.' મેન્સિયસ કરીને એક બીજો ચીની પ્રસિદ્ધ પુરુષ થઈ ગયો, તે કૉન્ફૂશિયસનો અનુયાયી હતો. તે કાળમાં કેવો જમાનો હતો તે વર્ણવતાં તેણે લખ્યું છે: 'જગત ખુવાર થવા બેઠું હતું: સત્ય સિદ્ધાંતોનો નાશ થયો હતો. અવળી સમજની ડાચાકૂટ અને જુલમનું જોર વધ્યાં હતાં. પ્રધાનો રાજાનું અને પુત્રો પિતાનું ખૂન કરતા. આ બધું જોઈને કૉન્ફૂશિયસ ભડક્યા અને તેમણે સુધારાનો ઝંડો ફરકાવ્યો.'

તેમના જીવનકાળમાં કૉન્ફૂશિયસનું કામ એટલી બધી કદર પામ્યું નહોતું. પરંતુ ઈ. સ. પૂ. ૪૭૯માં તેમના મરણ પછી થોડા જ કાળમાં, ચીની પ્રજાએ તેમને 'પરિપૂર્ણ, પ્રતાપી, પુણ્યશ્લોક' એવાં ગૌરવશાળી વિશેષણો અર્પ્યાં; ચીની બાદશાહોએ તેમનું સન્માન અને ગૌરવ કર્યું. ચીનના આ લોકપ્રિય મહાત્મા ચીની પ્રજાના રાષ્ટ્રપિતા સમાન છે. ચીનની પ્રાચીન સંસ્કૃતિ સમજીને તેમણે ચીનનો અમર આત્મા ઘડ્યો છે. આજ અઢી હજાર વર્ષ બાદ પણ, તેમના દેશભાઈઓનાં હૃદયમાં તે અમર છે, અને તેઓ એક અવાજે કહે છે કે, કૉન્ફૂશિયસ તો થયા તે થયા; તેમના જેવો બીજો કોઈ થયો નથી ને થશેય નહિ.

સ્વાધ્યાય

૧. કૉન્ફૂશિયસે શીખવેલો ધર્મ તેમના નામ ઉપરથી કૉન્ફૂશી-ધર્મ કહેવાય છે, અને આખી પ્રજાના નીતિધર્મ તરીકે તે હજી ચીનમાં ચાલે છે.

૨. આપણા દેશમાં પણ આ બે ચીની મહાત્માઓના મતભેદ જેવો મતભેદ છે. તેને નિવૃત્તિધર્મ અને પ્રવૃત્તિધર્મ કહે છે. એ ભેદ અત્યારે સમજવો તમને કઠણ લાગશે. છતાં કૉન્ફૂશિયસે જે સમજાવ્યું છે તે તો સમજી શકશો.

૩. ચીન અને હિંદને જૂના કાળથી સંબંધ છે તે જાણો છો? આપણે ત્યાં આવેલા બે પ્રખ્યાત ચીની મુસાફરોની વાત જાણો છો ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિજનનો ઓચ્છવ

[નરસિંહ મહેતા આપણી ભાષાના આદિકવિ છે. તેમનાં લખેલાં પ્રભાતિયાં આખા ગુજરાતમાં લોકો પ્રેમથી ગાય છે. તે જૂનાગઢના નાગર બ્રાહ્મણ હતા. નાનપણથી તેમને કૃષ્ણ પર ભક્તિ ઊપજી હતી. તેમનાં ભજન ગાવામાં તે થાકતા જ નહિ અને તે સિવાય એકે કામમાં તેમને જરાય રસ પડતો નહિ. તે ઓચ્છવ કરતા ત્યારે અનેક સ્ત્રીપુરુષો તેમાં ભાગ લેવા ભેળાં થતાં.

એક દહાડો જૂનાગઢના અસ્પૃશ્ય ગણાતા લોકોએ તેમને પોતાને આંગણે આવી ઓચ્છવ કરવા વિનંતી કરી. હરિના ભગતનું તેડું પાછું કેમ ઠેલાય? એટલે મહેતાજી ઢેડવાડે ગયા ને ત્યાં ઓચ્છવ કરી આવ્યા. નાગર લોકે જ્યારે આ જાણ્યું, ત્યારે તે ખૂબ ગુસ્સે થયા: 'નાગર થઈને ઢેડવાડે ગયો! આ તે કેવો અધર્મ!'— એમ તેઓ કહેવા લાગ્યા. નાગર નાતે તેને સારુ મહેતાજીનો જવાબ માગ્યો. પોતે જે જવાબ આપ્યો તે અને તે વિષેનો આખો પ્રસંગ મહેતાજીએ નીચેનાં બે સુંદર ભજનોમાં ગાયો છે :]

૧

गिरि तळाटी ने कुंड दामोदर, त्यां महेताजी नाहवा जाय;
ढेड वरणमां दृढ हरिभक्ति, ते प्रेम धरीने लाग्या पाय. १

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर जोडीने प्रार्थना कीधी, विनति तणां बहु वद्या रे वचन:
'संतपुरुष, अम अरज एटली — अमारे आंगणे करो रे कीर्तन; २
प्रेम-पदारथ अमो पामीए, वामीए जन्ममरण-जंजाळ.'
कर जोडतामां करुणा ऊपजी, महेतोजी वैष्णव परम दयाळ. ३
'पक्षापक्षी त्यां नहि परमेश्वर, समदृष्टिने सर्व समान;
गौमूत्र तुलसीवृक्ष लींपजो,' एवुं वैष्णवे आप्युं वाग्दान. ४
महेताजी निशाए आव्या, लाव्या प्रसाद ने कर्यो ओच्छव;
भोर थया लगी भजन कीधुं, संतोष पाम्या सहु वैष्णव. ५
घेर पधार्या हरिजश गाता, वाता ताळ ने शंख मृदंग;
हसी हसी नागर ताळीओ ले छे, 'आ शा रे ब्राह्मणना ढंग!' ६
मौन ग्रही महेताजी चाल्या, 'अधवधराने शो उत्तर दउं?'
जाग्या लोक नरनारी पूछे, 'महेताजी, तमे एवा शुं? ७
नात न जाणो ने जात न जाणो, न जाणो कांई विवेक विचार.'
कर जोडीने कहे नरसैंयो, 'वैष्णव तणो मने छे आधार.' ८

२

एवा रे अमो एवा रे एवा, तमे कहो छो वळी तेवा रे. ध्रुव०
भक्ति करतां जो भ्रष्ट कहेशो तो करशुं दामोदरनी सेवा रे. एवा० १
जेनुं मन जे साथे बंधाणुं, पहेलुं हतुं घर रातुं रे;
हवे थयुं छे हरिरस मातुं, घेर घेर हींडे छे गातुं रे. एवा० २
सघळा साथमां हुं एक भूंडो, भूंडाथी वळी भूंडो रे;
तमारे मन माने ते कहेजो, नेह लाग्यो छे मने ऊंडो रे. एवा० ३
करम धरमनी वात छे जेटली, ते मुजने नव भावे रे;
सघळा पदारथ जे थकी पामे, मारा प्रभुनी तोले नावे रे. एवा० ४
हळवां कर्मनो हुं नरसैंयो, मुजने तो वैष्णव वहाला रे;
हरिजनथी जे अंतर गणशे, तेना फोगट फेरा ठाला रे. एवा० ५

સ્વાધ્યાય

૧ નરસિંહ મહેતાનો જમાનો એટલે ૧૫–૧૬મું સૈકું ત્યારના અને આજના જમાનામાં ફરક પડ્યો છે? નાગરો શું કામ સામે થયા? કઈ દલીલો કરે છે? મહેતાજી તેનો શો ઉત્તર આપે છે?

૨ આજ અંત્યજને 'હરિજન' કહેવામાં આવે છે, તે બીજા ભજનની છેલ્લી લીટી ઉપરથી ગાંધીજીને સૂઝ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

તારાઓનું સખ્ય



'આકાશમાં રહેલા ગણો કેમ જાણે ઈશ્વરનું મૂકસ્તવન કરતા ન હોય, એમ, આપણે જ્યારે એ મહાદર્શનમાં ઓતપ્રોત થઈએ, ત્યારે આપણે સાંભળતા જણાઈએ છીએ. જેને આંખ હોય તે આ નિત્ય નવો નાચ જુએ; જેને કાન છે તે આ અસંખ્ય ગાંધર્વોનું મૂકગાન સાંભળે.'

ગાંધીજી

૧

'આમ ઉપર શું જુઓ છો?' એક ગામડિયા છોકરાએ મને પૂછ્યું.

'આકાશના તારાઓ જોઉં છું,' મેં જવાબ વાળ્યો.

'એમાં તે શું જોવાનું હોય? તારાઓ તો છે જ. હરણિયું, હાથિયો, વીંછુડો, ને એવા બધા તારાઓ રોજ ઊગે છે ને આથમે છે. એ જોયે શું મળવાનું હતું? નકામી ડોક તાણી તાણીને હેરાન થાઓ છો!'

આ ગામડિયા છોકરાને તારાના આનન્દની શી ખબર હોય! જાનવરો પણ રાત્રે તારાઓ જોતાં હશે, પણ એમને કંઈ એમાં ઉત્સાહ જેવું લાગતું હશે? એને માટે તો સંસ્કારિતા જોઈએ છે. તારાઓનું ભવ્ય દર્શન, તારાઓનું કાવ્ય, તારાની શાન્તિ અને એમનો આધ્યાત્મિક સંદેશ, એ તો આ ગામડિયા માટે ક્યાંથી હોય?

થોડા દિવસ ગયા, હું શહેરમાં પાછો ગયો, અને એ જ છોકરાને મેં ઘરમાં નોકર તરીકે રાખ્યો. છોકરો અમારે ત્યાં જ રહે, અમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે જમે, ઘરના છોકરાઓ સાથે રમે, અને મારી ઓરડી બહાર સૂએ. તુકારામનો ઉપદેશ મારે હૈયે ઠસેલો :

दया करणें जे पुत्रासी । तेचि दासा आणि दासी ॥

જે દયાભાવ પોતાના દીકરા પ્રત્યે હોય, તે જ ઘરના નોકરો પ્રત્યે રાખવો ઘટે છે. એટલે છોકરાને ઘર જેવું લાગે એવો પ્રયત્ન હું કરતો હતો. પંદર દિવસ ગયા હશે અને છોકરો મૂંઝાતો આવીને મને કહે : 'મારે અહીં નથી રહેવું, મને જવા દો!'

મને આશ્ચર્ય થયું. મેં પૂછ્યું : 'કેમ? શું થયું? ખાવાનું નથી ભાવતું? કોઈ કનડે છે?'

'ના,' કહીને છોકરો મૂંગો જ રહ્યો. બહુ પૂછતાં તેણે કહ્યું : 'અહીં બધું સુખ છે, પણ ઢોરો પાછળ દોડવાની મજા અહીં નથી, અને રાત્રે સૂઉં છું ત્યારે તારાઓ નથી દેખાતા.'

મેં એને પૂછ્યું : 'પણ તું જ મને કહેતો હતો ને કે તારાઓ જોવાની ગરજ શી?'

'એ ખરું; પણ તારા હોવા તો જોઈએ જ; એમના વગર ગમે નહિ.' છોકરાને મજાની ઉપમા સૂઝી, એટલે આંખો દીપાવીને કહે : 'જેમ તંબૂરા વગર ગવાય નહિ, તેમ તારાઓના સંદરવા વિના સુવાય નહિ. રોજ જોઉં છું કે રાત્રે જાગ આવે ત્યારે તારા દેખાતા નથી અને મૂંઝાઉં છું. જેમ તેમ પંદર દિવસ કાઢ્યા; હવે મને જવા દો!'

મને તો આવું કોઈ દિવસ થયું ન હતું. હું તારા જોઉં. એના ઉદય અને અસ્ત નોંધી રાખું. દરેક તારો આજના કરતાં આવતી કાલે લગભગ ચાર મિનિટ વહેલો ઊગવાનો, એ મેં મારી મેળે તારવી કાઢ્યું હતું. મોટા મોટા તારાઓ જે આજે નવ વાગ્યે ઊગે છે તે મહિના પછી સાંજે સાત વાગ્યે જ દેખા દેશે, એમ લોકોને સમજાવતો. પણ તારાઓનું દર્શન એ કાંઈ મારે માટે હવાપાણી, ઊંઘ કે ખોરાક જેવું થયું નહતું. જ્યારે એ અબોધ છોકરાને તારાઓ પ્રત્યેની ભક્તિ પોતાની મા પ્રત્યેની પ્રીતિ જેવી જ હતી. મા તો છે જ, એની પૂજા થોડી જ કરવાની હોય! પણ મા ન હોય ત્યારે આખું બ્રહ્માંડ સૂનું સૂનું લાગે. ત્યારે ખરો કવિ કોણ? એ અબોધ પ્રાકૃતિક બાળક કે સંસ્કારના ભાનથી ભારે થયેલો મારા જેવો તારાપ્રેમી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

કોઈ આપણને પૂછે કે, 'તમારા ઘરમાં કોણ કોણ છે?' તો આપણે એમ નથી કહેતા કે, 'ઘરમાં માણસો છે.' આપણે તો એ પ્રશ્ન સાથે કૌટુંબિક જીવનનું ભાન જાગ્રત થવાથી કહીએ છીએ, 'મારા બાપા છે, મારી બા છે, વિમલા ને કમલા છે, હું છું; અને મીની ને મોતિયો છે.'

કોઈ પૂછે કે 'તમારો બગીચો કેવો છે?' તો તમે એમ નથી કહેતા કે, 'બગીચામાં છોડ છે, પાંદડાં છે, અને ફૂલો છે.' પણ તમે કહો છો કે, 'મોટા ગુલાબના ચાર છોડ છે, એક ખૂણે ચંપો છે, અને બીજે ખૂણે પારિજાત છે. મોગરાના છોડ તો હમણાં જ વાવ્યા છે; અને ગુલછડીને ધોળાં ધોળાં ફૂલ બેસવાની તૈયારી છે.'

ત્યારે જો તમને કોઈ પૂછે કે, 'આકાશમાં તમે શું શું જુઓ છો?' ત્યારે શું તમે એવો જ જવાબ આપવાના કે, 'આકાશમાં દહાડે સૂરજ હોય છે અને રાત્રે ચાંદો અને તારા હોય છે?' નવલખ તારાનાં નામ કોઈ આપણી પાસે માગતું નથી. પણ સવાર સાંજ બારે માસ જે તારાઓ ફરી ફરી દર્શન દે છે, જેમને સાક્ષી રાખી આપણાં બધાં સગાંવહાલાં પરણે છે, જેમને જોઈને ખેડુતો વાવણી અને લણણી કરે છે, જેમના હિસાબથી મુસાફરો રાત્રે દિશા નક્કી કરે છે, જેમની મદદથી અજાણ્યા મુલકમાં પણ મોટી મોટી ફોજો અચૂક રસ્તો કાઢે છે, અને રાત્રે કેટલા વાગ્યા છે એ પણ આપણે જેમના પરથી થોડીક મહેનતથી નક્કી કરી શકીએ છીએ, તે મોટા મોટા તારાઓનાં વીસ પચીસ નામોની પણ આપણને ખબર ન હોય? સપ્તર્ષિ, વીંછુડો, હરણું, કૃત્તિકા, ચિત્રા, સ્વાતિ, હાથિયો, શ્રવણ, વગેરે વેદકાળથી આપણને જગાડતા તારાઓની આકૃતિઓ અને તેમનાં સ્થાન આપણે ઓળખી ન શકીએ?

સંગીત સાંભળવામાં જે આનંદ છે, બુદ્ધિબળ અજમાવવામાં જે એકાગ્રતા છે, મોટી નવલકથાનું અટપટું કથાનક જાળવવામાં જે તલ્લીનતા છે, તે બધું આ તારાનિરીક્ષણમાં આપણને સહેજે મળે છે. આંખોને માટે એના કરતાં વધારે પૌષ્ટિક ખોરાક નથી. થોડાક તારાઓને પણ જે ઓળખી ન શકે તે માણસ સંસ્કારી નથી, અને પેલો મારો ગામડિયો છોકરો કહેશે કે, એ માણસ ગામડિયો પણ નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. તારાઓ જોડે જો સખ્ય બંધાય, તો શ્રી. કાકાસાહેબ કાલેલકર કૃત 'જીવનનો આનંદ' પુસ્તકમાંથી તે વિષે વધારે વાંચવાનું મળશે. આ પાઠ તે પુસ્તક ઉપરથી છે.

૨. આકાશ અને તારાઓ વિષે વધુ જાણવાનો રસ પડે, તો 'જ્યોતિર્વિલાસ' પુસ્તક મેળવીને વાંચજો.

૩. પાઠમાં કહેલા થોડાક તારા તો તમે હવે ઓળખી જ લેશો ને?

૪. તારા રોજ ચાર મિનિટ વહેલા શાથી ઊગે?

૨૦

જૂતાનો જન્મ

એક હતો રાજા; તેનું નામ હણુ. તેને હતો એક પ્રધાન; તેનું નામ ગણુ. બપોરનો સમય છે, રાજા કચેરીમાં બેઠો છે; સભા હકડેઠઠ ભરાયેલી છે. એક સળી પડે તોય કાને સંભળાય, એવી શાંતિ સભામાં છે.

એટલામાં રાજાનો ઘોર અવાજ ગાજી ઊઠ્યો, 'પ્રધાનજી, આ શું? ચાલું છું ત્યારે જમીન ઉપરથી ધૂળ મારા પગ ઉપર આવીને ચોંટે એનો અર્થ શો? મારા જ રાજની માટી મારા શરીર ઉપર આવીને ચોંટે એ કેવું અંધેર — કેવી અંધાધૂંધી? તમે કામકાજમાં કશું ધ્યાન આપતા નથી લાગતા. જાઓ, હું હુકમ કરું છું કે, આનો કાંઈક ઉપાય કરો, નહિ તો તમારું આવી બન્યું સમજો.'

હુકમ સાંભળતાં જ આખી સભામાં સનસનાટી ફેલાઈ ગઈ. કોઈની જીભે શબ્દ નથી કે આંખમાં તેજ નથી. ખુદ પ્રધાન જ નખશિખ પરસેવે નાહી રહ્યો છે. મોટા મોટા વિદ્વાનોના ચહેરા પણ સફેદ પૂણી જેવા થઈ ગયા છે.

બહુ દિવસ સુધી મગજનું માખણ કરી કરીને છેવટે પ્રધાને એક જવાબ શોધી કાઢ્યો. તેથી તેના હૈયામાં હર્ષ માતો નથી. પણ કાંઈ રાજા પાસે હસતા હસતા જવાય? એટલે ભારેખમ મોઢું કરીને તે રાજા પાસે ગયો; નીચે નમી નમીને કુરનિસ બજાવીને નિવેદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું, 'મહારાજ, આપનો હુકમ પાર પાડવા માટે તો અમે એક પગે તૈયાર છીએ. પણ એક મહા આપત્તિ આવી પડી છે: અમને એવી ચિંતા પેઠી છે કે, આપને પગે ધૂળ જ નહિ લાગે, તો અમારા જેવા આપની ચરણરજ ક્યાંથી મેળવશે?'

આ સાંભળી રાજા પણ ઘડીક તો વિચારમાં પડી ગયો. પણ એણે તુરત જ એ મુશ્કેલીનો નિકાલ આણ્યો: 'એક વખત આ ધૂળને દૂર કરો; ચરણરજનો ઉપાય ચરણરજ વખતે શોધી લેવાશે. ધૂળને અભાવે ચરણરજ ન મળી શકે એટલે શું? તમે બધા ફોગટનો પગાર ખાઓ છો? આટલા બધા ઇલકાબધારીઓ અને જ્ઞાનીવિજ્ઞાનીઓ રાખ્યા છે, તે શું ઘોઈ પીવા માટે રાખ્યા છે? જાઓ, પહેલો હુકમ પાર પાડો પછી બીજું બધું જોઈ લેવાશે.'

ગભુ વજીર ઢીલે પગલે અને નિરાશ ચહેરે પાછો ફર્યો. એણે વિચાર કરીને આકાશપાતાળ એક કર્યાં, પણ ધૂળ દૂર કરવાનો કોઈ ઉપાય જડ્યો નહિ. બધાનાં હૈયાં ભયથી ફફડી ઊઠ્યાં કે હવે તો આવી જ બન્યું!

છેવટ બધાની સલાહ લઈને પ્રધાને એક પરિષદ ભરવાનો નિર્ણય કર્યો. દેશપરદેશથી પંડિતો આવ્યા. આંખે ચશ્મા ચડાવી ચડાવીને સૌ આ વિકટ પ્રશ્નનો વિચાર કરવા લાગ્યા. કોઈ લીટા દોરવા લાગ્યા, તો કોઈ માથું ખંજવાળવા લાગ્યા. એ પરિષદમાં ઓગણીસ પીપ તો તપખીર ઊડી ગઈ, પણ કોયડો ઉકેલાયો નહિ! આખરે બધાએ મળીને રાજા પાસે નિવેદન રજૂ કર્યું કે, 'નામદાર, આપ માટી દૂર કરવાની વાત કરો છો એ તો ઠીક; પણ માટી વિના પાક નહિ નીપજે, તેનું શું કરીશું?'

આ દલીલ સાંભળીને રાજાના પિત્તાનો પારો તો ૧૦૫ અંશ ઉપર ચડી ગયો, અને તેણે રાડ પાડી કે, 'માટી વિના પાક ન નીપજે તો તમને બધા પંડિતોને શું હજામત કરવાને માટે રાખ્યા છે? જાઓ, બીજી લાંબીટૂંકી વાત પડતી મૂકો ને હુકમનો અમલ કરો, નહિ તો કોઈનો જાન સલામત નથી.' ફરી બધે નિરાશા ફેલાઈ ગઈ. પરંતુ રાજાની આવી ઝઝૂમતી બેધારી તલવારથી બચવાને માટે છેવટે બધા પંડિતોએ મળીને એક યુક્તિ શોધી કાઢી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકસાથે સાડાસિત્તેર લાખ ઝાડુ ખરીદાયાં, અને આખું ગામ મંડચું વાળવા. ઝાડુના સપાટાથી આખું ગામ ધૂળ ધૂળ થઈ ગયું. ધૂળ આડે નથી દેખાતો આકાશનો સૂરજ કે નથી દેખાતું કોઈનું મોઢું. ખુદ રાજા અને તેનો મહેલ પણ ધૂળમાં જ ઢંકાઈ ગયા! જ્યાં જુઓ ત્યાં ધૂળના ગોટેગોટ અને ખોં, ખોં ને ખોં!

આથી રાજાએ ચિડાઈ ને કહ્યું, 'ધૂળને કાઢવાનું કહ્યું ત્યારે આ તો ઊલટું જગત આખું ધૂળથી ભરી મૂક્યું!

રાજાના મોઢામાંથી હજી પૂરાં વેણ પણ બહાર નથી પડ્યાં, ત્યાં તો એકવીસ હજાર ભિસ્તીઓ કાખમાં મશકો ભેરવીને રસ્તે રસ્તે પાણી છાંટવા મંડી પડ્યા. તળાવ અને ખાબોચિયાંનાં તળિયાં દેખાયાં. નદીમાં ચાલતી કિસ્તીઓ અટકી પડી, અને પાણીના જીવો પાણી વિના તરફડવા લાગ્યા. બીજી બાજુ, જ્યાં ત્યાં કાદવ અને પાણી જ નજરે પડવા લાગ્યાં.

રાજાએ કહ્યું, 'આ બધા ગધેડા જેવા છે. ધૂળને કાઢી તો કાદવ કરી મૂક્યો.'

ફરી મસલત ચલાવવા માટે રાજાએ એક સભા બોલાવી. ફરી વિદ્વાનો અને ગુણીજનો ટોળે મળ્યા. સૌ મગજ કસી કસીને વિચાર કરવા લાગ્યા; પણ ધૂળના નિકાલનો કોઈ ઉપાય જડતો નથી.

આખરે કોઈ ફળદ્રુપ ભેજામાંથી એક તુક્કો નીકળ્યો કે, 'આખી પૃથ્વીને સાદડી વતી ઢાંકી દઈએ તો કેમ? સાદડી પથરાશે પછી ધૂળ ક્યાંથી ઊડશે?'

બીજા એક ભેજામાંથી વળી એવો વિચાર સ્ફુર્યો કે, 'આ રાજાસાહેબને જ એક ઘરમાં પૂરી રાખો ને! એ ઘરને ક્યાંય કાણું બાકોરું રાખવું જ નહિ. પછી ધૂળ જાય જ ક્યાંથી કે એમને પગે લાગે?'

રાજાએ કહ્યું, 'એ વાત તો બહુ મજાની છે; પણ મને સંદેહ રહે છે કે, આમ માટીને કાઢવા જતાં કદાચ મારી જ માટી થઈ જાય! દિવસ રાત મારે એક જ ઓરડામાં પુરાઈ રહેવું પડે એ કેમ બને?'

બધાએ કહ્યું, 'ત્યારે નામદાર, એમ જ કરો કે મોચીને બોલાવીને આખી પૃથ્વીને મઢવાનો હુકમ કરો. ધૂળવાળી જમીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચામડાથી મઢાશે, પછી ધૂળ ક્યાંથી આવવાની? વધારામાં આપની કીર્તિ પણ દેશ પરદેશ ગવાશે.'

રાજાને આ સૂચના ગમી. રાજ્યના દૂતો બીજા બધા કામધંધા છોડીને ચારે દિશાએ નીકળી પડ્યા છે. પણ નથી ક્યાંય આખી પૃથ્વીને ચામડાથી મઢે એવો મોચી હાથ આવતો, કે નથી પૃથ્વી મઢાય એટલું ચામડું મળતું.

આ શોધાશોધની ધમાલ સાંભળીને મોચી કોમનો એક વૃદ્ધ મુખી રાજા પાસે આવ્યો અને હાથ જોડીને ધીમે અવાજે કહેવા લાગ્યો, 'નામદાર, આપની આજ્ઞા હોય તો આ કામ હું સહેજમાં ઉકેલી આપું!'

રાજાએ કહ્યું, 'મૂરખ, દેશપરદેશના વિદ્વાનો વિચાર કરી કરીને થાક્યા, છતાં એમને જેનો કશો ઇલાજ ન જડ્યો, તે તું આમ સહેજમાં પાર પાડવાની વાત કરે છે?'

પ્રધાને કહ્યું, 'નામદાર, એ ગંડુ ઠીક મોટી હામ ભીડવા આવ્યો છે, તો બાંધો એને કરારે: જો આ કામ એ પાર ન પાડે, તો એને શૂળીએ ચડાવવો.'

બુઢ્ઢા મોચીએ રાજાના પગ આગળ બેસીને, હસતાં હસતાં રાજાના પગને ફરતું ચામડું મઢ્યું. પગ ચામડે મઢાયા પછી એને ધૂળ ક્યાંથી અડે!

રાજા ખુશ ખુશ થઈ ગયો, પ્રધાન બચી ગયો, અને તે દિવસથી જોડાની ઉત્પત્તિ થઈ. તે આજે પણ આપણે વાપરીએ છીએ!

સ્વાધ્યાય

૧. સંસ્કૃતમાં એક સુભાષિત છે:

सर्वाः संपत्तयस्तस्य संतुष्टं यस्य मानसम् ।
उपानद्गूढपादस्य ननु चर्मावृतेव भूः ॥

જેનું મન સંતુષ્ટ છે તેને સઘળી સંપત્તિ મળ્યા બરોબર છે. પગરખાંથી પગ ઢાંક્યા કે આખી પૃથ્વી જાણે ચામડે જ મઢાઈ ગઈ!

૨. આટલો સાદો ઉપાય પંડિતો અને કાર્યદક્ષ લોકને પણ કેમ નહિ જડ્યો હોય? ન્યૂટને બે બિલાડી માટે કરેલા બે રસ્તા—નાની માટે નાનો અને મોટી માટે મોટો—એ વાત ખબર છે ને?

૩. આ પાઠમાં કોની મજાક કરી છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને રામ રાખે રે

[રાગ કાફી]

જેને રામ राखे रे, तेने कुण मारी शके!
अवर न देखुं रे, बीजो कोई प्रभु पखे. टेक

चाहे अमीरने भीख मगावे, ने रंकने करे रे राय;
स्थलने स्थानके जल चलावे, जल स्थानक स्थल थाय;
तरणानो तो मेरु रे, मेरुनुं तरणुं करी दाखवे. जेने० १

नींभाडाथी बळतां राख्यां मंझारीनां बाळ;
टिटोडीनां ईंडां उगार्यां, एवा छो राजन, रखवाळ;
अंत वेळा आवो रे, प्रभु तमे तेनी तके. जेने० २

बाण ताणीने ऊभो पारधि, सींचाणो करे रे तकाव;
पारधिने तो पगे डसियो, सींचाणा शिर मही घाव;
बाज पड्यो हेठो रे, पंखी ऊडी गयां सुखे. जेने० ३

गज कातरणी लईने बेठा दरजी तो दीनदयाळ;
वधे घटे तेने करे बराबर, सौनी ले संभाळ;
धणी तो धीरानो रे, हरि तो मारो हींडे हके. जेने० ४

સ્વાધ્યાય

૧. ભારે સંકટમાં પણ રામે રાખ્યાના જે દાખલા કવિ આપે છે, તેની વાતો તમને ખબર હોવી જોઈએ.

૨. ધીરો ભગત (ઈ. સ. ૧૭૫૩-૧૮૨૫) તેની કાફીઓ માટે પ્રખ્યાત છે. આ કાવ્ય તેનો એક નમૂનો છે ત્રીજી ટૂંકમાં બે પંખીની વાત છે, તે હોલા હોલીની કથાની સ્વતંત્ર કાફી કવિએ લખી છે, તે 'કાવ્યપરિચય'ના બીજા ભાગમાં મળશે. ટિટોડીની વાત બીજી ટૂંકમાં છે, તે કવિ સુંદરમે પોતાના એક કાવ્યમાં કહી છે :- 'સાગરને તીર એક ટટળે ટિટોડી.' જુઓ 'ગ્રામભજન-મંડળી' નામની ચોપડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇબ્રાહીમકાકા

[આ એક ખરા કિસ્સાનું વર્ણન શ્રી મહાદેવભાઈ દેસાઈએ 'હરિજન' છાપામાં કરેલું, ત્યાંથી આ પાઠ લીધો છે.]

હું ખેડૂતનો દીકરો છું; જોકે હું મારી ચોપડીઓમાં મશગૂલ રહું છું અને મેં કદી જાતે હળ નથી ચલાવ્યું. મારા પિતા સંસ્કૃતના મોટા પંડિત હતા, પણ એમને તો ખેતી પણ સારી આવડતી. અમારા ઘરની નજીક એક મુસલમાન રહેતા હતા. તેમનું નામ ઇબ્રાહીમ હતું. તે જાતે વણકર છતાં ખેતી કરીને ગુજરાન મેળવતા. મારા પિતાનું અને એમનું ખેતર પણ જોડાજોડ હતાં. તેથી અમે ઘણે ભાગે નિકટના સહવાસમાં રહેતા. અમે છોકરાઓ આ ભલા મુસલમાનને ઇબ્રાહીમકાકા કહેતા, કેમ કે મારા પિતાને એ મિત્ર અને ભાઈ જેવા હતા.

ઇબ્રાહીમકાકા અમારા પર ઘણો પ્યાર કરતા; પેટના દીકરા કરતાં અમ મિત્રના દીકરા પર તે વધારે વહાલ રાખતા. તે ધર્મનિષ્ઠ મુસલમાન હતા, અને અમારા વિધિનિષેધો સંભાળવાની અમે પરવા કરીએ એના કરતાં તે વધારે કરતા. કેમ કે દરેકે પોતપોતાના નિયમો બરોબર સાચવવા જોઈએ, એવી તેમની ધર્મનિષ્ઠા હતી.

ઘણી વાર ખેતરમાં મોલ પાકવા આવ્યા હોય તે વખતે, મારા પિતા અને ઇબ્રાહીમકાકા એકબીજાના ખેતરની વારાફરતી સંભાળ રાખતા, અને એ રીતે ઘણો વખત અને ખરચ બચાવતા. અમે છોકરાં ઘણી વાર પરોઢિયે ખેતરમાં જતાં, ત્યાં ઇબ્રાહીમકાકા કુમળી કાકડીઓથી અમારાં ગજવાં ભરી દેતા, અને પોતાના ખેતરમાંથી સુંદર તરબૂચ કાઢીને અમને આપતા. અમે રોજ ખેતરમાં જઈએ ત્યારે ઇબ્રાહીમકાકાને બૂમ પાડીને કહેતા: 'ઇબ્રાહીમકાકા, ઊંઘો છો કે જાગો છો?' એટલે એ ભલા ડોસા ફળ લઈને અમને આપવા આવતા. મારા પિતા પણ અમારા ખેતરમાંથી સારામાં સારાં તરબૂચ કાઢીને ઇબ્રાહીમકાકાને મોકલે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે ઇબ્રાહીમકાકાના હાથમાંથી કશું ખાતા નહિ, અને ભૂલથી પણ એ અમને ખાવા દેતા નહિ. પણ આ નિષેધ સ્વાભાવિક થઈ ગયેલો, અને અમે હિંદુ છીએ ને એ મુસલમાન છે માટે એમ થાય છે, એમ લાગતું નહિ. અમે ચાર ભાઈ હતા; પણ હું સૌથી નાનો, એટલે ઇબ્રાહીમકાકાને મારા ઉપર સૌથી વધારે પ્રેમ હતો. કેરીની મોસમમાં આંબા પર પહેલી કેરી પાકે, તે ઇબ્રાહીમકાકા કપડે વીંટાળી રાખે, ને ધીમેથી આવીને મારા ગજવામાં સરકાવી દે. હું કેરી સૂંઘી જોઉં અને આનંદમાં આવીને બોલી ઊઠું: 'ઇબ્રાહીમકાકા, તમે તો બહુ મીઠા છો!' એમને ગોળ બહુ ભાવતો, અને એમના શબ્દોમાં પણ ગોળના જેવી મીઠાશ હતી. તેથી અમે તેમને વિનોદમાં 'મીઠાકાકા' કહેતા, એટલે તે અમારી પાછળ દોડતા. અમે દૂર નાસી જતા અને પકડાતા નહિ. ઇબ્રાહીમકાકા ઘણી વાર થાળીમાં રોટલો મૂકીને અમારા વાડામાં આવે અને અમને કહે: 'જા જોઈ આવ તો, તારી બાએ કંઈ સારું શાક કર્યું છે?' હું મા પાસે દોડી જાઉં અને થાળી ભરીને શાક, અથાણું, ને બીજી સારી વાનીઓ લઈ આવું. કાકા એ સ્વાદથી ખાય અને ખાઈ રહે તે પહેલાં તો હું બીજી વાર લઈ આવું અને થાળી એમના વાસણમાં ઠાલવી દઉં. આમ હું મારો બાલિશ પ્રેમ એમના પર વરસાવું તે વખતે, કેટલીયે વાર એમની આંખમાંથી અશ્રુધારા વહેવા માંડે; પણ એ કદી મને ભેટે નહિ,—બચ્ચી તો કરે જ શાના? એ મુસલમાન હતા એવું ભાન મને ભાગ્યે જ હતું, પણ તેમને એ ભાન હતું; એટલે મારા પરનો—બ્રાહ્મણના દીકરા પરનો પ્રેમ તે આ રીતે બતાવતા જ નહિ.

આ રીતે ગાઢ મિત્રતાનાં અનેક વરસો વહી ગયાં, અને બંને કુટુંબોનો પ્રેમસંબંધ વધતો ચાલ્યો. એ દરમ્યાન મારા પિતાનો સ્વર્ગવાસ થયો. ઇબ્રાહીમકાકા હવે અમારા ઉપર કાકા તરીકેનો સ્નેહ પહેલાં કરતાંયે વધારે રાખવા લાગ્યા. મારા મોટાભાઈ હમેશાં એમની સલાહ લેતા, અને કાકા વગર આનાકાનીએ સાચી સલાહ આપતા.

એક વાર એવું બન્યું કે, હિંદુઓનાં ઢોરે મુસલમાનોના કબરસ્તાનમાં પેસી જઈ ઝાડપાનને નુકસાન કરેલું, તેને વિષે ભારે કજિયો ઊભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો. અમારા ગામનાં ઢોર ચારનાર ગોવાળના છોકરાઓની બેદરકારીને લીધે આમ બનેલું. ગામના મુસલમાનો ગુસ્સે ભરાઈ ને દોડી આવ્યા, ગોવાળના છોકરાને સારી પેઠે ટીપ્યા. અને ઢોરને હાંકીને ડબામાં પૂરી દીધાં. છોકરા ચીસ ખાઈ ને ઢોરના ધણી પાસે દોડી ગયા. જેમનાં ઢોર હતાં તે બધા ડાંગો લઈને લડાઈ કરવાની તૈયારી કરીને નીકળી પડ્યા. આ ખબર વીજળીવેગે ફેલાઈ ગઈ, ને આસપાસના સૌ મુસલમાન લડવાને ને હિંદુઓને પાંસરા કરવાને ધાઈ આવ્યા. કલાકો સુધી બોલાચાલી થઈને ડાંગો ઉગામાવાની તૈયારી હતી. સમજાવટના પ્રયત્નો બધા નિષ્ફળ ગયા હતા. મુસલમાન કહેતા હતા કે, આ કાંઈ પહેલો બનાવ નથી; ગોવાળના છોકરાઓએ ત્રીજી ચોથી વાર ઢોર પેસાડ્યાં છે, એટલે ફક્ત બેદરકારી છે એમ નહિ કહી શકાય. જોતજોતામાં બંને બાજુએ ડાંગ, પથ્થર, ઈંટો ને જે કંઈ જૂની ચીજ હાથમાં આવી તે લઈને સજ્જ થયેલી બે સેનાઓ સામસામી ઊભી રહી.

ઇબ્રાહીમકાકા પણ એમના પુત્રપૌત્રાદિ સાથે ત્યાં હતા. એમણે ઝઘડો પતાવવાનો પ્રયત્ન કરી જોયો, પણ તોફાની લોકો ફાવી ગયા હતા. અમારાં ઢોર પણ ડબામાં પુરાયેલાં, એટલે મારા ભાઈઓ પણ ત્યાં હતા. સ્ત્રીઓને બાદ કરતાં આખું ગામ ભેગું થયું હતું. સ્ત્રીઓ ઘેર માથાં ફૂટ્યાની અને હાડકાં તૂટ્યાની વાતો સાંભળવાની રાહ જોઈ રહી હતી. હું નિશાળમાંથી આવીને જોઉં તો તમામ ઘરનાં બારણાં બંધ થઈ ગયેલાં ને ગામ આખું લડાઈને માટે બહાર નીકળી ગયેલું. મેં ચોપડીઓ ખૂણામાં નાંખી દીધી અને લડાઈની જગાએ દોડી ગયો. મારી નસોમાં લોહી ગરમ થતું હતું ને મને લડવાનો તરવરાટ થઈ રહ્યો હતો. મારી બાએ બૂમ પાડીને મને વાર્યો, પણ મેં માન્યું નહિ; હું જઈને ઊભો રહ્યો. પણ અરે, આ શું? ઇબ્રાહીમકાકા એમના આખા કુટુંબ સાથે સામા પક્ષમાં હતા! હું એમની પાસે દોડી ગયો અને આશ્ચર્યથી પૂછ્યું: 'ઇબ્રાહીમકાકા! તમે કયા પક્ષમાં છો — અમારા કે એમના?' તરત જ ઇબ્રાહીમ-કાકાએ પોતાના એક દીકરા પાસેથી ડાંગ માગી લીધી અને મારી પાછળ ચાલ્યા. દીકરાઓને કહ્યું, 'એનો બાપ મરી ગયો છે. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે એના પક્ષમાં રહીને લડવું જોઈએ. તમે બીજી બાજુ રહેજો.'



ઇબ્રાહીમકાકાને આમ જોતા જોઈને સૌ છક થઈ ગયા. થોડી વાર શાંતિ ફેલાઈ ગઈ; દરેક જણ સ્તબ્ધ થઈને ઊભું રહ્યું. સૌ શરમાઈ ગયા, ને એક પણ શબ્દ બોલ્યા વગર, ઘર ભણી ચાલવા લાગ્યા. અમે પણ ઇબ્રાહીમકાકાની પાછળ પાછળ ઘેર પાછા આવ્યા.

આ ચમત્કારનો અર્થ ને તેનો મહિમા તે વખતે હું કળી શક્યો નહોતો, પણ હવે કળી શકું છું. ભલા ઇબ્રાહીમકાકા હવે આ ભૂમિ પર નથી. પણ હું તેમને કદી ભૂલી શકવાનો નથી. તેમની કબરને હું ઓળખું છું, અને તેની સામે જોઈ મેં કેટલીયે વાર આંસુ લૂછ્યાં છે. કબરસ્તાન આગળ થઈને જાઉં છું તે વખતે કેટલીયે વાર નાનપણમાં કહેલા શબ્દો મારા મોંમાંથી સરી પડે છે: 'ઇબ્રાહીમકાકા, ઊંઘો છો કે જાગો છો?' એ ઊંઘી ગયા છે એમ હું માનતો જ નથી; એ તો જાગતા જ સૂતેલા છે.

સ્વાધ્યાય

૧. ઇબ્રાહીમકાકા સામા પક્ષની મદદે શું કામ ગયા? તેની જે ચમત્કારી અસર થઈ તે શાથી?

૨. તમારા ગામમાં બધી કોમો કેવી હળીમળીને રહે છે તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આળસુ લોકો

[ઈ. સ. ૧૯૨૭માં ગુજરાતના ઘણા ભાગમાં ભારે રેલ આવી હતી. ત્યારે રાજાપ્રજા તરફથી રાહતનું કામ ઉપાડવામાં આવ્યું હતું. તે વખતના અનેક જાતના અનુભવોમાંના એક અનુભવનો ચિતાર આ સંવાદમાંથી તમને મળશે. એ વર્ષનાં દુઃખોની વાતો વડીલો પાસેથી મેળવજો તે રેલનાં સ્થળો ક્યાં તે જાણીને નકશામાં જુઓ.]

સ્થળ — એક ગામડાનો ભીલવાડો.

સમય — માગશર માસ, સવારના ૮ાનો શુમાર.

[કેટલાક ભીલો ઉઘાડે શરીરે તડકો ખાતા બેઠા છે. રેલને લઈને પડી ગયેલાં એમનાં મકાનોના ભાંગેલા કાટમાળના ઢગલા જ્યાં ત્યાં પાસે પડ્યા છે. તત્કાળ ઊભી કરેલી ઝાડપાન ને ડાળીઓની થોડીક છાપરીઓ છે.

રેલસંકટ નિવારણ સમિતિનો એક સ્વયંસેવક તપાસ કરવા આવેલો છે. સામેથી બીજી બાજુએથી એક જાડા અમલદાર, ગરમ કોટ-પાટલૂન ઉપર ઓવરકોટ ચડાવી, ગળે ગલપટો, અને કાને ઢંકાઈ રહે એવી રીતે ફેંટો પહેરી, બે ગજવામાં બે હાથ નાંખી, મુખી પટેલ, બીજા પાટીદારો, વરતણિયા, ભંગી, વગેરેની સાથે આવે છે. બંને એકબીજાને નમસ્કાર કરે છે]

अमलदार — જય જય! કેમ, તપાસ કરવા આવ્યા છો? આવો આવો. હું જ તમને તપાસ કરાવું. સાચી હકીકત શી છે તેની તમને ખાતરી કરાવી આપું. પહેલાં જુઓ મિસ્ટર......,તમારું નામ શું?

स्वयंसेवक — શંકરલાલ,

अमलदार — જુઓ મિ. શંકરલાલ, પહેલાં ઘડિયાળમાં જુઓ, કેટલા વાગ્યા છે તે. જુઓ, સાડા આઠ ઉપર પાંચ મિનિટ થઈ છે. હવે તમે મને કહો કે તમે કેટલે વાગ્યે ઊઠો છો?

शंकरलाल — સાડા ચાર અને પાંચની વચ્ચે.

अमलदार — ઓહો! તમે તો બહુ જ વહેલા ઊઠનારા કહેવાઓ. મારો ઊઠવાનો વખત બરાબર છ અને વીસનો છે. પણ તમે તો ગાંધીના માણસ, તમારી વાત અમારાથી ન થાય. અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો......પણ મૂળ વાત. હું તમારું નામ ભૂલી ગયો, હાં. માફ કરજો, અનેક જંજાળમાં યાદદાસ્ત જ એવી મંદ થઈ જાય છે કે નામ તો મને યાદ જ નથી રહેતાં. ફરી કહોને જરા.

શંકરલાલ — શંકરલાલ

અમલદાર — હાં, જુઓ મિ. શંકરલાલ! તમે સાડા ચાર પાંચ વાગ્યે ઊઠો છો અને નાહી ધોઈ તૈયાર થઈ ૩–૪ માઈલ તપાસ કરવા નીકળી પડો છો. આ હું મોટો અમલદાર કહેવાઉં તોયે સાડા છ વાગ્યા પહેલાં નિયમિત જ ઊઠું, દાતણપાણી કરી ચા બા પીઉં ત્યાં ઘોડી તૈયાર, અને બહાર નીકળી પડું. પણ જુઓ આ ભીલો. આ નવ વાગવા આવ્યા તોયે જાણે હજુ તો પો ફાટવાનો છે. એ...તડકામાં બેઠા બેઠા તાપે છે.

મુખી પટેલ — અરે સાહેબ, પૂછો જ નહિ ને! આ પ્રજામંડળવાળા તે શું જાણે કે આપણી રૈયતનાં લખ્ખણ કેવાં છે! એમનાં તો કોમળ દિલ તે દુઃખ જોઈને દયા આવી જાય. પણ હું તો કહું છું, સાહેબ, કે આ રેલસંકટવાળાએ આળસુ લોકોને જ ઉત્તેજન આપ્યું છે.

બીજો પટેલ — સાહેબ, આ લોકોને તો મૂઠી અન્ન આપવાનો ધર્મ નથી. જુઓ, શી ચિંતા છે? ન મળે જમીન કે જેને વિઘોટી ભરવાની ચિંતા. સાહેબ, આ વખતે મહેસૂલ માફ થશે કે નહિ?

અમલદાર — વળી એ વાત ક્યાં બદલી? જે વાતો કરતા હોઈએ તે કરવાની કે બીજી બીજી?

બીજો પટેલ — ના ના સાહેબ, એ તો અમસ્તું. બાકી સાહેબ, આ વખતે વિઘોટી માફ કરાવીને રૈયતનો આશીર્વાદ લેવાનો આપને માટે ખરેખરો વખત છે, હાં.

મુખી પટેલ — (તેને બાજુએ લઈ જઈ) હવે હમણાં એ રહેવા દો. (અમલદારને) સાહેબ, ત્યારે આ ભીલ લોકો માટે કશું કરવું છે?

અમલદાર — હા, હું એ જ આ મિ. શંકરલાલને સમજાવવા માગું છું. જુઓ, આ લોકો તદ્દન આળસુ અને નિરુદ્યમી હોય છે. એમને મદદ કરવી એટલે આળસને પોષવા બરોબર છે. જુઓ, તમે બધા સરકારનો વાંક કાઢ્યા કરો છો, પણ એમને મદદ ન કરવામાં બહુ દીર્ઘદૃષ્ટિ રહેલી છે. આ લોકોને મદદ ન કરીએ, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ એ લોકોને કાંઈક કામ કરવાની ચાનક થશે. આ જુઓ, મદદ આપવામાં જેમ જેમ ઢીલ થાય છે, તેમ તેમ એ લોકો કેવાં પોતાનાં સાધનો ઊભાં કરી લે છે! મિ. શંકરલાલ, તમે તો વિદ્વાન છો; માનસશાસ્ત્ર પણ તમે જાણતા હશો. માણસ ઉપર સંકટ આવે છે ત્યારે તેની સામે પહોંચી વળવાનીયે તેનામાં શક્તિ આવી રહે છે.

शंकरलाल — જી હા. તેથી જ આ લોકો હજુ જીવે છે.

अमलदार — બરોબર. આ લોકોને મદદ આપવાની કાંઈ જરૂર જણાતી નથી. ચાલો, જય જય મિ. શંકરલાલ. મને બહુ મોડું થયું છે અને હજુ તો ઘણું કામ કરવાનું છે. અમારું અમલદારોનું તે કાંઈ જીવન છે! જીવનને ખરું સાર્થક તો તમે કરો છો! . . . ચાલો, પટેલ, હવે બારૈયાવાડ.

(ભીલો અને શંકરલાલ સિવાય બીજા બધા જાય છે.)

शंकरलाल — (એક ભીલને) અલ્યા, માના ધૂળાનું ઘર કયું?

एक भील — (ઊભો થઈને) ભાઈ સાહેબ, એ તો હું. આ ઉઘાડી જમીન પડી છે ત્યાં મારું ઘર.

शंकरलाल — અલ્યા, પણ હમણાં તું ક્યાં રહે છે?

मानो—સાહેબ, છાપરી કરી જ છે તો! એ . . . પણે. એમાં રાંધી ખાઈએ છીએ.

शंकरलाल — અને અલ્યા, સૂઓ છો ક્યાં?

मानो — (ખડખડ હસે છે.) એ તો એમ જ તો, સાહેબ. અમારે વળી સૂવાનું શું? આ રાતે મોડે સુધી તાપણું કરીને આજુબાજુ બેસી રહીએ, અને ઊંઘ આવે ત્યારે તાપણાની આજુબાજુ પડીએ. એક પડખું તપે અને બીજું ઠરે ત્યારે પડખું બદલીએ એટલે પછી બીજું તપે.

शंकरलाल — અલ્યા, પણ તમે કંઈ ઉદ્યમ કાં ન કરો? આમ નવ વાગ્યા સુધી આળસુ થઈને બેસી રહો એ કાંઈ સારું કહેવાય?

एक घरडो भील — ભાઈસાબ, અમે બધું સાંભળ્યું, આ વહીવટદાર સાહેબ બધું તમને ભરાવી ગયા તે. નવ વાગ્યા સુધી બેસી રહેવું પડે, તે કાંઈ ભૂખે પેટે અમને મીઠું લાગતું હશે? પણ દુનિયામાં આજે ન્યાય ક્યાં છે? ગરીબનું આજે કોઈ સગું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરલાલ — (નરમ અને ગળગળો થઈ જઈને) ના, પણ ત્યારે સાત વાગ્યા પહેલાં કામે ન ચડવું જોઈએ ?

ઘરડો ભીલ — સાહેબ, આ વહીવટદાર સાહેબે કેટલાં કપડાં પહેર્યાં હતાં તે જોયું ? (શંકરલાલ ડોકું હલાવે છે.) સાહેબ, રાતે એમણે કેટલું ઓઢ્યું હશે ? એ ધાબળા તો ખરા જ ને ? (શંકરલાલ ડોકું હલાવે છે.) સાહેબ, એમનો ખોરાક કેવોક હશે ? ગરમ ગરમ દૂધ અને ઘઉં તો ખરાં જ ને ? (શંકરલાલ મૂંગો રહે છે.) સાહેબ, એ સૂએ તે ઓરડામાં ઓસ આવતી હશે ખરી ? (શંકરલાલ મૂંગો રહે છે.) સાહેબ, એમનું શરીર જરાયે ટાઢું હશે ખરું ? (શંકરલાલ મૂંગો રહે છે.) સાહેબ, આ હું ઘરડો થયો, પણ જન્મારામાં કેટલી વાર દૂધ પીધું હશે, તે આંગળીના વેઢા પર ગણાવી દઉં. સાહેબ, અમારો કાંઈ ગરમીવાળો ખોરાક છે ? માંડ એક વાર જેવું તેવું પેટમાં નાંખીને આખી રાત ઉઘાડામાં પડ્યા રહીએ, તેથી અમારું લોહી કેટલું ઠરતું હશે ? આ અમને કાંઈ વાગે છે, સાહેબ, ત્યારે અંદરથી લોહી વહી શકતું નથી, પણ તુરત જામી જાય છે. જોવું છે સાહેબ ? હમણાં કાઢી બતાવું.

શંકરલાલ — (ગભરાઈને) ના ના, હું જાણું છું.

ભીલ — હવે એવા ઠંડા શરીરમાં સ્ફૂર્તિ તે ક્યાંથી આવે ? નવ વાગ્યા સુધી તડકો ખાઈએ ત્યારે માંડ અમારું લોહી હાલતું હોય એમ લાગે. અમારો દેશ ગયો, જમીન ગઈ, અને છેવટે બાડીનાં ઘર હતાં તેયે ગયાં ! હવે અમને શી આશાએ સ્ફૂર્તિ આવે ? એ તો આટલું ચાલ્યું એમ ચાલ્યા જ કરશે તો ! સાહેબે જ કહ્યું કે, જેવો વખત આવે તેવા થવાની હિંમતે આવે, એટલે હવે અમે દુઃખથી તો ડરતા જ નથી ને ! માણસથી ઊતરી ઊતરી પશુ જેવા થઈ જઈશું, એટલે પશુ જેમે પણ જિવાશેસ્તો ! અમને શી રળવાની આશા છે કે અમારામાં ગરમી આવે અને કામે વળગીએ ? (શંકરલાલ મૂંગો રહે છે.) આ અમારું કહેવું છે. હવે તમારે કરવું હોય તે સુખેથી કરો. નહિ તો ઘણા આવી ગયા તેમ તમે આવીને ચાલ્યા જાઓ. . . . લો, બીજું કાંઈ પૂછવું હોય તો પૂછી લો.

(શંકરલાલ કોથળી ઝાલી વીલે મોંએ ચાલતો થાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. કોઈની ટીકા કરવા જતા પહેલાં, તેને શું કહેવું છે એ જો સમજીએ, તો કેટલો ફેર પડી જાય! આ પાઠમાંથી એનો દાખલો વિચારો.

૨. ભીલો અમલદાર જોડે એક રીતે અને શંકરલાલ જોડે બીજી રીતે કેમ વર્ત્યા? ભીલો પાસેથી શંકરલાલ અને અમલદારની વિદાય વચ્ચે શો ફેર જોયો?

૩. કદી તમારા ગામમાં અમલદાર આવે ત્યારે નિહાળીને સમજજો કે, તે શું કામ આવ્યા, શું કરી ગયા, ને લોકો એમની જોડે કેવી રીતે વર્તે છે. પેલા પટેલ વિઘોટીની શી વાત કરતા હતા?

૨૪

કહાનની વાંસળી

[ગરબી]

वागे वृंदावनमां वांसळी रे, ऊभो ऊभो वगाडे कहान;
नादे वेधी मुनिवर–पांसळी रे, नव रही कोने सान. वागे० १

तरुनी शाखाओ झूमी रही रे, चरणे नमवाने काज;
वेली वृक्ष साथे झूमी रही रे, भाग्य अमारां आज. वागे० २

जमुनानीर चाले नहीं रे, मृग मन मोहन थाय;
पंखी माळामां महाले नहीं रे, नाद सुणी न रहेवाय. वागे० ३

वाछरुं कान दईने सांभळे रे, करे नहीं पयपान;
गायो गाळा तोडी तांहां पळे रे, नाद सुणवाने कान. वागे० ४

फूल्यां कमळ जळ टाटडी रे, दीसे उदियो छे भाण;
शंकर समाध मेली रह्या रे, थयुं जगतने जाण. वागे० ५

સ્વાધ્યાય

ભક્ત કવિ દયારામ (૧૭૬૭–૧૮૫૨) ડભોઈના વતની હતા. તેમની ગરબીઓ ખૂબ પ્રખ્યાત છે. આ એમની ગરબી ગાવામાં ભારે મજા આવશે. કવિ પોતે અચ્છા ગાયક હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષાના પહેલા નવલકથાકાર

'કરણઘેલો' એ ગુજરાતી ભાષાની પહેલી નવલકથા છે, અને જ્યાં સુધી ગુજરાતી ભાષા શાળામાં શીખવાશે ત્યાં સુધી તે વંચાશે. તેના લેખક રા. બ. નંદશંકર મહેતાનો જન્મ સુરતમાં વિ. સં. ૧૮૯૧ ના ચૈત્ર વદ ચોથને દિવસે થયો હતો. તેમના પિતાનું નામ તુળજાશંકર અને માતાનું નામ ગંગાલક્ષ્મી. જાતે નાગર બ્રાહ્મણ. તુળજાશંકર જકાતખાતામાં નોકર હતા. પાંચ રૂપિયાના પગારથી નોકરી શરૂ કરી, મરણ સમયે પંદર રૂપિયાના દરજ્જા સુધી પહોંચેલા. તે સમયમાં રહેણી બહુ સસ્તી, તેથી એટલો પગાર કમાનાર માણસ મધ્યમ સ્થિતિનો ગણાતો. તુળજાશંકર નાતમાં પ્રામાણિક, ગરીબ, નિરભિમાની, સાદા, સીધા, નિખાલસ, અને ટોળિયા સ્વભાવના ગણાતા.

નંદશંકરની માતા ઘરઘેલાં, ઘરરખુ હતાં. પિયર પૈસાદાર હતું, પણ પોતે સસરાની ગરીબી જ સ્વીકારેલી. આખો દિવસ કામ કામ ને કામ. શરીર કસાયેલું અને મજબૂત. 'ગંગાલક્ષ્મી ધીરાં ને તબિયત શાણી; નર્યું જાણે પોષ માસનું પાણી.'

નંદશંકરનું મોસાળ સુરત નજીક ઓરપાડ ગામમાં હતું. પોતાના માતામહ જોડે તે ત્યાં બહુ ફરેલા. સૃષ્ટિસૌંદર્ય ઉપર પ્રેમ અને તેનું બારીક નિરીક્ષણ, એ ત્યારથી એમના ચિત્તમાં ચોંટેલાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની બાલ્યાવસ્થામાં—એટલે કે આજથી સોએક વર્ષ ઉપર—સુરતની સ્થિતિ બહુ દીન થઈ ગઈ હતી. વેપાર-ધંધો મુંબઈએ છીનવી લીધો હતો; પણ વેપારની જાહોજલાલીને અને અધમ દશાએ પહોંચેલા નવાબોના ઠાઠમાઠને પરિણામે, પ્રજામાં જે લહેરીપણું પેસી ગયું હતું, તે હજી કાયમ જ હતું. મિષ્ટાન્નો ઉડાવવાં, નાચરંગ કરાવવા, નાટક-ચેટક જોવાં અને ઉજાણીઓ ઊજવવી, એ જ સુરતી લાલાઓનો ધંધો. એને પરિણામે તેઓ દેવામાં તરબોળ થઈ ગયા હતા, અને મિથ્યાભિમાનમાં ખોટી મોટપ ધારણ કરી રહ્યા હતા.

જાણે સુરતના સર્વે રોગોનું નિકંદન કરવાને એક તક આપવાની ઈશ્વરની ઇચ્છા હોય તેમ, નંદશંકરના જન્મના અરસામાં બીજી પણ મહાન વ્યક્તિઓએ સુરતમાં જન્મ લીધો હતો. કવિ નર્મદાશંકર અને આપણા નંદશંકર બંનેનો જન્મ ઈ. સ. ૧૮૩૪માં થયો. નવલરામનો ઈ. સ. ૧૮૩૬માં, મંછારામ ઘેલાભાઈનો ઈ. સ. ૧૮૩૭માં, અને જેવચરામનો પણ એ જ અરસામાં. આ પૈકી પહેલા ત્રણે આખા ગુજરાતની સેવા કરી યશ મેળવ્યો છે.

એક બાજુથી આ રીતે ઈશ્વરે પ્રતિભાશાળી પુરુષોને સુરતમાં મોકલી દીધા; બીજી બાજુથી એમનું કાર્ય સૂતરું થાય માટે સુરતની અશુદ્ધિ કાઢી નાંખવાનું શરૂ કર્યું. ઈ. સ. ૧૮૩૭માં સુરતમાં એક ભયંકર આગ લાગી. સોમવારની સાંજથી તે બુધવારની સવાર સુધી આ આગે સુરતનો નાશ કર્યો. ‘કરણઘેલા’માં બાગલાણની આગનું જે વર્ણન આવે છે, તે સુરતની આગને બરોબર લાગુ પડે છે. સુરતના પાપની ભસ્મ પણ રહી ન જાય માટે આગ પછી તરત જ એક મોટી રેલ આવી અને આખા સુરતને ધોઈ ગઈ. ખાલી ખીસે મોટાઈ રાખવાવાળાનો મદ પણ ઊતરી ગયો, તો પછી સામાન્ય વર્ગનું તો પૂછવું જ શું? આ બનાવો પછી સુરત ઝપાટાબંધ ખાલી થવા લાગ્યું. વેપાર-ધંધો તો આગળથી જ ભાંગ્યો હતો; વસ્તીનો મોટો ભાગ મુંબઈમાં ઘર કરવા ગયો. સુરતને ભોગે મુંબઈ વધી ગયું.

દશ વર્ષની વય થતાં સુધી નંદશંકર એક ગુજરાતી શાળામાં ભણ્યા. તે વખતે ગુજરાતી શાળામાં ગણિત ઉપર બહુ ધ્યાન અપાતું. મૅટ્રિકથી ઊંચું ગણિત ગુજરાતી ભાષા દ્વારા શીખવાતું. ભૂમિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવા અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક નહોતું. નામું અને અક્ષર તો પાકાં જ થવાં જોઈએ એવો આગ્રહ રહેતો. માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવામાં આવે, તો બાળકનો કેટલો અમૂલ્ય કાળ બચી શકે, તેનું આ સમયની શાળાઓ ઉત્તમ દૃષ્ટાંત છે.

દશ વર્ષની ઉંમરે નંદશંકરને અંગ્રેજી શાળામાં બેસાડ્યા. જેમ ગુજરાતી ભાષામાં માતૃભાષા દ્વારા શિક્ષણ મેળવવાનો લાભ હતો, તેમ અંગ્રેજી શાળામાં અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવા અંગ્રેજ શિક્ષક મેળવવાનો લાભ તે વખતે સહજ હતો. નંદશંકરનું ઘણુંખરું અંગ્રેજી શિક્ષણ અંગ્રેજના હાથ તળે જ થયું. આ કારણથી નંદશંકર મૅટ્રિક ન હોવા છતાં, મુખ્ય અંગ્રેજી કવિઓ અને લેખકોનાં પુસ્તકો એમણે વાંચેલાં. એમના સમયમાં ઇતિહાસને સાહિત્યથી છૂટો પાડવામાં આવતો નહિ, જેથી કરીને મહાન ઐતિહાસિક ગ્રંથો જ વિદ્યાર્થીઓ વાંચતા, ને સાથે સાથે સાહિત્યના જ્ઞાનમાં વધારો કરતા. વળી તે સમયમાં સારા લેખકોનાં પુસ્તકો મોઢે કરવાનો બહુ રિવાજ હતો. નંદશંકર કહે છે કે, અંગ્રેજી કવિતાની સેંકડો લીટીઓ એમણે કંઠસ્થ કરેલી. સ્વર્ગવાસી ગોખલેની પણ એ જ કથા છે.

શિક્ષણ પૂરું થયા પછી તરત જ (અઢાર વર્ષની ઉંમરે) નંદશંકરે શાળાખાતામાં નોકરી લીધી. બે વરસ કારકુની કર્યા પછી સુરતની જે શાળામાં તે ભણ્યા હતા ત્યાં જ શિક્ષક થયા, અને પાછળથી મુખ્ય શિક્ષક પણ નિમાયા. આ પ્રમાણે પંદર વર્ષ સુધી શિક્ષણનું કામ કર્યું. તેમના હાથ તળે શીખેલાઓમાંથી ઘણા વિદ્યાર્થીઓ પાછળથી જાણીતા માણસ થયા. બહુ વર્ષ શિક્ષક રહેલા એટલે સુરતમાં એ 'માસ્તર' ને નામે જ ઓળખાતા. વિદ્યાર્થીઓ એમને ખૂબ પ્રેમથી ચહાતા અને વિદ્યાર્થીઓ માટે એ પોતાનો 'આત્મા રેડી દેતા.' પ્રાતઃકાળથી ભોજન-સમય પર્યંત ઘણા ગરીબ વિદ્યાર્થીઓ તેમની પાસે આવતા, અને પોતે તેમને તનમનથી મદદ કરતા. સંસારસુધારા વિષે તેમના વિચાર આગળ પડતા હતા; તો પણ જૂના વિચારવાળાની પણ એમનામાં એટલી શ્રદ્ધા હતી કે, પોતાના છોકરાઓને તેમને ઘેર મોકલતાં તેઓ આંચકો ખાતા નહિ. એક જણ કહેતો કે, 'એ તો સુધારા-રૂપી ઉકરડાનું રતન છે! રતન ત્યાં પડ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી શું તેનો ગુણ ખોવાનું હતું?' શિક્ષણમાં એમને ગણિતનો વિષય બહુ પ્રિય હતો. ત્રિકોણમિતિનું ભાષાંતર એમણે કર્યું હતું. વાનપ્રસ્થ થયા પછી એમની આંખો નબળી પડી ગઈ હતી, તેથી ઝાઝું લખી વાંચી શકાતું નહિ. ત્યારે પોતાનો સમય આનંદમાં ગાળવા માટે એ પથ્થરપાટી અને પેન લઈને બેસતા અને ગણિતના અઘરા દાખલાઓ ગણ્યા કરતા.

શિક્ષણખાતામાં હતા તે સમયમાં તેમણે સંસારસુધારા વિષે પણ લેખો લખી તથા ભાષણો કરી સુરતમાં સારું કામ કર્યું હતું. સુરતમાં આ વખતે સુધારાનો ફુવારો છૂટયો હતો. સ્વ. દુર્ગાદાસ મહેતાજી ગલીએ ગલીએ સુધારા વિષે ભાષણ આપતા. નંદશંકર એમને મદદ કરતા. નર્મદાશંકરનું તો આ સમયમાં સુધારામાં જ સર્વસ્વ સમાયું હતું. નવલરામ અને મલબારી પણ એ જ પંથના. મહીપતરામ તો જહાલ સુધારક કહેવાય; તેમ મંછારામ ઘેલાભાઈ નરમ પક્ષના સુધારક ગણાય. આ સમયની કવિતાઓ, નાટકો, નિબંધો, સર્વેનું સાધ્ય સુધારો હતું. એ કવિતા અને નાટકો વાંચતાં આપણને આજે એમ લાગે કે, નિબંધોને પદ્ય અને નાટક રૂપે લખવા એ કેમ ગમ્યું હશે! પણ તે સમયમાં વિચારશીલ માણસો સુધારામાં એટલા લીન થયા હતા કે, સુધારાનો વિષય ગમે ત્યાં અને ગમે તે રીતે—સ્થાને અસ્થાને—ચર્ચ્યો હોય, તોયે તેમને તે સારો લાગતો.

આ જમાનાના સુધારકોની ખાસિયત કહીએ તો, પહેલું તો 'બુદ્ધિવાદ'નું પ્રાબલ્ય. બુદ્ધિથી જે સમજી શકાય તેટલું જ માનવું તે બુદ્ધિવાદ. બુદ્ધિએ જે સ્વીકાર્યું તેને સિદ્ધ કરવાનો આગ્રહ એ બીજું લક્ષણ. એમાં પછી કોઈ પણ જાતની અડચણોથી પાછા પડવું નહિ. 'ઝંપલાવો–ઝુકાવો' એ જ તેમનું સૂત્ર. 'સાહસ કરો' એ જ તેમની શિક્ષા. જે કરવું તે આજે જ થઈ જવું જોઈએ, એ તેમની અધીરાઈ. નંદશંકરને પણ આ સૂત્રો માન્ય હોવા છતાં તે નર્મદાશંકર અને મહીપતરામ કરતાં વધારે ગંભીર પ્રકૃતિના હોવાથી, તેમનામાં તે એના જેવું ઉતાવળિયાપણું કે અવિચારીપણું દેખાતું નહિ.

ઈ. સ. ૧૮૬૭માં સર થિયોડર હોપ સુરતના કલેક્ટર થઈ આવ્યા. આ ગૃહસ્થ ગુજરાતી ભાષાના હિતચિંતક હતા. તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની અમલદારી દરમિયાન ગુજરાતી ભાષાને ખીલવવા સારો પ્રયાસ કર્યો. ચાળીસેક વર્ષ પહેલાં જે વાચનમાળાઓ ગુજરાતી શાળાઓમાં ચાલતી, તે એમના નામથી જ ઓળખાતી. પણ એમણે એક ભૂલ કરી. એમના ઉપર નંદશંકરની તીવ્ર બુદ્ધિ, લોકદાઝ અને સ્પષ્ટવક્તૃત્વની ઘણી સારી અસર થઈ. એમને એમ લાગ્યું કે, શિક્ષણખાતામાં નંદશંકર પડી રહેશે તો એમનું બુદ્ધિકુસુમ જંગલમાં જ કરમાઈ જશે. તેથી તેમણે નંદશંકરને મુલકીખાતામાં દાખલ થવા નોતર્યા. 'ત્યાંથી થોડા સમયમાં તારી કાર્યશક્તિ અને પ્રામાણિકપણું તને મહાન રાજ્યકારભારી બનાવશે,' એમ આશા દેખાડી. હોપ સાહેબે બતાવેલી આશા તો સફળ થઈ, પણ ગુજરાતે એક શિક્ષકને ખોયો.

મુલકીખાતામાં નંદશંકર પોતાની કુશળતા દેખાડ્યા વિના રહ્યા નહિ. ઝપાટાબંધ તેમનો દરજ્જો વધતો જ ગયો. છેવટે કચ્છના દીવાન થવાનું પણ તેમને માન મળ્યું. સર્વે ઠેકાણે એ રાજમાન્ય અને લોકમાન્ય થયા. તેમણે પોતાના નિષ્કપટ, પ્રામાણિક વર્તનથી અને લોકપ્રેમથી સિદ્ધ કર્યું કે, પક્ષો પાડી રાજ્યકારભાર કરવાની જરૂર નથી, અને રાજ્યકારભારમાં છળકપટની પણ જરૂર નથી. વાનપ્રસ્થ થતા સુધી તેમણે રાજ્યકારભાર કર્યો. એ નોકરી દરમિયાન તેમને રાવ બહાદુરનો ખિતાબ મળ્યો.

પંચાવન વર્ષની વયે નંદશંકર વાનપ્રસ્થ થયા અને પોતાનો નિવૃત્તિકાળ સુરતમાં ગાળ્યો. ત્યાર પછી લગભગ પંદર વર્ષે, સં. ૧૯૬૧ ના અરસામાં તેમનો દેહ પડ્યો.

'કરણઘેલો' એ તેમની ચિરંજીવ કૃતિ છે. જોકે નંદશંકરનો સાહિત્યમાં જાણવા જેવો ફાળો માત્ર આટલું જ પુસ્તક છે, તોપણ એટલાથીયે તેમણે ગુર્જર સાહિત્યમાં કાયમનું સ્થાન મેળવ્યું છે.

સ્વભાવે એ શિક્ષક થવાને પૂર્ણ રીતે યોગ્ય હતા. લપ્પનછપ્પન કોઈ જાતની મળે નહિ; સાદાઈ અતિશય; નિરભિમાનતા બાળક જેવી; કોઈ જાતનો દંભ કે ડોળ નહિ; બાળકો પર પ્રેમ પુષ્કળ; શીખવવાનો રસ; પોતાનું કામ પોતે જ કરી લેવાનો આગ્રહ, અને કામનું આળસ નહિ. ઠાવકી મશ્કરીથી તેમનો સહવાસ આનંદદાયક થતો. આ ગુણોથી તે પોતાના સમયને શોભાવી ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. 'કરણઘેલો' મોટું પુસ્તક છે તેનો સંક્ષેપ મળે છે; ઇચ્છા થાય તો તે વાંચો.

૨. સુરતના બીજા ગણાવેલા મહાપુરુષોનો પરિચય મેળવો,— ખાસ કરીને મુખ્ય ત્રણ કહ્યા છે તેમનો.

૩. નંદશંકરને 'માસ્તર' કેમ કહેતા? એમના જીવનમાંથી તમને કંઈ વાત ગમી? ઇચ્છા થાય તો, તેમની જીવનકથા તેમના સ્વ૦ પુત્ર વિનાયકરાવે લખી છે, તે વાંચો.

૨૬

એક સવાર

[સવૈયા]

सूरजदेवे आंख उघाडी हिंगळोकशी ऊँगते प्होर,
बिवडावीने रात भगाडी मूकी, काजळकाळी घोर. १
झळहळ रंगे खील्यां पूर्वे मनहर हसतां मधुर गुलाब,
उषा उमंगे आवी वीणवा लई सुंदर सोनानी छाब. २
छाब भरे ने खोबे खोबे विश्व उपर वरसावे फूल,
नदी-सरोवर-सागर हैयें गुलाबी फूलनी झलमल झूल. ३
गोरजमां रज भरी गुलाबी, झीले तरुओ, झीले वेल,
पर्वत पर पण गई पहोंची रंग-गुलाबी करवा स्हेल. ४
अद्‌भुत रज ए पडी जहीं त्यां चेतननो आनंद छवाय,
खूले दळ दळ कमल सकळनां, हृदय-दळो उन्मीलित थाय. ५
अणकुंठित कंठे पंखीडां कलरव करतां डाळेडाळ,
गोधण चरवा जाय गोचरे, खेडूत ले खेतरनी भाळ. ६
सळवळ सळवळ थाय सकळ जग, चडी काम पर लोको जाय,
सूरजनां सोना-चेतनमां विश्व चराचर दिनभर न्हाय. ७

સ્વાધ્યાય

કવિ પૂજાલાલ આ કાવ્યમાં વર્ણવે છે, એવું સવાર કદી જોયું છે? રોજ, ખાસ કરીને ચોમાસામાં, સવાર સાંજ આકાશની શોભા જોતા રહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિદાસ

૧

ચરોતરમાં મહેમદાવાદથી પાંચ સાત ગાઉ ઉપર પાટીદારની વસ્તીનું એક જૂનું ગામ છે. મૂળ એ ગામ નરવાનું હતું, પણ પચાસ પોણોસો વરસથી નરવો તૂટ્યો છે, ને નવી સરવે પ્રમાણે ખાતાબંધી વહીવટ ચાલે છે.

ગામમાં ઉજળિયાત વસ્તી સારી છે. આશરે બસો ઘર પાટીદારનાં છે; બીજાં વાણિયા, બ્રાહ્મણ તથા વસવાયાનાં છે. ગામના લોક મહેનતુ ને સંપીલા છે. ગામમાં ઘણું દેવું નથી. શાહુકાર વાણિયા ધીરધાર કરતાં વેપારનો ધંધો વધારે કરે છે. ગામનો ચોરો રૈયતે બાંધેલો મોટો વિશાળ છે; હિંદુઓનું મંદિર પણ સારું છે, ને એક ધર્મશાળામાં વટેમાર્ગુ તથા સાધુસંત ઊતરે છે; તેથી ઠેઠ કાનમ લગી ગામની આબરૂ પણ સારી છે.

કણબીની વસ્તીમાં મોટું ને મોભાવાળું ઘર શાન્તિદાસ પાટીદારનું છે. તેમના બાપને સાત દીકરા હતા, તે બધા હાલ જુદા જુદા રહે છે. સાતે દીકરાને વાડી વસ્તાર સારો થયો છે. શાન્તિદાસને છ દીકરા છે, તેમાંના મોટા પાંચ ધંધે વળગી ગયા છે, પણ નાનો ભિખારીદાસ હાલ નોકરી ખોળે છે.

આશરે દસેક વરસ ઉપર શાન્તિદાસની વહુના મનમાં એમ આવ્યું કે, મારા છ દીકરામાંથી નાનો દીકરો અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો કેવું સારું! વખતે ટોપીવાળાની મહેરબાની થાય, તો ચડતાં ચડતાં એ તો કુમાવિસદાર થઈ જાય, ને આપણે ઘેર આખા પરગણાની હાકેમી આવે. શાન્તિદાસના મનને આ વાત ભાવી નહિ. હાલ અઢારે વરણ અંગ્રેજી ભણતર ભણવા માંડે છે, તેમાં ઘણા અધવચ મૂકી દે છે, ને થોડા જ ઠેઠ લગી પહોંચે છે. વળી જે થોડા ભણી ઊતરે છે તેમને બધાને કુમાવિસદારી મળતી નથી, એ વાત શાન્તિદાસ સારી પેઠે સમજતા હતા. પણ છોકરો છેલ્લા ખોળાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, ને આટલી ઉંમરે ઘરનાં બૈરાંને નાખુશ કરવાં એ પણ ઠીક નહિ, એમ એમણે વિચાર્યું. વળી એમના હૈયામાં એમ પણ ખરું કે, પરમેશ્વરને કરવું હોય ને છોકરાનું નસીબ ઊઘડે, તો છોકરાની માના કોડ પૂરા પડે ને ઘડપણમાં આપણા સુખમાં મણા ન રહે. એટલે પહેલાં તો જરા એમણે બૈરાનું કહ્યું ગણકાર્યું ન ગણકાર્યું એમ કર્યું; પણ છોકરાની માએ એ વાતની કેડ મૂકી નહિ, તેથી હારીને અંતે તે હા ભણ્યા.

સારું મહુરત જોઈ ને અંગ્રેજી ભણાવવા ભિખારીદાસને અમદાવાદ વિદાય કર્યો. અંગ્રેજી વિદ્યા ભણવી સહેલી નથી. તેમાં વળી સરકારના કાયદા; વળી તેમાં ધોરણ ને ફોરણ, ને પરીક્ષાઓ; તેથી ભણતાં ભણતાં ઘણા દહાડા લાગ્યા. તેથી કોઈ કોઈ વાર શાન્તિદાસને અકળામણ પણ આવે. દર માસે ખાધાખાઈ તથા ફીના દસ બાર રૂપિયા અમદાવાદ મોકલવા પડે, તે મોટા કબીલાદાર આદમીને ભારે પડતા. પણ વરત લીધું તે પૂરું કરવું, હવે અધૂરું ભણતર મૂકવાથી કાંઈ લહાણ નથી. એમ સમજી તે કાંઈ બોલતા નહોતા. અંતે સાતે વરસે ભિખારીદાસ મેટ્રિકની પરીક્ષા પાસ થયો, તેની ખબર આવતાં શાંતિદાસને ઘણું સારું લાગ્યું, ને છોકરાની મા તેથી વધારે હરખાયાં ને કહે કે, 'હું કહેતી નહોતી કે મારો ભીખો નામ કાઢશે? કાંઈ પૈસા ઉગાર્યે કામ થાય? જ્યારે મૂળાનાં પતીકાં જેવા ખર્ચ્યા છે, ત્યારે મારો છોકરો નાગરના છોકરાને ટક્કર મારે તેવો થયો છે.'

એ પ્રમાણે ભીખાની મા સૌ આગળ ફુલાય. ભીખાની પરીક્ષા ઊતર્યાના સમાચાર આવ્યા, એટલે તેમણે ગામમાં ગોળ વહેંચ્યો, માતાને વધામણાં દીધાં, ને ઘેર નૈવેદ્ય કર્યાં; બ્રાહ્મણ તથા સગાંસ્નેહીઓને જમાડ્યાં, અને સૌ આશરાગતિયાંને પણ સંતોષ્યાં. ભીખો ગામમાં આવ્યો ત્યારે ગામના સૌ લોક તેને બોલાવવા આવ્યા. તેઓ શાંતિદાસને કહે કે, 'હવે બાપા, અધૂરું ન રાખશો; હવે તો ભિખારીદાસને મુંબઈ મોકલો; એ પૈસા દેવું થશે તો જારબાજરીનો રોટલો ખાઈ પેટે પાટા વાળી દેવાશે, પણ હવે તો એને મુંબઈ મોકલો.' એમ બધા ઘણો આગ્રહ કરીને કહેવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિદાસ ખાતાપીતા ગૃહસ્થ હતા. તેમની ખેતી મોટી હતી, તથા ઢોરઢાંખર મસ હતાં, ને દાણોદૂણી પણ ઘણું રાખતા. પણ નગદ પૈસાનું બહુ જોર એમની પાસે નહોતું. એટલે મુંબઈ મોકલવાનું તેમનું મન ઢચુપચુ થતું હતું. પણ છોકરાનો, તેની માનો, તથા આખા ગામનો આગ્રહ જોઈ તેમણે પણ અંતે નમતું મૂક્યું, ને ભિખારીદાસને મુંબઈ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો, ને ખરચ સારુ ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી પ્રથમ રૂપિયા સોનો ઉપાડ કર્યો. વિદાય થતા પહેલાં ભિખારીદાસને કોરે બોલાવીને કહ્યું કે, 'ભાઈ, મારી પાસે પૈસા નથી; મુંબઈ તો ઇંદ્રપુરી જેવું છે; ત્યાં ભાત ભાતની જણસો મળે છે, તરેહ તરેહના શોખ ત્યાં થઈ શકે છે. માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાં જ મન રાખવાનું કબૂલ કરે, તો મોકલું; નહિ તો ખર્ચ વેઠવાનું મારું ગજું નથી, માટે એ વિચાર માંડી વાળો.'

ભીખાએ પોતાના બાપને પગે હાથ મૂકીને કહ્યું કે, 'ભા, હું એક પાઈ પણ નકામી નહીં ખરચું. અઢાર વરસનો થયો ને શું હું સમજતો નથી કે આપણા ઓરડામાં શું છે ને શું નથી?'

૨

સરકારી કોલેજ ઉઘડતાં ભિખારીદાસ મુંબઈ જઈ તેમાં દાખલ થયા, ને અભ્યાસ શરૂ કર્યો. થોડા દહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદયમાં રાખી ભિખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જૂના થતા ગયા ને છોકરાઓનો સહવાસ વધવા માંડ્યો. ત્યાંના પારસીના છોકરાઓના ચળકતા બૂટ જોઈ એમના મનમાં વારંવાર એમ થતું કે, આપણે એવા બૂટ હોય તો કેવું સારું! એવા મનના ઉછાળા ઉપરાઉપરી થાય ને ભિખારીદાસ તેને દાબી દે, પણ વળી પાછું ફરી ફરીને બૂટનું મન થાય. એમ કરતાં કરતાં કેટલાક દહાડા વહી ગયા. પણ છેવટે ભિખારીદાસનું મન રોકાયું રહ્યું નહીં. તેમણે વિચાર કર્યો કે, આપણે વરસે દહાડે ત્રણસો રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણ ચાર રૂપિયાના વિલાયતી બૂટ લેવામાં કંઈ વધી જવાનું નથી. બીજી ગમે તે રીતે કસર કરીશું તો એટલા રૂપિયા ઉગરશે; એટલે બાપાનું મન પણ રહેશે, આપણું વચન પણ જળવાશે, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા જીવને ભાવતી વસ્તુ પણ મળશે. એમ વિચાર કરી તેમણે વિલાયતી બૂટની એક જોડ લીધી. તે પહેરીને ચમચમ કરતા ફરે ને બૂટ સામું જોઈ મલકાઈ મલકાઈ જાય!

ચાર મહીને કૉલેજ બંધ થઈ ત્યારે ભીખાભાઈ પાછા ગામે આવ્યા. સગુંવહાલું, ગામલોક સૌ બબ્બે ગાઉ એમને લેવા સામું આવ્યું હતું. ભાગોળે આવ્યા ત્યારે ભીખાભાઈ ગાડામાંથી ઊતર્યા; પણ ઊતરતા પહેલાં પેલા વિલાયતી બૂટ કાઢી પહેર્યા, ને ચમચમ કરતા સૌથી આગળ ચાલ્યા. સૌ કહે, 'કેમ ભાઈ, આવ્યા કે? ભાઈ, આવ્યા કે? સારા છો? કુશળ છો?' ત્યારે હળવે રહી કહે, 'હા-હા.' ગામના છોકરા પણ એમને જોવા આવ્યા હતા, કેમ કે એ ગામમાંથી મુંબઈ ભણવા સારુ આ પહેલાં કોઈ ગયું નહોતું ને ભીખાભાઈ મુંબઈ જઈ આવ્યા એ મોટી નવાઈ હતી.

ગામમાં આવ્યા પછી સાંજ સવાર હવા ખાવા ભિખારીદાસ નીકળે ત્યારે પેલા બૂટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા



જુવાનિયા નીકળે. શાન્તિદાસના બીજા દીકરાઓના તથા દીકરીઓના દીકરા મળી આશરે પંદર વીસ હતા. થોડા દિવસ વીત્યા નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બૂટ સારુ કંકાસ કરવા માંડ્યો. શાન્તિદાસના ભાઈઓના ઘરમાં પણ બૂટ વાસ્તે કલેશ થવા લાગ્યો. ગામના બીજા કણબી વાણિયાના છોકરાઓને પણ એવા બૂટનું મન થયું. બધા છોકરાઓની માઓ પોતપોતાના છોકરાઓ ભણીની તાણ કરે; ભાયડાઓ એ માને નહિ. એમ બધાં સારાં ઘરમાં થોડો થોડો કંકાસ પેઠો. નિતની કળકળથી ભાયડાઓ છેવટે હાર્યા. એકે એકે સૌ એવા બૂટ મંગાવવા લાગ્યા. દર ફેરે જ્યારે છૂટી પડે ત્યારે ભિખારીદાસ મુંબઈથી પાછા આવે ને હર વેળા જ્યારે આવે ત્યારે ગામના લોકના છોકરાની પચીસ ત્રીસ વિલાયતી બૂટની જોડા લેતા આવે! એમ બે ત્રણ વરસ વીતી ગયાં, ને ગામમાં બીજી પૂંજી વધી હોય કે નહિ, પણ બૂટની પૂંજી તો ઘણી વધી! ગામમાં વિલાયતી બૂટની ત્રણસો જોડ થઈ. સાંજે બધા જુવાનિયા ખેતરે કે તળાવે ફરવા જાય ત્યારે એ બૂટ પહેરીને જાય; ને એવા બૂટવાળા છોકરાની હારની હાર આગળ પાછળ હર વેળા ગામમાં ફરતી દેખાય. તેથી કેટલાક લોકો માંહોમાંહે વાત કરે કે, 'ગામની શોભા સારી વધી,' ત્યારે વળી બીજા કહે કે, 'એમાં શું કમાયા? ગામ વહેલું ભીખ માંગશે.'

વિલાયતી બૂટ લાંબા ટકતા નથી ને વરસ દહાડાની માંહે ફાટી જાય છે, એટલે જતે દહાડે એમ થયું કે, ભીખાભાઈ જવા નીકળે તે દહાડે તેમને ગામલોક દોઢસો બસો બૂટના પૈસા વળગાડે. આ પ્રમાણે બૂટનો ચાલ જબરો થતો ગયો, ને ગામને માથે રૂપિયા એક હજારનો વરસ દહાડે વેરો ચોંટ્યો!

૩

એક વાર ભિખારીદાસ ઉનાળાની છૂટીમાં ગામ પાછા આવ્યા હતા, ને આંગણામાં ખાટલો ઢાળી પાછલે પહોરે બેઠા હતા. શાન્તિદાસ બાપા ઓટલે હાથમાં રૂપાની નેહવાળો હુક્કો ઝાલી રાખી ગુડગુડ કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ ત્યાં સહેજ બેઠા હતા ને વાતો કરતા હતા. વનમાળીદાસ પારેખ પણ ત્યાં આવ્યા હતા.

વનમાળીદાસ — બાપા, નવરાશે આપણું ખાતું આંખ તળે કાઢો તો ઠીક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિદાસ — કેમ વારુ ?

વનમાળીદાસ — આંકડો જરા વધતો જાય છે તે તમને ખબર હશે.

શાન્તિદાસ — લીધું વરત પૂરું કરવું જોઈએ. છોકરાને મુંબઈ મોકલતાં પહેલાં શી રીતે હતું ?

વનમાળીદાસ — ત્યારે તો તમારા સો પચાસ લહેણા રહેતા.

એમ વાતો ચાલતી હતી તેવામાં ગામના દસવીસ મોચી ભેગા થઈ આવ્યા. આવીને ફાળિયાં ઉતારીને રાડ પાડવા લાગ્યા કે, 'બાપા, હવે તો ભારે થયું; હવે તો ખમા કરો તો સારું.'

શાન્તિદાસ — શું છે ? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી કે જેનું નામ સોમલો હતું તેને તેમણે કહ્યું, 'સોમલા, તું ડાવકો છે, તું વિગત માંડીને વાત કહે. તમારે શું જોઈએ છે ? ને તમારે શું દુઃખ છે ? સગી મા હોય તેને પણ કહીએ તો દુઃખ જાણે.'

સોમલો — દુઃખ તો ઘણું છે : વણ વાંકે મરી જઈએ છીએ પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો કળ વળે; એ તમારા હાથમાં છે. બાપા, તમે ઉપાય કરો તો થાય, નહિ તો એકે ઉપાય નથી, ને અમારે જીવ્યાનો આરો નથી.

શાન્તિદાસ — કરારે તું બોલ. જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહિ રહું.

સોમલો — બાપા, દુઃખ તો બહુ છે. જુઓ, અમારાં મોચીનાં તમારા ગામમાં વીસ ઘરાં છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમે તમારી પછવાડે પછવાડે વસ્યા છીએ ને તમારે શરણે પડચા છીએ. અમે આજ લગી ગામલોકના જોડા ને કોસ સીવતા ને અમારો ગુજારો કરતા, વળી એકાદ વીઘું જમીન હોય તે ખેડીએ પણ ખરા. એમ કરી દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારું પૂરું થતું નથી, ને છોકરાં ભૂખે મરે છે. ભીખો બાપો જ્યારથી મુંબઈ ગયા ત્યારથી અમારાં દુઃખનું મંડાણ મંડાયું. તે એક બૂટની જોડ લાવ્યા એટલે અમને લાગ્યું, ઠીક છે, એમાં શું મહીં ? પણ હવે તો ગામમાં લગભગ એવી ચારસો પાંચસો વિલાયતી બૂટની જોડ ખપે છે. અમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસમાં સો સો જોડ સીવીએ, એટલે મજૂરીના ૫૦–૭૫ રૂપિયા કમાઈએ, ને અમારાં દસ બાર ઘરનો નિભાવ એથી થાય. હવે આં બૂટ આવ્યા એટલે એ જોડા ખપતી નથી. હવે પારસણોની પેઠે અહીંનાં બધાં બૈરાં જોડીઓ મૂકીને બૂટ પહેરશે, તો બૈરાંનાં પગરખાં સીવવાનું કામ પણ અમારું જશે, ને જેટલા થોડા રોટલા રહ્યા છે તે પણ નહિ રહે. અમારો ગુજારો તો ગામલોક ઉપર હતો. પણ ગામલોક તો બૂટ પહેરે, એટલે આ દશા આવી. અમારાં છોકરાંને પેટ ભરી રોટલા પણ મળતા નથી. જો અમદાવાદ કે બીજા આપણા અહીંના ગામના બૂટ હોત, તો અમારામાંથી કોઈ ત્યાં જઈ શીખી આવત; અથવા ન શીખત તો છેવટે અમે ભૂખે મરત, પણ અમારી નાત કે ધંધાવાળા બીજાને રોજી મળત. પણ આ તો વિલાયતી બૂટ, એટલે અમારો એકે ઉપાય નથી, ને અમારે કોઈ પણ રીતનું મન વાળવાનું નથી; ને આમ ને આમ ચાલશે તો બધાં મરી પરવારીશું.

ભિખારી — કેવા બેવકૂફ લોક છો! તમારે વાસ્તે શું અમે બૂટ નહીં પહેરીએ? માણસને ગમે તે પહેરવાની છૂટ છે. સાહેબ લોકો બૂટ પહેરે છે, મુંબઈની ઘણી વસ્તી બૂટ પહેરે છે, તે સૌ ગાંડા લોકો હશે? બેવકૂફ લુચ્ચા લોક!

સોમલો — ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીએ ત્યારે શું કરીએ?

ભિખારીદાસ — ભૂખે મરો છો તેમાં કોનો વાંક છે? બીજો ધંધો કરો.

સોમલો — અમે મોચી તે બીજો ધંધો શો કરીએ?

ભિખારીદાસ — દુનિયામાં ઘણા ધંધા છે; ગમે તે કરો.

સોમલો — શું અમો કુંભારનું કામ કરીએ, કે દરજીનું કામ કરીએ, કે લવારનું કામ કરીએ, કે સોનીનું કામ કરીએ, કે હજામનું કરીએ? શું કરીએ, કહો ભીખાબાપા.

ભિખારીદાસ — ત્યારે મજૂરી કરો. મજૂરીમાં શું આવડવું છે?

સોમલો — અમોએ કોઈ દહાડો મજૂરી ન કરેલી તે શી રીતે મજૂરી થાય? મજૂરીમાં હાથપગમાં જોર જોઈએ. અમને ચાર પૈસા પણ કોણ આપે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિખારીદાસ — ત્યારે પૂરું ન થાય તો પરગામ જઇ વસો.

સોમલો — આ ગામમાં અમારી વીસ પેઢી થઈ, ને હવે ઘરબાર મૂકીને ક્યાં જઈએ? અહીંનાં ઘર, નાતજાત શી રીતે ઉપાડી જઈએ? લેવુંદેવું બધું અહીં રહ્યું, ને પરગામ શી રીતે જવાય? બાપા, આટલું બધું અમને કહો છો, ત્યારે તમે વિલાયતી બૂટ ન પહેરો તો શું સત્યાનાશ વળી જાય? મોચી મજૂરી કરે, બીજો ધંધો કરે, ગામ છોડી જાય, તે કરતાં પાટીદાર વિલાયતી બૂટ ન પહેરે તો શું બગડે?

શાન્તિદાસ વચમાં બોલ્યા, 'ભીખા, તું છાનો રહે. આ મોચી કહે છે તે વાત જાણવા જેવી છે. જુવાનિયાવેડા કરી એને તરછોડીશ નહીં.'

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે, 'આ શી ભાંજગડ ચાલે છે?'

શાન્તિદાસ — મોચી રાડ પાડતા આવ્યા છે કે, ગામમાં બૂટ આવ્યા તેથી અમે ભૂખે મરીએ છીએ.

જગજીવનદાસ — હા, મોચી મને કહેતા હતા, ને બીજાં વસવાયાં પણ થોડી થોડી બૂમ પાડે છે. પૂંજિયો કુંભાર કહે છે કે, એણીવારના વરસે મોચી લોકોએ મારી નાળો સમૂળગી લીધી નથી. પશવો દરજી કહે છે કે, મોચી લોકની સિલાઈ ઓણ મને મળી નથી. એ રીતે છે, માટે આપણે ચાર જણ મળીને વિચાર કરીએ તો સારું.

શાન્તિદાસ — કહો તો બધા કાલે મળીએ.

જગજીવનદાસ — ઠીક, હું બધાને કહાવીશ, ને રામનાથમાં કાલ પાછલા પહોરે મળીશું.

૪

બીજે દહાડે શાન્તિદાસ બાપા, એમના ભાઈ ભત્રીજા, ગામના બીજા પાટીદાર, જગજીવનદાસ પારેખ, નાથાભાઈ મોદી, જુગલદાસ તલાટી, તુલસીરામ મહેતા, વગેરે બધું ગામ રામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયાં પણ વણતેડ્યાં પેટનાં બળ્યાં ભેગાં થયાં હતાં. સોમલો મોચી તથા બીજા મોચી, તથા દરજીના ને કુંભારના આગેવાનો આગળથી આવ્યા હતા. બધાએ પહેલાં તો મોચીની વાત સાંભળી. ત્યાં ભીખાભાઈ પણ ગયા હતા. તેમણે અંગ્રેજી વિદ્યાનો આધાર બતાવીને, એક મોટી બશેરિયા ચોપડી હતી તે ઉપરથી, એક લાંબું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષણ કરવાની તૈયારી કરી હતી. તે ઊભા થયા અને બોલવા લાગ્યા; પણ એમના બાપ અને કાકા કહે, 'બેસ બેસ, તું ભણી આવ્યો તે જાણ્યું. હજુ તો અમારું ખરચ ખાય છે. જ્યારે બે પૈસા કમાય ને દુનિયા કેમ ચાલે છે તે સમજે, ત્યારે તારું ભાષણ બહાર કાઢજે.'

બધાં વસવાયાંની વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે, આ બૂટની મોકાણે આઠ દસ મોચીનાં ઘરનો ધંધો બંધ પડ્યો છે, ને તેમને ખાવાપીવાની બહુ વેળા પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકીવાળા કુંભાર, દરજી વગેરે પણ નરમ થયા છે; ને બે પૈસા જેના લેણા દેણા છે તે શાહુકારનું પણ લેણું ડૂબવા વખત આવ્યો છે; અને ધક્કો આખા ગામને લાગશે. કોઈએ એમ ન સમજવું કે, એમાં મારે શી લેવાદેવા છે; બધાનું સારું હોય તો આપણે સારું, ને નરસું હોય તો આપણે નરસું. હું અમદાવાદ ગયો હતો, ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે. સોનીનાં ઘરેણાં વિલાયતથી તૈયાર થઈ આવે છે, ને તે એવાં આંખને ગમે તેવાં હોય છે કે, આપણા ખરા દાગીનાને પણ કોરે મૂકે; એટલે સોનીનો ધંધો બાર આની થઈ ગયો છે. લવારનો ધંધો તો બિલકુલ બંધ પડી ગયા જેવો જ છે. લવાર મજૂરી કરે તેને અંગ્રેજી કારખાનામાં રોજ સારો મળે છે. પણ ચપ્પુ, કાતર ને ખીલા કરનારાનો તો બિલકુલ રોજગાર બંધ પડ્યા જેવો જ છે. વિલાયતી કાપડ કરોડો રૂપિયાનું આવે છે; તેથી સાળવી, વણકર, છીપા, બાંધણીગર, વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લૂગડાં પહેરે છે, તેથી દરજી ને ધોબી શહેરમાં તાજા દેખાય છે. પણ એકંદર કારીગર તથા વેપારીને પરદેશી માલ આવવાથી અથાગ નુકસાન થયું છે. ને હજુ તો ક્યાં? શહેરમાં કોઈ ધણીધોરી નહીં એટલે વિટંબણા ભારે પડે છે. આપણે તો બધા મળીને કરીએ તો તો બંદોબસ્ત કરવા સમરથ છીએ; માટે મારા ધ્યાનમાં આવે છે કે, આપણે આપણા ગામ પૂરતો ઠરાવ કરીએ તો ઠીક.'

શાન્તિદાસ — શો ઠરાવ?

જગજીવન૦ — હાલ તો એટલો કરો કે ગામમાં કોઈ પરગામના બૂટ ન પહેરે. એટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિદાસ — કેમ ભવાનીદાસભાઈ, શું ધાર્યું ?

ભવાનીદાસ — હા, હા. સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઈએ.

નાથાભાઈ મોદી — આપણે પણ કબૂલ છીએ. કેમ તુળસીરામ મહેતા ?

તુળસીરામ મહેતા — આપણે પણ સો ફેરા કબૂલ.

જુગલદાસ તલાટી — વારુ, બૈરાંને ઘેર પૂછ્યું ? છોકરાં કંકાસ કરશે, તો તેમની માઓ તેમની કુમક કરશે, તેનું શું ધાર્યું ?

શાંતિદાસ — છોકરાં અને તેમની માઓ જખ મારે છે.

બધા કહે, 'વાહ વાહ બાપા, વાહ વાહ. ત્યારે ચાલો, આપણે મંદિરમાં તુળસી ઉપાડો.' બધા મંદિરમાં ગયા, ને ઠાકોરજી આગળ તુળસી ઉપાડી સૌએ જુદા જુદા સમ ખાધા કે, 'પરદેશી બૂટ લાવીએ તો અમને ઠાકોરજી પૂછે,' ને પછી બધા વેરાયા.

ગામ સંપીલું હતું, લોક લાંબી નજરવાળા હતા, તોપણ આ વેળા ઠરાવ પાળવામાં થોડી આનાકાની થઈ, ને પછી ઘેર ઘેર થોડી કચકચ પણ થઈ. પણ શાન્તિદાસે પોતાને ઘેરથી પહેલ કરી ભિખારીદાસને જોડા પહેરાવ્યા. એમ પટાપટ ચાલતાં, અન્તે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા, ને છ મહિને મોચી પાછા આગળ જેવા ખાતાપીતા થયા, ને બીજા કારીગર પણ તાજા થયા.

સ્વાધ્યાય

૧. મોચીની રોજી તૂટી તેથી આખા ગામને નડતર ઊભું થયું તે સમજ્યા ? શાથી એમ થાય ?

૨. 'સૌના સુખમાં પોતાનું સુખ પણ રહેલું છે.' એ વાક્યનો અર્થ આ વાતમાંથી સમજો.

૩. સ્વદેશીની હિલચાલમાં ખાદી અને ગ્રામ ઉદ્યોગો કેવા કીમતી છે તે આ વાત ઉપરથી વિચારો.

૪. ભિખારીદાસને ગામલોકે કેમ બેસાડી દીધો ? એના કહેવામાં શો મુદ્દો હતો ? ગામલોકે તેની સામે શો વિચાર કર્યો ?

૫. આ વાત સ્વ૦ દી. બ. અંબાલાલ સાકરલાલની લખેલી છે. તે જ ઢબે લખાયેલી 'નવું રેલવે સ્ટેશન' નામની એક બીજી વાત છે, તે જો મળે તો વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२८

દયાહીન થયો નૃપ

(શાર્દૂલવિક્રીડિત)

ऊगे छे सुरखी भरी, रवि मृदु, हेमन्तनो पूर्वमां;
भूरुं छे नभ स्वच्छ स्वच्छ, दीसती एके नथी वादळी;
ठंडो हिमभर्यो वहे अनिल, शो उत्साहने प्रेरतो,
जे उत्साह भरी दीसे शुक ऊडी गातां मीठां गीतडां! १

(માલિની)

मधुर समय तेवे खेतरे शेलडीना,
रमत कृषिवलोनां बाल नानां करे छे;
कमलवत गणीने बालना गाल राता,
रवि निज कर तेनी उपरे फेरवे छे. २

(અનુષ્ટુભ)

वृद्ध माता अने तात तापे छे शगडी करी;
अहो, केवुं सुखी जोडुं कर्ताए निरम्युं दीसे! ३

(વસંતતિલકા)

त्यां धूळ दूर नजरे ऊडती पडे छे,
ने अश्व उपर चडी नर कोई आवे;
टोळे वळी सुख विकासी ऊभां रहीने,
ते अश्वने कुतूहले सहु बाळ जोतां. ४

(મંદાક્રાંતા)

धीमे ऊठी, शिथिल करने नेत्रनी पास राखी,
वृद्धा माता नयन नबळां फेरवीने जुए छे;
ने तेनो ए प्रिय पति हजु शांत बेसी रहीने
जोतां गातो शगडी परनो देवता फेरवे छे. ५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અનુષ્ટુભ)

त्यां तो आवी पहोंच्यो ए, अश्व साथे युवान त्यां;
कृषिक ए ऊँठी त्यारे, 'आवो बापु' कही ऊँभो. ६

(શાર્દૂલવિક્રીડિત)

'लागी छे मुजने तृषा, जल जरी दे तुं मने' बोलीने,
अश्वेथी ऊँतरी युवान ऊँभीने, चारे दिशाए जुए;
'मीठो छे रस, भाई, शेलडी तणो,' एवुं दयाथी कही,
माता चाली युवानने लई गई, ज्यां छे ऊँभी शेलडी. ७

(વસંતતિલકા)

प्यालुं उपाडी ऊँभी शेलडी पास माता,
छूरी वती जरीक कातळी एक कापी;
त्यां सेर छूटी रसनी भरी पात्र देवा,
ने कंई विचार करतो नर ते गयो पी. ८

(અનુષ્ટુભ)

'बीजुं प्यालुं भरी देने, हजु छे मुजने तृषा'
कहीने, पात्र युवाने माताना करमां धर्युं. ९

(મંદાક્રાન્તા)

कापी कापी फरी फरी, अरे कातळी शेलडीनी,
एके बिंदु पण रस तणुं केम हावां पडे ना!
'शुं कोप्यो छे प्रभु मुज परे?' आंखमां आंसु लावी,
बोली माता वळी फरी छूरी भोंकती शेलडीमां. १०

(અનુષ્ટુભ)

'रसहीन धरा थई छे, दयाहीन थयो नृप;
नहि तो ना बने आवुं,' बोली माता फरी रडी. ११

(વસંતતિલકા)

एवुं युवान सुणतां चमकी गयो, ने
माता तणे पग पडी, ऊँठीने कहे छे—
ए हुं ज छुं नृप, मने कर माफ, बाई!
'ए हुं ज छुं नृप, मने कर माफ, ईश! १२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(શાર્દૂલવિક્રીડિત)

'पीतो'तो रस मिष्ट हुं प्रभु, अरे, त्यारे ज धार्युं हतुं —
'आ लोको सहु द्रव्यवान नक्की छे, एवी धरा छे अहीं;
'छे तोये मुज भाग कंई नहि समो, ते हुं वधारुं हवे;
'शा माटे बहु द्रव्य आ धनिकनी पासेथी लेवुं नहि? १३

(ઉપેન્દ્રવજ્રા)

'रसे हवे दे भरी पात्र, बाई,
'प्रभुकृपाए नक्की ए भराशे;
'सुखी रहे, बाई, सुखी रहो सौ,
'तमारी तो आशिष मात्र मागुं!' १४

(વસંતતિલકા)

प्यालुं उपाडी ऊभी शेलडी पास माता,
छूरी वती जरीक कातळी एक कापी;
त्यां सेर छूटी रसनी भरी पात्र देवा,
वहोळो वहे रस, अहो छलकावी प्यालुं! १५

સ્વાધ્યાય

૧. આ કાવ્ય કવિ કલાપીનું છે. પાંચમી ચોપડીમાં તેમનું એક કાવ્ય ભણી ગયા તે યાદ કરો.

૨. આને જ મળતી, ઈરાનના એક બાદશાહની કથા ફારસીમાં છે. તેમાં શેરડીને બદલે દાડમ છે, ને આમ જ રાજાની નજર લાગવાથી તેનો રસ સુકાઈ જાય છે.

રાજાપ્રજા વચ્ચે કુટુંબપ્રેમ હોવો જોઈએ, નહિ તો દેશમાં બરકત ન આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ્છનાં સંસ્મરણો

[ગાંધીજી ઈ. સ. ૧૯૨૫માં કચ્છના પ્રવાસે ગયા તે વખતનાં પોતાનાં સંસ્મરણો 'નવજીવન' પત્રમાં લખેલાં; તેમાંથી આ પાઠ લીધો છે.]

કચ્છ એ કેટલેક દરજ્જે સિંધનો એક ભાગ ગણી શકાય. પણ સિંધને તો સિંધુ નદી મળે છે. એટલે સિંધ નભી શકે છે. જો સિંધુ નદી ન હોય તો સિંધ બરબાદ થઈ જાય. કચ્છને તો એવી કોઈ નદીનોયે આશરો નથી. તેથી કચ્છમાં અંજાર, મુંદ્રા ઇત્યાદિ થોડા પ્રદેશો છોડીને ઝાડપાન ભાગ્યે જ જોઈ શકીએ. અને જ્યાં ઝાડપાન હોય નહિ ત્યાં વરસાદ હંમેશાં થોડો પડે છે. કચ્છની એવી સ્થિતિ છે. વરસાદ એટલો બધો થોડો અને અનિયમિત રીતે પડે છે કે, ભાગ્યે જ ત્યાં દુષ્કાળ ન હોય. પાણીની ખેંચ તો રહ્યાં જ કરે છે. જો કચ્છમાં નિયમસર અને ખંતપૂર્વક ઝાડો રોપવામાં આવે, તો કચ્છમાં વરસાદ વધારી શકાય, અને તેથી મુલક વધારે ફળદ્રુપ પણ થાય. આ દૃષ્ટિએ શ્રી. જયકૃષ્ણ ઇંદ્રજી[1] મહાપ્રયાસ કરી રહ્યા છે. માંડવીમાં શહેરથી થોડે દૂર સુંદર મેદાનમાં મારે હાથે તેમણે વૃક્ષારોપણ કરાવેલું. મને કચ્છમાં આ ક્રિયા સૌથી વધારે પ્રિય લાગી. એ દિવસે વૃક્ષરક્ષા-સભાનો પણ ત્યાં આરંભ થયો. હું ઇચ્છું છું કે, જે હેતુથી સભા સ્થપાઈ છે, જે હેતુથી મારી પાસે ઝાડો વવરાવવામાં આવ્યાં છે, તે હેતુ સફળ થાઓ.

શ્રી. જયકૃષ્ણ ઇંદ્રજી એ ગુજરાતનું ભૂષણ છે. ગુજરાતમાં પોતાના વિષયમાં તન્મય થયેલી થોડી જ વ્યક્તિઓ છે. [2]બરડાનું ઝાડેઝાડ અને પાનેપાન તેઓ જાણે છે. વૃક્ષારોપણ ઉપર તેમનો એટલો બધો વિશ્વાસ છે કે, તેઓ એ કાર્યને પ્રથમ સ્થાન આપે છે, અને તેથી અનેક પરિણામો આવી શકે એમ માને છે. એ વિષે તેમનો ઉત્સાહ અને વિશ્વાસ ચેપી છે. મને તો એનો ચેપ ક્યારનોય

---

૧. આ એક આપણા પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી, આ લેખ લખાયો ત્યારે, જીવતા હતા. ૨. કાઠિયાવાડના એક ડુંગરનું નામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગેલો છે. રાજા પ્રજા બન્ને ધારે તો, જ્યાં વૃક્ષોનું જ્ઞાન ધરાવનાર આવી વ્યક્તિ વસે છે, ત્યાં તેનો સંપૂર્ણ લાભ લઈને સુંદર વાટિકા બનાવી શકે.

દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગ એક એવો જ પ્રદેશ હતો. ત્યાં એક વેળા ઘાસ સિવાય કાંઈ જ ઊગતું ન હતું. એક પણ મકાન ન હતું. એ જ જોહાનિસબર્ગ ચાળીસ વર્ષની અંદર સુવર્ણપુરી બની ગયું છે. એવો સમય હતો કે જ્યારે લોકોને એક ડોલ પાણીના બાર આના આપવા પડતા અને કેટલીક વેળા તો સોડાવૉટર પર નિર્વાહ ચલાવવો પડતો. હાથ મોં પણ સોડાવૉટરથી કોઈ કોઈ વખત ધોતા! ત્યાં આજે પાણી છે અને વૃક્ષો છે. શરૂઆતથી સોનાની ખાણના માલિકોએ, અતિ ઉત્સાહપૂર્વક દૂર દૂરથી ઝાડો મંગાવી રોપીને, એ પ્રદેશને પ્રમાણમાં લીલોછમ કરી મૂક્યો છે, અને વરસાદનું પ્રમાણ વધાર્યું છે. બીજાં પણ એવાં દૃષ્ટાંતો છે કે જ્યાં જંગલો કપાયાથી વરસાદ ઘટ્યો છે અને ઝાડો ઉછેરવાથી વરસાદ વધ્યો છે.

કચ્છનો ધનિક વર્ગ આ ધર્મકાર્યમાં રસ લે તો ઘણો સુધારો થઈ શકે તેમ છે. જેમ ગોરક્ષા તેમ આવા પ્રદેશમાં વૃક્ષરક્ષા એ ધર્મકાર્ય છે. એક ગાયના પાળનારને તેના પુણ્યનું ફળ મળે છે એમ આપણે માનીએ છીએ, તેમ કચ્છ કાઠિયાવાડ જેવા પ્રદેશમાં વૃક્ષને ઉછેરનારને પુણ્યફળ મળે છે. બળતણને સારુ કે બીજા કશા કામ સારુ એક પણ ઝાડ કપાવું ન જોઈએ. બળતણ સારુ લાકડાં બહારથી મંગાવવાં એ, નજીકનાં વૃક્ષ કાપીને તેનું બળતણ બનાવવું, તેના કરતાં સોંઘું છે. જોકે તત્કાળ તો વૃક્ષ કાપનારને લાકડું મફત મળે, છતાં કચ્છને તેથી જે નુકસાન પહોંચે તેનું વળતર કોઈ પણ પ્રકારે આપી ન શકાય. જેમાંથી લાકડું બની શકે એવું વૃક્ષ દસ વર્ષ પહેલાં તૈયાર ન થાય. જેની ઉપર દસ વર્ષની મહેનત છે અને જે અનેક પ્રકારે ધરતીને અને મનુષ્યને રક્ષણ આપે છે, એવા વૃક્ષને કાપી જ કેમ શકાય?

જે સ્થિતિ કચ્છની તે જ લગભગ કાઠિયાવાડની છે. કાઠિયાવાડમાં તો દિવસે દિવસે વૃક્ષસંગ્રહનો પ્રશ્ન મહત્ત્વનો થતો જાય છે. પણ કાઠિયાવાડમાં કચ્છના કરતાં સ્થિતિ વધારે કઠણ છે, કેમ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડ જોકે એક નાનો અને સુંદર દ્વીપકલ્પ છે, તોપણ એના એટલા બધા ભાગલા પડી ગયા છે અને તે એકબીજાથી એટલા બધા સ્વતંત્ર છે કે, જ્યાં લગી તેઓની વચ્ચે આવા પ્રશ્નોને વિષે મેળ ન જામે, ત્યાં સુધી વૃક્ષારોપણનું અથવા તો વૃક્ષરક્ષણનું કાર્ય સુવ્યવસ્થિત રીતે ન બની શકે. તેમ છતાં જો કચ્છ અને કાઠિયાવાડને વેરાન મુલક ન બનવું હોય, તો વેળાસર ચાંપતા ઉપાયો આ બાબતમાં લેવા જોઈએ.

સ્વાધ્યાય

૧. ઝાડ વગરનો વેરાન પ્રદેશ જોયો છે? ગુજરાતના એવા ભાગોમાંથી એકના પ્રવાસે જજો.

૨. ૩૩મા પાઠમાં 'બાપાની પીપર' કાવ્ય છે તે અહીં યાદ કરો. તે ક્યાંની વાત છે? 'ડાશીમાનો આંબો' પણ તમારે યાદ કરવો જોઈએ.

૩. હિંદમાં રણનો પ્રદેશ કયો છે તે જુઓ.

૪. સિંધ સિંધુના સંજોગ જેવો બીજો દાખલો ખોળીને કહો.

૫. વરસાદ વનસ્પતિ વચ્ચેના સંબંધનું વિજ્ઞાન જાણો છો?

૩૦

બે ભાઈની ભેટ

હનુમાન—[ભીમને ઉતાવળે આવતો જોઈ] મારા તથા ભીમના પિતા વાયુદેવે મને આજ્ઞા કરી છે કે, પાંચાલીને પ્રસન્ન કરવા માટે દેવકમળ લેવા નીકળેલા ભીમને મારે આ સ્વર્ગના માર્ગે થઈને જતો રોકવો; કારણ કે આ માર્ગે મનુષ્યો જઈ શકતા નથી. પરંતુ કમળવનમાં જવાનો બીજો માર્ગ વનદેવતાઓની શિખવણીથી ઘટાસુરે બંધ કરી દીધો છે, જેથી ભીમ આ દેવમાર્ગે થઈને જવાનો પ્રયત્ન કરે અને દેવોના શાપથી નાશ પામે. ભીમ હવે નજીક આવી પહોંચ્યો છે; લાવ ત્યારે આજે જરા મારા ભાઈના બળની પરીક્ષા કરી જોઉં.

[એમ વિચાર કરી ગાઢ કદલીવનના તે માર્ગની મધ્યોમધ્ય નિદ્રાયુક્ત થઈ સૂઈ જાય છે, અને ભીમનું ધ્યાન ખેંચવા જોરથી પોતાનું પૂંછડું જમીન ઉપર પછાડે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમ — [પેલો શબ્દ સાંભળી] અરે, એ શબ્દ કોણે કર્યો? લાવ જોઉં તો ખરો કે, બળિયા ભીમને પણ ચોંકાવે તેવો શબ્દ કરનાર આ વસુંધરામાં કોણ છે?

[એટલું બોલી, હર્ષયુક્ત થઈ, તે શબ્દ કરનારને શોધતો આમતેમ ફરે છે.]

હનુમાન — [મંદ સ્વરે] અરે મહાકાય! તારું શું ખોવાઈ ગયું છે? તું શું શોધે છે? આવ, અહીં આવ, હું તારું દુઃખ દૂર કરીશ, અને તારું જે ખોવાયું હશે તે તને ખોળી આપીશ. તું એટલુંય નથી જાણતો કે, 'ઘરડાં જ ગાડાં વાળે?'

ભીમ — [સઆશ્ચર્ય] અરે, તું કોણ છે? શું વાનર! અને તેને વાચા! કહે, કહે, આવા અદ્ભુત સ્વરૂપવાળો તું કોણ છે, કોણ છે?

સાથિયા સમાન ભુજ બે મહાન ગોઠવી,
તે પરે રહ્યો છું, પહોળું નાનું મુખ ઓઢવી;
સ્કંધ દીર્ઘ ને હૃદય વિશાળ તારું, વાનરા!
રક્તવક્ત્ર કોણ છે, તું કોણ? શેં પડ્યો ધરા?[1]

[આ પ્રકારે તેને પૂછવા છતાં કાંઈ ઉત્તર ન આપ્યો, કે આંખ ન ઉઘાડી, ત્યારે ભીમે એકદમ કોપાવેશમાં આવી દીર્ઘ સિંહનાદ કર્યો, જેથી અનેક પશુપક્ષી તરફડી પૃથ્વી ઉપર પડવા લાગ્યાં. તે જોઈ, હનુમાને પોતાની પીળા રંગની બે આંખો કિંચિત્ ઉઘાડી, ભીમ તરફ ક્રૂર દૃષ્ટિ કરી આ પ્રમાણે કહ્યું :]

હનુમાન — અરે ભલા માણસ! તું કોણ છે? હું મારી વેદનાથી વ્યાકુળ થઈ, હવણાં જરા સૂઈ રહ્યો હતો, તે મને તેં શા કાજે જગાડ્યો? શું તું માનવ છે? માનવો તો સર્વ પ્રાણી પર દયાવાન હોય છે; તે આમ બૂમો પાડી, નિરપરાધી પ્રાણીઓનો ઘાત કેમ કરે? અમે પશુજાતિ કદાપિ ધર્મને ન જાણીએ, કિંતુ તારા સમાન મહાન મતિમાન મનુષ્ય આવું દૂષિત અને પુણ્યને હરનાર ક્રૂર કર્મ કેમ આચરે? શું તેં વૃદ્ધોની સેવના કરીને ધર્મો સાંભળ્યા નથી, કે જેથી આમ ગર્વિષ્ટ થઈ, મૃગ આદિને મારતો ફરે છે? વળી આ નિર્જન

---

૧. સ્કંધ=ખભા. રક્તવક્ત્ર=લાલ મુખવાળો. શેં=શા માટે. ધરા= પૃથ્વી (ઉપર).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનમાં તું શા માટે આવ્યો છે? આ તો દેવલોકનો માર્ગ છે. આ માર્ગે તું આગળ ગયો, તો તારું મોત જ છે એમ માનજે. માટે તું મારું માની પાછો વળ. કહે! તારે કંઈ ભક્ષણ કરવું છે? એમ હોય તો હું તને સ્વાદિષ્ટ ફળ આપું, તે ભક્ષણ કરીને ચાલ્યો જા; મૃત્યુને વશ થા મા. અરે દીન માનવ! મને તારી દયા આવે છે! કહે, તું કોણ છે?

ભીમ—[સકોપ] બેસ, બેસ, ધર્મિષ્ટના દીકરા! તું જ કહે કે તું કોણ છે? અને શા કારણથી વાનરનું સ્વરૂપ ધારી મોટો ધર્મવેત્તા થઈ બેઠો છે? હું કોણ છું તે તારે જાણવાની જિજ્ઞાસા છે, તો શ્રવણ કર—

ક્ષત્રિય જાતિ, કુરુકુલ મારું,
છું ચંદ્રવંશી વીરહાક મારું;
વાયુ પિતા, માત જ કુંતી; વારું,
કહે વાનરા! કેમ સુને તું વારું?

માટે, તું રસ્તો મૂકી વેગળો થા, અને મને આગળ જવા દે; નહિ તો તારું ભલું નથી, એમ માનજે!

હનુમાન—હે બળિયા! હું વ્યાધિએ કરીને પીડિત છું; મારાથી ઊઠી શકાય તેમ નથી. મારા ના કહ્યા છતાં તારે આગળ જવું જ હોય, તો તું મને ઓળંગીને જા; મને તેમાં ખોટું નહિ લાગે.

ભીમ—સૌ પ્રાણીનાં શરીરમાં મહાપ્રભુ વ્યાપીને વસેલા છે, એ જાણ્યા પછી હું તને ઓળંગીને કેવી રીતે જાઉં? નહિ તો તને તો શું, તારા સમેત આ આખા પર્વતને હું ઉલ્લંઘી જાઉં તેવો છું. હું હનુમાનનો ભાઈ છું, તે તું જાણે છે?

હનુમાન—હનુમાને તો આખા સમુદ્રને ગાયના પગલા સમો ગણ્યો હતો. પણ એ મારુતિ ક્યાં ને તું ક્યાં? તારો ભાઈ ભલે બળિયો હશે, પણ તેમાં તારું શું વળ્યું? તારામાં તો કશા શકાર દેખાતા નથી!

ભીમ—[ગુસ્સે થઈ ને] મૂરખ વાનરા! તારું હવે આવી પહોંચ્યું લાગે છે. માટે તું શંભુનું ધ્યાન કરી લે; હવે તો તું ઊઠે કે ન ઊઠે તોપણ મારાથી બચવાનો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हनुमान —

વીરા ! તારા વેણે કંપે કાયા, કહું ખરું તુજને;
શક્તિહીન થયો છું, માટ ખસેડી ભલે પળો મુજને. [१]

ભીમ — [સકોપ] શું ત્યારે તું પોતાની મેળે નહિ જ ખસે એમ તારું કહેવું છે ? હું તારું આ લાંગૂલ પકડી તને ખસેડી ચાલ્યો જાઉં ? લે ત્યારે !

[એમ કહી, તે વાનરને નિર્બળ ધારી નાશ કરવાના હેતુથી, ડાબે હાથે તેનું પૂછડું પકડી ખેંચવા માંડે છે; પરંતુ તે લેશમાત્ર હાલતું નથી.]

हनुमान — અહો મહાવીર ! રણધીર ! શૂરવીર ! જરા સાચવીને મને ખસેડજે ! હું ઘણો જ શક્તિહીન થયો છું ! ભાઈ, તું કાંપે છે કેમ ? શું લાંગૂલ તારાથી નથી ઊંચકાતું ? ના, ના, એમ તે હોય ? આ કાળમાં તારા જેવો યોદ્ધો અમે સાંભળ્યો નથી ! તેનું બળ આટલું કેમ હોય ?

ભીમ — [ભ્રૂકુટી આદિ ચડાવી અત્યંત કોપ કરી] મૂઢ મર્કટ ! ઉપહાસ કરી લે, અને જેનું ધ્યાન ધરવું હોય તેનું ધરી લે.

[એટલું બોલી બે હાથેથી તેનું પૂછડું પકડી અત્યંત બળ વડે ખેંચવાનો યત્ન કરે છે; અને તે જ્યારે રજમાત્ર હાલતું નથી ત્યારે ચકિત થઈને કહે છે —]

અહો ધીરવીર ! બીજા દેવાદિનો તો અમે પરાભવ કરેલો છે, એટલે તું કોઈ દેવ છે એમ મારાથી કહેવાતું નથી. [નમન કરી] મારું માનમર્દન કરે એવો માત્ર મારો ભ્રાતા કપિરાજ કહેવાયેલો છે. માટે શું તમો સાક્ષાત્ તે જ છો ? જો એમ હોય તો પછી મારે ખેદ કરવાનું કાંઈ પણ કારણ નથી.

हनुमान — [અત્યંત પ્રસન્નતાથી ઊઠી ઊભા થઈ] ભીમ ! ધન્ય છે ! ધન્ય છે ! તેં મને ભલો ઓળખ્યો. [આલિંગન દઈ] ભ્રાતા, આ માર્ગે જનાર માનવમાત્રનું મૃત્યુ થાય તેવું હોવાથી, મેં તારું માનમર્દન કરી, તને જતાં અટકાવ્યો. હું તારા પર ઘણો જ

---

૧. માટ = માટે. પળો = જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસન્ન થયો છું. માટે તારી ઇચ્છામાં આવે તેટલાં વરદાન તું મારી પાસે સત્વર માગી લે.

ભીમ — હે ભ્રાતા! હું મને પોતાને ધન્ય માનું છું કે આજ હું આપનું અલૌકિક દર્શન કરી શક્યો! હર્ષ વડે સર્વ હૃદય ભરાઈ ગયું છે, એટલે વરદાન માગવાની જગા જ બાકી રહી નથી! માત્ર મારી કમળ લેવાની પ્રતિજ્ઞા સિદ્ધ થાય એટલું જ, જો પ્રભુને રુચે તો, કરવા કૃપા કરશો.

હનુમાન — જટાસુર કે જેને તેં હણ્યો છે, તેનો ભ્રાતા ઘટાસુર, વનદેવતાઓની શિખવણીથી, કમળવનમાં જવાનો માર્ગ બંધ કરી બેસી રહ્યો છે, તેનો નાશ કરી, ઉત્તરમાં અવળો વળી, કુબેરના અનુચરોનો પરાભવ કરી, કમળ લઈ જજે. કિંતુ, ભ્રાતા! તને ગમે તે કષ્ટ કરે તથાપિ વનદેવતાઓ, જે સ્ત્રી જાતિ મનાય છે, તેમનો તું નાશ કરીશ નહિ.

ભીમ — [નમન કરી] હું આપના કહેવા પ્રમાણે સર્વ કરીશ.

હનુમાન — [ભીમને વનદેવતાઓએ પૂરી દીધેલો માર્ગ બતાવી] વત્સ! એ માર્ગે થઈ જવાશે.

[એટલું કહી, હનુમાન અંતર્ધાન થઈ જાય છે.]

ભીમ — [સઆશ્ચર્ય] અહાહા! મારા જેવો આ ભૂમિમાં કોણ ભાગ્યશાળી છે! [રૂંધી રાખેલો માર્ગ જોઈ] હાં ઠીક, મારે આ જ સ્થળે માર્ગ પાડી જવાનું છે.

[એમ વિચાર કરી, વૃક્ષાદિને તોડીફોડી, જવા જેટલો માર્ગ કરતો કરતો ચાલ્યો જાય છે.]

સ્વાધ્યાય

૧, 'પાંચાલીપ્રસન્નાખ્યાન' નામના નાટકમાંથી આ ભાગ છે. એ નાટક પ્રેમાનંદનું લખેલું ગણાય છે, જોકે કેટલાક એ વિષે શંકા લાવે છે. આ ભાગ તમને ગમે તો આખું આખ્યાન મેળવીને વાંચજો.

૨. ભીમ હનુમાન ભાઈ શી રીતે?

૩. આ પ્રસંગ મહાભારતની કથામાં ક્યારે બને છે? ખબર ન હોય તો લઘુ ભારત કે ભારતકથા જેવી ચોપડીમાં જોઈ કાઢો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયા માયા કૂડી રે

काया माया कूडी रे, राखी तारी रहेशे नहि;
जोने तुं विचारी रे, घेला, केम अक्कल गई? टेक

नंद राजाने अणगळ नाणुं, भरी संची भंडार;
कोडी अंते काम न आवी जातां न लागी वार;
न खाधी न खरची रे, वेठे मूओ भार वही. काया० १

रावण रीधसीध पूरण पाम्यो, इंद्र अधिक अभिमान;
अज्ञाने अवराणुं अंतर भूली गयो प्रभु–भान;
वादळनी छाया रे जोतां जोतां छेटे गई. काया० २

भज भगवान मान तन मेली, बेली कर बळवीर;
लालच राखे लक्ष्मीवरनी, धरजे मनमां धीर;
अधम-उधारण रे अभेद आपे सही. काया० ३

मृगजळ भरवा मूरख माणस दोडे सौ संसार;
वात विचारी पाछो वळजे, पाम्या नहि कोई पार;
देवानंद कहे देखी रे, विवेकनी वात कही. काया० ४

સ્વાધ્યાય

૧. દેવાનંદ સહજાનંદ સ્વામીના સમકાલીન અને તેમના સંપ્રદાયના સાધુ હતા. નિષ્કુળાનંદ, દેવાનંદ, બ્રહ્માનંદ, મુક્તાનંદ એ ચારનાં ભજનો ગુજરાતભરમાં પંકાયાં છે. એ ચાર એક જ સંપ્રદાયના હતા. એ સંપ્રદાય વિષે જાણવા ઇચ્છા હોય, તો શ્રી. કિશોરલાલ મશરૂવાળાની 'સહજાનંદ સ્વામી' નામની ચોપડી વાંચો. એ સંપ્રદાય તે કયો?

૨. નંદ રાજાનો ઇતિહાસ ખબર છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદના બે જગવિખ્યાત કવિઓ

૧

હિંદમાં નાના મોટા અનેક કવિઓ આજ સુધીમાં થયા છે. તેમાંથી જેઓની નામના આજ આપણા દેશની બહાર બીજા દેશોમાં પણ વ્યાપી હોય, તેવા પ્રાચીન કવિઓમાં નીચેના ચાર મુખ્ય કહેવાય—વાલ્મીકિ, વ્યાસ, કાળીદાસ અને ભવભૂતિ. ચારે કવિઓએ મૂળ સંસ્કૃતમાં લખ્યું હતું. વાલ્મીકિએ પ્રસિદ્ધ રામાયણ કે રામકથા લખી; વ્યાસે અમર મહાભારત લખ્યું; કાળીદાસે પ્રખ્યાત નાટક શાકુંતલ ઉપરાંત બીજાં નાટકો તથા મહાકાવ્યો લખ્યાં; અને ભવભૂતિએ ઉત્તરરામચરિત તથા માલતીમાધવ નામનાં સુંદર નાટકો લખ્યાં. આ ગ્રંથો હિંદની અનેક ભાષામાં ઊતરે એમાં તો નવાઈ નથી; પરંતુ બહારના દેશોની ભાષામાં પણ એ ઊતર્યાં છે અને ત્યાંના વિદ્વાનોએ એમના સમર્થ લેખકોનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે.

અર્વાચીન કાળમાં આવતાં, દેશ બહાર જેમની ખ્યાતિ પહોંચી હોય એવા બે કવિઓ નજરે આવે છે: ડૉ. રવીન્દ્રનાથ ટાગોર અને ડૉ. સર મહમદ ઇકબાલ.

૨

ડૉ. રવીન્દ્રનાથ (ઈ. સ. ૧૮૬૧ – ૧૯૪૧) બંગાળ પ્રાંતના રહીશ હતા. પરંતુ આખું હિંદ તેમને પોતાના ગણે છે અને વહાલથી એમને 'ગુરુદેવ' કહે છે. તમે પૂછશો કે, એમને 'ગુરુદેવ' શું કામ કહેવામાં આવે છે? ગુરુદેવ બોલપુર કરીને એક ગામ પાસે શાંતિનિકેતન નામનો પોતાનો આશ્રમ છે ત્યાં રહેતા હતા. આ આશ્રમમાં એમણે 'વિશ્વભારતી' નામની જગમશહૂર શિક્ષણસંસ્થા સ્થાપી છે. તેની શુભ શરૂઆત એક નાનકડી શાળામાંથી થઈ હતી. આ શાળાના વિદ્યાર્થીઓ તેમને 'ગુરુદેવ' કહેતા. પછી તો જીવનમાં તે પોતાનાં કાવ્યો તથા કથાઓ દ્વારા લોકોને પણ જ્ઞાન આપવા લાગ્યા, એટલે પેલી નાનકડી શાળાનું 'ગુરુદેવ' એ વહાલસોયું નામ ધીમે ધીમે શાંતિનિકેતનની હદ બહાર દેશમાં પણ વ્યાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર, તે જાણીતા બ્રહ્મસમાજી હતા. રાજા રામમોહનરાયે બ્રહ્મ-સમાજ સ્થાપી ત્યાર પછી તેને પોષીને વિકસાવનારા બે મોટા પુરુષો — એક શ્રી. કેશવચંદ્ર સેન અને બીજા આપણા કવીશ્વરના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ. મહર્ષિ બંગાળના મોટા જમીનદાર હતા. તે મોટા વિદ્વાન હતા અને અધ્યાત્મ-ચિંતનના ભારે શોખીન હતા. એનો વારસો એમના પુત્રોને સારી પેઠે મળ્યો હતો. રવીન્દ્રનાથનાં લખાણોમાં પાર વિનાનું ઊંડું ચિંતન મળે છે. તે આ વારસાને લઈને માની શકાય.

રવીન્દ્રનાથ ટેકપૂર્વક પોતાનું લખાણ પ્રથમ બંગાળીમાં જ લખતા. જોકે અંગ્રેજી ભાષાના તે ભારે મોટા ખાં હતા, એમ અંગ્રેજો પણ કહે છે. અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલાં તેમનાં ઘણાંખરાં લખાણો મૂળ બંગાળી ઉપરથી તરજુમો થયેલાં છે. તેમનો જગવિખ્યાત કાવ્યગ્રંથ 'ગીતાંજલિ' મૂળ બંગાળી ગીતસંગ્રહ છે. તે ઉપરથી એનો અંગ્રેજી અનુવાદ થયેલો છે, અને એ જોઈને એમને રૂપિયા લાખેકનું 'નોબેલ' ઇનામ આપવામાં આવ્યું હતું. આ ઇનામ નોબેલ નામના એક યુરોપિયને કાઢયું છે. કોઈ પણ અમુક વિષયમાં, વરસ દરમ્યાન જગતમાં ઉત્તમ કૃતિ બહાર પાડનારને તે અપાય છે. ઈ. સ. ૧૯૧૨માં કાવ્યકૃતિને માટે એ ઇનામ આપવાનું હતું. તે વર્ષે રવીન્દ્રનાથનું 'ગીતાંજલિ' ઇનામ લાયક નીવડયું. આ ઇનામથી કવિની ખ્યાતિ જગતમાં ફેલાઈ અને ત્યારથી તે જગજાહેર થયા.

તે કાવ્યો જ લખે છે એમ નથી; તેમણે વાર્તાઓ, નવલકથાઓ, નાટકો, નિબંધો, અને તત્ત્વજ્ઞાન તથા વિજ્ઞાન વિષે લેખો પણ લખ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ખરેખર, એ સાહિત્ય–સમ્રાટ છે. પણ એના કરતાં તેમની વધારે મોટી તારીફ તો એ છે કે, તે મનુષ્યપ્રેમી, શાંતિવાદી, અને ભારે દેશપ્રેમી છે. ૧૯૧૯માં જ્યારે સરકારે અમૃતસરમાં આપણા દેશ-ભાઈઓનું અપમાન કર્યું, ત્યારે આ કોમળ હૃદયના કવિને એટલો તો આઘાત પહોંચ્યો કે, તેમને સરકારે આપેલો 'સર' ઇલકાબ એમણે પાછો મોકલી આપ્યો! મનુષ્ય મનુષ્ય વચ્ચે, દેશ દેશ વચ્ચે, પ્રજા પ્રજા વચ્ચે પ્રેમ અને ભાઈચારો વધે, જ્ઞાન અને અનુભવની ઉદાર આપલે થાય, અને એ રીતે આખું જગત શાંતિથી પોતાના ખરા કુટુંબભાવને પામે, એ તેમનો આદર્શ છે, અને એ તેમનાં લખાણોનો પ્રધાન સૂર છે. મોટપણે તમે બંગાળી ભાષા ભણી એમનાં કાવ્યોની મૂળ મીઠાશ ચાખજો. અહીં તેમનું એક સુંદર રાષ્ટ્રગીત મૂળ ભાષામાં જ આપ્યું છે. તે પરથી તમે જોઈ શકશો કે, બંગાળી કેવી સરળ અને મીઠી ભાષા છે.

'अयि भुवन–मन-मोहिनी,
निर्मल सूर्यकरोज्ज्वल धरणी,
जनक–जननी–जननि ! अयि० ध्रुव

नीलसिंधुजलधौत चरणतल,
अनिलविकंपित श्यामल अंचल,
अंबरचुंबित भाल हिमाचल,
शुभ्र तुषारकिरीटिनि ! अयि० १

प्रथम प्रभात-उदय तव गगने,
प्रमथ सामरव तव तपोवने,
प्रथम प्रचारित तव वनभवने
ज्ञान धर्म कत काव्यकाहिनी ! अयि० २

चिरकल्याणमयि, तुमि धन्य,
देशविदेशे वितरिछ अन्न,
जाह्नवी जमुना विगलित करुणा,
पुण्य पीयूषस्तन्यवाहिनि ! अयि० ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[**અનુવાદ** — હે જગતના મનને મોહ પમાડનારી, સ્વચ્છ સૂર્યકિરણથી ઉજ્જવલ બનેલી ધરણી, અમારાં માતપિતાની જનની !

નીલ સિંધુના જલથી તારા ચરણ ધોવાઈ રહ્યા છે; પવનથી તારો શ્યામલ પાલવ ફરફરી રહ્યો છે; હિમાલય જાણે તારું ગગનચુંબી કપાળ છે; અને (તે ઉપર) તેં શુભ્ર-સફેદ બરફનો મુકુટ ધારણ કરેલો છે !

પ્રભાતનો ઉદય પહેલો તારા આકાશમાં થયો; સામવેદનો ધ્વનિ પણ પહેલો તારા તપોવનમાં સંભળાયો; અને તારાં વનરૂપી ભવનોમાં પહેલવહેલી કેટલીયે જ્ઞાન, ધર્મ અને કાવ્યની કથાઓ પ્રચાર પામી.

હે સદા કલ્યાણમયી, તને ધન્ય છે. તું દેશવિદેશમાં અન્ન વહેંચે છે; ગંગા અને જમુના રૂપે જાણે તારી કરુણા પીગળીને વહી રહી છે; અને એ પવિત્ર અમૃતરૂપ દૂધનું ધાવણ તું ધારણ કરે છે.]

૪

ડૉ. સર મહંમદ ઇકબાલનો જન્મ પંજાબ પ્રાંતમાં સિયાલકોટ શહેરમાં ઈ. સ. ૧૮૭૩માં થયો હતો. (મરણ ઈ. સ. ૧૯૩૮) તેમના થોડી પેઢી પરના વડવાઓ જાતે સપ્રુ અટકવાળા કાશ્મીરી બ્રાહ્મણ હતા; તેમાંથી ધર્માન્તર કરીને તેઓ મુસલમાન થયા હતા. ટાગોરે જેમ બંગાળીમાં લખી પોતાની માતૃભાષાનું ગૌરવ વધાર્યું, તેમ ઇકબાલે ઉર્દૂ-માં લખીને પોતાની માતૃ-ભાષાની સેવા કરી તેની કીર્તિ વધારી છે. બહુ જ નાના હતા ત્યારથી તેમને કાવ્યો લખવાનો શોખ

હતો. તે વખતે હૈદરાબાદના નિઝામને ત્યાં દાઘ કરીને નામીચા રાજકવિ હતા. ઊગતા કવિઓને એ પોતાથી બનતી મદદ કરતા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની કાચી કૃતિઓ તે તપાસી આપતા અને ક્યાં સુધારો કરવો, કેવી રીતે આગળ વધવું, વગેરે બાબતમાં કીમતી સલાહ આપતા. ઇકબાલને થયું કે, લાવ હું તેમની સલાહ લઉં. એમ વિચારી તેમણે પોતાની કેટલીક ગઝલો કવિ દાઘને મોકલી. દાઘે કાંઈ ખાસ સુધાર્યા વગર તે તેમને પાછી મોકલી આપી અને લખી જણાવ્યું કે, મારે ખાસ કશું સુધારવું ન પડે એવી સારી એ કવિતાઓ છે. આમ, નાનપણથી જ ઇકબાલમાં કાવ્યની પ્રતિભા હતી અને એને તેમણે જ્ઞાન અને અભ્યાસ દ્વારા ખંતથી ખીલવી હતી.

તેમનો અભ્યાસ પણ ખૂબ બહોળો અને ઊંડો હતો. કવિવર ટાગોરે શાળામાં જઈ શિક્ષણ લીધું જ નથી, તો યુનિવર્સિટીના ભણતરની તો વાત જ શી? ડૉ. ઇકબાલે યુનિવર્સિટીમાં મળતી તાલીમ પૂરેપૂરી લીધી હતી. લાહોર યુનિવર્સિટીના તે એમ. એ. હતા; અને ત્યાર બાદ વિલાયત જઈને બારિસ્ટર થયા હતા; અને કેમ્બ્રિજ યુનિવર્સિટીની પણ પદવી મેળવવા ઉપરાંત મ્યુનીક યુનિવર્સિટીની પંડિતની પદવી તેમણે મેળવી હતી. આ પદવીને લઈને જ તેમના નામ આગળ 'ડૉક્ટર' એવી ઉપાધિ લગાડવામાં આવે છે. એવી જ ઉપાધિ કવિ રવીન્દ્રનાથને પણ એ યુનિવર્સિટીએ તેમનું આદરમાન કરવાને ઇરાદે આપી છે, તેથી કરીને તે પણ 'ડૉક્ટર' કહેવાય છે. 'ડૉક્ટર' એટલે દવા કરનાર એવો અર્થ અહીં નથી. ડૉક્ટર એટલે પંડિત એવો અર્થ પણ અંગ્રેજીમાં થાય છે.

ઉપર આપણે જોયું કે ડૉ. ઇકબાલ બારિસ્ટર હતા. પરંતુ તેમણે વકીલાત ખાસ કરી નથી, પણ પોતાના દિલની વાત જે સાહિત્યસેવા તે જ ખાસ કરી છે. ઈ. સ. ૧૯૧૫ સુધી તે મોટે ભાગે ઉર્દૂમાં જ પોતાનાં કાવ્યો લખતા. આ સાલમાં તેમણે પહેલું ફારસી કાવ્ય બહાર પાડ્યું. અને ત્યારથી તેમનું નામ હિંદ બહાર ફારસી ભાષી દેશોમાં પણ પહોંચવા લાગ્યું. તુર્કસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન અને રશિયા તાબાના મુસલમાની પ્રદેશોમાં એમનાં કાવ્યો વંચાવા લાગ્યાં.

એમનાં ફારસી કાવ્યો તો કદાચ બધા ન વાંચી શકે, પરંતુ જો તમે સારી હિંદુસ્તાની શીખો ને ઉર્દૂ લિપિ બરાબર વાંચી શકો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેમનાં ઉર્દૂ કાવ્યો તમે મોટા થઈને વાંચી શકો. તેમાંનું એક કાવ્ય, જે તેમાંની રાષ્ટ્રભક્તિ અને ઉગ્ર દેશપ્રેમને માટે હિંદમાં જાણીતું થયું છે, તે તમે વાંચો, તો ઇકબાલની રાષ્ટ્રભક્તિ કેવી હતી, તે પણ જાણી શકશો.

५

सारे जहाँसे अच्छा हिन्दोस्ताँ हमारा,
हम बुलबुलें हैं उसकी, वह बोस्ताँ हमारा । १
गुरबतमें हों अगर हम, रहता है दिल वतनमें,
समझो वहीं हमें भी, दिल हो जहाँ हमारा । २
परबत वह सबसे ऊँचा, हमसाया आसमाँका,
वह सन्तरी हमारा, वह पासबाँ हमारा । ३
गोदीमें खेलती हैं उसकी, हज़ारों नदियाँ,
गुलशन है जिनके दमसे रश्के जिनाँ हमारा । ४
अय आबे रूदे गंगा! वह दिन है याद तुझको,
उतरा तेरे किनारे जब कारवाँ हमारा? ५
मज़हब नहीं सिखाता, आपसमें बैर रखना,
हिन्दी हैं हम, वतन है हिन्दोस्ताँ हमारा । ६
यूनानो मिसरो रूमा सब मिट गये जहाँसे,
अब तक मगर है बाकी नामोनिशाँ हमारा । ७
कुछ बात है कि हस्ती मिटती नहीं हमारी,
सदियों रहा है दुश्मन दौरे ज़माँ हमारा । ८
'इकबाल' कोई महरम अपना नहीं जहाँमें,
मालूम क्या किसीको दर्दे निहाँ हमारा! ९

[**અનુવાદ** — અમારો હિંદુસ્તાન સારી જહાંમાં અચ્છો છે. તે અમારો (બોસ્તાં) બાગ છે — અમે એનાં બુલબુલો છીએ (૧). પરદેશ મુસાફરીમાં હોઈએ તોપણ અમારું દિલ વતનમાં રહે છે. અને જ્યાં અમારું દિલ હોય ત્યાં જ અમે પણ છીએ એમ સમજો (૨). સૌથી ઊંચો પર્વત — આસમાનનો પડોશી — (હિમાલય) એ અમારો સંત્રી — રક્ષક છે (૩). એની ગોદમાં હજારો નદીઓ ખેલે છે, કે જેમને લઈને અમારો બાગ સ્વર્ગનો હરીફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(રસ્કે જિના) છે (૪). હે ગંગાના પ્રવાહ, અમારો કાફલો તારે કિનારે ઊતર્યો તે દિન તને યાદ છે? (૫). ધર્મ નથી શીખવતો કે, આપસઆપસમાં વેર રાખો. અમે સૌ હિંદી છીએ અને હિંદ અમારું વતન છે (૬). ગ્રીક લોકો, મિસરવાસીઓ, રોમનો એ બધા દુનિયામાંથી મરી ફીટયા. પણ અમારું નામનિશાન આજ સુધી રહ્યું છે (૭). કાલચક્ર સદીઓથી અમારું દુશ્મન છે. છતાં અમારી હસ્તી મટતી નથી. એ એક (મર્મની) વાત છે (૮) ઇકબાલ કહે છે, દુનિયામાં અમારો કોઈ દોસ્ત નથી. અમારા દિલનું ગુપ્ત દર્દ કોઈને શું માલૂમ!(૯).

૩૩

બાપાની પીપર

विचरीने वढवाणथी लीधो लींबडी पंथ,
वीतक वर्णवतां वधे ग्रीष्म–वर्णन ग्रंथ;
ग्रीष्म-वर्णन ग्रंथ, पंथमां न मळ्युं पाणी,
तप्यो प्रलय सम ताप, रही शिर रामकहाणी.
दाखे दलपतराम रामनुं रटण करीने,
अतिशय कर्यो उचाट, वाट मध्ये विचरीने. १
लगभग आवी लींबडी, दोढ गाउ पर दूर,
त्यां तो धोम धख्यो घणो, न रह्युं तनमां नूर;
न रह्युं तनमां नूर, सूरजे शरीर तपाव्युं,
छांयो न मळे छेक, एक पण झाड न आव्युं.
दाखे दलपतराम, भली जोतां मन भावी,
पीपर बापा तणी, लींबडी लगभग आवी. २
बापानी पीपर बड़ी पृथ्वी पर प्रख्यात,
प्रसिद्ध जेवो प्रागवड, विश्व वखाणे वात;
विश्व वखाणे वात, पींपळो प्रभास पासे,
कदंब जमना-कूल, कल्पतरुओ कैलासे.
दाखे दलपतराम, उपमा ए आप्यानी
भले थई भू महीं बडी पीपर बापानी! ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्यां बेसीने त्रण घडी कविए कर्यो विराम,
अति सुख ऊपज्युं ते थकी, आशिष दीधी आम :
आशिष दीधी आम, नाम तुज नवजुग रहेजो !
तुजने वावी तेह लाख सुख स्वर्गे लेजो !
दाखे दलपतराम, परम पदमां पेसीने,
लेजो उत्तम लहाव, बहु जुग त्यां बेसीने ! ४
आंबा करतां अति भलुं दीसे तारुं डोळ;
शेलडी शा हिसावमां ? आपे साकर गोळ;
आपे साकर गोळ, ताप तननो न मटाडे;
सुरतरु स्वर्गे वसे, न देखे नर कोई दहाडे,
दाखे दलपतराम, सरव तरुना गुण स्मरतां,
तुजमां अमृततत्त्व, अधिक तुं आंबा करतां ! ५
प्यारी पीपर पदमणी, शांति-दान देनारी,
भूपति विक्रमराज सम तुं अतिशय उपकारी;
तुं अतिशय उपकारी, तारी कीर्ति शुं कहीए !
जे ऊँचरुं ते अल्प, एम अंतर धरी रहीए.
दाखे दलपतराम, कोटिधा तुं गुणकारी;
राखीश तारुं नाम पृथ्वी पर, पीपर प्यारी ! ६
ज्यां सुधी आ जगतमां मुज कविता कहेवाय,
बापानी पीपर तणा गुण जग मांहीं गवाय;
गुण जग मांहीं गवाय, पामजो बहु प्रख्याति !
कीर्ति देशविदेश मुलकमां थाजो माती !
दाखे दलपतराम, अरे सुखना अंबुधि !
जीवे तुं जग मांही, जीवे कविता ज्यां सुधी. ७

સ્વાધ્યાય

૧. આ કાવ્ય કોણે લખ્યું ? એ જ કવિની બીજી કઈ કવિતા તમે અગાઉ ભણી આવ્યા ? પીપરનો આટલો બધો મહિમા કવિને કેમ લાગ્યો ?

૨. લીંબડી ક્યાં આવ્યું ? તે પ્રદેશ કેવો ? કચ્છનો પાઠ પહેલાં ભણી ગયા તે ફરી વાંચી જાઓ.

૩. પ્રયાગના વડ વિષે જાણવા માટે 'હિમાલયના પ્રવાસ'માં પ્રયાગરાજનું પ્રકરણ વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંગ્લૅન્ડનો આદિ જેલ-સુધારક

આપણામાં એક કહેવત છે કે, આપ મર્યા વિના સ્વર્ગે ન જવાય. ઇસવી સનના અઢરમા સૈકામાં ઇંગ્લૅન્ડમાં જોન હાવર્ડ કરીને એક અતિ ભલો અને પરગજુ માણસ થઈ ગયો. તેનો જન્મ ૧૭૨૬માં થયો હતો. તેના પિતાએ સ્વતંત્ર વેપારમાંથી નાની સરખી સારી મિલકત સંપાડી હતી. ઈ. સ. ૧૭૪૨માં તે મરણ પામ્યો, એટલે આ મિલકત ૧૬ વર્ષના તેના હાવર્ડને મળી. આ વખતે હાવર્ડ લંડન શહેરમાં એક ગાંધીની દુકાને ગુમાસ્તી કરતો હતો, તે છોડી દઈ પોતાને ઘેર આવ્યો.

હાવર્ડને પ્રવાસનો બહુ શોખ હતો. પરંતુ શરીરનો બાંધો મજબૂત નહિ હોવાથી તે તરત માંદો પડતો. ગ્રીન કરીને એક પ્રખ્યાત

અંગ્રેજ ઇતિહાસકાર લખે છે કે 'ઈ. સ. ૧૭૭૪માં હાવર્ડ પોતાના બેડફર્ડ પરગણાનો શરીફ થયો ત્યાં લગી, તેનો એક માત્ર ધંધો બાઇબલનો પાઠ કરવો અને થરમૉમિટર જોયા કરવું એ હતો!' એ પરથી તમે કલ્પી શકશો કે એ કેવો માંદલો માણસ હશે. પરંતુ જ્યારે તેણે જીવનમાં પોતાનું ખરું કામ શું છે એ જોયું ત્યારે, જન્મથી વળગેલું આ માંદલાપણું ખંખેરી નાંખતાં તેને વાર ન લાગી. જીવનમાં તેનું ખરું કામ કેદખાનાંનો સુધાર કરવો એ હતું.

આપણે ઉપર જોયું કે, ઈ: સ. ૧૭૭૪માં તે પોતાના બેડફર્ડ પરગણાનો શરીફ નિમાયો. શરીફ તરીકે, તેને સુધરાઈ અને શિક્ષણ જેવાં જનસુખાકારીનાં કામો ઉપરાંત, જેલો પર દેખરેખ રાખવાનું, અને ન્યાયનું કામ બરોબર ચાલે છે કે નહિ, તે જોવાનું પણ હતું. ધર્મવૃત્તિવાળો હાવર્ડ આ કામોમાં તન મન ધનથી લાગી ગયો. અત્યાર પહેલાં પણ તે, એક ખાનગી સદ્‌ગૃહસ્થ અને ભલા ખ્રિસ્તી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે, પોતાનો દાન–દયા–ધર્મ કરવાનું ચૂક્યો નહોતો. શરીફ બનતાં તેમાં વૃદ્ધિ જ થઈ. હવે તેણે જાહેર સેવામાં ધગશ તથા લગનીથી ઝુકાવ્યું : તે પરથી થોડા જ વખતમાં આખા દેશનું ને અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોનું પણ ધ્યાન તેના તરફ ખેંચાયું.

શરીફ તરીકે તે બેડફર્ડ પરગણાની પોતાની દેખરેખ નીચેની જેલ જોવા લાગ્યો. આ અગાઉ તેને પોતાને પણ પરદેશની એક જેલનો જાત–અનુભવ હતો. એક વાર પોર્તુગાલ જતાં વચ્ચેથી એક ફ્રેન્ચ કપ્તાનના હાથમાં તે પકડાયો હતો. પરિણામે તેને ફ્રેંચ જેલમાં કેટલાક દિવસ પુરાવું પડ્યું હતું. ત્યાંની જેલમાં જે હડહડતું નરક તેણે જોયું હતું, તે હવે તેને યાદ આવ્યું. ગંદકી, હવાઉજાસ વગરની અંધારી ઓરડીઓ, સૂવા માટે મળતું સડેલું ઘાસ, ખાવાપીવા અને પહેરવા ઓઢવાના સાંસા, અને બીજી અનેક પ્રકારની હાડમારીઓ ભોગવતા કેદીઓને જોઈ તેનો દયાળુ આત્મા કકળી ઊઠ્યો. તે જમાનામાં સ્ત્રીપુરુષોને જુદાં કેદ કરાતાં નહોતાં. આથી કરીને, ઉપરના નરકવર્ણનમાં ગલીચ અનીતિ અને દુરાચાર પણ જોવા મળતાં. પરંતુ સૌથી વધારે જુલમ તો એ જોવા મળ્યો કે, કેટલાક કેદીઓ કે જેમને અદાલતે નિર્દોષ ઠરાવ્યા હતા તથા કેટલાક કે જેમનો ગુનો જ સિદ્ધ થયો નહોતો, એવા લોક કેદમાં હતા! આમ બનવાનું કારણ તે વખતના રાજવહીવટનો એક વિચિત્ર રિવાજ હતો. તે જમાનામાં જેલર કે તેના નીચલા નોકરને પગાર અપાતો નહિ, પણ કેદી પાસેથી તે અમુક રકમ ફી તરીકે વસૂલ કરી શકતો. કેદી આ ફી ન ભરે ત્યાં સુધી તેને, તે નિર્દોષ ઠરે છતાં, જેલર છોડતો નહિ, અને કોઈ આ બાબતમાં તેને પૂછતું પણ નહિ!

તમને થશે, આ તો ભારે અંધેર કહેવાય. પરંતુ, ખરેખર, તે કાળનાં કેદખાનાંનાં વર્ણનો વાંચીએ, તો આપણને કમકમાટી ઊપજે!

જેલ–સુધારાના આ વિષયમાં આજ આપણો જમાનો એટલો તો આગળ વધ્યો છે કે, આજથી સો દોઢસો વર્ષ પર કેદીઓને કેવી બૂરી રીતે રાખવામાં આવતા, એ આપણે કલ્પી પણ ન શકીએ. આજ આપણે કેદીની સુખાકારીની અને તેનું ભલું થાય એની ચિંતા રાખીએ છીએ, તેને ચોખ્ખું ને પેટપૂર ખાવાનું મળે, નાહવાધોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા પીવાને સારું ચોખ્ખું પાણી મળે, પહેરવા ઓઢવા માટે કપડાં મળે, રહેવાને હવાઉજાસવાળી જગા મળે, એ બધું જરૂરનું સમજીએ છીએ. તેને માટે દવાદારૂ અને દાક્તરી મદદની સવડ હોય; તે ઉપરાંત તેને વાંચવાનું તથા કાંઈક વિચારવાનું મળે, એ પણ જરૂરનું મનાય છે. કેદીએ ગુનો કર્યો, તેથી તે કાંઈ માણસ મટી નથી જતો. શરીરના રોગીની માવજત કરીને તેને સાજો કરવામાં આવે છે, તેમ જ ગુનેગારનું પણ હોવું ઘટે; કારણ કે તે પણ મનનો રોગી ગણાય. તેથી તેની પણ એવી માવજત કરવી ઘટે કે જેથી તે સારો થઈ પાછો સમાજમાં માનભેર રહી શકે. કેદી વિષે આજ આપણે આમ માનીએ છીએ.

પરંતુ, હાવર્ડના જમાનામાં ઊલટી જ દશા હતી. હાવર્ડે શરીફ તરીકે સરકારમાં લખ્યું કે, જેલર વગેરેને કેદી પાસેથી ફી ઉઘરાવી ખાવાના હકને બદલે બાંધ્યો પગાર આપવો જોઈએ. એનો તેને જવાબ મળ્યો કે, 'સરકાર આ ખર્ચ પોતાને માથે શું કામ વહોરે? એમ કરવા માટે કોઈ દાખલો છે?' એટલે, દાખલો શોધવાને નિમિત્તે હાવર્ડ હવે યુરોપના દેશોનો જેલવહીવટ જોવા ઊપડ્યો. તેને ક્યાંય પેલો દાખલો તો ન મળ્યો; પણ બધા દેશોમાં તેણે જે જોયું તેના ગુણદોષ તેણે સમજી લીધા. બધે જોયા પછી તેને લાગ્યું કે, જરાતરા ફેરફાર છતાં ઘેર ઘેર માટીના જ ચૂલા હતા.

ઈ. સ. ૧૭૭૪માં પાર્લમેન્ટની આમની સભા જેલસુધાર વિષે વિચાર કરવા બેઠી. ત્યારે હાવર્ડનો જેલવહીવટનો અભ્યાસ એ સભાને બહુ ખપ લાગ્યો. એટલે સુધી કે, આમની સભાએ એ મદદને માટે તેને ધન્યવાદ આપી તેનો આભાર માન્યો; અને પછી તરત જ બે કાયદા કર્યા: એક કાયદાથી જેલરના પગારની વ્યવસ્થા કરવામાં આવી અને બેકસૂર કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. બીજા કાયદામાં એમ નક્કી થયું કે, જેલ દર વરસે સાફસૂફ કરાવીને ધોળાવવી જોઈએ; તેમાં હવાઉજાસ બરાબર હોવાં જોઈએ; માંદા કેદીઓ માટે તેમાં ઇસ્પિતાલ હોવી જોઈએ અને ત્યાં તેમને દાક્તરી મદદ મળવી જોઈએ; વસ્ત્ર વગરનાને વસ્ત્ર આપવાં જોઈએ; અને કેદીની સુખાકારીને માટે એવાં બીજાં ઘટતાં પગલાં પણ લેવાવાં જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની મહેનતના આ પરિણામથી હાવર્ડ રાજી થયો, અને આ બે કાયદા પોતાને ખર્ચે છપાવીને દેશના એકેએક જેલરને તેણે મોકલી આપ્યા.

હવે તેણે આદર્શ જેલ કેવી હોય તે તરફ પોતાના વિચારો દોડાવ્યા. તે અર્થે ફરી પાછો તે યુરોપની જેલોની યાત્રાએ ઊપડ્યો. હાવર્ડને મન, આ જેલો જોવી એટલે શું, તે એક ટુચકા પરથી તમે કલ્પી શકશો. તે એક જેલ જોવા ગયો હતો. તેના એક કેદીને એક બખોલ કે બોડ જેવી અંધારી કોટડીમાં પૂર્યો હતો. તે બિચારો હાવર્ડને કરગરવા લાગ્યો, 'ભાઈ, એટલી દયા કરો કે મને ફાંસીએ લટકાવો કે જેથી આમાંથી છૂટું.' આ સાંભળી હાવર્ડ પોતે એ અંધારી ઓરડીમાં પુરાયો અને તેનો ત્રાસ જાતે વેઠી જોયો. તેમાં જ્યારે એનાથી ન જ રહી શકાયું ત્યારે તે બહાર આવ્યો.

આ રીતે જેલો જોઈને તેનો નિચોડ તેણે ઈ. સ. ૧૭૭૭માં એક ગ્રંથમાં બહાર પાડ્યો. અનેક સમાજસુધારકો અને ન્યાયશાસ્ત્રીઓનું એ ગ્રંથે ધ્યાન ખેંચ્યું. પાર્લમેન્ટે વળી એક નવો કાયદો ઘડ્યો. હાવર્ડે આ વખતે પણ એમાં આગેવાનીભરી મદદ કરી. આ કાયદાથી ઠરાવવામાં આવ્યું કે, દેશમાં બે આદર્શ કેદખાનાં બાંધવાં. તેમનું નામ 'પશ્ચાત્તાપ-ભવન' યોજવામાં આવ્યું; કેમ કે, ગુનેગાર અહીં આવીને એકાંતમાં પોતાના જીવનનો વિચાર કરી શકે, ભૂલો માટે પસ્તાય, અને આગળને માટે કાંઈક ઉદ્યોગ શીખે ને સારી ટેવો પાડે, એવો એની પાછળ ઇરાદો હતો.

આ પછી પણ હાવર્ડે આ દયાધર્મી કામ છોડ્યું નહિ. યુરોપમાં હજી કેટલાક દેશો ફરવાના બાકી હતા, તે જોવા તે ઊપડ્યો. આમ મળેલા વધુ જ્ઞાનને એણે પોતાના પહેલા ગ્રંથની પુરવણી તરીકે ઈ. સ. ૧૭૮૪માં પ્રસિદ્ધ કર્યું. આની સાથે એના જીવનનું એક પ્રકરણ પૂરું થયું.

ત્યાર બાદ તે પાંચ વરસ જીવ્યો, તેમાં પણ એવું જ બીજું એક પરોપકારી કામ તેણે ઉપાડ્યું. તે હતું પ્લેગના ક્વૉરેન્ટીનમાં સપડાતા લોકોની યાતનાના નિવારણનું. એ માટે પણ તે જાતે ક્વૉરેન્ટીનના એક વહાણમાં ગયો. અને જાતે એનો ત્રાસ જોયો અને અનુભવ્યો, તથા તેમાં સુધારો કરવાને માટે ચળવળ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરેખર, જાતે મર્યા વગર સ્વર્ગે ન જવાય તે આનું નામ. હાવર્ડના જીવનની ચાવી આ એક ટૂંકી કહેવતમાંથી મળે છે. એવા દયાધર્મી પુરુષ ભલે એક દેશમાં જન્મે; પરંતુ એમની સુવાસ દુનિયામાં બધે ફેલાય છે. આજ સુધી ઇંગ્લેન્ડ એ પુરુષને પોતાના પ્રથમ જેલસુધારક તરીકે યાદ કરે છે.

સ્વાધ્યાય

૧. ગામમાંથી કોક જેલ જઈ આવેલું જરૂર મળશે. તેની પાસેથી આપણા દેશની જેલો વિષે જાણો.

૨. 'ઓતરાતી દીવાલો' ગયે વર્ષે ન વાંચી ગયા હો તો હવે વાંચો.

૩ લોકને સરકાર જેલમાં શું કામ પૂરતી હશે? શાળા મારફતે પાસેની જેલ જોવા જવાનું ગોઠવો.

૩૫

પ્રાચીન ઇજિપ્તનું અમર સ્મારક

આપણે નદીને લોકમાતા કહીએ છીએ. જેમ માતા પોતાના દૂધથી આપણને ઉછેરીને મોટા કરે છે, તેમ નદી-માતા પોતાના તટ પર વસતી વનસ્પતિ, પશુપક્ષી તથા માણસ ઇત્યાદિ પોતાનાં બાળકને પોતાનું પયપાન કરાવીને મોટાં કરે છે. તેથી તે લોકમાતા છે. આ વસ્તુઓનો સચોટ પુરાવો મિસર દેશની નાઇલ નદી છે. જો નાઇલ ન હોત તો મિસર ક્યાં હોત? દર વર્ષે નાઇલનાં પાણી ઊભરાઈને આસપાસ માઈલો સુધી ફરી વળતાં અને તેમાંથી તે દેશની જૂની સમૃદ્ધિ અને તે મારફત તેની સંસ્કૃતિ પાકી. આજ પણ નહેરો વાટે એ જ પાણી મિસર (અથવા ઇજિપ્ત) દેશને સમૃદ્ધ કરે છે.

કહેવાય છે કે, મિસરના પહેલા રાજા મેનીસે નાઇલનાં પાણી પોતાના દેશમાં વહેવડાવ્યાં અને તેની આબાદી વધારી. તેને આપણે મિસરનો ભગીરથ કહી શકીએ. એ રાજાને થઈ ગયે આજ લગભગ ૬૦૦૦ વર્ષો થયાં, એમ ઇતિહાસકારો કહે છે. તે વખતે એક આપણો દેશ અથવા આર્ય પ્રજા બાદ કરો તો, દુનિયામાં બીજે ક્યાંય સુધારાનું નામનિશાન પણ નહોતું. યુરોપમાં તે વખતે જંગલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશા છવાયેલી હતી. ગ્રીસ દેશ ત્યાર પછી ચડતી પર આવવા લાગ્યો; અને એને માટે તે દેશ ઇજિપ્તનો ઓછો ઋણી નથી.

ઇજિપ્તની આ પ્રાચીન સંસ્કૃતિનું સ્મારક આજ પણ એ દેશમાં હયાત છે. દુનિયાનાં લોકો હેરત પામીને એને જોતા આવ્યા છે. પ્રાચીન કાળથી આજ સુધી દુનિયાની અજાયબીઓમાં એક મોટામાં મોટી અજાયબી એ ગણાય છે. એ જુઓ, એની કથા જાણો, એનો અભ્યાસ કરો, તો તમે ઇજિપ્તનો લગભગ આખો પ્રાચીન કાળ કલ્પી લઈ શકો. એ ચીજ તે કઈ? સૌ કોઈ કહેશે, પિરામિડ.

આજ આપણે પ્રાચીન ઇજિપ્ત વિષે જે કાંઈ જાણીએ છીએ તેનો મોટો ભાગ એની પ્રાચીન કબરો પાસેથી જ જાણવા મળ્યો છે. યુરોપનાં મોટાં મોટાં સંગ્રહસ્થાનોમાં જઈને જોઈએ, તો પ્રાચીન ઇજિપ્તની જાત જાતની ચીજો પાર વિનાની એકઠી કરેલી ત્યાં જોવા મળે છે. તે બધી ઇજિપ્તની પ્રાચીન કબરોમાંથી મળેલી છે. અને પિરામિડ એક કબર જ છે.



સ્ફિન્ક્સ અને પિરામિડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશના મુસલમાન રાજાઓ પોતે જીવતાં જ પોતાની કબરને માટે, પોતાને છાજે એવી ભવ્ય અને સુંદર ઇમારત બનાવી રાખતા, એ તમે જાણતા હશો. આગ્રાનો તાજમહેલ તેમાં સૂતેલાં રાજારાણીએ પોતાની કારકિર્દી દરમ્યાન જ કરાવ્યો હતો. અને એ પ્રમાણે બીજા મોગલ પાદશાહોએ પોતાની કબરો કરાવી હતી. ઇજિપ્તના પિરામિડ આવી રીતે તૈયાર કરાવેલી એના રાજાની કબરો જ છે. એ સંખ્યામાં ત્રણ છે. પરંતુ નાઇલને કાંઠે તેવી અનેક જૂની કબરો હશે, એમ આજ ખોદકામ કરતાં જણાય છે.

આ ત્રણે પિરામિડો એક જ વિશાળ મેદાનમાં આજે જોવા મળે છે; અને તે જ મેદાનમાં થોડેક દૂર સ્ફિન્કસ નામની પ્રચંડ નરસિંહ-મૂર્તિ પણ છે. તેનું મોઢું માણસનું, અને ધડ સિંહનું છે. આ પ્રતિમા પણ હજારો વર્ષ જૂની છે. એ કેવી વિશાળ છે તે ચિત્રમાંથી જુઓ. રેતીમાં દટાઈ ગયેલી તે પ્રતિમા પહેલવહેલી ઈ. સ. ૧૮૧૬માં જગતની જાણમાં આવી. પિરામિડ જોવા જનાર પ્રેક્ષકો પિરામિડની સાથે સાથે આ પ્રાચીન નર-સિંહ-મૂર્તિ—'સ્ફિન્કસ'ને પણ જોતા જાય છે.

સૌથી મોટો પિરામિડ બંધાવનાર મિસર-રાજનું નામ ફૂફા કે કિયોપ્સ હતું. નાના બે પિરામિડ બંધાવનાર ત્યાર પછીના બે બાદશાહો હતા. ફૂફા લગભગ ૫૦૦૦ વર્ષ ઉપર થઈ ગયો. તેનો આ રોજો કેવડો મોટો છે તે તમને નીચેના આંકડા પરથી કાંઈક સમજાશે, કેમ કે ખરો ખ્યાલ તો પ્રત્યક્ષ જોયે જ આવી શકે. તે ત્રિકોણાકાર છે. તેનું ઊંચું શિખર જમીનથી ૪૮૧ ફૂટ ઊંચું હતું; હાલ તે ૪૫૧ ફૂટ ઊંચું છે. ૧૨ એકર એટલે ૧૮–૨૦ વીઘાં જેટલું એનું ચોરસ ભોંય-તળ છે! એની રચનામાં પથ્થરની ૨૩ લાખ મોટી શિલાઓ વપરાઈ છે. મોટી એટલે કેવડી? દરેક શિલા ૨॥ ટનની એટલે ૧૪૦ (કાચા) મણની હતી! ઈ. સ. પૂ. પાંચમા સૈકામાં થઈ ગયેલા ગ્રીક ઇતિહાસકાર હેરોડોટસે લખ્યું છે કે, એક લાખ ગુલામો ૨૦ વર્ષ સુધી આ ફૂફાના પિરામિડ પાછળ લાગ્યા, ત્યારે એ તૈયાર થયો હતો. તેણે એક બીજો અંદાજ આપ્યો છે તે પરથી તમને આ આલેશાન ઇમારત બાંધવામાં કેટલો ખર્ચ થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે તે સમજાશે. ફૂફાના મોટા પિરામિડથી નાના એવા બીજા પિરામિડમાં એક શિલાલેખ છે. તેમાં કહ્યું છે કે, આ કામમાં લાગેલા મજૂરોને જોઈતી લસણ ડુંગળી વગેરે શાકભાજી અને જુલાબની દવા પાછળ કુલ ૪ કરોડ રૂપિયા ખર્ચ થયો હતો! અને એ તો પેલા નાના પિરામિડને માટેનું ખર્ચ કહ્યું છે. ઇજિપ્તની જૂની ભાષામાં ઊંચાને માટે 'પિર–એમ–અસ' શબ્દ છે. તે પરથી આ ઊંચી કબર પિરામિડ કહેવાતી આવી છે.

પિરામિડની આવા પ્રકારની પ્રચંડતા એ જ એક અજાયબી પમાડનારી વસ્તુ નથી. એની રચના પરથી જોઈ શકાતું પ્રાચીન ઇજિપ્તનું કળાકૌશલ્ય અને જાહોજલાલી પણ આપણને તાજુબ કરે એવાં છે. આજ આપણી પાસે મોટાં વજન ઉઠાવવાને ઊંટડા, તેમને એક જગાએથી બીજી જગાએ લઈ જવાને માટે લારીઓ અને આગબોટો કે રેલવે વગેરે સાધનો છે. પ્રાચીન કાળમાં એવું કશું નહોતું. સાદું ઉચ્ચાલન કામમાં લઈને મનુષ્યનાં બાવડાં જ આ જંગી પથ્થરો ઊંચકતાં હશે; આટલી ઊંચાઈ સુધી ચડાવીને લઈ જવા માટે માટીના જંગી ઢોળાવ કર્યા હશે. આ પથ્થરો નાઈલ નદીને કિનારે લગભગ ૫૦૦ માઈલ દૂર આવેલી ખાણોમાંથી ખોદી કાઢી, ત્યાંથી નદીમાં તરાપા ઉપર તરતા મૂકવામાં આવતા, અને મુકરર કરેલી જગાએ આવે ત્યારે કાઢી લેવામાં આવતા.

એ જમાનામાં ગણિતવિદ્યા અને ઇજનેરી-વિદ્યા પણ કેટલી ખીલેલી હશે કે, આજ સુધી ટકી રહે એવી મજબૂત ઇમારત તે જમાનામાં મિસરવાસીઓ બાંધી શક્યા! આ ઇમારતની રચનામાં, વેધશાળાની રચનામાં જોવામાં આવતી એવી ખગોળની પણ કેટલીય હકીકતો ઉતારવામાં આવી છે. એમ જ માનો કે, ઇજિપ્તની બધી આવડત એ ઇમારત રચવા પાછળ ખર્ચવામાં આવી છે!

આમ, પિરામિડ ઇજિપ્તની આવડતનું સ્મારક છે, તો બીજી બાજુ તેની સમાજવ્યવસ્થાના એક અનિષ્ટ અંશનું કે બાજુનું પણ છે. આ ઇમારત પાછળ ઇજિપ્તના લાખો માણસોની વેઠ અને ગુલામી ખરચાયેલી છે. ઘાતકી મુકાદમોના સાટકા અને કીર્તિલોભી રાજાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રૂર કાયદા નીચે કચડાતા જીવોનાં આંસુ અને પરસેવામાંથી આ કબર ઊભી થઈ શકી છે.

તમને થશે, શું કીર્તિ માટે જ આટલું બધું એ ફૂફા બાદશાહે કર્યું હશે? સાદી કબર તે ચણાવી ન શકત? જરૂર ચણાવી શકત. પરંતુ તે કાળમાં ઇજિપ્તની જાહોજલાલી એવી હતી કે, રાજાને પોતાની કબર આવડી મોટી કરવાનું મન થયું. અને એ ઇચ્છાના મૂળમાં ત્યારની પ્રજાની એક માન્યતા રહેલી છે. ત્યારના મિસર-વાસીઓ એમ માનતા કે, મરણ પછી જીવ કબરમાં રહે છે: ત્યાં તેને આરામ રહે તે સારુ, જીવતાં જેવી બધી સાધન-સામગ્રી જોઈએ, તેવી મર્યા પછી પણ તેની કબરમાં જોઈએ. તેથી પ્રાચીન ઇજિપ્તની કબરોમાં માણસના મડદાને દવાઓથી સાચવીને મમી કરીને રખાતું, તથા તેની જોડે તેની પ્રિય વસ્તુઓ, કામકાજનું રાચરચીલું, — અરે કોઈકની કબરોમાં તો જીવતાં દાસદાસીઓ પણ — સાથે મૂકવામાં આવતાં. તેથી જ આજ એ કબરોમાંથી આખો એ પ્રાચીન કાળ, એની આ બધી વસ્તુઓ મારફત, નજર સામે ખડો કરી શકાય છે. થોડા વખત ઉપર કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓએ, આજના આપણા જગતની હવે પછી સેંકડો વર્ષો બાદના કાળમાં જાણ સળી રહે તે ઇરાદે, એક ગંજાવર પેટી દાટી છે, એવી ખબર છાપાંમાં આવી હતી. તે પેટીમાં આજના જગતની નિશાની-રૂપ બધી સામગ્રી મૂકી છે, અને તે બધી સામગ્રી હવે પછી વરસો સુધી પણ ટકે એવી બનાવીને મૂકી છે. ઇજિપ્તના આ પિરામિડો અને તેની અનેક કબરો આવી પેટીઓ જ છે એમ કહો! ખરેખર, નાઈલ જો ઇજિપ્તના પ્રાણ છે, તો આ પિરામિડો તેનું આભૂષણ છે. એમાંથી તમે એ દેશની સારી અને નરસી બેઉ વાતો જોઈ શકો. એ દેશનું એ સાચું સ્મારક છે; અને હજારો વર્ષ ઉપર પ્રાચીનોને જેમ ઇજિપ્ત દેશ આકર્ષતો હતો, તેમ જ હજારો વર્ષથી આ એની અદ્દભુતતા આખા જગતને પોતા તરફ આકર્ષે છે, અને આકર્ષ્યા કરશે.

સ્વાધ્યાય

૧. ઇજિપ્ત અને નાઈલ નકશામાં જુઓ. તે ખેતીને માટે કેવો દેશ છે તે ભૂગોળમાં જુઓ. તે દેશમાં અને તેની પાસે રણ ક્યાં ક્યાં છે તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ભગીરથ રાજાની વાત જાણી લો. તેણે કયા પ્રદેશને સમૃદ્ધ કર્યો ?

૩. આજ ઇજિપ્તમાં કોનું રાજ્ય ચાલે છે ? આજની તેની મોટાઈ હોય તો શી છે ? અર્વાચીન ઇજિપ્તની માહિતી મેળવવા જો મન થાય તો શિક્ષકને પૂછશો. 'સુએઝની નહેર' પાઠ પાછળ છે તે વાંચો.

૩૬

યુદ્ધનું ગૌરવ આટલું ?

कोदाळी पावडो लईने मोहन वाडीमां खोदवा जाय,
खोदता खोदता माटी मांही एने नवतर कैंक जणाय. १
मोहने लीध उपाडी ए चीज ने फेरवी फेरवी जोई,
घेर जई पछी साबु ने पाणीथी खूब घसी घसी धोई. २
सीधो गयो पछी काका पासे अने बोल्यो, 'जुओ काका, आम;
खोदतां खोदतां वाडीमांथी मने मळ्युं, एनुं शुं छे नाम ?' ३
जोवानुं जाणीने दोडी आवी तहीं हीरु — मोहननी बहेन.
'खोपरी छे आ तो !' एम निसासामां काके उचार्यां त्यां वेण. ४
'खोपरी छे ? तो ए वाडीमां क्यांथी ? कहो मांडी बधी वात;
माणस जेवा माणसनुं शिर रझळे शें बारेवाट ?' ५
'जाणे छेने, भाई, देश आ आपणो वीरनी भूमि गणाय ?
शूरने शौर्य देखाडवा रातदी युद्धनी झंखना थाय. ६
एवा पराक्रमी राजवी विक्रम आंही खेल्या रणजंग,
हजारो सैनिकोनां एक पहोरमां माथां पडयां थई भंग. ७
एमांना एक को सैनिकनुं अहीं मुंड तुं लाव्यो छे, भाई !
लोको कहे एने विक्रमसिंहना विजयनी ज वधाई ! ८
कैंक हजार हजारो पडयां शब ते दिन रणमेदान;
युद्धमां तो, भाई, एवुं बने ज ने ! ने आ तो जंग महान ! ९
हवे थयां बधे खेतर वाडीओ, खेडाय सीम जमीन;
हळ फरे तेम मुंड जडे; — आवां कैंक हशे भूमिलीन. १०
ने ए तो छे पेला पराक्रमी युद्धनी निशानी, भाई !
लोको कहे एने विक्रमसिंहना विजयनी ज वधाई ! ११

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सो सो रे कोशथी लोक भागी छूटयां सूनां मेली घरबार,
लूंटायां, भांग्यां ने भस्म थयां घणां गाम झीली झीली मार. १२
खेतरोमां बधे आग फरी वळी, अन्न विना रडे लोक,
नदी नवाणोए बंदूक झालीने सैनिकना ऊभा थोक. १३
कविओए महाकाव्य लखी लखी युद्ध वखाण्युं ए, भाई!
बोले सहु, ए छे विक्रमसिंहना विजयनी ज वधाई!' १४
'शा थया लाभ ए युद्धथी?' हीरुए पूछ्युं; काका वद्या आम:
'ए युद्धथी राजा विक्रमने मळ्यां पूरां अढारसो गाम. १५
भंग थयो राजा वंगनो, ना रह्युं वंशनुं नामनिशान,
ने आपणा ए वीर विक्रम ते दिन जीत्या ए जंग महान! १६
ए जीतथी लाभ थया शा लोकने कोण जाणे ए तो, भाई!
किंतु हजी रह्या लोक महान ए युद्ध तणी कथा गाई!' १७
मोहने पूछ्युं: 'ए आपणा सैनिको लड्या शुं पामवा काज?'
'शुं पामवा? जोके एमने कोईने नहोतुं लेवुं कशुं राज: १८
नहोतुं भले झेरवेर परस्पर, तोय बधा शूरवीर
हो हो करी धस्या खड्ग लई अने दाखव्युं युद्ध खमीर: १९
घास कापे तेम कापी नाखी बधी शत्रुनी सेनाने, भाई!'
'एवा ए युद्धनुं गौरव आटलुं?' बोली ऊठ्यां बहेनभाई! २०

સ્વાધ્યાય

૧. કેટલો સાદો વિચાર છે? તમને યુદ્ધની વાતો ઉપરથી એવો પ્રશ્ન કદી ઊઠ્યો છે?

૨. મહાભારતનું યુદ્ધ પૂરું થયું ત્યારે દશ જણ પણ જીવતા રહ્યા નહોતા, એ ખબર છે? તે જાણી યુધિષ્ઠિરે કહ્યું, 'અરે, અમે લડ્યા તે આટલા સારુ!'

૩, શ્રી. રમણલાલ સોનીએ એક અંગ્રેજી કાવ્યમાંથી સૂચન લઈને આ મજેદાર કાવ્ય ઘડ્યું છે. એમનાં બાળકાવ્યો વાંચશો તો મજા પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭

ટાઇટૅનિકની જળસમાધિ

ભર દરિયે વહાણ ડૂબવું એ એક ભારે કરુણ બનાવ છે. તે વખતે તે વહાણના મુસાફરોની કેવી કારમી અસહાય દશા થતી હશે! આપણા દેશમાં નૌકાવિદ્યા ખીલેલી નથી, તેથી આપણા લોકોને એ અનુભવ નહિ જેવો છે. પરંતુ ઇંગ્લંડ દેશમાં નૌકા તો તેનું જીવન છે: દરેક અંગ્રેજ બાળક દરિયો ખેડવાની તાકાત તો જાણે ગળથૂથીમાંથી મેળવે છે! તેથી ભર દરિયે ડૂબવાનો બનાવ તે દેશમાં અજાણ્યો અનુભવ નથી. તે કારણે તે પ્રજા એવા બનાવ વખતે પણ ધીરજ અને શિસ્ત રાખવાનો ગુણ કેળવે છે.

'ટાઇટૅનિક' નામે એક જબરદસ્ત આગબોટ હતી. અંગ્રેજીમાં 'ટાઇટૅનિક'નો શબ્દાર્થ પણ રાક્ષસી, જબરદસ્ત એવો થાય છે. ૪૫,૦૦૦ ટનની એ આગબોટની લંબાઈ ૧,૦૦૦ ફૂટ હતી. ૧૯૧૨ની સાલમાં એ બંધાઈને તૈયાર થઈ હતી. તેને તૈયાર કરતાં ત્રણ વર્ષ લાગ્યાં હતાં. તે કાળમાં એના જેવડી બીજી એકે આગબોટ નહોતી. તરતા ગામ જેવી એ આગબોટમાં મુસાફરોની સગવડને સારુ ફરવાનાં ને રમવાનાં મેદાનો, તરવાના હોજ, રમવાને માટે મોટા ખંડ, ફૂલઝાડોનો એક નાનકડો બગીચો—એવી એવી ન મનાય તેવી સામગ્રીની સગવડ રાખવામાં આવી હતી. મુસાફરીમાં જરૂરની વસ્તુઓની દુકાન પણ આગબોટમાં સાથે તરતી હતી!

કૅપ્ટન સ્મિથ કરીને એક અનુભવી અને ચતુર વહાણવટી તેનો કપ્તાન નિમાયો હતો. આટલાન્ટિક મહાસાગર ઓળંગી ઓળંગીને એ ઘરડો થયેલો ખલાસી હતો. એ ઓળંગવો એટલે તળાવ પાર કરવા જેવું એને મન ગણાય.

આવું જબરું વહાણ અને આવો અનુભવ-વૃદ્ધ કપ્તાન! એવો સુંદર મેળ જોઈને લોક એમ જ માનતા કે, ટાઇટૅનિક તો કદી ડૂબે જ નહિ. તેના માલિકો પણ સ્વાભાવિક રીતે એમ જ માનતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાની એક અજાયબી સમી આ બોટ ૧૯૧૨ના એપ્રિલના બીજા અઠવાડિયામાં ઇંગ્લંડના સાઉધમ્પ્ટન બંદરેથી અમેરિકા જવા ઊપડી. અનેક શ્રીમંત લોકે આ જગમશહૂર સફરના પહેલા યાત્રી થવાનું માન મેળવવાને માટે, તેમાં બેસી અમેરિકા જવાની ટિકિટો ખરીદી. ઊપડી ત્યારે તેમાં કુલ ૨,૩૫૮ માણસો હતાં. તે વખતે કોઈને ખ્યાલ સરખો પણ નહોતો કે, ટાઇટૅનિક જેવી જબરી ચીજ પણ ચાર જ દિવસનું ચાંદરણું હતું. ચોથે જ દિવસે અને લગભગ અમેરિકા પહોંચતાં જ અચાનક તેમાં ગાબડું પડ્યું અને તે ડૂબી!

ગાબડું એક હિમપર્વતને લીધે પડ્યું. એ રૂપે ઉત્તર ધ્રુવ તરફથી જાણે આગબોટનો કાળ જ તરી આવ્યો હતો. તેનો એક ભાગ પાણી નીચે હતો. બહાર દેખાતો ભાગ આગબોટને પડખે થઈને વહી ગયો. પણ પાણીમાં નીચે ઢંકાયેલા ભાગનો ગોદો તળિયે વાગ્યો. તે વખતે આગબોટ પરનું રાતનું જમણ પૂરું થયું હતું. ઠંડી સખત હતી, એટલે તૂતક ઉપર કોઈ નહોતું. કોઈ પથારીમાં હતા, તો કોઈ પાનાં ખેલતા હતા. જાગતા હતા તેમને સૌને આંચકો તો જણાયો. પરંતુ 'ટાઇટૅનિક'ને તે કાંઈ થાય! એમ જ સૌએ માન્યું, અને સૌ પાછા પોતપોતાને કામે વળગ્યા : રમનારા રમવા લાગ્યા, સૂનારા સૂઈ ગયા.

પરંતુ, કૅપ્ટન સ્મિથ એમ ભરમાઈને બેસી ન રહ્યો. તપાસ કરતાં એને લાગ્યું કે, નીચે ભંડકમાં ઝપાટાબંધ પાણી ભરાય છે; વહાણ અને એના ઉતારુઓ પાણી નીચે જાય છે. તરત વહાણને ઊભું રાખવાનો તેણે હુકમ કર્યો. આ મહાન વહાણને ચલાવનારાં રાક્ષસી એન્જિનો અટક્યાં, એટલે તેમના ચાલવાને લીધે લાગતો ધણધણાટ બંધ થયો. તે પરથી જાગતા ઉતારુઓ પોતાની ઓરડીઓમાંથી બહાર નીકળ્યા અને તપાસ કરવા તૂતક પર ગયા. 'એન્જિન કેમ બંધ પડયાં?' — એ જ સૌ માંહોમાંહે પૂછવા લાગ્યા. ત્યાં સુધીમાં કપ્તાન ખરી સ્થિતિ પામી ગયો હતો કે, પડેલું ગાબડું કેમે કરીને પુરાય એમ નથી; વહાણ હવે ડૂબવા ખાતે છે. એટલે એક તરફથી તેણે વાયરલેસ છોડવાનો હુકમ આપ્યો કે, 'ટાઇટૅનિક ડૂબે છે, મદદે દોડો.' બીજી તરફથી તેણે ઉતારુઓને હાકલ કરાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, 'તારક–પટા પહેરી સૌ તૂતક પર પહોંચો.' સામાન્ય રીતે આવો હુકમ એ ડૂબતા વહાણની ચોક્કસ નિશાની ગણાય. છતાં ઉતારુઓએ તો એમ જ માન્યું કે, આ તો ચકોર કપ્તાને અગમચેતી જ દાખવી છે; ખરેખર ભયનું કશું કારણ નથી.

હુકમ પ્રમાણે ઉતારુઓ પોતપોતાના પટા લઈને તૂતક પર જાય છે, ત્યાં તો સ્મિથે ત્રીજો હુકમ છોડ્યો, 'બચવાની હોડીઓ તૈયાર કરો.' હવે ઉતારુઓ સમજ્યા કે, ઉપર આકાશ અને નીચે પાણી વચ્ચેથી બચાવવા તેમની આસપાસના પાણી સિવાય બીજું કોઈ નથી. આગબોટની એક બાજુ પાણીનો ભાર વધતો જવાથી તે ભાગ નીચે બેસતો જતો હતો. અમુક કલાકોનો જ હવે સવાલ હતો. છતાં કોઈ રડારોળ કે કકળાટ કરતું નથી. સૌ શાંત થઈને આગળના હુકમની રાહ જોતાં ઊભાં છે. આમાં સ્ત્રીઓ છે, પુરુષો છે, બાળકો છે, બુઢ્ઢાં છે; અને તેમને સલામત પહોંચાડવાની જવાબદારી ધરાવનારા અમલદારો અને ખલાસીઓ છે. આ છેલ્લો વર્ગ તો મરણ જાણતો જ નથી. તેઓ તો બચવાની હોડીઓ તડાતડ તૈયાર કરવામાં પડ્યા છે. એક એક મિનિટ એમને માટે તો કાળ જોડે યુદ્ધ બરોબર છે. તેમણે હોડીઓ તૈયાર કરી. હવે તેમાં ઉતારુઓ બેસાડી દેવાના છે. 'ટાઈટૅનિક' તે કદી ડૂબે! એટલે બચવાની હોડીઓ પણ, ઉતારુઓની સંખ્યા પ્રમાણે, પૂરતી રાખવામાં નહોતી આવી. તેથી ઘણાએ તો જળસમાધિ જ લેવાની હતી.

કપ્તાનનો હુકમ બહાર પડ્યો: 'પુરુષો હોડીઓથી દૂર ઊભા રહે. સ્ત્રીઓ નીચેના તૂતક પર પહોંચે.' અને તરત જ પુરુષો શાંતિથી અને ગંભીર ભાવે પાછા ખસ્યા. હવે ઉપરના તૂતકથી બચાવની હોડીઓ સ્ત્રીઓના નીચેના તૂતક પાસે ઉતારવામાં આવી. સ્ત્રીઓ તેમાં ચૂપકીથી બેસવા લાગી. કેટલીક સ્ત્રીઓએ તેમ કરવાની ના પાડી: 'આખી જિંદગી જેની સાથે ગાળી, તેની જ જોડે મરણ કેવું મીઠું! અમે તો અમારા પતિ જોડે જ જીવીશું કે મરીશું' — એમ કહી કેટલીક સ્ત્રીઓ ડૂબતા વહાણ પર જ પોતાના પતિની સાથે રહી.

એક કુમારી બચવાની હોડીમાં બેઠી હતી. પણ તેની માસીને જગા ન મળી શકી. કુમારીએ કહ્યું, 'માસી, તું જા. મારાં ભાઈબહેન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા વગર નમાયાં થાય. હું તો એકલી જ છું.' અને એમ તેણે મરણ પસંદ કર્યું.

સ્ત્રીઓને હોડીઓમાં બેસાડ્યા પછી, પુરુષોની વારી આવી. તેઓમાં કેટલાક એવા વિચારના પણ હતા કે, આવી રાતે ઠૂંઠવાતા હોડીમાં રહેવા કરતાં વહાણ પર જ શા ખોટા! વાયરલેસ-વાળો સતત તેનો વીજળી–પોકાર કર્યાં જ કરતો હતો, 'મદદે દોડો.' દરિયામાં તરતી કેટલીક આગબોટના વાયરલેસ જવાબો પણ આવ્યા કે, અમે આવીએ છીએ. હવે તો તેની તારની ઓરડીમાં પણ પાણી પહોંચ્યું હતું. રાતનો એક વાગ્યો હતો. જેટલા જીવોને બચાવી શકાય તેટલા જીવોને હોડીઓમાં લઈને તેમના ખલાસીઓ હવે દૂર રહ્યા રહ્યા 'ટાઇટૅનિક'ને ડૂબતી જોઈ શકતા હતા. દરિયો સાવ શાંત સરોવર જેવો હતો. આગબોટની એક બાજુ નીચે ડૂબવાથી બીજી બાજુ પાણી ઉપર ઊંચકાઈ આવતી હતી. તેની ઉપર ઊભેલા માણસો એ અંધારી રાતે (કેમ કે, તે વખતે ચંદ્ર પણ નહોતો.) કાળની જાણે વાટ જોતાં હતાં. કૅપ્ટન સ્મિથ આગબોટને માથે આવેલા પોતાના સ્થાન પર સ્થિર મુદ્રાથી ઊભો હતો. આગબોટનો ઊંચો આવતો ભાગ વધારે ઊંચો આવ્યો, વચ્ચેથી તૂટવાનો મોટો કડાકો થયો, અને જેમ કોડવંકું થતું થતું પાણીમાં ટંબ્લર ડૂબે, તેમ ધીમે ધીમે તે અડૂબ મનાયેલું વહાણ સમુદ્રના તળિયે ગયું!

આ વખતે જ પહેલવહેલી ચીસ પડી અને તે આગબોટ પર રહેલા ૧,૬૦૦ જીવોની મરણચીસ હતી. હોડીઓમાં બચેલો એક ભાઈ લખે છે, 'માણસે કદી પણ નહિ સાંભળી હોય એવી કારમી ચીસ અમારે કાને પડી. મરણમાંથી બચવાને માટે એ સ્વાભાવિક માનવ-પોકાર હતો. પણ એ કોણ સાંભળે? અમને તો ઘણુંય થયું કે, પાસે જઈ એકાદ બે જે મળે તેને ઉપાડી લઈએ. પણ એમ કરવા જવામાં અમારી આખી હોડીનું જ મરણ હતું.'

સવારના ચાર વાગ્યે પહેલી મદદ આવી ત્યાર પહેલાં બે કલાકે 'ટાઇટૅનિક અદૃશ્ય થઈ ગઈ હતી. 'કાર્પેથિયા' નામની આગબોટ ડૂબવાના સ્થળે બનતી ત્વરાએ ધસી આવી હતી. પણ હોડીઓમાં ઠૂંઠવાતા લગભગ ૭૦૦ માણસોને ઉપાડી લેવા ઉપરાંત તે વધુ કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કરી શકી. આ બચેલાંમાં કેપ્ટન સ્મિથ નહોતો. આગબોટનો કપ્તાન પોતાની પ્રિયતમા સમી બોટ જોડે જ ડૂબવામાં પોતાનું માન સમજે છે. સ્મિથ એ માનની સાથે મર્યો. અને તે વખતે એને સમાધાન હતું કે, પોતે પોતાની ફરજ બજાવી છે.

સ્વાધ્યાય

૧. તમે કદી હોડી કે આગબોટમાં બેઠા છો? તમને તરતાં આવડે છે?

૨. આવડી મોટી લોખંડની આગબોટ શી રીતે તરી શકે તેનું વિજ્ઞાન સમજો.

૩. બરફનો પહાડ દરિયામાં ક્યાંથી?

૪. મુંબઈ જવાનું થાય તો બારામાં પડેલી આગબોટ જોઈ આવજો.

૩૮

મંગળ મંદિર ખોલો

[સ્વ૦ કવિ નરસિંહરાવ દિવેટિયાએ પોતાના પુત્રના મરણથી દુઃખી થઈ, તેના સ્મરણમાં 'સ્મરણ સંહિતા' નામે એક લાંબું કાવ્ય લખ્યું છે. નીચેની પ્રાર્થના તેમાંથી લીધી છે. કવિનો પુત્ર જલદી જીવન પૂરું કરી ગયો — જીવનરૂપી વન વેગે વટાવી ગયો — ને હવે તે પ્રભુદ્વારે ઊભો છે અને કહે છે, હે દયામય, મંગળ મંદિર ખોલો. આ મંગળ-ગીત નથી, પણ મૃત્યુ પામેલાની પ્રભુ-દરબારમાં પેસવાની પ્રાર્થના છે.]

[ભૈરવી]

मंगळ मंदिर खोलो, दयामय, मंगळ मंदिर खोलों. ध्रुव०
जीवनवन अति वेगे वटाव्युं,
　　द्वार ऊभो शिशु भोळो,
तिमिर गयुं ने ज्योति प्रकाश्यो,
　　शिशुने उरमां लो लो, दयामय! मंगळ०
नाम मधुर तम रट्यो निरंतर,
　　शिशु सह प्रेमे बोलो;
दिव्य-तृषातुर आव्यो बाळक,
　　प्रेम अमीरस ढोळो, दयामय! मंगळ०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯

રોજિંદું છાપું

ગામડામાં રહેતાં અને ભણતાં બાળકોને તો એ ખબર નહિ હોય; પરંતુ જેઓ મુંબઈ, અમદાવાદ કે સુરત જેવાં મોટાં શહેરમાં રહેતાં હશે, તેમને ખબર છે કે, તેઓ સવારે પથારીમાંથી કદાચ ઊઠ્યાં પણ ન હોય તે અગાઉ. તેમની સેવામાં બે જણ તો એમને ઊમરે ક્યારના આવી ગયા હોય છે: એક દૂધવાળો અને બીજો છાપાવાળો. હા, એ કહેવું જોઈએ ખરું કે, સૌ ઘેર આમ નથી બનતું; માત્ર મધ્યમ વર્ગના કે ઊંચા વર્ગના પૈસાદાર વર્ગોને જ લાગુ પડતી આ વાત છે; કેમ કે, તમે જાણતા હશો કે હિંદમાં ઘણા ઓછા લોકને રોજ અર્ધો શેર પણ દૂધ મળે છે, અથવા તો તેમની પાસે છાપું વાંચવા જેટલું અક્ષરજ્ઞાન કે તે ખરીદવા જેટલો ફાજલ પૈસો પણ હોય છે. એટલે ઉપરનું વર્ણન સાવ ગરીબ ઘરનાં છોકરાંનું નહિ, પણ કાંઈ કે સાધનવાળાં ગણાય એવાં શહેરી ઘરનાં છોકરાંનું છે.

દૂધવાળો શું કામ આવે તે તો સૌ કોઈ સમજી જશે. પરંતુ છાપાવાળો શું કામ આવતો હશે? શું છાપું એ દૂધ જેવી મોટી જરૂરિયાત છે? એના વગર ન ચાલે?

વળી તમને એમ પણ થશે કે, રોજ ને રોજ આટલું બધું કોણ લખતું હશે, ક્યારે છપાતું હશે? અને એમાં લખેલી અનેક ખબરો રોજ ને રોજ એ લોકોને કહેતું કોણ હશે? ખરેખર આ સવાલો તમને સહેજે થાય એવા છે. આ પાઠમાં આપણે એ વિષે થોડું જાણીશું.

૧

છાપાને વર્તમાનપત્ર પણ કહે છે, કેમ કે તેનું મુખ્ય કામ ચાલુ બનાવો લોકોને બનતી ઉતાવળથી અને પ્રામાણિકપણે કહેવાનું છે. એટલે, છાપું* ચલાવવા ઇચ્છનારે પ્રથમ એ બનાવો વિષે સાચી અને ચોક્કસ માહિતી મેળવવી જોઈએ. તેને સારુ તે હજારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને લાખો રૂપિયા ખરચ કરીને દેશમાં તથા દુનિયામાં ખબરો મેળવવાની ગોઠવણ કરે છે. 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'મુંબઈ સમાચાર', 'જન્મભૂમિ' વગેરે રોજિંદાં છાપાંમાંથી એકાદું જો તમે જુઓ, તો કેટલીક ખબરોને મથાળે તમને આ પ્રમાણે લખેલું જોવા મળશે: 'અમારા ખબરપત્રી તરફથી', 'અમારા ખાસ ખબરપત્રી તરફથી.' છાપાંવાળાઓ કેટલાંક મુખ્ય ગણાતાં સ્થળોએ, પોતાને માટે ખબરો એકઠી કરીને મોકલનારા કાયમી માણસ રાખે છે; તે ખબરપત્રી કહેવાય છે. કોઈ સ્થળે જો ખાસ કાંઈ કામ થવાનું હોય કે થયું હોય, ને તેની ખબર લોકોને કહેવા જેવા મહત્ત્વની હોય તો છાપાંવાળા પોતાનો ખાસ ખબરપત્રી તે જગાએ મોકલે છે. જેમ કે, મહાસભા ભરાવાની હોય કે તેની કાર્યવાહક સમિતિની કે ધારાસભાની બેઠક થવાની હોય એવા પ્રસંગો; કે ભૂકંપ, રેલ જેવા કુદરતી કોપના પ્રસંગો; વગેરે.

આ ઉપરાંત છાપાંમાં તમે એક બીજું નામ વાંચશો. તે 'રોઇટર'નું છે. પરદેશના ખબરો જોશો તો નીચે 'રોઇટર' લખેલું તમને મળશે. આ 'રોઇટર' એક જર્મન માણસનું નામ છે.

ઈ. સ. ૧૮૪૯માં ફ્રાન્સ જર્મનીમાં પહેલવહેલાં તારનાં દોરડાં નંખાયાં, તે વેળા રોઇટરને એક વિચાર આવ્યો કે, તારની મદદથી ઝપાટામાં સમાચારો ન મેળવી શકાય? એનો અમલ કરવા સારુ તેણે પૅરીસ શહેરમાં પ્રયત્ન કરી જોયો; પરંતુ ફ્રાન્સની સરકારનો તેને જોઈએ તેવો સાથ ન મળી શક્યો. તેથી ઈ. સ. ૧૮૫૧માં તે ઇંગ્લૅન્ડ ગયો ને પછી ત્યાં જ ઘર કરીને રહ્યો. ત્યાં રહી તેણે મોટી મંડળી સ્થાપી, જે આજે રોઇટર કંપની તરીકે આખા જગતમાં—અને ખાસ કરીને બ્રિટિશ સામ્રાજ્યમાં — સમાચાર એકઠા કરીને પહોંચાડવાનું કામ કરે છે. તે કંપનીએ દુનિયાના બધા દેશોમાં મુખ્ય સ્થળે પોતાના ખબરપત્રીઓ રાખ્યા છે; તેઓ બધેથી ખબરો એકઠી કરવાનું કામ કરે છે. આમ એકઠી કરાતી ખબરો રોઇટર કંપની તેના ઘરાક થનાર છાપાંવાળાને તારથી મોકલી આપે છે. એ રીતે જે ખબર મળી હોય તેની નીચે 'રોઇટર' એવી સંજ્ઞા વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે ખબરો એકઠી કરીને છાપાંવાળાને પહોંચાડવાને માટે આપણા દેશમાં બે કંપનીઓ છે: એક 'ધી એસોસિયેટેડ પ્રેસ' અને બીજી 'ધી યુનાઈટેડ પ્રેસ'. આ બે મંડળો ટૂંકામાં અનુક્રમે 'એ. પી.' અને 'યુ. પી.' કહેવાય છે. આપણા દેશનાં ઘણાંખરાં મોટાં શહેરોમાં આ બે મંડળ પોતાના માણસો રાખે છે અને તેમની મારફત રોજ દેશમાં બનતા મહત્ત્વના બનાવોની ખબરો એકઠી કરે છે, અને એના ઘરાક થનારા છાપાંવાળાઓને તારથી પહોંચાડે છે. તેથી આપણા દેશનાં છાપામાં 'એ. પી.' અને 'યુ. પી.' નામ ખૂબ જોવામાં આવે, એ ઉઘાડું છે.

૨

તમે કહેશો કે, ખબરો મેળવવા પાછળ આટલા બધા માણસો રાખવા, તાર કરવા, એ તો ભારે ખર્ચ થાય; તે બધો ક્યાંથી નીકળતો હશે? છાપું એ બીજા ધંધાના જેવો એક ધંધો છે. તે પોતાની ઘરાકી ઉપર નભે છે. છાપાના હજારો — અને વિલાયત તથા અમેરિકામાં તો લાખો — ઘરાક હોય છે; તેઓ તે ખરીદે છે તે પરથી એનો ખર્ચ નભે છે. પરંતુ તેટલાથી જ પૂરું નથી થતું; છાપામાં તમે જાહેરખબરો જુઓ છો તે પણ એક સારી મોટી આવક કરી આપે છે. તે આવક જો ન થાય તો છાપું સસ્તું મળે છે તે ન મળી શકે; તથા છાપાના ધંધામાં જે ભારે કમાણી કરી શકાય છે તે ન કરી શકાય.

પરંતુ આમાં જ ત્યારે એક ભય પણ રહે છે. જેમ લોભને લઈને, બીજા ધંધાઓમાં પ્રામાણિકતા, નીતિ, વગેરે ગુણો બાજુ પર રહી જાય છે, તેમ જ છાપાંમાં પણ બને છે. ગમે તેવી ખોટી ખરી અને ગંદી તથા અઘટિત વાતોને જાહેરખબર તરીકે લોકો મોકલે છે ને છાપાંવાળા તેને સ્થાન આપે છે, તેનું કારણ તેમાંથી મળતો પૈસો છે. દારૂ ન પીવો જોઈએ એમ છાપું કાઢનારો માનતો હોય, છતાં દારૂવાળાની જાહેરખબર તે છાપશે! આવી આવી તો બીજી અનેક અઘટિત બાબતો, ધંધાના લોભને લઈને, કરવામાં આવે છે. તેથી કરીને ગાંધીજી તો એમ જ માને છે કે, જાહેરખબરોમાં પણ ખૂબ વિવેક વાપરવો જોઈએ. પણ આવકના લોભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ એ વિવેક જાળવવો મુશ્કેલ બને છે, તેથી ડહાપણની નીતિ એ છે કે, જાહેરખબરોની જંજાળમાંથી છાપાંએ મુક્ત જ રહેવું. ગાંધીજી પોતાનાં છાપાંમાં જાહેરખબર લેતા જ નથી.

૩

અત્યાર સુધી આપણે છાપામાં આવતી ખબરો અને એ મેળવવાના ખરચ બાબત થોડીક વાત જાણી. હવે તે ખબરો તૈયાર કરીને, બરોબર ગોઠવી કરીને છપાય છે શી રીતે, તે જોઈએ. આ જો તમારે બરાબર સમજવું હોય, તો કોઈ મોટા શહેરમાંથી નીકળતાં છાપાનું બધું કામ જાતે જોવા જવું જોઈએ. અત્યારે તો તમને કલ્પનામાં મારી સાથે ત્યાં લઈ જાઉં.

છાપાની ઑફિસમાં જાઓ તો ત્યાં તમને શાકબજાર કે શૅર બજારમાં સાંભળવા મળે એવી ગરબડ નહિ સંભળાય. ત્યાં આગળ અનેક લોક કામ કરતા હોય છે. આ લોકોનું ખરું કામ સંધ્યાકાળ પછી જામે છે. આખો દહાડો ચારે બાજુથી તાર, ટપાલ તથા ટેલિફોનથી ખબરો આવ્યા કરે છે. ખબરપત્રીઓ પોતપોતાના ભાગના પ્રદેશની કે કામની ખબરોના હેવાલો લખી મોકલે છે. જે ખબરો તરત મોકલવા જેવી હોય, તેમને તેઓ તાર કે ટેલિફોનથી મોકલે છે. બીજી તરફ 'રૉઇટર', 'એ. પી.' અને 'યુ. પી.' ના તારોના ખડકલા થાય છે. જાહેરખબર વિભાગમાં વેપારીઓ તથા બીજા લોક જાહેરખબરો પહોંચાડે છે. પ્રજામાંથી કેટલાયે લોકે સમાજહિત બાબતમાં કાંઈક ફરિયાદ, કાંઈક ચર્ચા કે વિચારવા જેવો મુદ્દો છાપાને માટે લખી મોકલ્યાં હોય, તેના પત્રો એકઠા થાય છે. આવા પત્રોને ચર્ચાપત્ર કહેવામાં આવે છે. આમ રાત સુધીમાં, આવતી કાલ સવારને માટેના છાપાને સારુ ઢગલો સામગ્રી એકઠી થઈ રહી હોય છે. છાપું ચલાવનારનું કામ તેમાંથી હવે પસંદ કરીને કાલનું છાપું તૈયાર કરવાનું છે. રાતે તે કામ શરૂ થાય છે. આ કામને માટે દરેક છાપાને માટે એક તંત્રી કે સંપાદક હોય છે. છાપામાં આવતી બધી વસ્તુને માટે એ જવાબદાર ગણાય છે. તેની મદદમાં જરૂર પ્રમાણે એક કે તેથી વધારે મદદનીશો હોય છે. મોટાં છાપાંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા મદદનીશો ડઝનથી પણ વધારે હોય છે. તેઓ છાપાના એક એક અંગનું કામ વહેંચી લે છે.

આખા દહાડામાં એકઠી થયેલી સામગ્રી હવે આ સંપાદકો પાસે પહોંચે છે. તેઓ કુશળ, વ્યવહારદક્ષ, સમાજ અને તેનાં સારાંનરસાં બળોને સમજનારા, લોકમત જાણવા મથનારા, વિવેકી અને વિદ્વાન માણસો હોવા જોઈએ. નહિ તો તેઓને માથે આવતી જવાબદારી તેઓ બરાબર અદા ન કરી શકે. તેમને માથે, લોકોને આવતી કાલે કઈ ખબરો, વિચારો તથા ચર્ચાઓ પહોંચાડવી છે, પહોંચાડવા જેવી છે, કે પહોંચાડવી જોઈએ, એ નક્કી કરવાનું કામ રહેલું છે. એક રીતે જોતાં કહી શકાય કે, તેઓ છાપાંના વાંચનારાનાં મન પર છાપ પાડનારા ને તે દ્વારા તેમના વિચારો ઘડનારા માણસો છે. એટલે તેઓ લોકમત ઘડનારા છે એમ કહેવાય. આ એક ભારે કામ છે. છાપામાં સંપાદક તરીકે કામ કરનારા બધા માણસો આ જવાબદારી સમજે, તો તેવા માણસોનું છાપું લોકની કેળવણીનું ભારે સાધન બને, એ ઉઘાડું છે.

સંપાદકો પાસે બધી સામગ્રી આવે એટલે ઝપાટાબંધ તેઓ તેને જોવા માંડે છે. તેમાંથી કંઈક રદ કરી ચેકો મારે છે, કંઈકને વળી કાપી કાઢીને ટૂંકાવી લે છે, તો કાંઈક દબાવી પણ રાખે છે. કાંઈક એવું લાગે કે જે વિષે વધારે ખાતરી કરવી જોઈએ, તો તે બાબત વધારે બાતમી મેળવે છે. આ રીતે જેમ જેમ સામગ્રી વિણાતી જાય, તેમ તેમ તે બીબા-ખાતામાં પહોંચે છે. ત્યાં તે લખાણ મુજબ બીબાં ગોઠવાઈને છાપવાને માટે તૈયાર થાય છે. જાહેરખબરો, લેખો, ચર્ચા, ખબરો, ખબરપત્રીઓના હેવાલો, વગેરે બધું આ રીતે બીબાંમાં પડી જાય, એટલે તેનાં પાનાં ગોઠવાય છે. તે દિવસની ખાસ ખબરો હોય તે મોટા અક્ષરનાં મથાળાંથી મુખ્ય પાના ઉપર મુકાય છે.

ખબરો ઉપરાંત એક વસ્તુ છાપામાં હોય છે તે તેનો 'અગ્રલેખ'. આખા છાપામાં એને અગ્રસ્થાન હોવાથી તે અગ્રલેખ કહેવાય છે. મુખ્ય પાન પર તે હોય છે અને તે તંત્રી લખે છે. તેમાં તંત્રી કોઈ મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરે છે, તે બાબત પોતાનો મત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવે છે, લોકોને તેમાં રહેલાં તત્ત્વો સમજાવી તેનાં નફાનુકસાન તરફ એમનું ધ્યાન આકર્ષે છે. એ રીતે અગ્રલેખ પરથી તે લોકોમાં પોતાની સમજનો કે નીતિનો પ્રચાર કરવા તાકે છે.

આમ તૈયારી કરતાં સુધીમાં મધરાત થવા આવી જાય. ત્યાં સુધી પણ ખબરો કે તારો તો આવ્યા જ કરતા હોય છે. કોઈ વાર તો કોઈ ભારે મહત્ત્વની ખબર આવે, એમેય બને. મોડું થવા છતાં તેને માટે તો જગા કરવી જ જોઈએ; તે છેવટે પણ કરી લેવામાં આવે છે. આ રીતે છેવટે આખું છાપું ગોઠવાઈ જાય, એટલે સંપાદકોનું કામ પૂરું થાય છે અને છાપું છાપખાના વિભાગમાં જાય છે. અને હવે તે વિભાગનું કામ શરૂ થાય છે.

૪

છાપું છાપવાનું પણ એક મોટું કામ છે. જે છાપાની હજારો અને લાખો નકલો કાઢવાની હોય, તેનું છાપખાનું જો કલાકે બે પાંચ હજાર જ નકલો કાઢી શકે, તો તેને છાપતાં જ કેટલી બધી વાર લાગે? તો પછી તેમાં કેટલી મોડી ખબરો આવે? અને મોડી ખબરો આપનાર છાપાને ખરીદે કોણ? તેથી કલાકે અર્ધો લાખની ઉપર નકલો કાઢી શકે એવાં જંગી છાપખાનાં શોધાયાં છે. તેમાં એકાદ બે કલાકમાં જ આખું છાપું છપાઈને, વળાઈને, ગડીબંધ તૈયાર થઈને બહાર પડે છે. ત્યાંથી તે વખતસર રેલવે ગાડી પર પહોંચાડવું જોઈએ, કેમ કે જુદે જુદે સ્થળે જતી ગાડીઓ ઊપડે તે વખતે જો છાપાનાં પાર્સલ તેમાં ન ચડે, તો ગામેગામ તે સવારે પહોંચે શી રીતે? આથી ગાડીનો સમય પણ સાચવવાનો હોય છે. ગાડીમાંથી છાપું ઊતરે કે તરત તે વહેંચનારા ફેરિયાના હાથમાં પહોંચે છે. તે લઈને તેઓ રસ્તામાં બૂમો પાડતા વેચે છે, અને કોઈ ઘેર પહોંચાડવાનું બાંધે તો નિયમિત તેને ઘેર આપી જાય છે. તમે પૈસો, બે પૈસા કે આનો આપીને જે છાપું લઈને રોજ સવારે વાંચો છો, તે તૈયાર કરવાને માટે આ રીતે આખી દુનિયામાં અને છાપાની ઓફિસમાં, આટલા બધા લોકો આટલી બધી જાતની તડામાર મહેનત મજૂરી કરે છે. તેથી કરીને, રોજ દુનિયામાં શું ચાલે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જાણીએ છીએ; તે પરથી આપણે વિચારો કરીએ છીએ, ચેતવા જેવી બાબતોમાં ચેતીએ છીએ, ને સમજવા જેવી બાબતો ધ્યાનમાં લઈએ છીએ. એટલે, આજના જમાનામાં છાપું પ્રજાની કેળવણીનું એક મોટું સાધન મનાયું છે; ઇંગ્લૅન્ડના પ્રજાતંત્ર રાજ્યમાં છાપું તો તેના એક સ્તંભ તરીકે લેખાય છે. સારા શિક્ષક કે સાચા ગુરુની પેઠે, સારું અને સાચી ખબરો આપતું વર્તમાનપત્ર કે છાપું કીમતી સમાજસેવા કરે છે. એથી ઊલટું, જો તે ખરાબ હોય તો સમાજની કુસેવા પણ કરે. માટે દરેક સમાજે કે પ્રજાએ પોતાના છાપાનું ધોરણ ઉચ્ચ રખાવવું જોઈએ, નહિ તો તેને ઘણું ખમવું પડે. લોકમતના બળથી આ કરી શકાય છે.

સ્વાધ્યાય

૧. છાપું કદી ન જોયું હોય તો હવે જોજો.

૨. તમારી શાળા માટે એક નાનકડું હસ્તલિખિત છાપું, બે ચાર દોસ્તો મળીને, તૈયાર કરો.

૪૦

શામળશાહ શેઠ

[જૂનાગઢમાં આવી ચડેલા કેટલાક તીર્થયાત્રીઓએ નરસિંહ મહેતા પાસે દ્વારકાની હૂંડી માગી. ભોળા મહેતાજીએ રૂપિયા લઈને, દ્વારકાવાસી શેઠ શામળશાહ પર હૂંડી લખી આપી. તે લઈને યાત્રીઓ દ્વારકા પહોંચ્યા. ત્યાં તેમને શામળશાહને વેશે ભગવાન મળ્યા, તે વેળાનું તેમનું વર્ણન કવિ પ્રેમાનંદ તેમના 'હૂંડી' કાવ્યમાં કરે છે તે હવે વાંચો. જાણે જૂના જમાનાનો ગુજરાતી વાણિયો!]

વલણ

रूप लीधुं शामळशाह तणुं, एवो दीनदयाळ रे;
भट प्रेमानंद कहे कथा, केम वरणवुं रूप श्रीगोपाळ रे. १

[રાગ મારુ]

जेने वेद पुराणे वखाणियो रे, मारो वहालोजी थयो वाणियो रे;
एना आगमनी मत छे ऊलटी रे, मारो नाथ थयो नाणावटी रे. १

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वह्यलो गोमतीजीना घाटमां रे, मळ्यो तीरथवासीने वाटमां रे;
वेश पूरो आण्यो मारे वह्यले रे, नाथ चौटानी चाले चाले रे. ३

छे अवळा आंटानी पाघडी रे, वह्यलाजीने केम बांधतां आवडी रे!
दीसे वाणियो भीनेवान रे, एक लेखण खोसी छे कान रे. ४

हसतां खाडा पडे बहु गाल रे, मोटुं कपाळ जाणीए ढाल रे;
अधर बिंब जाणो परवाळी रे, मोटी आंख दीसे अणियाळी रे. ५

बे काने कुंडळ झळके रे, नासिका ते दीवानी शग रे!
दीसे दांत रूडा हसता रे, हीरा तेज करे छे कसतां रे. ६

त्रिकमजी वणिकनी तोले रे, नाथ उतावळुं ने बोबडु बोले रे;
सोनानी सांकळी ने कंठे दोरो रे, केडे पाटीवाळो कंदोरो रे. ७

झळके धनरेखा हथेलीमां रे, आंगळीए वींटी ने वेढियां रे;
सादो एक वाघो पहेर्यो हरजी रे, एनो सीवनारो कोण दरजी रे! ८

सेलुं केडे बांध्युं बेवडुं रे, गुण क्यांथी शीख्या प्रभु एवडुं रे!
करे हींडतां हाथना लटका रे, सादी दोरीना केडे पटका रे. ९

पटके लटके फुमतडां ज्योत रे, केडे खोसी पीतळनी दोत रे;
कियां कियां ते कौतुक भाळीए रे! ठाली गांठ वाळी बे चार फाळिये रे. १०

एक ओढी पछेडी खांधे रे, नाथ टुंदाळो ने मोटी फांदे रे;
वस्त्र पहेर्यां ते पांचे सोजां रे, पाये पहेर्यां ते सुंदर मोजां रे. ११

कांई वाघो बिराजे केसरी रे, बन्या मोटा पारीख लखेशरी रे;
मारो नाथजी नीचे खामणे रे, भट प्रेमानंद जाए तेने भामणे रे. १२

साथे वाणोतर छे सात रे, ओद्धव ने अक्रूर भ्रात रे;
हनुमान, विदुर, गरुड रे, भक्त सुदामो दीसे दीन रे. १३

पारथना हाथमां पान रे, आगळ जेष्टिकादार हनुमान रे;
चम्मर सुदामाए ग्रही रे, छे विदुरना हाथमां वही रे. १४

बोली बोले प्रभु तोतळी रे, उद्धवने खांधे कोथळी रे;
एम आव्या शामळा अविनाशी रे, ते जोई रह्या तीरथवासी रे. १५

સ્વાધ્યાય

કવિ પ્રેમાનંદના 'મામેરું' કાવ્યમાં પણ, શેઠરૂપે ભગવાન આવે છે, તેનું વર્ણન છે. તે પણ આની સાથે વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગુલિમાલ લૂંટારો

બુદ્ધ ભગવાન શ્રાવસ્તીમાં રહેતા હતા, તે અરસામાં અંગુલિમાલ નામે જાણીતા થયેલા એક લૂંટારાએ શ્રાવસ્તીની આસપાસ પુષ્કળ ગામો ઉજ્જડ કરી નાખ્યાં હતાં. તેનું અંગુલિમાલ નામ પડવાનું કારણ એ હતું કે, કોઈ પણ માણસનો વધ કરી, તે તેની આંગળી કાપી, ઘણા અભિમાનથી પોતાના ગળામાંની આંગળીઓની માળામાં પરોવતો. અને તે માળા જેમ લાંબી થતી જાય તેમ તે આનંદ પામતો !

એક વખત બુદ્ધ ભગવાન ગામમાંથી ભિક્ષા લઈને, જે દિશામાં અંગુલિમાલ હતો, તે દિશા તરફ જતા હતા. રસ્તામાં ગોવાળિયાઓએ અને ખેડૂતોએ તેમને તે માર્ગે ન જવા ખૂબ આગ્રહ કર્યો અને કહ્યું: 'હે સાધુ! તું આ માર્ગે જઈશ મા! સામેના જંગલમાં અંગુલિમાલ નામે ભયંકર લૂંટારો રહે છે. પોતાના ગળામાં પહેરેલી માળામાં વધારો કરવા ખાતર પણ તે તને મારી નાખીને તારી આંગળી કાપી લેશે.'

પરંતુ બુદ્ધ ભગવાન તો કાંઈ ઉત્તર આપ્યા વિના સ્થિર પગલે સીધા આગળ વધ્યા. થોડુંક ચાલ્યા પછી તે અંગુલિમાલની નજરે ચડ્યા. તેમને નિર્ભયપણે આવતા જોઈ અંગુલિમાલને ભારે આશ્ચર્ય થયું. તે મનમાં જ બોલ્યો: 'આ માર્ગે એકલા આવવાની કોઈ હિંમત કરતું નથી. જ્યારે કોઈને આ માર્ગે આવવાનું થાય છે, ત્યારે તે ચાળીસ પચાસ માણસોના ટોળા સાથે આવે છે. પરંતુ આ સાધુ ભારે સાહસથી એકલો ચાલ્યો આવે છે, એ અત્યંત નવાઈની વાત છે. માટે એને તો બરાબર પાઠ શીખવવો જોઈએ !'

આમ વિચારી, તે પોતાની ઢાલ તથા તલવાર લઈ, વેગથી બુદ્ધ તરફ દોડ્યો, અને બૂમ પાડીને કહેવા લાગ્યો, 'હે સાધુ ! તું ઊભો રહે.'

બુદ્ધે જવાબ આપ્યો: 'હે અંગુલિમાલ! હું ઊભો છું, અને તું પણ ઊભો રહે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગુલિમાલને બુદ્ધનું કહેવું સમજાયું નહિ. તેણે કહ્યું: 'હે સાધુ! તું ચાલતો હોવા છતાં, ઊભો છું એમ કેમ કહે છે?'

બુદ્ધ બોલ્યા: 'હે અંગુલિમાલ! પ્રાણીમાત્ર પ્રત્યે પૂર્ણ દયા હોવાથી હું સ્થિર થયો છું, એ અર્થમાં હું ઊભો છું; પરંતુ પ્રાણીઓ વિષે તારા હૃદયમાં દયા વાસ કરતી ન હોવાથી તું અસ્થિર છે; તેથી મારી પેઠે તને પણ સ્થિર થવાનું હું કહું છું.'

આ સાંભળી અંગુલિમાલ ભગવાનની દયામૂર્તિ પર મીટ માંડીને જોવા લાગ્યો. બુદ્ધની સર્વ પ્રાણીઓ પ્રત્યે દયાભરેલી અમી-ઝરતી



આંખોની અસર અંગુલિમાલ ઉપર થઈ. તેના હૃદયમાં અચાનક ભારે ઊથલ-પાથલ મચી રહી. પોતાને આજે આ નવું શું થાય છે, તેની તેને સમજ પડી નહિ. પોતાનું પાછલું ક્રૂર જીવન તેની આંખો આગળ તરી આવ્યું, તથા પોતે એ બધું શા માટે કર્યું, એની તેને સમજ પડી નહિ. અંતે તેણે કહ્યું: 'હે મુનિશ્રેષ્ઠ! તારા આ ગૂઢ અર્થવાળા વાક્યનું શ્રવણ કર્યા બાદ, મને મારાં પાપાચરણનો પસ્તાવો થાય છે. આજથી હું એ સૌનો ત્યાગ કરું છું, તથા તે બધાંને ધોઈ કાઢવા તારી સાથે રહેવા ઇચ્છું છું. તું મને સાથે રાખીને સુધાર.' એમ કહીને અંગુલિમાલ બુદ્ધ ભગવાનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરણે પડી તેમનો શિષ્ય બન્યો, અને સાધુ થઈ તેમના ઉપદેશ મુજબ ચાલવા લાગ્યો.

અંગુલિમાલ ભિક્ષુક થયાના સમાચાર શ્રાવસ્તી નગરીમાં ફેલાતાં વાર ન લાગી. બુદ્ધે રાજા પાસે અંગુલિમાલના સર્વ અપરાધોની ક્ષમા અપાવી, અને તેને વિહારમાં પોતાની પાસે રાખ્યો. બીજા ભિક્ષુકોની પેઠે બુદ્ધ, ધર્મ અને સંઘના શરણનું વ્રત લઈ, તે ભિક્ષા માગી નિર્વાહ કરવા લાગ્યો.

હવે એવું બનવા લાગ્યું કે, અંગુલિમાલ જ્યારે શ્રાવસ્તીમાં ભિક્ષા માગવા જતો, ત્યારે તેના ઉપર પથ્થરનો, મારનો અને ધૂળનો વરસાદ વરસતો. કારણ કે, તેને હાથે કોઈ ને કોઈના સગાંવહાલાનું મૃત્યુ થયું જ હતું. એક વખત તો મારથી તેનું માથું ફૂટી ગયું, તેની કંથા ફાટી ગઈ, અને તે લોહી દદડતે શરીરે બુદ્ધ પાસે આવ્યો.

બુદ્ધે તેને કહ્યું : 'હે બ્રાહ્મણ! સહન કર. કોઈ તરફ સામો હાથ ઉપાડવાનો વિચાર ન કરીશ. એમ માન કે, જે પાપકર્મનું ફળ તારે હજારો વર્ષ નરકમાં ભોગવવું પડત, તે તું આ લોકમાં થોડાકમાં જ ભોગવી લે છે!'

લોકો તરફથી થયેલા અપમાનથી કે શરીરને પડેલા મારથી અંગુલિમાલનું ચિત્ત સહેજ પણ ખિન્ન થયું નહિ. ઊલટું તેનું મુખ પ્રાણીઓ પ્રત્યે મિત્રતાના ભાવથી પ્રકાશિત રહેવા લાગ્યું, અને જાણે કાંઈ બનતું ન હોય તેમ ભિક્ષા લેવા જવાનું તેણે ચાલુ રાખ્યું.

એક વખત અંગુલિમાલ નગરીમાં ભિક્ષા માગતો ફરતો હતો. તેવામાં તેણે પ્રસવવેદનાથી પિડાતી એક સ્ત્રીને જોઈ. તે સ્ત્રીને બાળક જન્મવાની તૈયારી હતી; પરંતુ કાંઈક કારણથી બાળકનો જન્મ થતો ન હતો. એ વેદનાથી તે પછાડો નાખતી હતી તથા ભયંકર ચીસો પાડતી હતી. અંગુલિમાલને તે સ્ત્રીનું દુ:ખ જોઈ ઘણી દયા આવી. પરંતુ તેને મદદ કરવાનો રસ્તો ન હોવાથી તે પાછો આવ્યો, અને બુદ્ધને તે વિષે વાત કરી.

બુદ્ધે કહ્યું : 'જા, તું તે સ્ત્રી પાસે જઈ ને એમ કહે કે, અંગુલિમાલે જન્મથી માંડીને જાણીજોઈ ને કોઈ પ્રાણીની હિંસા કરી નથી. આ વચન જો સાચું હોય, તો તને તરત સુખ થાઓ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાઈની વાત એ બની કે, એ પ્રમાણે અંગુલિમાલે જઈને કહ્યું તેની સાથે જ તે સ્ત્રી પ્રસવવેદનામાંથી મુક્ત થઈ, અને તેને સુખેથી બાળક અવતર્યું !

અંગુલિમાલ એ જોઈ નવાઈ પામતો કહેવા લાગ્યો : 'અહો ! પહેલાં પાપકર્મ કરવા છતાં, પછીથી પણ માણસ જો જાગે છે, તો તેનું મુખ વાદળાંથી મુક્ત થયેલા ચંદ્રની માફક પ્રકાશે છે. માટે સૌ લોકો મોડા મોડા પણ જાગીને ધર્મનું પાલન કરો. બચપણમાં મારું નામ 'અહિંસક' હતું, પણ નામ પ્રમાણે મારાં કામ નહોતાં. હું હરહંમેશ પ્રાણીઓની હિંસા કરતો. પરંતુ આજે મારું નામ સાર્થક થયું છે; અને હું સર્વ હિંસામાંથી નિવૃત્ત થયો છું.'

સ્વાધ્યાય

૧. શિક્ષક પાસેથી, આને જ મળતી, વાલ્મીકિ ઋષિના પૂર્વજીવનની અને તેના પલટાની કથા જાણો.

૨. બુદ્ધ ભગવાનના મુખ્ય ઉપદેશ વિષે જાણવું હોય તો 'બુદ્ધલીલા' નામનું રસિક પુસ્તક વાંચો.

૩ શ્રાવસ્તી નગરી બિહારમાં હતી. આજ તેનાં ખંડેર મળે છે.

૪૨

હજરત મહંમદ પેગંબર

હિંદુધર્મમાં એક એવી માન્યતા છે કે, જ્યારે જગતમાં અધર્મનું જોર વધી પડે છે અને ધર્મનું જોર ક્ષીણ થઈ જાય છે, ત્યારે ધર્મની ફરીથી સંસ્થાપના કરવા જગતના સર્જનહાર ઈશ્વર 'અવતાર' લે છે, એટલે કે, શરીર ધારણ કરી આ જગતમાં આવે છે. આને મળતી, પણ કંઈક જુદી એવી માન્યતા યહૂદી વગેરે સેમિટિક કહેવાતા લોકોમાં છે. તે માન્યતા એવી છે કે, જ્યારે જ્યારે લોકો ઈશ્વરને ભૂલી જાય છે તથા તેની સાથે કરેલા કરારોનો ભંગ કરે છે, અર્થાત્ તેની આજ્ઞાઓનો લોપ કરે છે, ત્યારે ઈશ્વર પોતાના તરફથી લોકોમાં એક પેગંબર મોકલે છે. પેગંબર એટલે ઈશ્વરનો પેગામ — સંદેશ — લાવનાર. પેગંબર આવીને લોકોને જણાવે છે કે,

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ કઈ કઈ બાબતોમાં ઈશ્વરની આજ્ઞાથી વિરુદ્ધ વર્ત્યા છે, તથા તેમને ચેતવે છે કે, જો તેઓ તરત પસ્તાવો કરીને પાછા સન્માર્ગે નહિ ચડી જાય તો તેઓને ભારે શિક્ષાઓ વેઠવી પડશે.

ઇસ્લામના પેગંબર હજરત મહંમદ* એવા એક પેગંબર થઈ ગયા. અને મુસલમાનો માને છે કે, એવા પેગંબરોમાં તે સૌથી છેલ્લા છે. એમનો જન્મ ઇસ્વી સન ૫૭૦ના ઑગસ્ટ માસની ૨૯મી તારીખે સોમવારે પ્રાતઃકાળમાં, અરબસ્તાન દેશમાં આવેલા મક્કા શહેરમાં થયો હતો. તેઓ જન્મ્યા તે પહેલાં જ તેમના પિતા અબ્દુલ્લા ગુજરી ગયા હતા, અને તે છ વર્ષના થતામાં એમનાં માતા અમીના બીબી પણ જન્નત-નશીન અર્થાત્ સ્વર્ગવાસી થયાં. ત્યાર બાદ બે ત્રણ વર્ષ તેમને એમના દાદાએ ઉછેર્યા. અને તે પણ મરણપથારીએ પડ્યા ત્યારે તેમણે પોતાના બીજા પુત્ર અબુ-તાલેબને બોલાવ્યા, અને કહ્યું કે, 'બેટા, આ બાળકને રમાડતાં રમાડતાં મને ઘણી વાર એમ થઈ આવતું કે તે આપણી આખી કોમને ઉજાળશે; માટે એને બરાબર સાચવજે.' 'મહંમદ' એ નામનો અર્થ પણ 'વખણાયેલ,' 'પ્રતાપી,' 'નામાંકિત' એવો થાય છે.

હવે હજરત મહંમદ પોતાના કાકાની સંભાળ નીચે મોટા થવા લાગ્યા. દાદાએ ભાખેલું ભવિષ્ય સાચું પડવાનાં ચિહ્નો તરત જ જણાવા લાગ્યાં. પહેલેથી જ તે બહુ એકાંતપ્રિય તથા વિચારશીલ પ્રકૃતિના હતા. તે બહુ થોડાબોલા હતા; પરંતુ જ્યારે બોલતા ત્યારે તેમના શબ્દો સ્પષ્ટ, સચોટ, અર્થપૂર્ણ, તથા વસ્તુનો ઉકેલ કે નિકાલ લાવી આપનાર હોતા. તેમનો સ્વભાવ મળતાવડો હતો. તેમનામાં મિથ્યાભિમાન તલભાર ન હતું. નાનપણમાં પોતાના કાકાની ટૂંકી કમાણીમાં મદદગાર થવાને ઇરાદે તે ઢોર ચારવા જતા. ત્યાં ખુલ્લાં

---

* જ્યારે જ્યારે પેગંબર સાહેબનું નામ આવે ત્યારે, મુસલમાન લેખકોમાં તેની સાથે કૌંસમાં 'સ. લ.' એમ લખવાનો રિવાજ છે. તે મૂળ અરબી શબ્દપ્રયોગનું ટૂંકું રૂપ છે. તેનો અર્થ 'તેમના પર અલ્લાની મહેર હો' એવો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેદાનોમાં, નાની ટેકરીઓમાં, અને એકાંત ગુફાઓમાં શાંતિ અનુભવતા ફરવું, એ તેમને બહુ ગમતું.

તેમના કાકા તેમના ગુણો જોઈ તેમના ઉપર બહુ ભાવ રાખતા. બહાર જાય ત્યારે પણ તેમને બનતા સુધી પોતાની સાથે જ રાખે, અને રાત્રે પણ સાથે જ સુવાડે. હજરત બાર વર્ષના થયા એ અરસામાં તેમના કાકાને વેપાર અર્થે સીરિયા જવાનું થયું, ત્યારે તે પણ તેમની સાથે ગયા. આવી દૂરની મુસાફરીઓથી તેમને જુદા જુદા લોકોનો તથા તેમના આચાર-વિચારનો બહુ અનુભવ થયો, અને વ્યાવહારિક ડહાપણ પણ સારી પેઠે મળ્યું. મક્કાથી દર વર્ષે બે વણજાર નીકળતી — એક સીરિયા તરફ અને બીજી યમન તરફ. એ વખતે જે કોઈ જાતે જઈ વેપાર ન કરી શકતું, તે બીજાને આડતિયો રાખી વેપાર કરતું. આડતિયા તરીકે હજરત મહંમદે બતાવેલી પ્રામાણિકતા અને સચ્ચાઈને કારણે તેમને યુવાન અવસ્થામાં જ 'અલ-અમીન' એટલે કે 'ઇમાનદાર' એવું ઉપનામ પ્રાપ્ત થયું.

તેમના વ્યાવહારિક ડહાપણના દૃષ્ટાંતરૂપે એક રસિક પ્રસંગ કહેવાય છે. કાબાની મસ્જિદનું સમારકામ ચાલતું હતું તે વખતે દેશની જુદી જુદી ટોળીઓ વચ્ચે ઝઘડો પડ્યો કે, કઈ ટોળી કાબાના પવિત્ર પથ્થરને ઊંચકીને મૂળ સ્થાને પધરાવે. દરેક ટોળી એ પવિત્ર કાર્ય પોતાને જ હાથે થવું જોઈએ એમ જીદ કરતી હતી; અને તેમાંથી મારામારી થવાનો પ્રસંગ આવ્યો. છેવટે એવું મુકરર થયું કે, બીજે દિવસે સવારે કાબાની મસ્જિદને અમુક દરવાજે સૌથી પહેલો દાખલ થનારો માણસ જે ફેંસલો આપે, તે સૌએ કબૂલ રાખવો. બન્યું એવું કે, બીજે દિવસે હજરત મહંમદ જ એ દરવાજેથી પહેલા દાખલ થયા. આથી સૌ કોઈ રાજી થઈ બોલી ઊઠ્યું કે, 'ઠીક થયું, અલ-અમીન જ આવ્યા!' હજરતે બધી વાત જાણ્યા બાદ જે ચુકાદો આપ્યો, તે તો વળી સૌને વધુ આનંદ આપનારો થઈ પડ્યો. તેમણે જમીન ઉપર પોતાનું ઉપરણું પાથરી તેના વચલા ભાગમાં તે પવિત્ર પથ્થર મૂક્યો, અને પછી જણાવ્યું કે, 'દરેક ખાનદાનનો એક એક માણસ ચાદરનો એક એક છેડો પકડીને આ પવિત્ર પથ્થરને ઊંચકે અને તેને યથાસ્થાને પધરાવે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજરત મહંમદની 'ઈમાનદાર' અને વિશ્વાસુ માણુસ તરીકેની ખ્યાતિથી ખેંચાઈ, મક્કા શહેરની એક તવંગર સ્ત્રી, બીબી ખદીજાએ તેમને એક વાર પોતાના આડતિયા બનાવ્યા. ત્યારે હજરતે બતાવેલી વ્યવહારકુશળતા અને સાફ દાનતથી બીબી ખદીજાને ધાર્યા કરતાં ઘણો વધારે નફો હાંસલ થયો. એટલે તેમણે હજરતને પોતાના બધા વેપારના કાયમી આડતિયા બનાવ્યા.

બીબી ખદીજા વિધવા હતાં; શહેરના કેટલાય માનવંતા લોકોએ તેમને પરણવા તૈયારી બતાવી હતી; પરંતુ તેમણે તે બધી દરખાસ્તો નાકબૂલ કરી હતી. પરંતુ ધીમે ધીમે હજરત તરફ તેમનું દિલ ખેંચાયું, અને તેમણે પોતે જ હજરતને પોતાની સાથે લગ્ન કરવા વિનંતિ કરી, અને તેમણે તે કબૂલ રાખી.

આ લગ્નથી હજરત મહંમદની સ્થિતિમાં ઘણો ફેર પડી ગયો. આજ સુધી કમાવાની ચિંતા તેમને રાખવી પડતી હતી, તે હવે દૂર થઈ એટલું જ નહિ, પરંતુ મક્કાના પૈસાદાર લોકોમાં તેમની ગણના થવા લાગી. છતાં, જાણવા જેવી વાત એ છે કે, એ તો પહેલાંની પેઠે જ નીતિમાન અને એકાંતપ્રિય રહ્યા; બલ્કે તેમાં વધારો થયો.

અરબસ્તાનના લોકો મૂળે તો એક 'અલ્લા-તાલા' એટલે કે 'પરમેશ્વર'માં માનતા. પરંતુ ધીમે ધીમે સાચી ધર્મભાવના ઓછી થતાં થતાં તેઓ અનેક જાતનાં પૂતળાં તથા બુતોને પૂજતા થયા હતા. અને તે પણ કેટલીક વાર ખાલી આડંબર ખાતર, તો કેટલીક વાર તેમને પૂજવાથી ઐહિક સુખો પ્રાપ્ત થાય એવી બુદ્ધિથી. અરબસ્તાનની જુદી જુદી ટોળીઓ પોતપોતાના ખાસ બુતને માનતી, અને તે બધાંને ઉપર જણાવેલી કાબાની મસીદમાં મૂકવામાં આવ્યાં હતાં. વર્ષના ચાર મહિના આપસ-આપસમાં બધાં વેર-ઝેર ભૂલી જઈ, દેશની બધી ટોળીઓ મક્કાની યાત્રાએ આવતી અને પોતપોતાનાં બુતોની પૂજા કરતી. તે વખતે મક્કામાં યાત્રાળુઓની મોટી ઠઠ જામતી; મેળાઓ થતા; વેપાર રોજગાર ચાલતા; કવિઓના મુશાયરા થતા; અને નાચ ગાન ચાલતાં. મક્કાવાસીઓની ખરી કમાણી આ યાત્રાળુઓ ઉપર જ હતી. આથી તેમનાં મન પણ લોભી થઈ ગયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. ધર્મ એ તેમને માટે કમાણીનું સાધન જ બની ગયો હતો. તથા દારૂ, જુગાર અને વ્યભિચાર તેમના જીવનમાં પેસી ગયાં હતાં.

હજરત મહંમદને આ બધી ધમાલમાં ક્યાંય સાચો ધર્મ દેખાતો ન હતો. તે ચતુર પુરુષ સમજી ગયા કે, વહેમ અને લોભ જ આ બધી બુતપરસ્તીના મૂળમાં છે; અને તેમાંથી લોકોને સદાચાર તથા સુલેહસંપ તરફ વળવાની પ્રેરણા મળવાને બદલે, અરસપરસ વિખવાદ વધારવાનાં કારણ જ મળે છે. સાચો ધર્મ કેવો હોય, તથા આ બધી જુદી જુદી કોમોમાં એ ધર્મ કેમ કરીને લાવવો, એ જ હવે તેમની એકમાત્ર ને મોટી ઝંખના થઈ પડી.

હજરત મહંમદ વર્ષ દરમ્યાન અમુક વખત મક્કા પાસેના હીરા પર્વતમાં જઈને રહેતા, અને ત્યાંની એકાંત ગુફાઓમાં બંદગી કરવામાં સમય ગાળતા. સાચા દિલનો પોકાર લાંબો વખત સંભળાયા વિના શી રીતે રહે? એક વખત (ઈ. સ. ૬૦૯માં) મોડી રાતે હજરત મહંમદ નિર્જન ગુફામાં પ્રભુને પોકાર કરતા પડ્યા હતા, તેવામાં કોઈ તેમને બોલાવતું હોય એવો તેમને ભાસ થયો. તે અવાજ કહેતો હતો, 'વાંચ', 'વાંચ.'

હજરતે જવાબ આપ્યો, 'મને વાંચતાં નથી આવડતું.' અવાજે કહ્યું, 'ખુદાનું નામ લઈને વાંચ.'

તે જ ક્ષણે જાણે પડળ ઊઘડી ગયાં હોય એમ તેમને લાગ્યું, અને ભગવાને મોકલેલી આજ્ઞાઓ વાંચતા હોય તેમ તે બોલી ગયા. તેમાં એમ કહેવામાં આવ્યું હતું કે, 'ખુદાએ જ માણસમાત્રને તથા આખી સૃષ્ટિને પેદા કરી છે; તેનો મહિમા અગાધ છે; અને તે જ જ્ઞાનમાત્રનું મૂળ છે.'

આ અપૂર્વ અનુભવથી હજરત નવાઈ પામ્યા. તે અનુભવને, અરબી ભાષામાં, ખુદા તરફથી આવેલી 'વહી' એટલે કે સંદેશો કહે છે. પોતાને ઉતારે આવી તેમણે ખદીજા બીબીને પોતાનો આ અનુભવ કહી સંભળાવ્યો. પોતાના જેવા માણસ ઉપર મહેર કરીને ખુદા 'વહી' મોકલે, એ તેમના માન્યામાં આવતું નહોતું. તો પછી આ અનુભવ કોઈ ભ્રમ કે વળગાડ તો નહિ હોય? પરંતુ ખદીજા બીબીએ એમને આશ્વાસન આપીને કહ્યું કે, 'ખુદાની તમારા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેર છે; તમે નેકીથી વર્તનારા ઈમાનદાર માણસ છો. એટલે તમને ભૂત પ્રેત વગેરે કોઈ પજવી શકે તેમ નથી.'

વહીનો આ અનુભવ હજરતના જીવનમાં ભારે ક્રાંતિકારી બન્યો. એ અનુભવના નાદમાં તેઓ ગુફાઓના એકાંતમાં વધુ ને વધુ રહેવા લાગ્યા. શું ચાલે છે તે બીબી ખદીજા તો સમજી ગયાં હતાં. તેમણે પોતાના પતિને આ કઠણ સમયે પણ ધીરજ અને ઉત્સાહ આપ્યાં જ કર્યાં.

કેટલાક સમય બાદ એક રાતે ફરી હજરતને અવાજ સંભળાયો. તેણે કહ્યું, 'હે સોડ તાણીને સૂતેલા! જાગ, અને લોકોને જગાડ. તારા પરવરદિગારનો મહિમા યાદ કર, પાપકર્મથી દૂર રહે; બદલાની આશા વિના દાન કર; અને સૌ કાંઈ પરમાત્માનું ધાર્યું જ થાય છે એમ જાણી દુઃખસુખ ધીરજથી સહન કર.'

હજરત મહંમદને હવે ખાતરી થઈ કે, 'ખુદા મારી મારફત લોકોને પોતાનો સંદેશ પહોંચાડવા ઇચ્છે છે.' એટલે તેમણે પોતાની ઉપર ઇતબારવાળાં પોતાનાં પરિચિત તથા સંબંધીઓને એ સંદેશ કહેવા માંડ્યો, અને એ રીતે પોતાના જીવનકાર્યની શરૂઆત કરી. ખદીજા બીબી સૌથી પ્રથમ તેમની શિષ્યા થયાં. તેમને તો પહેલેથી જ હજરત અને તેમના પેગંબરપણા ઉપર ઇતબાર હતો. એવો જ ઇતબાર મક્કાના એક આગેવાન ગૃહસ્થ અબુ-બક્રને તથા હજરતના કાકા અબુ-તાલેબના પુત્ર અલીને પણ હતો. તે બંને તથા ઝેદ નામે એક છૂટો કરવામાં આવેલો ગુલામ તરત જ તેમના શિષ્ય બન્યા.

અબુ-બક્ર જેવા પ્રતિષ્ઠિત માણસ આ નવા પંથમાં ભળ્યા, એટલે બીજા પણ કેટલાક લોકો હજરત પેગંબરનાં વચનોમાં શ્રદ્ધા લાવી તેમના શિષ્ય થયા. ત્રણેક વર્ષના ગાળામાં તો તેમની સંખ્યા વધીને ચાળીસ જેટલી થઈ. હવે મક્કાવાસીઓ ચમક્યા. તેમને લાગ્યું કે, આ નવો પંથ જો વધતો ચાલ્યો, તો બુતપરસ્તીનું દેશમાંથી નામનિશાન નીકળી જશે, અને પોતાની કમાણી પણ સાથે સાથે જશે. એટલે તેમણે હજરતના કાકા ઉપર દબાણ લાવવા માંડ્યું કે, તેઓ તેમને પોતાના પંથનો પ્રચાર કરતાં અટકાવે. તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકાએ જ્યારે હજરતને એ વાત કહી ત્યારે તે બોલ્યા, 'કદી સૂર્ય મારી જમણી બાજુએ અને ચંદ્ર મારી ડાબી બાજુએ આવીને મને અટકાવે, તોપણ હું ઈશ્વરની આજ્ઞાનો પ્રચાર કરતો અટકવાનો નથી.'

પછી તો પેગંબર સાહેબ અને તેમના અનુયાયીઓ ઉપર સિતમની ઝડી વરસવી શરૂ થઈ. હજરત રસ્તે થઈને જતા હોય, ત્યારે તેમનો હુરિયો બોલાય, તેમના ઉપર કાંકરા, ધૂળ, જોડકણાં અને ગાળોનો સામટો વરસાદ વરસે. તે બંદગી કરવા નીચે નમ્યા હોય, ત્યારે તેમના ગળામાં ઊંટડીનાં ગંધાતાં આંતરડાં પહેરાવવામાં આવે. તેમના જવા આવવાના માર્ગમાં અંધારે અંધારે કાંટા-ઝાંખરાં વેરવામાં આવે; અને કોઈ વાર તો લોકોને બહુ ઝનૂન ચડ્યું હોય, ત્યારે તેમના ગળાની આસપાસ કપડું વીંટી તેને ખૂબ આમળે પણ ખરા.

પેગંબર સાહેબના ગરીબ કે ગુલામ શિષ્યો ઉપર તો આથી પણ વધારે કેર વરસાવવામાં આવતો. તેમને ખરે બપોરે અરબસ્તાનના તાપમાં રેતી ઉપર ચત્તાપાટ સુવાડી રાખવામાં આવે. તેમની છાતી ઉપર પથ્થરની શિલાઓ મૂકવામાં આવે. એક ગુલામનો તો એક એક પગ બે જુદાં જુદાં ઊંટ સાથે બાંધી, પછી તે ઊંટોને જુદી જુદી દિશામાં ભગાડીને, તેના શરીરને ચીરી નાખવામાં આવ્યું. એક દાસીને તેનો શેઠ જાતે, પોતે થાકીને લોથ થઈ જાય ત્યાં સુધી માર્યાં કરતો. તેમ છતાં બધાંનાં હૃદય ઈશ્વર પ્રત્યેની ભક્તિથી અને પેગંબર સાહેબ પ્રત્યેની આસ્થાથી ભરેલાં રહેતાં. ઈશ્વર સૌ સારા માટે કરે છે એમ માની, તે સૌ એ બધા જુલમો ધીરજથી સહન કરતાં, અને એકબીજાને બનતી મદદ કરી જીવન નિભાવતાં. છેવટે કેટલાક લોકો ઉપરનો જુલમ અસહ્ય બનતાં, પેગંબર સાહેબે તેમને એબિસીનિયામાં ચાલ્યા જવાની સલાહ આપી. પેગંબર સાહેબના કાકાના કુટુંબનો પણ હવે બહિષ્કાર કરવામાં આવ્યો. તેમને કોઈ કાંઈ વસ્તુ વેચે નહિ કે કશી મદદ કરે નહિ. ઘણા વખત બાદ મકાનની અંદર ભૂખે ટળવળતાં બાળકોની ચીસો બહાર જનારાઓથી સાંભળી ન ગઈ, ત્યારે એ બહિષ્કાર ઉઠાવી લેવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ આ બધી મુશ્કેલીઓ ઓછી હોય તેમ, થોડા વખતમાં જ બીબી ખદીજા તેમ જ પેગંબર સાહેબના કાકા અબુ-તાલેબ એક પછી એક મરણ પામ્યાં. પેગંબર સાહેબના આ બે મુખ્ય સ્તંભ તૂટી જવાથી તેમની સ્થિતિ વધુ કફોડી થઈ ગઈ. મક્કામાં હવે સૌ કોઈ તેમની ઉઘાડેચોક પજવણી કરવા લાગ્યું. પરંતુ તેથી ડર્યાં વગર તેમણે પોતાનું કામ, યાત્રાના દિવસોમાં બહારથી મક્કા આવતા મુસાફરોમાં ધીરજપૂર્વક ચાલુ રાખ્યું. જો કે, તે વખતે પણ તે લોકોને ચેતવણી આપવા મક્કાવાસીઓમાંથી કોઈ ને કોઈ હાજર રહેતું જ!

પરંતુ ધીમે ધીમે મદીનાના કેટલાક યાત્રીઓને તેમના ઉપર વિશ્વાસ બેઠો, અને તેમણે હજરતને મદીના પધારવા આમંત્રણ આપ્યું. આ તરફ મક્કાવાસીઓએ પણ છેવટનો ઉપાય લેવાનું નક્કી કર્યું હતું: હવે તેમણે પેગંબર સાહેબના મકાનને ઘેરી લઈ, તેમનો વધ કરવાનો પેંતરો રચ્યો. પરંતુ ખુદાને કરવું તે પેગંબર સાહેબ વખતસર ચેતી ગયા અને અબુ-બક્ર સાથે મદીના તરફ ચાલ્યા ગયા. તેમને ચાલ્યા જવાને પૂરતો સમય મળે તે માટે, અલી તેમના બિછાનામાં આખી રાત સોડ તાણી સૂઈ રહ્યો. મક્કાવાસીઓ પેગંબર સાહેબને પથારીમાં સૂતેલા ધારી નિરાંતે મકાનની આસપાસ બેસી રહ્યા.

પરંતુ બીજે દિવસે સાચી વાત માલૂમ પડતાં, ગુસ્સે થયેલા મક્કાવાસીઓએ પેગંબર સાહેબને પકડવા ચોતરફ માણસો દોડાવ્યાં. આથી તેમને એક ગુફામાં બે ત્રણ દિવસ ભરાઈ જવું પડ્યું. એક વખત તો શત્રુઓ ખોળ કરતા કરતા તે ગુફાના દ્વાર સુધી આવી પહોંચ્યા. અબુ-બક્ર ચિંતાતુર થઈને બોલી ઊઠ્યા, 'હજરત! શત્રુઓ ઘણા છે અને આપણે બે જ જણ છીએ.' હજરતે ગંભીરપણે જવાબ આપ્યો, 'આપણી પાસે ત્રીજો ખુદા છે; અને એ સૌને માટે બસ છે.'

બન્યું પણ એવું કે, તે જ અરસામાં એક કરોળિયાએ ગુફાના બારણામાં જાળું બાંધી દીધું. તે જાળાને જોઈ દુશ્મનોએ માની લીધું કે, તાજેતરમાં કોઈ આ ગુફામાં પેઠું નથી; એટલે તેઓ અંદર પેઠા વગર જ પાછા વળ્યા. હજરત પછી નિર્વિઘ્ને મદીના પહોંચી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેગંબર સાહેબે આ પ્રમાણે ઈ. સ. ૬૨૨માં મક્કા છોડયું. આ 'હિજરત'ના દિવસ ઉપરથી મુસલમાનો પોતાનો હિજરી સંવત ગણે છે.

મદીનાના લોકોએ પેગંબર સાહેબને અને તેમના ધર્મને સારો આવકાર આપ્યો. મદીના ગયા છતાં પણ મક્કાવાસીઓએ એમનો પીછો છોડયો નહિ. તેમણે વારંવાર મદીના ઉપર ચડાઈઓ કરી, અને ઘણી કતલો થઈ, છતાં પેગંબર સાહેબનું અનુયાયીમંડળ વધતું જ ગયું; અને છેવટે મક્કાવાસીઓએ તેમને શરણે આવી ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો.

હવે હજરત મક્કામાં પધાર્યા. મક્કાવાસીઓએ માન્યું હતું કે જૂના જુલમને યાદ કરીને પેગંબર સાહેબ તેમને સારી પેઠે શિક્ષા કરશે. પરંતુ તેમણે કોઈને હેરાન કીધા નહિ, કે એક પણ ઘર લૂંટાવ્યું નહિ. માત્ર પેલાં જરીપુરાણાં, તથા નર્યાં વહેમો અને દુરાચારોનાં આધારરૂપ બનેલાં બુતોને તેમણે તોડી નાખ્યાં.

પેગંબર સાહેબની રીત જ એ હતી કે, જિતાયેલ દુશ્મન પ્રત્યે દાનાઈ બતાવવી, અને તેને ભલાઈથી પૂરેપૂરો વશ કરી લેવો. ખ્રિસ્તી વગેરે જે જે પરધર્મી ટોળીઓ સાથે તેમને યુદ્ધો લડવાં પડયાં, તેમના પ્રત્યે પણ, એક વખત તેઓ શરણે આવ્યા બાદ, તેમણે સારું વર્તન રાખ્યું હતું, અને તેમને પોતપોતાનો ધર્મ અનુસરવાની પૂરેપૂરી છૂટ આપી હતી. 'ધર્મની બાબતમાં જોરજુલમ ન હોય.' એવી તેમની સ્પષ્ટ આજ્ઞા છે. કુરાનની એક આયત છે કે, 'માણસમાં જોરજુલમથી શ્રદ્ધા ન પ્રગટાવી શકાય. ઈશ્વરની કૃપા થાય ત્યારે જ માણસમાં શ્રદ્ધાભક્તિ ઉદય પામે.'

ધર્મનો ઉપદેશ કરવા નીકળનારનું જીવન સાફ હોય, તો તેના વર્તન અને તેની વાણીથી બીજાના દિલ ઉપર જેવી અસર થાય છે, તેવી બીજા કશાથી થતી નથી. ધર્મનો પ્રચાર કરવાની આ સાચી રીતથી, પોતાના જીવન દરમ્યાન જ પેગંબર સાહેબે જંગલી તથા ઝનૂની જેવી આરબ ટોળીઓમાં ઇસ્લામનો પ્રચાર કરી દીધો. ઇસ્લામ એટલે 'શાંતિ', અર્થાત્ શાંતિનો ધર્મ. અને ખરેખર, અરબી લોકોમાં એ ધર્મે નામ પ્રમાણે જ કામ કર્યું. ઇસ્લામના પ્રચારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે અરબી પ્રજા એક થઈ, પેગંબરે બતાવેલા સાચા ધર્મમાર્ગે વળી, અને આગળ ઉપર જગતના ઇતિહાસમાં નામના કરી શકી.

પોતાનું જીવનકાર્ય પૂરું કરી, ઇસ્લામના પેગંબર હજરત મહંમદ, ઈ. સ. ૬૩૨ના જૂન માસની ૮મી તારીખે સોમવારે, ખુદાની બંદગી કરતા કરતા, આ ફાની દુનિયા છોડી ગયા. એ દિવસ આજ આખા ઇસ્લામી જગતમાં 'બારહ-વફાત'ના નામથી ઊજવાય છે.

૪૩

ચાલો નિજ દેશ ભણી

मनजी मुसाफर रे, चालो निज देश भणी,
मुलख घणा जोया रे, मुसाफरी थई छे घणी. टेक०
स्वपुर जवानो पंथ आव्यो छे, रखे भूलता भाई;
फरीने आ मारग मळशे नहि, एवी छे अवळाई;
समजीने चालो सूधा रे, ना जाशो डावा के जमणी. मन० १
वचे फांसिया वाट मारवाने बेठा छे बे चार;
माटे वळावा राखो बे त्रणेक, त्यारे तेनो नहि भार;
मळ्यो छे एक भेदी रे, कहेली गति सहु ते तणी. मन० २
हावां माल वहोरो शेठना नामनो, थाय ना क्यहुं अटकाव;
आपणो करतां जोखम आवे, फावे धणीनो दाव;
एटला सारु रे ना थावुं वहोरतना धणी. मन० ३
जोजो जुग थकी जावुं छे, करजो संभाळीने काम;
दास दयाने एम गमे छे, हावां जईए पोताने गाम;
सूझे छे हावां एवुं रे, अवध थई छे आपणी. मन० ४

સ્વાધ્યાય

બે ચાર ફાંસિયા તે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે અવગુણો. બે ત્રણેક વળાવા તે વિવેક વૈરાગ્ય.

એક ભેદી તે સદ્‌ગુરુ કે અંતર્યામી પ્રભુ. શેઠ તે પ્રભુ. તેનું ઘર તે સૌનો નિજ દેશ, તેનો માલ — તે શેઠને પ્રિય એવાં સારાં કર્મો — અહીં કરો. અને એ વહોરતના ધણી ન થાઓ — અભિમાન ન રાખો.

આવી રીતે વસ્તુ કહેવાય તેને રૂપક કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

અશ્વમેધનો અશ્વ

[મહાકવિ ભવભૂતિના સંસ્કૃત નાટક, 'ઉત્તરરામચરિત'નો ગુજરાતી અનુવાદ સ્વ૦ સાક્ષરશ્રી મણિભાઈ નભુભાઈ દ્વિવેદીએ કર્યો છે. આ પ્રસંગ તે નાટકમાંથી તારવ્યો છે.

શ્રીરામચંદ્રે અયોધ્યામાં અશ્વમેધ શરૂ કર્યો છે અને તેનો ઘોડો છૂટો મૂક્યો છે. તે ફરતો ફરતો વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે આવે છે. તેની પાછળ રામચંદ્રજીની સેના આવે છે; લક્ષ્મણનો પુત્ર ચંદ્રકેતુ તેનો નાયક છે.

આશ્રમનાં બાળકો અશ્વને પહેલી વાર જોઈ નવાઈ પામે છે. તમને ખબર હશે કે, લવકુશ તેમના જ સાથી તરીકે ત્યાં રહે છે. બાળકોની વાતચીતથી આ દૃશ્ય શરૂ થાય છે, તે હવે વાંચો]

૧

[ગભરાટથી દોડતાં તપસ્વીબાળકો પ્રવેશ કરે છે.]

બાળકો — કુમાર! અશ્વ અશ્વ એવું કોઈ એક જાતનું પ્રાણી સાંભળવામાં આવ્યું છે, તે આજ અમે નજરે જોયું!

લવ — ઓહો! કહો તો ખરા કે તે કેવોક હોય છે.

બાળકો — સાંભળો,

(મંદાક્રાન્તા)

કેડે જાડી પૂંછડી લટકે, વારે વારે હલાવે;
લાંબું ડોકું, વળી ખરી પગે ચાર છે માત્ર એને;
મૂકે કેરી સમી લીંડી ઘણી, ખાય છે ઘાસ તોયે.
શું વા બોલ્યે? ઝડપ થકી તું ચાલ, એ દૂર જાયે.

[પાસે આવી, હાથ ખેંચી તેને દોડાવતા લઈ જાય છે.]

બાળકો — કુમાર! જુઓ, પેલો રહ્યો!

લવ — દીઠો. એ તો અશ્વમેધનો ઘોડો છે.

બાળકો — શાથી જાણ્યું?

લવ — રે મૂર્ખાઓ! તમે પણ ભણી જ ગયા છો. દેખતા નથી કે, તેનું રક્ષણ કરવા સો કવચધારી, સો દંડધારી, અને સો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનુર્ધારી યોદ્ધાઓ તેની પાછળ ચાલ્યા આવે છે? બીજું પણ તેવું જ લશ્કર તેની પાછળ દેખાય છે. ખાતરી ન થતી હોય તો પૂછી જુઓ!

બાળકો — એમ લશ્કર સાથે એ ઘોડો કેમ ફરતો હશે?

લવ — [હોંસથી મનમાં] એ તો અશ્વમેધ! વિશ્વવિજયી ક્ષત્રિયોના વીર્યની પરીક્ષાનું સ્થાન! અન્ય સર્વ ક્ષત્રિયોનો પરાભવ સૂચવનાર વીરઘોષણા!

[નેપથ્યમાં]

'આ અશ્વ તો દશ માથાંવાળા રાવણને રગદોળનાર, તથા સાતે ખંડના વીરશિરોમણિ, રામચંદ્ર મહારાજની વિજયપતાકા છે!'

લવ — [અકળાઈ ને] ઓહો! બોલ તો માથું ફેરવી નાખે તેવા છે! શું પૃથ્વી નક્ષત્રી થઈ ગઈ છે કે તમે લોકો આવું આવું બોલી શકો છો?

[નેપથ્યે]

ઓહો! રામચંદ્ર મહારાજ આગળ વળી ક્ષત્રિય કોણ છે?

લવ — ચૂપ રહો, હરામખોરો!

(ઉપજાતિ)

ભલે કહો 'કોઈ નથી', નથી તમા;
શાને બતાવો અહીંયાં ડરામણાં?
એમાં વળી શું વદવું વધારે?
હું એ પતાકા હમણાં હરું છું!

અલ્યા છોકરાઓ! ઘેરી લઈ, ઢેખલા મારતા, લઈ જાઓ એ ઘોડાને! કરી દો એને પેલા રોહિત મૃગો ભેળો!

[ક્રોધ અને ગર્વભર્યો પુરુષ પ્રવેશ કરે છે.]

પુરુષ — શું બોલ્યો અલ્યા ચાંપલા! તું બાળક છે માટે તારા આવા બોલ આ શૂરા શસ્ત્રધારીઓ સાંખી રહેશે એમ? જીવતા રહેવું હોય તો, વનની અપૂર્વ શોભા નિહાળવામાં રોકાઈ રહેલા ચંદ્રકેતુ કુમાર આવે, તે પહેલાં સામી ઝાડીમાં થઈને નીકળી જા!

બાળકો — બાપ રે! કુમાર, મૂઓ એ ઘોડો! શસ્ત્રધારીઓની પેલી ટુકડીઓ પોતાનાં શસ્ત્ર ચમકાવી, તમારા તરફ ડોળા કાઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી છે. આપણો આશ્રમ ઘણો દૂર છે. માટે ચાલો, હરણુની પેઠે છલંગો ભરતા, પલાયન કરી જઈએ!

લવ — શું શસ્ત્રો ચમકાવે છે? તો હું પણ આ મારું ધનુષ્ય ચમકાવું! આવી જાઓ બચ્ચાઓ, તમારે માટે યમને ઘેર જવાનો દરવાજો આ ખુલ્લો થયો!

૨

[નેપથ્યે]

'સૈનિકો! ગભરાશો નહિ! યુદ્ધના સમાચાર સાંભળી, કુમાર ચંદ્રકેતુ સુમંત્ર સારથિ સહિત મારતે ઘોડે તમારી કુમકે આવી પહોંચ્યા!'

[હાથમાં ધનુષ્ય સાથે રથમાં બેસી, આશ્ચર્ય, હર્ષ અને ઉત્કંઠા બતાવતો કુમાર ચંદ્રકેતુ પ્રવેશ કરે છે.]

ચંદ્રકેતુ — આર્ય સુમંત્ર! સતત ટંકારવ કરતા ધનુષ્ય વડે લશ્કર પર બાણ વરસાવતા, તથા ગુસ્સાથી તપી ગયેલા મુખવાળા, આ વીર બાળકને જોઈને મને એમ લાગ્યા કરે છે કે, એ જાણે રઘુવંશનો જ કોઈ અજ્ઞાત ફણગો તો નથી ને?

સુમંત્ર — આયુષ્મન્! એને જોઈ, મને પણ વિશ્વામિત્રનો યજ્ઞ ભાગનાર દાનવોનો સંહાર કરવા તત્પર થયેલા ધનુર્ધારી રામચંદ્ર જ યાદ આવે છે!

ચંદ્રકેતુ — એના એકલાના ઉપર આટલા બધા માણસો તૂટી પડ્યા છે, એ શરમાવા જેવું છે.

સુમંત્ર — વત્સ! એટલા ભેગા મળ્યા છે તો પણ કશું કરી શકતા નથી, તો એકલદોકલની તો વાત જ શી?

ચંદ્રકેતુ — આર્ય, ઉતાવળ કરો! ઉતાવળ કરો! એણે તો આપણાં માણસોનો કચ્ચરઘાણ કાઢવા માંડ્યો!

સુમંત્ર — [સ્વગત] એ શૂરા સાથે બાળક ચંદ્રકેતુને કેમ લડવા દેવાય? [વિચારીને] પણ હું ઇક્ષ્વાકુકુલમાં જ ઘરડો થયો; સામે આવેલા યુદ્ધમાંથી તેને પાછો પણ શેં વળાય?

ચંદ્રકેતુ — [વિસ્મય, લજ્જા અને અકળાટ સાથે] ધિક્કાર છે! મારું લશ્કર ચોતરફ નાસવા લાગ્યું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुमंत्र — [રથ પૂરપાટ દોડાવીને] આયુષ્મન્! હવે એ તમારું બોલવું સાંભળી શકે તેટલો નજીક આવ્યો છે.

चंद्रकेतु — [યાદ કરતો] આર્ય ! આપણને તેડવા આવેલાઓએ તેનું નામ શું કહ્યું હતું?

सुमंत्र — લવ.

चंद्रकेतु — વીરા લવ ! એ ભાગતા સૈનિકો ઉપર હાથ બતાવવાનું રહેવા દે. આ હું આવી પહોંચ્યો. વીરે વીર સાથે જ લડવું જોઈએ.

सुमंत्र — કુમાર, જુઓ ! જુઓ ! તમારા બોલ સાંભળી એ સૈનિકોને છોડી તરત જ પાછો ફર્યો.

[ઊભરાતે પરાક્રમે, ઉદ્ધત પગલાં ભરતો લવ પ્રવેશ કરે છે.]

लव — શાબાશ, રાજપુત્ર, શાબાશ! ખરેખર, તું સાચો ઇક્ષ્વાકુવંશી છે. તેથી હું તરત પાછો આવ્યો છું.

[નેપથ્યમાં કોલાહલ થાય છે.]

लव — [ત્વરાથી અવળો ફરી] શું! હમણાં તો મેં ભગાડી મૂકયા હતા; છતાં મારી પાછળ દોડી આવ્યા છો? લો ત્યારે લેતા જાઓ !

चंद्रकेतु — રે રે કુમાર ! તારા અદ્ભુત ગુણો વડે મેં તને મારો સખા માન્યો છે. એટલે એ બધા મારા માણસો હવે તારા જ બન્યા છે. તેમને હવે તારાથી ન મરાય. તારે તારા બળની પરીક્ષા કરવી હોય, તો મારી સાથે જ કર !

लव — [ખુશ થઈ] સૂર્યવંશી પ્રતાપી રાજકુમારની વાણી કેવી મીઠી તેમ જ તીખી છે? તો આ લોકોને પડતા મૂકી, એની પાસે જ જાઉં.

[નેપથ્યમાં કોલાહલ થાય છે.]

लव — [ક્રોધ અને ઘૃણાથી] આહ ! આ દુષ્ટો મને હેરાન જ કર્યા કરવાના. [તેમના તરફ વળે છે.]

चंद्रकेतु — અરે રાજાઓ ! હાથી ઘોડા અને રથમાં બેસી, કવચો વીંટેલા શરીરે, તમે સૌ ભેગા મળી, આ એકલા પગપાળા ચર્મધારી બાળક ઉપર તૂટી પડો છો, એ તમારે અને મારે લાજવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लव — [અકળાઈને] શું મારી દયા ખાય છે? [ઉતાવળે વિચાર કરીને] ઠીક છે; એ લોકોને જૃમ્ભકાસ્ત્ર વડે ઊંઘમાં નાંખી દઉં.

सुमंत्र — આપણા સૈનિકોનો અવાજ અચાનક શાંત શાથી થઈ ગયો?

लव — હવે આ બહાદુરની ખબર લઉં.

सुमंत्र — [ગભરાઈને] વત્સ! આણે જૃમ્ભકાસ્ત્ર છોડ્યું લાગે છે.

चंद्रकेतु — એમાં શો સંદેહ છે? જુઓને, આખું સૈન્ય ચીતર્યું હોય તેવું સ્થિર બની ગયું છે!

सुमंत्र — વત્સ, સાવધાન થાઓ! હવે તે તમારા તરફ આવે છે.

बंने कुमार — [એકબીજા તરફ જોઈને] આને દેખીને આટલું વહાલ કેમ ઊભરાય છે? [પ્રેમભરી નજરે એકબીજા તરફ જોઈને] કોઈ પૂર્વજન્મનો જૂનો સંબંધ હશે, કે એકબીજા વચ્ચે કોઈ અજાણ્યું સગપણ હશે, કે એકબીજાના ગુણો અતિશય મળતા આવવાને કારણે આમ થતું હશે?

चंद्रकेतु — આર્ય સુમંત્ર! હું રથમાંથી નીચે ઊતરું છું.

सुमंत्र — શા માટે?

चंद्रकेतु — એક તો આ વીર પુરુષના માનની ખાતર; અને બીજું ક્ષત્રિય ધર્મનું પાલન કરવા ખાતર. રથમાં બેઠેલાઓ પગપાળા સાથે લડે નહિ, એમ શાસ્ત્રકારો કહે છે. આપનો શો મત છે?

सुमंत्र — [સ્વગત] ભારે મુશ્કેલીમાં આવી પડ્યો. જે ધર્મ છે, તેની મના પણ મારા જેવાથી શી રીતે કરાય? અને જેમાં જીવનું જોખમ છે, એવું સાહસ પણ ચંદ્રકેતુને કેમ કરવા દેવાય? [પ્રગટ] આયુષ્મન્! તારું કાર્ય ધર્મ અનુસાર છે.

[અનુષ્ટુપ]

ન્યાય એ યુદ્ધ કેરો છે, એ જ ધર્મ સનાતન;
એ જ છે રઘુસિંહોની વીરચારિત્રપદ્ધતિ.

लव — કુમાર! તું રથમાં બેઠો જ શોભે છે. વધારેપડતો વિનય કરવાની જરૂર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चंद्रकेतु — ત્યારે તું પણ બીજા રથમાં બેસ.

लव — [સારથિને] આર્ય, રાજકુમારને રથમાં પાછા બેસાડો.

सुमंत्र — તો તું પણ ચંદ્રકેતુનું કહેવું રાખ.

लव — પોતપોતાને જોઈતા સાધન માટે બીજાએ આગ્રહ કરવાનો શો હોય? પરંતુ હું તો અરણ્યમાં રહેવાવાળો, એટલે મને રથમાં બેસીને લડવાની ટેવ નથી.

सुमंत्र — વત્સ! તને અભિમાન કરતાં આવડે છે, તેમ સૌજન્ય દાખવતાં પણ આવડે છે. તને જો રાજા રામચંદ્ર જુએ, તો તેમનું હૃદય સ્નેહથી દ્રવી જાય.

लव — ચંદ્રકેતુ! એ રાજર્ષિ બહુ રૂડા સજ્જન છે, એમ સાંભળવામાં આવ્યું છે. મારો પણ તેમના પ્રત્યે આદરભાવ જ છે. તેવા ગુણી પ્રત્યે કોને આદર ન હોય? પરંતુ, આ તો અશ્વરક્ષકોએ તમામ ક્ષત્રિયોને નીચાજોણું થાય તેવું કહ્યું, એટલે હું ચિડાઈ ગયો.

चंद्रकेतु — શું તમારાથી પિતાજીના પ્રતાપની સ્તુતિ પણ ન ખમાઈ?

लव — એની વાત પછી. પ્રથમ હું જ તને પૂછું છું કે, રઘુરાજ રામચંદ્ર તો નિરહંકારી છે એમ સાંભળ્યું છે. તો પછી તેમના અનુચરો એવી કડવી વાણી કેમ બોલે? જાણતો નથી કે, ઋષિઓએ તેવી વાણીને જ સર્વ વેરનું મૂળ કહી છે; તથા મધુર, શુદ્ધ અને નિર્દોષ વાણીને જ સર્વ કલ્યાણોનું મૂળ કહી છે? તેં એમ પૂછ્યું કે, રામચંદ્રના પ્રતાપની પણ ઈર્ષ્યા આવી? તો હું પૂછું છું કે, મુલકભરનું શૂરાતન શું એમનામાં જ આવી ભરાયું છે?

सुमंत्र — તું ઇક્ષ્વાકુવંશી રામચંદ્રદેવને જાણતો નથી, એટલે વાત ત્યાંથી જ પડતી મૂક. તેં સૈનિકોને ભગાડી મૂકીને ભારે પરાક્રમ દેખાડ્યું એની ના નથી; પરંતુ તેથી પરશુરામનો ગર્વ ઉતારનારની હોડ બકવાની જરૂર નથી.

लव — [સહાસ્ય] આર્ય, તેમણે પરશુરામને હરાવ્યા, એમાં શું ભારે કરી નાખ્યું? બ્રાહ્મણોનું બળ વાણીમાં રહેલું કહેવાય છે, અને ક્ષત્રિયોનું બાહુમાં. એકાદ શસ્ત્રધારી બ્રાહ્મણને દબાવી દેવો, એ ક્ષત્રિયને માટે બહાદુરીની વાત છે શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चंद्रकेतु — [અકળાઈને] આર્ય સુમંત્ર! રહેવા દો સવાલ જવાબ. આ કોઈ નવીન જ પુરુષાવતાર છે, કે જેને મન ભગવાન પરશુરામ પણ કાંઈ ચીજ નથી, તથા જગતને અભયદાન દેનાર પિતાજીનાં પવિત્ર ચરિત્રોને પણ જે જાણતો નથી.

लव — વાહ! રઘુપતિનાં ચરિત્રો અને મહિમા કોણ નથી જાણતું? મોટા કહેવાતાઓની વાત ન કરવામાં જ શોભા છે. ખરે જ, સુંદની સ્ત્રી તાડકાને મારી, છતાં જેમની કીર્તિને લાંછન ન લાગ્યું, તેમને મોટા જ કહેવા જોઈએ ને! વળી ખર સાથે લડતાં ત્રણ પગલાં પાછા હઠી ગયા, એ ઓછી બહાદુરી છે! અને વાલીનો છુપાઈને કરેલો વધ કોણ નથી જાણતું?

चंद्रकेतु — અરે, પૂજ્ય પિતાજીની નિંદા કરનાર, બેશરમ! બોલતાં છેક જ છકયો શું?

लव — ઓહો, મારી સામે ડોળા કાઢવા માંડ્યા ને!

सुमंत्र — અરે, આ બે તો હવે હાથથી ગયા.

लव — ચાલ ત્યારે, જરા લડતાં ફાવે તેવી જગાએ જઈએ.

[સર્વે જાય છે.]

૩

[ઉજ્જ્વલ વિમાનમાં બેઠેલું વિદ્યાધરનું જોડું પ્રવેશ કરે છે.]

विद्याधर — [નીચે જોઈને] અહો! સૂર્યવંશના આ બે કુમારો વચ્ચે વિનાકારણ શું આ ભયંકર યુદ્ધ મચી રહ્યું છે? એમના મોં ઉપર ક્ષત્રિયતેજ કેવું ઝળહળી રહ્યું છે! એમનાં પરાક્રમ જોઈને દેવ-દાનવ સર્વે વિસ્મયથી દિઙ્મૂઢ જેવા થઈ રહ્યા છે.

विद्याधरी — અરે! એટલામાં આકાશ અચાનક ચમકી ઊઠેલી વીજળીઓના ચમકારાથી પીળું થઈ ગયું હોય તેમ કેમ દેખાય છે?

विद्याधर — [વિચારીને] અહો! સમજાયું, સમજાયું. એ તો લક્ષ્મણકુમાર વીર ચંદ્રકેતુએ અગ્ન્યસ્ત્ર મૂક્યું, તેમાંથી આ અગ્નિ વર્ષી રહ્યો છે. આશ્ચર્ય! વીજળીના કડાકા કરતો, લપક લપક કરતી જ્વાળાઓ ફેલાવતો, તથા અંગારા વરસાવતો અગ્નિ ચારે બાજુ ધસી રહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विद्याधरी — અરે! એટલામાં ચમકતી વીજળીઓવાળાં તથા માતેલા મયૂરોના કંઠ જેવાં શ્યામ વાદળ ક્યાંથી ચડી આવ્યાં?

विद्याधर — એ તો કુમાર લવે મૂકેલા વારુણાસ્ત્રનો પ્રતાપ! અહો! ઉપરાઉપરી વરસતાં ઝાપટાંથી અગ્નિનો ધસારો શાંત થઈ ગયો!

विद्याधरी — ઠીક થયું.

विद्याधर — પણ જો તો ખરી! આ ચંદ્રકેતુએ વાયવ્ય અસ્ત્ર છોડ્યું! પ્રલયકાળના પવનોની પેઠે સૂસવતા વાયુએ ક્ષણમાત્રમાં એ બધાં વાદળ ક્યાંય ઉરાડી દીધાં! પરંતુ એ ભીષણ પવનના ઉત્પાતમાં જગતનાં આ બધાં પ્રાણીઓ કેવાં કરુણ દશામાં આવી પડ્યાં છે!

विद्याधरी — જુઓ તો ખરા! ઉતાવળે હાથ ઊંચો કરી, દુપટ્ટાનો છેડો હલાવી, યુદ્ધ થંભાવવાનું સૂચવતા, આ કોણ વિમાન લઈને એ કુમારોની વચ્ચે ઊતર્યા?

विद्याधर — [જોઈ ને, સહર્ષ] હાશ! એ તો શંબૂકને મારીને રઘુપતિ રામચંદ્ર પાછા આવ્યા લાગે છે. હવે આ દારુણ યુદ્ધ થંભશે. રામચંદ્ર કે લવ એકબીજાને ઓળખતા નથી; પરંતુ એ પિતાપુત્રનો પહેલી વાર થતો મેળાપ અવશ્ય દર્શનીય થશે. ચાલ, આપણે તે તરફ જઈએ.

[બન્ને જાય છે.]

સ્વાધ્યાય

૧. અશ્વમેધ યજ્ઞ શું કામ ને ક્યારે થતો એ જાણો છો?

૨. આ પ્રસંગ પરથી જો જિજ્ઞાસા જાગે તો 'ઉત્તરરામચરિત' વાંચજો.

૩. શા કારણે લવ લડવા લાગી ગયો? અને તેને પોતાના સંબંધની ખબર શાથી નહોતી?

૪. તે જમાનાની યુદ્ધપદ્ધતિ તરફ ધ્યાન દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર્શ ગામ

[સરદાર વલ્લભભાઈ પટેલનું નામ સૌ જાણે છે. ભાષાના જાણકારો કહે છે કે, તેમણે ગુજરાતી ભાષામાં વક્તૃત્વની એક ખાસ છટા ખીલવી છે. આ પાઠ તેમના એક વ્યાખ્યાનમાંથી લીધો છે.]

સ્વરાજનું ગામ કેવું હોય? એ ગામની ભાગોળમાં પેસીએ ત્યાંથી ખબર પડી જાય કે, આ કાંઈક જુદું જ ગામ છે. અત્યારે તો ગામમાં પેસતાં ભાગોળથી નાકે ડૂચા દેવા પડે છે! પોતાના ઉકરડા ક્યાં કરવા, કેમ કરવા, એ ખેડૂત જાણતો નથી. મળમૂત્ર ક્યાં કરવાં એ તેને આવડતું નથી. બળદ ફાવે ત્યાં પોદળો કરે તેમ એનું છે. આમ તે પોતાનું સોનાનું ખાતર વેડફી મારે છે અને ગંદકીમાં રિબાય છે.

આદર્શ ગામમાં ખેડૂત ખાડા કરી ખાતર સંઘરે; ઢોરનું મૂતર પણ ખાડામાં સચવાય એમ કરે. ખાડા ઉપર પાટિયાં મૂકી તેના ઉપર પાયખાનું ગોઠવે અને સોનાનું ખાતર ગુમાવી ન દે. એ કળા જાણનાર ખેડૂતના ગામમાં ગંદકી ન હોય, માખીનું નામ ન હોય. ઈશ્વરે આટલી છૂટી જમીન આપી છે, ખુલ્લી હવા અને સુંદર પ્રકાશ આપ્યાં છે, ત્યાં ખેડૂત શા માટે નરકવાસ ભોગવે? તેણે તો સ્વર્ગ સમાન ગામ બનાવવું જોઈએ.

આદર્શ ગામમાં તો ખેડૂતના આંગણામાં પાણીનો છંટકાવ કરેલો હોય, અને તેમની સ્ત્રીઓએ ત્યાં ગુલાબ વાવ્યાં હોય. આજે તો આંગણામાં તે બાળકોને પાયખાને બેસાડે છે! તેના ઉપર માખી બેસે છે અને તે જ માખી તેના ઓરડામાં જાય છે.

એ ગામના ખેડૂતનાં બાળકો કેવાં સુંદર હોય! તેમનાં આંખ, નાક, મોં ઉપર મેલ વળગ્યો ન હોય; તેમનાં કપડાં ગંદાં ન હોય; તેમના ગાલની આરપાર એવું લોહી ચમકતું દેખાતું હોય કે જાણે ગુલાબનું ફૂલ! પણ ખેડૂતની સ્ત્રીએ જિંદગીમાં ગુલાબનું ફૂલ જોયું હોય ત્યારે એવાં બાળકો ઉછેરતાં એને આવડે ને? એણે તો બિચારીએ માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાણુ ચૂંથી જાણ્યું છે! તેને બાળક ઉછેરતાં ક્યાં આવડે છે? તે તો બાળકને અફીણની ગોળી ગળાવીને, કાં તો ટપલો મારીને, ને કાં તો ઘોડિયામાં ઢબુડાવીને મૂંગું કરે છે, ને વૈતરું કર્યા કરે છે. એ રીતે કાંઈ ખેડૂતના ઘરમાં દેવ ઉત્પન્ન થાય?

આદર્શ ગામમાં ખેડૂતો પોતાની સ્ત્રીઓનું માન રાખતા હોય, તેમના પ્રત્યે પ્રેમ રાખતા હોય; તે સંસારની ભાગીદાર ગણાતી હોય.

'ઢોર ગવાઁર શૂદ્ર પશુ નારી
યે સબ તાડનકે અધિકારી.'—

એ જ જો તમે હજી માનતા હો, તો આપણે ગુલામ છીએ અને ગુલામ રહેવાના. એટલું સમજજો કે, સ્ત્રી એ માતા થવાની છે અને નમસ્કાર કરવાને યોગ્ય છે, — લાકડીને યોગ્ય ન હોય.

રેંટિયો તો આ ગામમાં વાવેતરના જેટલો સ્વાભાવિક થઈ ગયો હોય. જે ખેડૂત કપાસ ઉગાડતાં છતાં, કપડાં બહારથી લાવે છે, એને હું ખેડૂત જ કહેતો નથી.

સ્વરાજના ગામમાં કંઈ આવાં મકાનો હોય? માણસ અને ઢોરનું રહેવાનું ભેગું કેમ હોય? આટલા માંકડ, ચાંચડથી ભરેલાં તે ઘર હોય? તેમાં બિચારી સ્ત્રીની શી દશા? એક તરફથી છોકરાં રો-કકળ કરે, બીજી તરફથી ઢોર બરાડા પાડે!

આદર્શ ગામના કૂવા આવા ન હોય. તમારા કૂવાઓ પાસે તો ઊભું પણ રહેવાતું નથી. ત્યાં કાદવ સડે છે અને માખી બમણે છે. સ્ત્રીઓ પાણી ભરવા જાય છે તો પગ કાદવમાં બગડે છે, અને મેલનું ઝેર થઈ શરીરમાં ઊતરે એ તો જુદું.

સ્વરાજના ગામમાં રાતે અંધારામાં અફળાવાનું ન હોય. ગામમાં સંપ કરીને બત્તીઓ રાખી હોય, ગામના સુખી લોકો તેલ આપતા હોય, અને ગામના જુવાનિયાઓ કે સ્ત્રીઓ તે સાફ કરીને નિયમિત સળગાવતાં હોય. એમાં ખર્ચનો સવાલ આડે આવતો નથી, આળસ અને અજ્ઞાન જ નડે છે.

પણ આ બધું ક્યારે આપણાથી કરી શકાય? ગામમાં જરા પણ કુસંપ ન હોય ત્યારે; ગામના બધા ભાગો પોતપોતાની ફરજો સમજીને બજાવતા હોય ત્યારે. આ શરીરમાં અનેક જુદા જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવયવો છે, પણ કેટલા એકસંપથી તે પોતપોતાનાં કામ કરે છે ? જેણે એ બનાવ્યું છે તેની રચનાની બલિહારી છે. પગમાં કાંટો વાગે કે તરત જ માથા સુધી તેનું દર્દ પહોંચે છે. અવયવો જુદા કર્યા છે, પણ એમાંના એકે વિના શરીરનો કારભાર પાધરો ચાલે નહિ. ગામ એના જેવું હોવું જોઈએ. ગામમાં એક દુઃખી હોય, એક ભૂખ્યો હોય, તો આખા ગામને તે દુઃખ લાગવું જોઈએ. પણ ખેડૂત આજે કુસંપમાં ડૂબેલો છે, મિથ્યા મોટાઈમાં તણાય છે. જ્યાં ગામમાં અનેકને ખાવાનું મળતું નથી ત્યાં મોટાઈ શી ? જ્યાં સરકાર–દરબારમાં આપણી ઇજ્જત નથી, ત્યાં આપણે વડાઈમાં તણાવાનું શું, ને અંદર અંદર લડવાનું શું ? ખેડૂત ઈશ્વરને ભૂલ્યો છે તે એના કુસંપ અને ઈર્ષાનું કારણ છે. . . એવી ઈર્ષા અને કુસંપ કાઢી નાંખો. આપણે કીડીને વેગે ચાલીએ છીએ તે નહિ ચાલે. જગત વાયુવેગે આગળ વધી રહ્યું છે અને હિંદુસ્તાનના ખેડૂત પાછળ પડી જાય છે.

સ્વાધ્યાય

૧. આ પાઠ તમે મોઢે કરી છટાથી ભાષણ આપતા હો એમ બોલો.

૨. 'ગામડું એટલે ઉકરડો ?'—એ પ્રશ્ન પાંચમી ચોપડીમાં તમે ભણ્યા હશો, તે અહીં યાદ કરો.

૩. તમારા ગામને આદર્શ બનાવવા શું શું કરવું જોઈએ તે વિચારી વિદ્યાર્થીમંડળથી થાય તેવું કામ ઉપાડો.

૪. પાઠમાં જે દુહો આવે છે તે હિંદી ભાષાના ભક્ત-કવિ તુલસીદાસના 'રામાયણ'માંથી છે. તેનો અર્થ આમ છે: ઢોર, ગમાર કે મૂર્ખ, શૂદ્ર, પશુ અને સ્ત્રી એ બધાં મારને પાત્ર છે. આજ કોઈ આવું માને ખરું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનની

[મહીડાનાં દાણ અમે નહિ દઈએ રે લોલ — એ ઢાળ]

मीठां मधु ने मीठा मेहुला रे लोल,
एथी मीठी ते मोरी मात रे.
जननीनी जोड, सखी! नहि जडे रे लोल. टेक

प्रभुना ए प्रेम तणी पूतळी रे लोल,
जगथी जुदेरी एनी जात रे. जननीनी० १

अमीनी भरेल एनी आंखडी रे लोल,
वहालनां भरेलां एनां वेण रे. जननीनी० २

हाथ गूंथेल एना हीरना रे लोल,
हैयुं हेमंत केरी हेल रे. जननीनी० ३

देवोने दूध एनां दोह्यलां रे लोल,
शशीए सींचेल एनी सोड रे. जननीनी० ४

जगनो आधार एनी आंगळी रे लोल,
काळजामां कंईक भर्या कोड रे. जननीनी० ५

धरणी-माताये हशे धूजती रे लोल.
अचळा अचूक एक माय रे. जननीनी० ६

गंगानां नीर तो वधेघटे रे लोल,
सरखो ए प्रेमनो प्रवाह रे. जननीनी० ७

वरसे घडीक व्योमवादळी रे लोल,
माडीनो मेघ बारे मास रे. जननीनी० ८

चळती चंदानी दीसे चांदनी रे लोल,
एनो नहि आथमे उजास रे. जननीनी० ९

સ્વાધ્યાય

૧. સ્વ. કવિ બોટાદકરના ‘રાસતરંગિણી’ કાવ્યસંગ્રહમાંથી આ કાવ્ય છે. પ્રેમાનંદની ‘માત વિના સૂનો સંસાર’ એ લીટીઓ ફરી વાંચો.

૨. સંસ્કૃતમાં એક સુભાષિત છે—

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।

જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાંય વધારે ગૌરવવાળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળની આત્મકથા

શરૂઆતથી માંડીને જો મારી કથા હું કહેવા બેસું તો તે બહુ લાંબી થઈ જાય, એટલે ટૂંકમાં કહીશ. માણસ જાત જ્યારે જંગલી દશામાં હતી, ત્યારે હું હયાત નહોતો. તમે એમ માનો તોય ખોટું નથી કે, હું આવ્યો ત્યાર પછી જ તમારો સુધારો ઝડપભેર વધ્યો છે; અને આજે તો મારા વગર તમારું તલભાર પણ ન ચાલે એવી સ્થિતિ થઈ છે.

મારી શોધ થઈ તે પહેલાં તમે લોકો બહુ લખતા પણ નહોતા. તમને લખવાનું આવડ્યા પછી શરૂમાં તમે પથ્થર, માટી, અને તાંબાપીતળનાં પતરાં પર લખવા લાગ્યા. તમારો પ્રાચીન વડવો ઘર કરી જાણતો ન હતો; પશુની બોડ જેવી ગુફામાં તે રહેતો. એટલે આજે ઘરની ભીંત પર બાળક લખે એમ તે ગુફાની ભીંત પર લખતો. એમ પથ્થર પરનાં લખાણો શરૂ થયાં. આજ પણ તમે મકાનો કે સ્મારકો પર પથ્થરની તકતીઓ મૂકો છો. ગિરનાર ગયા ન હો તો જજો; તો ત્યાં તમને ધર્મરાજ અશોકનો પ્રાચીન શિલાલેખ જોવા મળશે.

કાળ જતાં તમે ઘર બનાવતાં શીખ્યા, એટલે તમારામાંથી કોકે ઈંટ પાડવાની શોધ કરી. અને કોઈ બુદ્ધિમાન માણસે જોયું હશે કે, પથ્થર કરતાં પોચી કાચી ઈંટ પર લખવું શું ખોટું? એ પરથી તમે ઈંટ પર લખવા લાગ્યા. લખીને કાચી ઈંટોને પકવી લઈએ એટલે બસ. યુક્લિડ નામનો એક મોટો ગ્રીક ગણિતી થઈ ગયો, તેણે પોતાની ભૂમિતિ ઈંટો પર જ લખી હતી; અને એ ઈંટોથી પોતાનું મકાન ચણાવ્યું હતું. એટલે, ઈંટોની બાંધેલી ભૂમિતિની ચોપડીમાં જ એ રહેતો હતો! આજ મારે પ્રતાપે તમે કેવી નાનકડી અને રૂપાળી ભૂમિતિ પામ્યા છો?

મિસર દેશના લોકો એથી આગળ વધ્યા. તેમણે 'પેપીરસ' નામના એક છોડના રેસાઓને કૂટીને તેમાં ચીકાશ ભેળવી મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવું પાતળું પડ બનાવ્યું. પણ એ મારું આદિરૂપ નહોતું. અંગ્રેજીમાં મારું નામ 'પેપર' છે, તે આ 'પેપીરસ' વનસ્પતિ પરથી પડયું છે. મારે ને એને એટલો જ સંબંધ છે; બાકી મારા મૂળ રૂપની શોધ તો લગભગ બે હજાર વર્ષ અગાઉ ચીન દેશમાં થઈ.

ત્સાઇલૂન કરીને એક ચીનો મારો શોધનાર હતો. લક્કડ કે કાઠી માત્રમાં એક રેસાળ પદાર્થ રહેલો છે. એ પદાર્થને અંગ્રેજીમાં 'સેલ્યુલોઝ' કહે છે. એ પદાર્થથી મારું શરીર બને છે. જો તમે તમારા રસાયન-શિક્ષકને પૂછો કે, વનસ્પતિમાત્રમાંથી મળતો આ રેસાળ પદાર્થ શું છે, તો તે તમને કહેશે કે, એ પદાર્થ ખાંડ અને ભાતની જ જાતનો છે. એટલે, હું તમારા ખોરાકની આ બે ચીજોનો સગો થાઉ છું. હું પણ તમારા મગજનો જ ખોરાક પૂરો પાડું છું ને? પણ મારી મોટાઈની વાત પડતી મૂકી આગળ ચાલું.

ચીનમાં મારો જન્મ થયો તે વખતે તમે હિંદના લોકો તાડપત્ર અને ભોજપત્ર પર લખતા હતા. આ પત્રો મારા જેવા જ રૂપના છે. તમે લોકો સાદું જીવન ચાહનારા અને અરણ્યવાસી રહ્યા. એટલે તમે કુદરતી કાગળ જ શોધી કાઢયો. તાડપત્ર પર લખેલાં પુસ્તકો તમને સંગ્રહસ્થાનોમાં આજે પણ જોવા મળે.

ઈસ્વી સનના પહેલા સૈકામાં ચીનમાં હું અવતર્યો, પણ લગભગ સાત સૈકાં સુધી હું એ દેશ બહાર ગયો નહોતો. એક વાર અચાનક મારે સમરકંદ જવાનું થયું. ઈ. સ. ૭૫૧ માં સમરકંદના સૂબાએ એક ચીની લશ્કરને કબજે કર્યું. આ લશ્કરની સાથે કેટલાક કાગદી હતા. એ કાગદી પાસે સમરકંદના સૂબાએ મને જોયો; મારું રૂપ દેખી તે રાજી થઈ ગયો, ને ત્યાંથી મને તેણે અરબસ્તાન મોકલી આપ્યો. એ લોકે ત્યાં મારું નામ 'કાગઝ' પાડયું. એ જ મારા કાગળ નામનું મૂળ.

ચીનથી હવે મેં આગળ પ્રવાસ કરવા માંડયો. અરબી લોકો યુરોપ ગયા ત્યારે તેમની જોડે હું ઈ. સ.ના ૧૧મા સૈકામાં યુરોપ પહોંચ્યો. ઇંગ્લેન્ડ તો ત્યાર પછી ૪૦૦ વર્ષે મેં દેખ્યું, અને એ દેશમાં મારી પેદાશ તો ૧૮ મા સૈકામાં જ શરૂ થઈ. પણ ત્યાં સુધીમાં મારી જાણ આખી દુનિયામાં થઈ ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણુ થવાની સાથે જ મારી કિંમત પણ કેમ ઢાંકી રહે? હવે લખવાનું કામ મારા પર જ થવા લાગ્યું. અને તમે લોકે છાપખાનું શોધી કાઢ્યું. એટલે આજે મારી ગરજ તો પાર વિનાની વધી ગઈ છે.

યંત્રની શોધો પાછળ તમે લાગ્યા, એટલે કાગદીકામ માટે પણ તમે યંત્રો શોધી કાઢ્યાં. પરંતુ યંત્રથી જે પ્રક્રિયા ચાલે છે એ પણ મૂળ કાગદીએ શોધેલી પ્રક્રિયા જ છે. એ પ્રક્રિયા કોક દહાડો તમે તમારી મહાસભાના પ્રદર્શનમાં જઈને જોજો. ગાંધીજીએ ગ્રામ-ઉદ્યોગની ચળવળ શરૂ કરી છે, એટલે દર વરસે તમે એનાં પ્રદર્શન કરો છો. કોક વાર પછી યંત્રની મિલ પણ જોઈ આવજો.

પ્રક્રિયા સાવ સાદી અને સીધી છે. ઉપર મેં કહ્યું છે કે, મારું શરીર કાઠીમાત્રમાંથી મળી આવતા રેસાળ પદાર્થનું બને છે. આ રેસાળ પદાર્થની ખોટ જ નથી. તમારા ધાગા, ફોતરાં, ઘાસ, વાંસ, શણ, વગેરે અનેક ચીજોમાંથી એ પેદા કરી શકાય. તેથી તો મારી પેદાશ તમે ગામેગામ કરી શકો છો. તેથી તો ગ્રામ–ઉદ્યોગમાં મને સ્થાન મળ્યું છે.

આ કાઠીને કૂટી તેનો માવો કરવાનો હોય છે. આ કામ જ કડાકૂટિયું ને વખત ખાનારું છે. કાઠી જોડે રાસાયણિક દવાઓ ભેળવો ને તેને ગરમી આપો, તો માવો જલદી થાય છે. જો રદ્દી કાગળ કે તેનું કતરામણ જ વાપરો, તો તેને કૂટી કૂટીને પણ જોઈએ એવો ઝીણો માવો થઈ શકે છે. માવો માખણ જેવો મુલાયમ થવો જોઈએ. અને તે સફેદ કરો તો તમને જોવો ગમે એવો દૂધ જેવો મારો વાન થાય. તેને સારુ માવાને સાબુ કે 'બ્લીચિંગ પાઉડર'થી ધોવાનો હોય છે.

આમ તૈયાર કરેલા માખણ જેવા ધોળા માવાને મકતા પાણીમાં ભેળવવામાં આવે છે. એટલે માવો ઝીણા ઝીણા રેસાની રજોટીરૂપે છૂટો પડી પાણીમાં ફેલાઈ જાય છે. પછી એક સાદડી જેવી જાળી લઈને, હાથ વડે આ પાણીમાં નીચેથી ઉપર લાવવામાં આવે છે; તેથી પેલી રેસાળ રજોટી જાળીમાં ઝિલાઈ રહે છે અને જાળી ઉપર તેનું એક પાતળું પડ જામે છે. આ પડ એકસમાન જામે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુશળતાથી જાળી તળેઉપર કરતાં આવડવું જોઈએ. કામ કરતાં કરતાં નાનો છોકરો પણ એ શીખી લે છે. આમ કરીને જાળી પર જમાવેલું પડ એ જ હું. એને પછી સૂકવવામાં આવે છે; અને ઘસી ઘસીને લીસું અને ચકચકતું કરાય છે. એટલે હું તમારા કામને માટે તૈયાર થઈ જાઉં છું.

આ સાદી રીત માટે યંત્રો વાપરો તો હું થોકબંધ પેદા થાઉં છું. દર વર્ષે મારી પેદાશ કેટલી છે તે તમે જાણો છો? થોડા વર્ષ પર એક અંગ્રેજે ગણતરી કરી હતી કે, વાર્ષિક ૮૦ લાખ ટન કાગળ વપરાય છે; ૬ એકર વનની કાઢી એમાં ઓહિયાં થાય છે. જો એ કાગળનો એક લાંબો પટો કરવામાં આવે અને તેની પહોળાઈ એક માઈલ રાખવામાં આવે, તો પૃથ્વીની ચોગરદમ બે વાર એ પટો લપેટી શકાય! હિંદમાં તમે થોડીક મિલો કાઢી છે. પણ ઝપાટાબંધ કામ લેવું હોય, તો ઉપરની સાદી રીતે ગામેગામ તમારે મંડી પડવું જોઈએ. એમ કરશો તો ધૂળ જેવા કચરામાંથી તમે મને ઉપજાવી શકશો એટલું જ નહિ, તમને થોડી મજૂરી પણ મળશે.

સ્વાધ્યાય

૧. હાથ-કાગળ બનતા જોવા કોક પ્રદર્શનનો લાગ સાધજો. હોંશ હોય તો તમે પોતે બનાવી જુઓ. મૂળ શોધકો શી રીતે કામ કરતા હશે તે આમ કરી જોતાં તમને થોડુંક સમજાશે.

૨. બારેજડીમાં કાગળનું કારખાનું છે. તે જોવા જવાનું ગોઠવો.

૪૮

બળબળતા જામ્યા બપ્પોર

ઘોમ ધખ્યો મધ્યાહ્ન તણો ને સ્થંભ્યા રણવગડાના વા,
સ્થંભ્યો શિર પર સૂરજ આવી, લૂંક લાગી તન સળગાવા;
ગરમીના સંધાયા દોર, બળબળતા જામ્યા બપ્પોર. ૧
સૂમસામ સૌ દુનિયા દીસે, વગડો સૌ સૂનકાર પડયો!
ઉજ્જડમાં વેતાલ સમો ત્યાં ચકર ચકર વંટોળ ચડયો!
એ તો ભારે મસ્તીખોર! બળબળતા જામ્યા બપ્પોર. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

फर फर फर फर फूदडी फरतो मेदानेथी भ्रमण चडयो;
वन-वस्तीमां धूम मचवतो वृक्षो साथे जाय लडयो !
उन्मत्त सरखो एनो तोर ! बळबळता जाम्या बप्पोर. ३

धूळ जुए त्यां धमाल करतो गांडो थई आळोटी पडे !
उडाडी आकाशे गोटा, ऊंचो ऊंचो खूब चडे !
वधतुं वधतुं करतो जोर ! बळबळता जाम्या बप्पोर. ४

सूकां पर्णो, कूचो कचरो उछाळी ऊंचां लई जाय,
ज्यां ज्यां आग झरे त्यां त्यां ए जराकमांथी जबरो थाय;
घररर फर छर करतो शोर ! बळबळता जाम्या बप्पोर. ५

मांकडांनां माथां फाटे एवो तीखो ताप तप्यो;
अकळायो तरस्यो मुसाफर रडयोखडयो को जाय धप्यो,
जोतो ए विश्रांति-ठोर; बळबळता जाम्या बप्पोर. ६

महेल, बगीचा, कुंजभवनमां श्रीमंत दुनिया थाती गेब;
निर्धननां तन करे मजूरी, परसेवे तो झेबेझेब !
केवा जीवन-विग्रह घोर ! बळबळता जाम्या बप्पोर. ७

चार घडीना वैभव जेवां झांझवां झळ झळ झळ बळे;
तेनी सामे दोडी दोडी हरणांओ तरसे टळवळे !
तोय अजब आशानी दोर ! बळबळता जाम्या बप्पोर. ८

गीध ने समडी गगन चडयां, जो कपोत बेठो घू घू करे;
तेतर चकलां गुपचुप छूप्यां, बाज शिकारी फेरा फरे;
जंप्यां मधुरां कोयल मोर; बळबळता जाम्या बप्पोर. ९

धगधगती धरतीनी झाळे खेडूतो शेकाता अंग,
बळदियानां पूछ मरडता आवे सांतीडां लई संग;
धिंगा धडबा सात नकोर ! बळबळता जाम्या बप्पोर. १०

સ્વાધ્યાય

શ્રી. ત્રિભુવન વ્યાસનું આ બીજું કાવ્ય તમે ભણો છો. કેવું સચોટ વર્ણન તે કરી શકે છે ! આવા બપોર તમે જોયા છે ? તે વખતે સારંગ રાગ જો ગાઓ તો તેમાં ઓર મજા આવે 'જીવનનો આનંદ' પુસ્તકમાં 'મધ્યાહ્નનું કાવ્ય' એક પ્રકરણ છે, તે વાંચશો તો મજા પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનકનંદિની સીતા

૧

સીતાને હિંદુઓ એક પરમ સતી તરીકે આજ હજારો વર્ષોથી પૂજતા આવ્યા છે. તે વિદેહ દેશના રાજા જનકનાં પુત્રી હોવાથી તેમને વૈદેહી કે જાનકી પણ કહે છે. અને જનકની રાજધાનીનું નામ મિથિલા હતું, તે પરથી સીતાને મૈથિલી પણ કહે છે. તેમના જન્મ વિષે એવી કથા છે કે, તે ચાસમાંથી ઉત્પન્ન થયાં હતાં. ચાસને સંસ્કૃતમાં 'સીતા' કહે છે; તેમનું સીતા નામ તે પરથી પડયું છે.

તે ઘણાં જ રૂપવાન, શીલવાન અને બુદ્ધિમાન હતાં. તે મોટાં થયાં એટલે જનક રાજાએ એમના વિવાહનો વિચાર કરવા માંડચો. જનક પાસે મહાદેવનું એક જબરું ધનુષ્ય હતું. સીતા નાનાં હતાં ત્યારે એ જબરા ધનુષ્યનો પણ ઘોડો કરીને રમતાં! એવી બળવાન કન્યાનો પતિ પણ તેને યોગ્ય જ હોવો જોઈએ એમ વિચારી, જનકે જાહેર કર્યું કે, જે આ શિવ-ધનુષની દોરી કે પ્રત્યંચા ચડાવશે તેને સીતા વરશે.

સીતા જેવી રૂપવાન કન્યાને વરવાને લોભે અનેક રાજાઓ મિથિલા આવ્યા. લંકાનો રાજા રાવણ પણ આવ્યો. પરંતુ કેટલાક રાજાઓ તો મહાદેવનું આ જબરદસ્ત ધનુષ્ય જોઈને જ હતાશ થઈ પાછા ફર્યા. રાવણ જેવો બળિયો પુરુષ પણ એને ઉઠાવી ન શક્યો! આ જોઈ જનકને ચિંતા થવા લાગી કે, સીતા કુંવારી જ રહેશે કે શું?

તેવામાં વિશ્વામિત્ર ઋષિના યજ્ઞની રક્ષા કરીને પાછા ફરતાં, રામ અને લક્ષ્મણ ઋષિની સાથે જનકને ત્યાં આવ્યા. ઋષિએ જનકને કહાવ્યું કે, શિવ-ધનુષ્ય રામને બતાવો. રામે ઋષિના આશીર્વાદ લઈ તેની પ્રત્યંચા ચડાવવાનું બીડું ઝડપ્યું. પ્રત્યંચા ચડાવવાને માટે તેમણે એ મહાન શિવ-ધનુષ્ય ઉઠાવીને વાળવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડ્યું, ત્યાં જ એના કકડા થઈ ગયા! તેથી સીતાએ રામને વરમાળા પહેરાવી અને રાજા જનકે મોટી ધામધૂમથી એમનાં લગ્ન કર્યાં. ત્યાર બાદ સીતાપતિ રામ સીતાને લઈને અયોધ્યા આવ્યા.

૨

રાજા દશરથ વૃદ્ધ થતા જતા હતા. મંત્રીઓએ તેમને સલાહ આપી કે, રામ તથા સીતા બંને ભારે ગુણિયલ, ધીરજવાન અને દક્ષ છે; એમને યુવરાજપદે સ્થાપવાં જોઈએ. દશરથે તે સલાહ કબૂલ કરી. પરંતુ મંથરા નામની દાસીની ભંભેરણીથી, રાજા દશરથની બીજી રાણી કૈકેયીએ, પોતાના પુત્ર ભરતનું હિત વિચારી, રાતોરાત આ આખી યોજના ઉથલાવી દીધી, અને રામને બીજે દહાડે રાજ્યને બદલે ૧૪ વર્ષનો વનવાસ મળ્યો!

રામ વનમાં જવા તૈયાર થયા. લક્ષ્મણે કહ્યું, 'મોટાભાઈ, હું પણ સાથે આવીશ.' અને માતા સુમિત્રાની રજા લઈ તે તૈયાર થયા. સહધર્મચારિણી સીતાએ જ્યારે જાણ્યું કે, અયોધ્યાના રાજ્યને બદલે રામને તો વનનું રાજ્ય મળ્યું, ત્યારે તેમણે પતિની સાથે વનમાં જવાની પોતાની ઇચ્છા બતાવી. રામને લાગતું હતું કે, વનનાં કષ્ટો સીતા જેવી કોમળ શરીરની સ્ત્રી શી રીતે સહશે? તેથી તે અયોધ્યા જ રહે તો સારું. પણ સીતાએ કહ્યું, 'આ તો બની જ કેવી રીતે શકે? મને મૂકીને જવાનો ખ્યાલ કરો છો એ જ આશ્ચર્ય છે. હે આર્યપુત્ર, સ્ત્રીને માટે પોતાનો પતિ જ જીવન છે. તમારા વિના સ્વર્ગ પણ મને રુચે એમ નથી. હું તો વનમાં આવીશ જ.' સીતાની આ ધર્મયુક્ત હઠ જોઈ, રામને લક્ષ્મણ ઉપરાંત સીતાને પણ સાથે લેવાં પડ્યાં. એમ ત્રણ જણ અયોધ્યા છોડીને ગયાં, તેથી આખી નગરી જાણે નિષ્પ્રાણ થઈ શોકમાં ડૂબી ગઈ, અને પુત્રવિરહથી રાજા દશરથના તો પ્રાણ જ ગયા.

ગંગા પાર કરીને રામ ગોદાવરી કિનારે પંચવટી પહોંચ્યા અને ત્યાં એક આશ્રમ બાંધીને ૧૧–૧૨ વર્ષ તેમણે આનંદમાં ગાળ્યાં. એક દહાડો રામ લક્ષ્મણ અને સીતા વનની શોભા નિહાળતાં આશ્રમમાં બેઠાં હતાં, તેવામાં સીતાએ દૂર એક સુંદર સોનેરી મૃગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયો, અને રામને કહ્યું, 'આર્યપુત્ર, મારે પેલા સુંદર મૃગની ચામડીની કાંચળી સિવડાવવી છે; મને એ મારી આપો.' લક્ષ્મણને આશ્રમ સાચવવાનું સોંપીને રામ એ મૃગને મારવા ઊપડ્યા.

આ મૃગ સાચો ન હતો, પરંતુ રાવણનો મળતિયો મારીચ મૃગનું રૂપ લઈને આવેલો હતો. તેથી રામે જ્યારે તેને તીર માર્યું, ત્યારે તેણે બૂમ પાડી, 'હે લક્ષ્મણ!' આ સાંભળી સીતાએ લક્ષ્મણને કહ્યું, 'રામ કાંઈક આફતમાં છે; તમને બોલાવે છે, તમે જલદી દોડો.' લક્ષ્મણે એ સાચું ન માન્યું અને સોંપેલું કામ છોડીને જવા ના પાડી. આથી ગુસ્સે થઈને સીતાએ લક્ષ્મણને ન કહેવાનાં કડવાં વેણ કહ્યાં. તેથી લાચાર થઈ લક્ષ્મણ ગયા; સીતા આશ્રમમાં એકલાં રહ્યાં.

આ લાગ જોઈને લંકાપતિ રાવણ સાધુવેશે આશ્રમમાં આવ્યો અને તેણે સીતા પાસે ભિક્ષા માગી. જેવાં સીતા ભિક્ષા આપવા ગયાં તેવાં જ રાવણે એમને ઉપાડી લીધાં, અને તે આકાશમાર્ગે લંકા જવા ઊડ્યો. રસ્તામાં દશરથ રાજાનો મિત્ર, વૃદ્ધ જટાયુ હતો. સીતાની 'હે રામ, હે રામ' એવી ચીસો સાંભળીને તે રાવણ સામે થયો. પરંતુ રાવણ તેને ઘાયલ કરી લંકા પહોંચી ગયો, અને ત્યાં જઈ તેણે સીતાને અશોકવનમાં કેદ કર્યાં. તેને સીતા સાથે લગ્ન કરવું હતું, તેથી અનેક પ્રલોભનો આપી તે એમને લલચાવતો હતો; પરંતુ સતી સીતા અડગ રહ્યાં, અને એમના એ તેજસ્વી શીલ આગળ બિચારો રાવણ કાંઈ કરી શક્યો નહિ.

૩

આ બાજુ હવે મૃગને મારીને રામ લક્ષ્મણ આશ્રમમાં પાછા આવ્યા, અને જુએ છે તો ત્યાં સીતા ન મળે! આથી રામ વિહ્વળ થઈ ગયા અને બેઉ ભાઈઓએ તેમની શોધ શરૂ કરી, રસ્તામાં ઘાયલ થઈને પડેલો જટાયુ મળ્યો. તેણે ભાળ આપી કે, લંકાનો રાજા રાવણ સીતાનું હરણ કરી ગયો છે. એટલે રામે લંકા તરફનો માર્ગ લીધો. રસ્તામાં તેમને સુગ્રીવ નામના વાનર-રાજ જોડે મૈત્રી થઈ; હનુમાન જેવા મહાવીર અને નિષ્ઠાવાન ભક્ત એમને મળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓએ સીતાની શોધ કરવામાં રામને મદદ કરી. હનુમાન દરિયો ઓળંગી લંકા ગયા અને મહા મુશ્કેલીએ સીતાને અશોકવનમાં ખોળી કાઢ્યાં.

તે વખતે રામથી છૂટાં પડવાને લગભગ વરસ થવા આવ્યું હતું; રામ આવીને છોડાવશે એ આશા હવે સીતાજીને રહી નહોતી. તેથી પોતાના ચોટલા વડે ફાંસો ખાતાં હતાં, ત્યાં જ હનુમાને ઝાડ પરથી રામની મુદ્રા નીચે નાંખી, અને સીતાને કહ્યું, 'હે દેવી, રામ કુશળ છે અને હવે થોડા જ વખતમાં લંકા આવી પહોંચશે.' આથી સીતાને ધૈર્ય આવ્યું, અને પાછાં એ રામની વાટ જોતાં અશોકવનમાં રહ્યાં.

હનુમાને પાછા આવીને રામને બધા સમાચાર કહ્યા. રામે હવે લંકા પર ચડાઈ કરવાનું નક્કી કર્યું, અને પોતાની વાનરસેના સાથે તે ઊપડ્યા. લંકાના બેટ પર જવાને તેમણે દરિયા ઉપર સેતુ બાંધ્યો, લંકામાં જઈ રાવણનો પરાજય કર્યો, અને તેનો નાનો ભાઈ વિભીષણ, કે જે રામનો ભક્ત હતો, તેને લંકાની ગાદી આપી.

૪

હવે સીતા શત્રુના બંધનમાંથી મુક્ત થયાં હતાં. એટલે પોતાના પ્રિય ભક્ત હનુમાનને બોલાવી રામે કહ્યું, 'હે હનુમાન, અશોકવનમાં જઈ સીતાને મળી આવો અને આપણા વિજયના તથા સૌના કુશળ સમાચાર કહો, અને તે શો સંદેશો મોકલે છે તે જાણી આવો.'

હનુમાન અશોકવનમાં ગયા અને સીતાને મળી સર્વ સમાચાર કહીને પછી આજ્ઞા માગી કે, 'હે દેવી, તમને વરસથી ત્રાસ દેતી આ રાક્ષસીઓને મારી નાખું?' સીતા કહે, 'ભાઈ, એમાં એમનો શો વાંક છે? રાવણની આજ્ઞાથી જ તેઓ જે કરતી હતી તે કરતી હતી; હવે રાવણ ગયે તેઓ મને કાંઈ કરી નહિ શકે. તેઓ ક્ષમાને પાત્ર છે.' અને રામને પોતાનો સંદેશો કહાવ્યો કે, 'આપનાં દર્શનની ઇચ્છા છે.' હનુમાને આવીને તે રામને કહ્યો, એટલે તેમણે સીતાને સ્નાનાદિ કરાવી નવાં વસ્ત્રો પહેરાવી પોતાની પાસે લઈ આવવા કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા તો જેવાં હતાં તેવાં જ તાપસવેશે સીધાં આવીને પતિદર્શન કરવા ઇચ્છતાં હતાં, પરંતુ પતિઆજ્ઞા પ્રમાણે નાહીને તે ગયાં. આ પ્રસંગે રામની તથા સીતાની જે મનોદશા હતી, તે વર્ણવવી અઘરી છે. રામનું મુખ જોતાં સીતા ધરાતાં નથી. ઉમળકાના હર્ષથી તે અવાક ઊભાં રહ્યાં. રામ પણ સીતાને જોઈ રાજી થયા. પણ તે બીજા વિચારમાં પડ્યા હતા. લોકાપવાદથી બીને તેમણે સીતાને કહ્યું, 'હે સીતા, તમને જોઈને મને હર્ષ થાય છે. રાવણે તમારું હરણ કરીને મને લાંછન લગાડ્યું હતું, તે મેં સ્વપરાક્રમે હવે દૂર કર્યું છે. પરંતુ એક વાતનો અપવાદ લાગ્યો કે, તમે પરઘેર ગયાં; તેનું શું થાય? માટે હું તમારું ગ્રહણ નથી કરી શકતો. તમને ઠીક પડે ત્યાં જાઓ.'

આ સાંભળી સીતા ઉપર જાણે આભ તૂટી પડ્યું. તે રડી પડ્યાં, અને ગદ્‌ગદ્ કંઠે બોલ્યાં, 'હે રઘુવીર, આ તમે કેવાં વાક્ય બોલો છો! અસંસ્કારી માણસ પણ આવું તો ન બોલે. હું શુદ્ધ છું. મારું મન અપાપ છે; મારી દૃષ્ટિ એક જ આપ હૃદય–સ્વામી પર અખંડ રહી છે. હરણ કરનારો રાવણ મને ઊંચકી લાવ્યો, તો તેમાં મારી લાચારી હતી. પરંતુ મારું હૃદય જુઓ, મારું શીલ જુઓ.' અને એમ કહીને દુઃખિત સ્વરે તેમણે લક્ષ્મણને કહ્યું, 'ભાઈ, મારે માટે ચિતા ખડકો; હું તેમાં પ્રવેશીને પાવન થાઉં.'

ચિતા તૈયાર થઈ, એટલે સીતા રામની પ્રદક્ષિણા કરી, દેવો તથા બ્રાહ્મણોને નમસ્કાર કરી, ચિતાના અગ્નિ પાસે ગયાં; અને 'જો મારું ચિત્ત એક રામમાં જ અચળ હોય તો, હે દેવ, તમે મારું ચોતરફથી રક્ષણ કરજો'— એમ કહીને તેમણે અગ્નિમાં પ્રવેશ કર્યો. અગ્નિએ તેમનો સ્પર્શ સુધ્ધાં ન કર્યો અને દેવરૂપે રામ આગળ આવીને કહ્યું, 'હે રામ, સીતાજી પવિત્ર છે; તેમના સ્પર્શથી ઊલટો હું પવિત્ર થયો છું.'

આમ અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલાં સીતાનો પછી રામે સ્વીકાર કર્યો. અને ૧૪ વર્ષ પૂરાં થતાં હતાં એટલે સૌ અયોધ્યા પાછાં આવ્યાં. ત્યાં ધામધૂમથી રામનો રાજા તરીકે અને સીતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી તરીકે રાજ્યાભિષેક થયો. અને રામે એવી ઉત્તમ રીતે રાજ્ય ચલાવ્યું કે, આજ સુધી આદર્શ રાજ્યને માટે 'રામ-રાજ્ય' શબ્દ વપરાય છે.

૫

એક દિવસ રાજા રામ બેઠા હતા ત્યાં દુર્મુખ નામના એક ગુપ્તચરે આવીને કહ્યું, 'મહારાજ, નગરમાં સૌ સંતુષ્ટ અને કુશળ છે; પરંતુ એક ધોબી તેની સ્ત્રીને કહેતો હતો કે, હું કાંઈ રામચંદ્ર નથી કે પારકા ઘરમાં રહેલી સ્ત્રીને સંઘરું.' આ સાંભળી રામ ઊંડા વિચારમાં પડી ગયા, અને તેમણે લક્ષ્મણને બોલાવી કહ્યું, 'તું જઈને સીતાને આપણા રાજ્યની હદ બહાર મૂકી આવ. પ્રજાના કલ્યાણને અર્થે મારે અપાપ છતાં જાનકીનો ત્યાગ કરવો જોઈશે.' આ વખતે સીતા સગર્ભા હતાં. દુઃખથી રડતે હૃદયે લક્ષ્મણ એમને રથમાં બેસાડી વાલ્મીકિના આશ્રમની હદમાં મૂકી આવ્યો. ત્યાં સીતાને લવ અને કુશ નામે બે પુત્રો જન્મ્યા.

કેટલોક કાળ વીત્યા બાદ રામે અયોધ્યામાં અશ્વમેધ યજ્ઞ કરવાનો ઠરાવ કર્યો. યજ્ઞવિધિ રાજા રાણી બેઉએ મળીને કરવો જોઈએ. આથી લોક કહેવા લાગ્યા, રામે બીજી પત્ની સ્વીકારવી જોઈએ. પરંતુ લોકાપવાદથી સીતાનો ત્યાગ કરનારા, છતાં એકપત્નીવ્રતી રામ એકના બે ન થયા, અને સીતાની સુવર્ણ-મૂર્તિ સાથે રાખી યજ્ઞ આદર્યો. આ ખબર સાંભળીને પતિવિરહમાં પણ સીતાને કેવો પરમ આનંદ અને સંતોષ થયો હશે!

રાજા રામના અશ્વમેધ યજ્ઞમાં સુગ્રીવાદિ વાનરો તથા વિભીષણાદિ રાક્ષસો અને દેશ દેશના અનેક ક્ષત્રિય રાજાઓ તથા ઋષિમુનિઓ આવ્યા હતા. લવકુશને લઈને વાલ્મીકિ ઋષિ પણ આવ્યા હતા. તેમણે સીતાના ત્યાગ સુધીની રામકથા ઉપર એક અનુપમ કાવ્ય રચ્યું હતું. તે જ આપણું વાલ્મીકિ–રામાયણ. લવકુશ આ કાવ્ય પોતાના મધુર કંઠે ગાતા ત્યારે સૌ સાંભળનારનાં મન પ્રસન્ન થતાં. યજ્ઞસત્રમાં એ કાવ્ય આ બે ભાઈઓએ ગાયું. તે સાંભળી રામને સીતા સાંભર્યાં. સીતા પવિત્ર છે એ વિષે તો તેમને શંકા જ નહોતી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ લોકાપવાદથી જ તેમણે એમનો ત્યાગ ફરજરૂપ માન્યો હતો. યજ્ઞસત્રમાં સૌ પ્રકારના લોકોની હાજરી જોઈ તેમણે વાલ્મીકિને કહેવડાવ્યું, 'જો આ સભામાં સીતા પોતાની પવિત્રતાના શપથ લેવા ઇચ્છતાં હોય અને આપનાં આશીર્વાદ હોય, તો સીતાને અહીં લઈ આવો.' ઋષિએ તરત પોતાની સાથે આવેલા એક શિષ્યને આજ્ઞા કરી કે, 'હમણાં ને હમણાં તું આશ્રમમાં જા અને સીતામાતાને તેડી લાવ.'

બીજે દિવસે યજ્ઞમંડપમાં આખી સભા ભરાયેલી છે; સૌ શાંતિથી પોતપોતાને આસને બિરાજ્યાં છે. તેવામાં વાલ્મીકિ ઋષિ સીતા તથા લવકુશને લઈને મંડપમાં આવ્યા. ત્રણે જણ તાપસવેશમાં છે; સીતાજી નીચી દૃષ્ટિ રાખી ગંભીર પગલે ધીમે ધીમે ઋષિની પાછળ પાછળ જાય છે. એમ ચારે જણ રાજા રામના સિંહાસન સામે પહોંચ્યાં, અને આખી સભાના સાંભળતાં ઋષિએ કહ્યું, 'હે રામ, આ સીતાને લક્ષ્મણ વનમાં મૂકી ગયા ત્યારથી તે મારા આશ્રમમાં રહ્યાં છે. આ બે કુમારો તમારા બેના પુત્રો છે. સીતા પવિત્ર છે: મારા તપ તથા અપાપ જીવનની આણથી કહું છું કે તે પવિત્ર છે; તેમનાથી અયોધ્યા, તમે અવધપતિ અને હું પવિત્ર છીએ. આ સભા આગળ તે એવા શપથ હમણાં લેશે. તમે એમનો સ્વીકાર કરો.'

રામે કહ્યું, 'હે ઋષિવર, સીતા અપાપ છે અને આ બે કુમારો મારા પુત્રો છે એમાં મને મુદ્દલ શંકા નથી; આપનાં વચનો પર મને પૂર્ણ શ્રદ્ધા છે. હું તો લોકાપવાદથી બીને જ આ સભા આગળ તેની ચોખવટ ચાહું છું. રાજા તરીકે એટલું કરવું તે મારો ધર્મ છે.'

જિંદગીભર જેમણે રામચંદ્ર જેવા વીર પતિનો પ્રેમ ચાખ્યો હતો, અને તેની જ સાથે ગુલાબના કાંટા જેવાં લાગેલાં દુ:ખો પણ જેમણે ચાખ્યાં હતાં, તેમને આ સાંભળી ઓછું આવ્યું. મરણ વહોરીને પણ અપવાદ તો દૂર જ કરવો જોઈએ એમ વિચારી, નીચું જ વદન રાખી સીતાએ હવે ગંભીર અવાજે કહ્યું, 'હે પૃથ્વીમાતા, જો મન, કર્મ ને વચનથી મેં જિંદગીભર રામને જ ભજ્યા હોય, તો તમે મને માગ આપો; હે માતા, આ જો હું સાચું કહેતી હોઉં, તો તમે મને માગ આપો.' આમ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલ્યાં ત્યાં જ એક કડાકો થયો, પૃથ્વીમાં ફાટ પડી, અને તેમાંથી એક દિવ્ય સિંહાસન બહાર આવ્યું. ધરણીદેવીએ બે બાહુથી પોતાની પુત્રી સીતાને લઈને પોતામાં સમાવી લીધાં. આખી સભા સ્તબ્ધ થઈ તે જોઈ રહી; દેવોએ તે વખતે પુષ્પવૃષ્ટિ કરી. પોતાના અપાપ જીવનની, સનાતન કાળને માટે જગતને ખાતરી આપીને, જ્યાંથી જન્મ્યાં હતાં તે ધરતીમાં સીતામાતા પાછાં સમાઈ ગયાં.

સ્વાધ્યાય

શ્રી. નૃસિંહપ્રસાદ ભટ્ટ કૃત 'રામાયણનાં પાત્રો' પુસ્તક વાંચો, તો રામાયણની આખી વાત તમને ટૂંકામાં જાણવા મળશે.

૫૦

જન શૂરા

जो होय हिंमत रे, नरने उर मांही भरी;
दृढता जोईने रे तेनी मदद करे मोरारि. १
बीक तजीने ते नित हिंमत सोतो बोले,
मस्तक माया रे सर्वे तृण जेवुं तोले. २
केसरी सिंहने रे, जेम शंक मिले नहि मनमां;
एकाएकी रे, निरभे थई विचरे वनमां. ३
पिंडे छोटो रे मोटा मेगळने मारे;
हिंमत विनानो रे हाथी ते जोईने हारे. ४
ब्रह्मानंद कहे रे, एम समजे ते जन शूरा;
तन करी नाखे रे गुरुवचने चूरेचूरा. ५

સ્વાધ્યાય

કવિ બ્રહ્માનંદ [વિ૦ સં૦ ૧૮૨૮–૧૮૮૮] નિષ્કુળાનંદ, દેવાનંદના જ સમકાલીન, સ્વામીનારાયણ સંપ્રદાયના કવિ હતા. તેમની 'શિર સાટે નટવરને વરીએ' ગરબી પ્રખ્યાત છે. જુઓ 'આશ્રમભજનાવલિ.'

અહીં પણ એ હિંમત અને શૌર્ય જ ગાય છે. ઉપનિષદનું એક વાક્ય છે, नायमात्मा बलहीनेन लभ्यः — આત્માની પ્રાપ્તિ બલ વગર નથી થતી. એ બળ કે શૌર્ય તે કયું? બ્રહ્માનંદ એ અહીં કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧

સુએઝની નહેર

૧

યુરોપમાંથી હિંદ આવવાને માટે જળમાર્ગની પહેલી શોધ વાસ્કો-ડી-ગામા નામના એક પોર્ટુગીઝ ખલાસીએ કરી, એ તમે શીખી ગયા હશો. એ કયે માર્ગે આવ્યો હતો? એ માર્ગે આવતાં કેટલો લાંબો ચકરાવો ખાઈને આપણા દેશમાં તેને આવવું પડ્યું હતું? પરંતુ આજ સિત્તેરેક વર્ષથી એ રસ્તે લોકો હિંદથી યુરોપ આવજા નથી કરતા. આજે લોકોએ નવો રસ્તો પાડ્યો છે, અને તે સુએઝની નહેરમાં થઈને સીધા યુરોપ પહોંચી જવાનો.

નકશામાં સુએઝની જગા જુઓ. એશિયા અને આફ્રિકા વચ્ચે આવેલી તે જગા. સિત્તેર વર્ષ પર, તે બે ખંડોને જોડનારી સંયોગીભૂમિ જ હતી. તેથી કરીને ભૂમધ્ય સમુદ્રનાં વહાણોને પણ જિબ્રાલ્ટરના દરવાજામાંથી બહાર નીકળી, દક્ષિણ આફ્રિકા સુધીની પરિક્રમા કરીને હિંદી મહાસાગરમાં આવવું પડતું હતું. આમ જરીક સરખી સુએઝની સંયોગીભૂમિ વહાણોના સીધા માર્ગમાં એક ખરેખરી આડખીલી હતી. એટલે પુરાતન કાળથી લોકોને એ જગાએ નહેર ખોદી કાઢવાના વિચારો આવે એ સ્વાભાવિક હતું. પ્રાચીન ઇજિપ્તના એક રાજાએ ઈ. સ. પૂ. દોઢેક હજાર વર્ષો પર, નાઈલના મુખમાંથી નીકળી રાતા સમુદ્રને મળતી એક નહેર ખોદાવી પણ હતી. વપરાશ ચાલુ ન રહેવાથી તે પુરાઈ ગઈ, તેથી ઈરાનના રાજાએ તેને (ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં) ફરી ખોદાવીને ચાલુ કરી હતી. ત્યાર બાદ પાછી તે પુરાઈ ગઈ.

ઇસ્વી સનના આઠમા સૈકામાં ઇજિપ્તમાં ખલીફનું રાજ્ય હતું ત્યારે એ નહેર ચાલુ દશામાં હોય એમ માલૂમ પડે છે; કેમ કે ખલીફ મનસૂરે તેના શત્રુઓ એનો લાભ લેતા હતા તેથી તે બંધ કરાવી હતી, એમ ઇતિહાસમાંથી મળે છે. ત્યાર બાદ તે બંધ જ રહી છે.

૧૯મા સૈકાના પ્રારંભમાં મહાન નેપોલિયનનો યુરોપમાં ડંકો વાગતો હતો, ત્યારે તેણે હિંદ આવવા વિચાર્યું. તેને સારુ સુએઝની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહેર ખોદી હોય તો સુગમ પડે એમ વિચારી, તેણે ઇજનેરોને કહ્યું પણ ખરું. પરંતુ ઇજનેરોને એ કામ અશક્ય લાગ્યું. છતાં એની કલ્પના લોકોના મનમાંથી ન ટળી. અને છેવટે ફર્ડિનાન્ડ દ લેસેપ્સ નામના એક ફ્રેન્ચે એ કલ્પના ખરી કરી બતાવી.

૨

દ લેસેપ્સનો જન્મ ઈ. સ. ૧૮૦૫માં ફ્રાન્સના વરસાઈ નામના શહેરમાં થયો હતો. તેનો પિતા ફ્રાન્સના પરદેશ ખાતામાં એલચી



તરીકે નોકરી કરતો હતો. દ લેસેપ્સ કોલેજમાંથી ભણીને નીકળ્યો કે તેને પણ તેના પિતાએ પોતાના જ ખાતાની નોકરીમાં દાખલ કરાવ્યો. અને આ નોકરી તેણે ૧૮૨૫માં લીધી ત્યારથી તે ૧૮૪૯માં તેમાંથી રાજીનામું આપ્યું ત્યાં સુધી કરી.

ઈ. સ. ૧૮૩૨માં એને એલેકઝાન્ડ્રિયામાં નાયબ એલચી તરીકે નીમવામાં આવ્યો હતો. જે વહાણમાં તે ઇજિપ્ત ગયો તેને ક્વૉરેન્ટીનમાં લેવામાં આવ્યું હતું. ક્વૉરેન્ટીન એક પ્રકારની કેદ જ હોય છે. આ કેદમાં વખત કાઢવા માટે તેના ઉપરી, મુખ્ય ફ્રેન્ચ એલચીએ તેને કેટલીક ચોપડીઓ વાંચવા માટે મોકલાવી. તેમાં એક એવી ચોપડી હતી કે જેણે દ લેસેપ્સના ભાવી કામનાં બીજ એના મનમાં રોપ્યાં. તે હતી એક ફ્રેન્ચ ઇજનેરે નેપોલિયન માટે, સુએઝની નહેરનો વિચાર કરવા બાબત, તૈયાર કરેલી નોંધ. એ વાંચીને જ દ લેસેપ્સને સુએઝની નહેર ખોદવા વિષે પહેલવહેલો વિચાર આવ્યો અને એ કામમાં તેનું ધ્યાન ગયું.

ઇજિપ્તમાં તે ઈ. સ. ૧૮૩૭ સુધી રહ્યો. ત્યાર બાદ તેની બીજે દેશ બદલી થઈ. પરંતુ ઇજિપ્તમાં રહ્યો તે દરમ્યાન તેને એક એવી મૈત્રી થઈ કે જે ન થઈ હોત તો કદાચ દ લેસેપ્સ સુએઝની નહેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન જ કરી શકત. આ મૈત્રી તે ઇજિપ્તના હાકેમ મહમદ અલીના પુત્ર સૈયદ પાશાની. સૈયદ પાશા ઈ. સ. ૧૮૫૩માં તેના બાપના મરણ પછી હાકેમી ઉપર આવ્યો. આ વખતે દ લેસેપ્સ નોકરીમાંથી ફારગ થઈને ઘેર બેઠો હતો. અને તે વર્ષમાં તેની સ્ત્રી તથા દીકરીનાં મરણ થયાં હતાં, તેથી તે ઉદાસ પણ હતો. પણ સૈયદ પાશા હાકેમ બન્યાની ખબર સાંભળતાં સુએઝ વિષે તેનો જૂનો રસ જાગ્યો અને બીજે જ વર્ષે તે ઇજિપ્ત પહોંચ્યો. સૈયદ પાશાએ પોતાના મિત્રને નહેરનું કામ ઉપાડવા રજા આપી. તેની પૂર્વ-તૈયારીમાં જ દ લેસેપ્સનાં પાંચ વર્ષ ગયાં. છેવટે ઈ. સ.૧૮૫૮માં આ કામ કરનારી વેપારી મંડળી સ્થાપિત થઈ, અને ઈ. સ. ૧૮૫૯-ના એપ્રિલની ૨૫મી તારીખે દ લેસેપ્સે કોદાળીનો પહેલો ટચકો મારી ખોદકામના ગણેશ બેસાડ્યા.

દ લેસેપ્સે નાઈલમાંથી નહેર કાઢવાની પ્રાચીન યોજના રદ્દ કરી ભૂમધ્ય અને રાતા સમુદ્રને જ જોડવાની યોજના કરી. આ યોજના સામે અનેક જાતના વાંધાવચકા કાઢવામાં આવ્યા; અનેક પ્રકારના વિરોધો અને વિખવાદો ઊભા કરવામાં આવ્યા. છતાં, દ લેસેપ્સે ધીરજ અને ખંતથી પોતાનું કામ ચલાવ્યે રાખ્યું. અને ઈ. સ. ૧૮૬૯ના નવેંબરમાં તે પૂરું કરી, ઇજિપ્તના ખેદીવને હાથે આજની જગવિખ્યાત નહેર ખુલ્લી મુકાવી.

૩

આ કામમાં દ લેસેપ્સને મુખ્ય મદદ બે સરકારોએ કરી; એક ઇજિપ્તની અને બીજી ફ્રાન્સની. ખોદકામને માટે કરોડો રૂપિયા જોઈએ. તે ભેગા કરવા સુએઝ કંપનીએ શૅર કાઢ્યા હતા, જેમાંના અર્ધ ઉપર શૅરો ફ્રાન્સે લીધા અને બાકીના ઇજિપ્તની સરકારે લીધા હતા. આ વખતે ઇંગ્લૅન્ડની સરકાર આ નહેરકામના વિરોધમાં હતી. પણ જ્યારે નહેર તૈયાર થઈને ચાલુ થઈ, ત્યારે એની આંખ ઊઘડી કે, હિંદના રસ્તાના એક મોટા નાકા જેવી નહેરમાં જો આપણો હાથ ન હોય, તો આપણને ઘણું નુકસાન છે. એટલે ઈ. સ. ૧૮૭૫માં ઇજિપ્તના ખેદીવની આર્થિક ભીડનો લાગ જોઈને, ઇંગ્લૅંડના વડા પ્રધાને ઇજિપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સરકારના શૅર ખરીદી લીધા, અને એ રીતે યુરોપ-થી હિંદ આવવાના ટૂંકા માર્ગની ચાવી હાથ કરી; અને આજ જે પ્રભુત્વ સુએઝ પર અંગ્રેજો ભોગવે છે, તેની શરૂઆત થઈ.

સુએઝની આસપાસના દરિયા પરના દેશો તરફ તમે જુઓ. ત્યાં અંગ્રેજ, ફ્રેંચ તથા ઇટાલિયન લોકોની લાગવગ કે હકૂમત છે. અત્યારે યુરોપમાં લડાઇ ચાલે છે, તે વખતે તમને સુએઝના સ્થાનની કિંમત બરોબર સમજાશે. ઇટાલી ને ઇંગ્લેંડ લડે છે તેથી ત્યાં થઈ ને હિંદમાં આવવાનો રસ્તો આજે અંગ્રેજ વહાણોને છોડી દેવો પડ્યો છે; તેઓ પાછાં વાસ્કો-ડી-ગામાવાળા આફ્રિકાના ચકરાવાને રસ્તે આવે છે.

આજે દુનિયાના આગળ પડતા દેશો યંત્રશક્તિથી વેપારધંધા ચલાવે છે; તેમને થોકબંધ કાચો માલ જોઈએ; તે સુએઝ વાટે લઈ જવો પડે છે, કેમ કે તે સુગમ છે. સુએઝનું આવું મોખાદાર સ્થાન હોવાથી એક લેખકે કહ્યું છે: 'આંતરરાષ્ટ્રીય કંકાસનાં થોડાંક જે કારણો છે, તેમાં આ સુએઝ પરનું પ્રભુત્વ એક છે; જગતે જો શાંતિ મેળવવી હોય, તો આ પ્રશ્નનો ઉકેલ આણવો જોઈએ, કે પછી એ પ્રશ્નને જતો જ કરવો જોઈએ.'

પુરાતન કાળમાં કુદરતી રીતે નહેર પુરાઈ જતી હતી તેમ ન પુરાય તે સારુ, તેને હમેશ મોટા મોટા યાંત્રિક પાવડાવાળાં વહાણો મારફતે ખોદ્યા કરવામાં આવે છે. દર વર્ષે આજ હજારો વહાણો તે નહેરમાં થઈને આવજા કરે છે. નહેર ૧૪૮ ફૂટ પહોળી અને ૩૩ ફૂટ ઊંડી છે. રાતા સમુદ્રમાં સુએઝથી શરૂ થઈને ભૂમધ્ય સમુદ્રમાં પોર્ટ સૈયદ સુધીની તેની લંબાઈ લગભગ ૧૦૦ માઇલ છે. પરંતુ આ ૧૦૦ માઈલે અંગ્રેજોને હિંદમાં આવવામાં લગભગ ૫,૫૦૦ માઈલોનો ફેરો ટાળ્યો છે! એનો આખો યશ એક જ માણસની યોજનાશક્તિ, અડગ ધીરજ, અને બાહોશીને આભારી છે; અને તે ફર્ડિનાન્ડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ લેસેપ્સ. પોર્ટ સૈયદમાં નહેરના મોઢા ઉપર, એના સ્મારક તરીકે તેનું ભવ્ય પૂતળું મૂકવામાં આવ્યું છે.

સ્વાધ્યાય

૧. તમારી ભૂગોળ પરથી સુએઝ આસપાસના પ્રદેશનો નકશો દોરો અને તેમાં કોનું કોનું રાજ્ય છે તે બતાવો.

૨. દ લેસેપ્સ ધંધે ઇજનેર નહોતો, છતાં આ ઇજનેરી કામમાં ફાવ્યો તે શાથી, તે ધ્યાનમાં આવ્યું?

૩. દુનિયાના નકશામાં મુંબઈથી વિલાયતના,— વાસ્કો-ડી-ગામાએ શોધેલો અને દ લેસેપ્સે યોજેલો — બેઉ જળમાર્ગ દોરો.

૫૨

કડવાં કારેલાં

कडवां कारेलांनागुण नहोय कडवा हो,
कडवां वचन न्होय कडवां हो रे. टेक.
छीणी छेदे धातु करवा घाटुडी,
कातर कापे फरी सांधवा हो रे;
सोनी तावे शुद्ध सुवरण करवा,
कुंभार गूंदे माटी बांधवा हो रे. कडवां० १
तपता सूरज खारां जळ मीठां करवा,
चडता वंटोळ मेघ भरवा हो रे;
धरती धूणे हलकी कायाने करवा,
धरमी कोपे पाप हरवा हो रे. कडवां० २
दुनियाना रोगदोग दुःख मारे दिल वस्यां,
मानवीना मेल झाझा नीरख्या हो रे;
कोयो भगत काढे कडवां वचन, भाई,
कडवुं सुणीने कोक हरख्या हो रे. कडवां० ३

સ્વાધ્યાય

૧. 'કોયા ભગત' તે કોણ? પાંચમી ચોપડીનું 'વેરણ મીંદડી' ગીત યાદ કરો.

૨. 'કોયા ભગતની કડવી વાણી' નામનો કાવ્યસંગ્રહ વાંચશો, તો તેમાં કેટલીક મજેદાર કવિતાઓ તમને મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડ અને છોડવા

૧

ઝાડો અને છોડવા આપણી પેઠે શ્વાસ લે છે. દુનિયામાં માણસોની સંખ્યા છે તેના કરતાં ઝાડોની સંખ્યા વધારે છે. વનસ્પતિનું રાજ્ય જગતમાં મોટામાં મોટું છે. તેથી જ્યારે તમે છોડ કે ઝાડ સામે જુઓ, ત્યારે તમારે યાદ રાખવું જોઈએ કે, તમે જગતની એક બહુમતીની આગળ ઊભા છો. માણસનું મહત્ત્વ, સરવાળે જોતાં, વનસ્પતિના જેટલું નથી. જો જગતમાં બહુમતવાદી વ્યવસ્થા હોય અને તમે મત લો, તો ઝાડ જ જીતી જાય. હિંદનું રાજ્ય ચલાવવાને માટે જો આપણે બહુમતવાદી પ્રજાતંત્ર ઇચ્છીએ તો આખી દુનિયામાં એ કેમ ન હોય? એમ થાય તો વનસ્પતિ — ઝાડ અને છોડવા રાજકર્તા બને.

માણસને ડુબાડી દેવામાં આવે અથવા તો તેનું નાક ને મોં બંધ કરવામાં આવે, તો તે ગૂંગળાઈને મરી જાય, તેવી જ રીતે, જો ઝાડને હવા મળતી બંધ કરીએ તો, તેમનાં મૂળિયાં જમીનમાં હોવા છતાં, તેઓ મરી જશે. પણ એક ફરક છે: જે હવા આપણે બહાર કાઢીએ છીએ તેને આપણે ખરાબ હવા કહીએ છીએ, અને જેને અંદર લઈએ છીએ તેને સારી કહીએ છીએ; પરંતુ આપણે માટે ખરાબ ગણાતી હવાનો 'કાર્બન' ઝાડોના માટે કામનો છે.

જે ખોરાક ખાઈને આપણે આપણું શરીર પોષીએ છીએ, તેને આપણે શરીરમાં બાળીએ છીએ; જીવવાની ક્રિયામાં આપણે આપણા શરીરના માંસને બાળીએ છીએ. શ્વાસમાં જે પ્રાણવાયુ કે ઑક્સિજન આપણે અંદર લઈએ છીએ તે માંસને બાળે છે, અને તેમ બળવાથી જે ધુમાડો કે વરાળ રૂપી વાયુ નીપજે છે, તેને ઉચ્છ્વાસ તરીકે બહાર કાઢી નાંખીએ છીએ. આમ કાઢી નાંખેલા નકામા વાયુમાં 'કાર્બન' કે કોલસો ભળેલો હોય છે. ઝાડ હવામાંથી આ કોલસાનું તત્ત્વ છૂટું પાડીને પોતાની અંદર સંઘરી લે છે, જે આગળ ઉપર પાછું આપણા ખાવામાં આવી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ખોરાકમાંથી અમુક ભાગ જ આપણે પચાવીએ છીએ; બાકીનો નકામો રહેતો ભાગ મળરૂપે બહાર ફેંકી દઈએ છીએ. એક યા બીજી રીતે તે જમીનમાં પહોંચે છે અને અંતે જમીન તેને પોતામાં મેળવી લે છે. વનસ્પતિનાં મૂળ તેને ફરી ચૂસી લે છે અને તેમાંથી ફળાં, કેરી, ટમેટાં વગેરે જેવો સરસ ખોરાક બનાવે છે, કે જે ફરી આપણા ખાવામાં આવે છે.

આ રીતે, વનસ્પતિ–સમાજ અને મનુષ્ય–સમાજ વચ્ચે માતા અને બાળકના જેવો સંબંધ છે. ખરાબ અથવા વપરાઈ ચૂકેલું ગણી આપણે જે કાંઈ ફેંકી દઈએ છીએ, તે બધાને ઝાડ સુધારી લે છે, એમાંથી મીઠામાં મીઠી ચીજો તૈયાર કરે છે, અને માતાની પેઠે પ્રેમથી આપણને પાછી આપે છે. જગતના જીવનમાં ઝાડપાલો કેવડો મોટો અને મધુર ભાગ ભજવે છે, તે આ ઉપરથી તમે જોઈ શકો છો.

૨

શ્વાસ લેવાને માટે આપણને નાક, મોઢું અને ફેફસાં છે. ઝાડોને શું હોય છે? તેમને સુંદર લીલાં પાન હોય છે; એ એમનાં નાક અને ફેફસાં છે. જો તમે ઝાડનું નિરીક્ષણ કરો, તો તમને જણાશે કે, તેમનાં પાન એવી રીતે પથરાય છે કે તે વધારેમાં વધારે હવા અને સૂર્યનો પ્રકાશ લઈ શકે. તેટલા સારુ ઝાડ ઊંચાં ને ઊંચાં વધીને, બને એટલાં ઝપાટાબંધ સૂર્યપ્રકાશને પહોંચવા સારુ મથે છે. ઝાડ નીચે તમે જો કાંઈ વેલો વાવો, તો તે તેની આસપાસ વીંટળાવા મથશે અને ઊંચો જશે, જેથી કરીને તે સૂર્યપ્રકાશ પામી શકે. જંગલ કે બગીચામાં જો તમે નિહાળીને જુઓ તો જણાશે કે, જે ઝાડોને કમનસીબે બીજા ઝાડની છાયામાં રોપાવાનું આવે છે, તે વાંકાંચૂકાં વળીને વધે છે; અને કોઈ પણ રીતે તડકો મેળવવા મથે છે. સૂર્યનો પ્રકાશ એમનો મુખ્ય ખોરાક છે.

તેઓ આપણા જેટલાં જ ચેતનવાળાં છે. વળી મરણ બાદ આપણાં શરીર તો નકામાં થાય છે. પરંતુ ઝાડનું શરીર તો મર્યા પછી પણ ઉપયોગી છે. મનુષ્યજીવનની સરખામણીમાં વૃક્ષનું આરોગ્યમય જીવન કેવું સુંદર હોય છે તે જુઓ. માણસ આમતેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રખડે છે, કુટેવો અને રોગનો ભોગ બને છે, અને સડી સડીને મરણ પામે છે. ઝાડોનું જીવન 'સ્થિર' હોય છે. તેઓ અપથ્ય આહાર લેતાં નથી; શુદ્ધ, સંયમી અને વ્યવસ્થિત જીવન ગાળે છે; અને તેમનાં શરીર મૃત્યુ પછી પણ કામ લાગે છે. કેટલુંક ઇમારતી લાકડું ધાતુ જેવું મજબૂત હોય છે.

આજે હિંદના એક અતિ પ્રખ્યાત પુરુષે* એવી શોધ કરીને નામના મેળવી છે કે, બરોબર માણસની પેઠે વૃક્ષોને પણ જ્ઞાનતંતુઓ હોય છે અને તેઓ દર્દ અનુભવી શકે છે. મનુષ્યશરીરની જેમ ઝાડોમાં પણ રુધિરાભિસરણ હોય છે. ઝાડને જો તમે છેદો તો તેમાંથી લોહી નીકળતું તમે જોશો. એટલે, કોઈ કારણસર જો ઝાડનો અમુક ભાગ લેવાની આપણને જરૂર પડે, તો તે આપણે એવી રીતે કાપવો જોઈએ કે જેથી તેનો ઘા સહેલાઇથી રુઝાય. જો ખોટી રીતે તમે તેને તોડો કે ફાંસો યા ચૂંટો, તો તેને બહુ દુઃખ થાય છે, — જોકે આપણે તે નથી સમજી શકતા. એટલે, તમારે જો ઝાડની શાખા કાપવી હોય, તો શસ્ત્રવૈદ્ કે સરજનની પેઠે તમારે તે કાપવી જોઈએ. ધારદાર ચાકુ લઈને તે વડે જો શાખા ઉપર સીધો કામ મૂકો, તો તે ઘા ઝટ રુઝાય છે. પરંતુ તમે જો હાથ વડે ફાંસીને કે તોડીને લો, તો તેનો ઘા એવો ઊંડો ને લાંબો થાય છે કે તે મુશ્કેલીથી મટે છે. શરીર પર ચાંદું કે ગૂમડું થયું હોય, તો આપણે તેની ઉપર નખ નથી લગાડતા; દાક્તરનું નસ્તર તેના પર વપરાય છે. તેમ જ, જો તમારે ઝાડની ડાળી કાપવી હોય કે ફળફૂલ તોડવું હોય, તો તે તમારે સંભાળીને કાળજીપૂર્વક તોડવું કે કાપવું જોઈએ.

ઝાડનો રસ છાલ વાટે ઉપર ચડે છે, એટલે લીલી છાલ એ તેનું બહુ માર્મિક અંગ છે. એમ ન માનતા કે, ફાવે તેમ એને કાપવામાં કશો વાંધો નથી. જંગલમાં ઝાડો કાપવાં હોય, તો તેમનાં મૂળ પાસેથી ચારે કોરની થોડીક છાલ કાપી નાખવામાં આવે છે. પરિણામે, વખત જતાં ઝાડો સુકાઈ જાય છે, કેમ કે છાલ વાટે થતું તેમનું રુધિરાભિસરણ બંધ થયું હોય છે.

* પ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રી સર જગદીશચંદ્ર બસુ (૧૮૫૮-૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિમાં નર માદાના ભેદ જેવું પણ હોય છે: વસંત ઋતુમાં વૃક્ષોને જે પુષ્પો આવે છે, તેમાં બે જાતનાં ફૂલ હોય છે — નરફૂલ અને માદાફૂલ, અથવા એક જ ફૂલમાં બે જાતનાં કેસર હોય છે — સ્ત્રીકેસર અને પુંકેસર. નરફૂલ કે પુંકેસરમાં એક ખાસ જાતની રજ હોય છે, તેને પરાગ કહે છે. એ પરાગ માદાફૂલ કે સ્ત્રીકેસર પર પડે તો તે ફૂલ ફળે. પરાગ શી રીતે સ્ત્રીકેસર કે માદાફૂલને પહોંચે છે તે જાણો છો?

સુંદર નાનકડાં જીવડાં, પતંગિયાં, મધમાખો અને કીડીઓ એક ફૂલ પરથી બીજા ફૂલ પર તેનો પરાગ લઈ જાય છે, અને એમાંથી ઝાડ ફળે છે. એમ ન માનતા કે, આ નાના નાના જીવો ફૂલોના શત્રુ છે. તેઓ તો ઝાડ ફળે તે માટે પરાગ લાવવા લઈ જવાનું અતિ ઉપયોગી કામ કરી આપનાર દૂતો અથવા આડતિયા છે. ફૂલમાં રહેતા મધરૂપી મહેનતાણાના બદલામાં, તેઓ ફૂલનો પરાગ પોતાને શરીરે અનાયાસે ચોંટાડીને, ફૂલે ફૂલે લઈ જઈ, તેને 'સફળ'. થવામાં મદદ કરે છે. આમ, જેમને તમે તુચ્છ ગણી અવગણો છો તે આ નાનાં જંતુઓ વનસ્પતિને ફળવાને માટે પરાગ પહોંચાડે છે, અને તેથી આપણને ખાવાને વાસ્તે ફળફૂલ તથા દાણો મળી શકે છે.

એટલે, જ્યારે તમે ઝાડ જુઓ ત્યારે, તે આપણી માતા છે, એવી દૃષ્ટિથી જોજો; તેનું ફૂલ ચૂંટો ત્યારે, શસ્ત્રવેદને યાદ કરી, સંભાળીને ધીમેથી ચૂંટજો, અને ફૂલમાંથી નીકળતા નાનકડા જીવને જુઓ, ત્યારે તેના પરાગ લઈ જવાના કામનો ખ્યાલ કરજો.

સ્વાધ્યાય

૧. મનુષ્યસમાજની જેમ વનસ્પતિ પણ સમાજ છે. તેની જોડે કેવી રીતે વર્તવું જોઈએ? એ બે સમાજ વચ્ચે કેવો સંબંધ છે?

આ વિષયની વાતચીત શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચારીએ જેલના પોતાના સાથીઓને કરેલી, તે પરથી આ પાઠ ઘડચો છે. રાજગોપાલાચારીને ઓળખો છો?

૨. આપણા શરીરના રુધિરાભિસરણ વિષે ભણ્યા ન હો તો શિક્ષકને તે વિષે પૂછજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪

બે છપ્પા

૧

वाघथी बळियो बळद, पृथ्वीनो भार उपाडे;
वाघ हणे छे जीव, बळद तो जगत जिवाडे;
स्रष्टाए रची सृष्टि, प्रथम तो कणबी कीधो;
धोरी सर्ज्यो धीर, बंनेने त्यां वर दीधो:—
उपाडो भार अवनी तणो, करो काम, खड अन्न जमो;
छत्रपति आदि सौ छोकरां, भा भा थई भूतल भमो.

२

ज्यारे व्यापे क्रोध, अमृत विख करी जाणे;
ज्यारे व्यापे क्रोध, बोध कोईनो नव माने;
ज्यारे व्यापे क्रोध, सुख फेडी दुःख आणे;
ज्यारे व्यापे क्रोध, सगांने शत्रु जाणे.
क्रोध कोई करशो नहि, पेट चोळये शूळ छे;
शामळ कहे, शाणा समजजो, क्रोध पापनुं मूळ छे.

૫૫

બિચાંની મુસાફરી

૧

માણસ એક દેશમાંથી બીજા દેશમાં જઈને વસે છે, તે આપણે બધા જાણીએ છીએ. આપણા પૂર્વજો મૂળ હિંદુસ્તાનના વતની નહોતા, એમ વિદ્વાનો કહે છે. ગુજરાતમાંયે આપણામાંથી ઘણાના પૂર્વજો પંજાબ, રજપૂતાના, સિંધ વગેરે પ્રાન્તોમાંથી આવ્યા હોય એવો સંભવ છે. આજે પણ ગુજરાત, કાઠિયાવાડ તથા કચ્છના ઘણા લોકો ગુજરાત બહાર જઈને વસવાટ કરતા જોવામાં આવે છે. કેટલાક તો છેક આફ્રિકા અને ઝાંઝિબાર પણ જઈને રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશુ-પક્ષીઓ પણ એક દેશથી બીજે દેશ જઈને રહે છે. યુરોપના દેશોમાં શિયાળો બહુ સખત હોય છે, તેથી ઉત્તરના દેશોમાંથી પંખીઓનાં ટોળેટોળાં, શિયાળો બેસતાં, દક્ષિણના ગરમ પ્રદેશો તરફ ઊડી જાય છે, અને વસંત ઋતુ શરૂ થાય ત્યારે પાછાં આવે છે. ઉંદરો અને ખિસકોલીઓની પણ એવી મુસાફરી ઇતિહાસમાં નોંધાયેલી છે.

વનસ્પતિને પણ પરદેશગમન કરવાની જરૂર પડે છે. એક છોડ કે ઝાડ જ્યાં ઊગે છે ત્યાં ને ત્યાં જ મરે છે. જો એનાં બધાં બી પણ ત્યાં ને ત્યાં જ પડી રહે, તો તે એની છાયામાં ઊગી શકે નહિ અને તેનો વંશ વધે નહિ. આથી, પોતાનાં બિયાં સ્થળાંતર કરી શકે એટલા માટે, વનસ્પતિને અનેક પ્રકારની આશ્ચર્યકારક યુક્તિઓ શોધેલી છે.

પહેલાં તો દરેક વનસ્પતિ પોતાના એકેએક બીને જન્મથી જ તેની આજુબાજુ એક સખત કવચ પહેરાવી તેને ઉનાળા અને શિયાળા સામે ટકવાની શક્તિ આપે છે. નારિયેળ જેવા મોટા ફળમાં આ આપણે સહેલાઇથી જોઈ શકીએ છીએ. ટોપરાની આજુબાજુ કેવું સખત કાચલું હોય છે? એને ભાંગવા માટે નારિયેળને પથ્થર પર અફાળવું પડે છે. કેરીનો ગોટલો, બદામ વગેરે પણ સખત કવચમાં હોય છે, એ આપણે સૌ જાણીએ છીએ. આમ ટાઢ, તડકામાં નાશ ન પામે એવું કવચ નાના મોટા દરેક બીને હોય છે. પાણીથી તો બીને બીવાનું હોય જ નહિ; એ તો એનું જીવન. તેથી, તેનું કવચ ગમે તેટલું સખત હોય, પણ પાણી સામે તે નરમ થઈ જાય છે.

કવચ તો લગાવ્યું. પણ મુસાફરી કરનારે થોડું ભાતું પણ સાથે રાખવું જોઈએ. બીને પાણી પીધા વિના ભૂખ લાગતી નથી. પાણી જુએ ત્યારે એને તરસ લાગે છે, અને પાણી પીવા માંડે ત્યારે એની ભૂખ ઊઘડે છે. કારણ કે, પાણી પીવા માંડે એટલે એ તરત જ ઊગવાની તૈયારી કરવા માંડે છે. દરેક કવચને એક બાજુએ મોઢા જેવું હોય છે. ત્યાંથી એ બીના અંદરના ભાગ સાથે જોડાયેલું હોય છે. ત્યાંથી જ એ પાણી પીએ છે. પાણી પીતાં જ એ ફૂલે છે અને અંદરથી એક ફણગો ફૂટે છે. ફણગાનો એક ભાગ જમીનમાં જઈ મૂળ કરે છે, અને બીજો જમીન બહાર આવી ફેલાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પણ એટલું થતાં એને થોડોક વખત જાય છે. કોઈને એક દિવસ જોઈએ, કોઈને બે ચાર જોઈએ. તે વખતે ખોરાક વિના એ શી રીતે વધે? તેથી કરીને દરેક બીને, તે જાતે જમીન અને હવામાંથી ખોરાક ખેંચવા શક્તિમાન થાય, ત્યાં સુધી ચાલે એટલો ખોરાક તેની સાથે જ ભરેલો હોય છે. એ ખોરાક મુખ્યત્વે મેંદાની જાતનો હોય છે. નવો અંકુર એ ભાતું પહેલું ખાઈ જાય છે.

નારિયેળનું કોપરું કે બદામની મીંજ આપણે ખાઈ જઈએ છીએ ખરા. પણ જો નારિયેળ કે બદામ ઊગવા માંડે, તેનું ટોપરું અને મીંજ તે બીનો જ ખોરાક થાય છે. આપણે આ પરથી જોઈ શકીએ છીએ કે, દરેક બીમાંનો ખાવા જેવો પદાર્થ વનસ્પતિએ આપણે માટે મૂકેલો હોતો નથી, પણ પોતાના બચ્ચાં માટે જ મૂકેલો હોય છે. જો ટોપરું કે મીંજ કોઈ કારણે અંદરથી નાશ પામી જાય, તો તે બી ઊગી શકે નહિ.

૨

આમ કવચ અને ભાતું તો આપ્યાં. હવે એ બીને પરદેશ મોકલવાં શી રીતે? એમાં દરેક વનસ્પતિ તરેહ તરેહની ચતુરાઈ દેખાડે છે. જેવાં દહીંમાં કે રોટીના ખમીરમાં, કે ક્ષયના દર્દીના બળખામાં હોય છે, તેવાં અનેક પ્રકારનાં સૂક્ષ્મ જીવાણુઓ તેમ જ ઘાસ જેવી વનસ્પતિનાં બીજો તો ઘણુંખરું પવનની ગાડી કરીને જ જવાનું પસંદ કરે છે.

કેટલાંક બી એથી જરા ભારે હોય છે. તે એમ ને એમ ઊડે તો બહુ દૂર જઈ શકે નહિ. તેથી એમને બી સાથે ઝીણી ઝીણી પાંખો વળગેલી હોય છે. એ પાંખને લીધે એ હવામાં સહેલાઈથી ઊડીને મુસાફરી કરી શકે છે.

આકડો, કપાસ વગેરેનાં બીને માત્ર એકાદ પાંખ પૂરતી થાય નહિ. એ તો મજાની દાઢી જ ઉગાડે છે. એ દાઢી એને હવામાં ઊડવામાં પીંછાની ગરજ સારે છે. આપણે કપાસિયાની દાઢી ઉતારીને કાંતી કાઢીએ છીએ, પછી બાપડા કપાસિયા મુસાફરી કરી શકતા નથી. ધબ લઈને તે જમીન પર પડી જાય છે. કપાસનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડ એ દાઢી, આપણાં કપડાં કરવા, એનાં બીને આપતો નથી. પણ આપણને એની દાઢી ઉપયોગી થાય છે, એટલે લાખો મણ કપાસિયાને આપણે ચરખાથી બોડી કાઢીએ છીએ.

વળી, કેટલાક છોડ તો પોતાના બીને જાણે હવાબંદૂકમાં મૂકીને ચારે બાજુ ઉડાડી દે છે. એ બી શીંગોમાં થાય છે. અને એ શીંગો સુકાય છે ત્યારે ફટાક દઈને ફાટે છે અને બીને ચારે બાજુ ઉડાડી મેલે છે. વટાણાની શીંગો એ જાતની કહી શકાય. તનમનિયાં નામનાં વિવિધરંગી ફૂલ થાય છે. તેની શીંગ એવી હોય છે કે, એને આંગળી અડાડતાં બંદૂક ફોડી હોય તેમ તે ધડાકો કરે છે, અને અંદરથી ઝીણાં ઝીણાં બી ચારે બાજુ ઊડે છે.

વળી કેટલાંક ઘાસનાં બી મુસાફરી કરવા માટે જનાર આવનારને વળગી પડે છે. તમે ખેતરમાં જાઓ અને ભૂલચૂકે એની પાસે ગયા હો, તો તમારા ધોતિયાને તે વળગી પડશે. પછી તમારી ગરજે તમે એમને ઉખેડીને કાઢશો. તમે એમને ગમે ત્યાં ફેંકશો તેની એમને ચિંતા નથી. પોતાના છોડથી થોડે દૂર ગયાં એટલે એમનું કામ તો સર્યું. એવાં બીને આપણે 'કૂતરાં' કહીએ છીએ.

વળી, પેલાં વીંછી જેવાં બીજ હોય છે, તેમને તો બે આંકડા હોય છે. એવું બી તમારા કપડાંમાં આંકડા ભરવી વળગી જાય, પછી તમને ખબર પડે ત્યારે તમે ભલે એને ફેંકી દો. એને એ જ જોઈતું હતું.

કેટલીક વનસ્પતિનાં ફળ ઘૂઘરા જેવાં હોય છે. એમાં ઝીણાં ઝીણાં છિદ્રો હોય છે. પવનથી વાંકાંચૂકાં વળીને એ ઊછળે, ત્યારે એમનાં છિદ્રોમાંથી એમનાં બી બહાર નીકળે. અફીણના દોડામાંથી ખસખસ એ રીતે નીકળે છે.

કેટલાંક તો તરીને પણ મુસાફરી કરે છે. નારિયેળને માણસો વહાણે ચડાવી પરદેશ મોકલતાં થયાં તે પહેલાં, તે જાતે જ ઘણી વાર પરદેશ જતાં, અને એકાદ કિનારાને લાગી ત્યાંની જમીનમાં ઊગતાં. હજુયે તમે એમને એમ કરવા દો, તો એમને તેનું દુઃખ નહિ લાગે.

કેટલાંક બી કાદવમાં દટાઈ જાય. તેમાંથી કાદવ ભેળાં એકાદ પક્ષીના નખ કે પંજાને વળગી પડે. પછી કાદવ સુકાઈ જાય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી પગ ખંખેરે તેટલી વારમાં તો તેમની કેટલાયે ગાઉની મુસાફરી થઈ જાય!

પણ ઘણાં બી ભાડું આપીને જ મુસાફરી કરે છે. એ પોતાની આજુબાજુ મીઠો રસ કે માવો કે મીજ રાખે છે. પ્રાણીઓ તે માટે એમને ખરીદે છે. પછી રસ, માવો કે મીજ ખાઈ જાય છે, અને બીજને ફેંકી દે છે. કોઈ વાર કેટલાંક બીને પક્ષી ગળી જાય છે. પણ તેમની ચરકમાં તે નીકળી આવે છે, અને તેથી ઊલટાં તે વધારે સારી રીતે ઊગે છે. આમ એ બી મફત મુસાફરી કરવાનું પસંદ નથી કરતાં. બધાંયે ફળોનાં બી એ જાતનાં હોય છે. ફળને લોભે પ્રાણીઓ તેમને મુસાફરી કરાવે છે.

પણ બદામ એ બાબતમાં જરા ભોળું બી છે, અને જરદાળુ તેથીયે ભોળું છે. માણસો અને પક્ષીઓ તેમનાં ફળ અને બી બંનેને ખાઈ જાય છે અને કશું રહેવા દેતાં નથી. પણ એમને ભોળાં શું કામ કહીએ? એ તો પોતાનું સર્વસ્વ-બલિદાન કરીને બીજાની સેવા કરે છે એમ કાં ન કહીએ? મનુષ્યોમાં સત્પુરુષો એમ જ કરે છે ને? અને વનસ્પતિમાં બદામ બહુ પૌષ્ટિક બી છે એમ સૌ કોઈ જાણે છે.

સ્વાધ્યાય

૧. તમે 'ડોશીમાનો આંબો', 'કચ્છનાં સંસ્મરણો', 'બાપાની પીપર', 'ઝાડ અને છોડવા' તથા અંતે આ પાઠ શીખ્યા. બધાનો ભેગો વિચાર આવ્યો? ન આવ્યો હોય તો હવે લાવો. એ દરેક પાઠમાં શું શું કહ્યું તેની નોંધ તૈયાર કરવાથી તેમાં મદદ થશે.

૨. આ પાઠમાં વર્ણવેલી મુસાફરી કરનારાં બી અને તેમના છોડનું તથા ઝાડોનું નિરીક્ષણ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬

આત્મબલિદાન

[સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુશ્રી નિષ્કુલાનંદે 'ધીરજાખ્યાન' લખ્યું છે. અનેક ભક્તોએ, અનેક દુઃખોમાં પણ, ધીરજ રાખી અને પ્રભુને ન છોડ્યા, એ આ આખ્યાનનો વિષય છે તેમાંથી શિબિ રાજાની કથાનો ભાગ અહીં લીધો છે.]

૧

[રાગ ધનાશ્રી]

वळी कहुं वात अनुपम एक जी,
सुणजो सौ उर आणी विवेक जी;
कहुं सत्यवादी राय शिबिनी टेक जी,
मूकी नहि नृपे मूआ लगी छेक जी. १

[ઢાળ]

छेक टेक तजी नहि, दिये देदेकार करी दान;
जे जे मागे ते ते आपे, तेने बहु बहु करी सन्मान. २
भूख्यो प्यासो प्राणी आवे, मांगे मनवांछित जे वळी,
आपे तेने आदरशुं, आरत वाणी सांभळी. ३
तेणे जश वाध्यो आ जगतमां, परलोके पडी फाळ;
इन्द्र कहे, लेशे आसन मारुं, करुं कोई एक रखवाळ. ४
पहेल-वहेलां पाळ बांधीए, तो रहे तळावे तोय;
आव्ये जळे जे आदरवुं ते काम न आवे कोय. ५
लागी आगे कोई कूप खणे, तेणे ओलाय नहि अंगार;
माटे मेली गाफलता, वहेलो वहेलो करवो विचार. ६
पछी शक्र थयो शकरो, थयो होलो ते हुताशन;
आव्या बेउ ऊडता, ज्यां बेठा हता राजन. ७
कपोत गयो आवी गोदमां, बेठो शकरो सामो सुजाण;
'आप मारा आहारने, मारा भूखे जाय छे प्राण.' ८
त्यारे शिबि कहे, 'सुण शकरा, शरणे आव्यो ते केम अपाय?
माग बीजुं होय मनमां, जेणे करी तारुं दुःख जाय.' ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्यारे बाज कहे, 'बीजुं जोईतुं नथी, जोईए खावानुं आ वार;
निष्कुलानंदना नाथ न्याय करी, आप मांस एह होला-भार.' १०

२

शिबि राजा छे दयानो निवास जी,
पाप करतां पामे बहु त्रास जी;
तेनो तन मनमां कर्यो तपास जी,
तेणे केम अपाय मारी परमांस जी ! ११

[ढाळ]

तपास करी तने मने, त्राजुं मंगाव्युं ते वार;
कातुं लई मांडयुं कापवा, आपवा आमिष होला-भार. १२
कापी कापी राये आपियुं सर्वे शरीरनुं मांस;
तोय त्राजुं नव ऊपडयुं, होलो बेठो छे जेह पास. १३
त्यारे राये विचारियुं, आ तो कपोत [1]कारणरूप;
माटे आपुं अंग आखुं एने, एम कहे छे वळी भूप. १४
त्यारे बेठा राय जई त्राजवे, हुवो लोकमां हाहाकार;
त्यारे होलो टळी हुताशन हुवो, शकरो शक्र ते वार. १५
त्यारे इंद्र कहे, 'धन्य धन्य राजा, तुं जेवो नथी बीजो एक;
तन-अभिमानी तुं नथी, अमे जोयुं करी विवेक. १६
सत्य धर्म, नियम, टेक तारी, भारे धारी भली तमे भूप;
तन तजी ब्रह्मलोक जाशो, थाशो ब्रह्मस्वरूप.' १७
एम वर दई सुरेश गया, थयो अति जयजयकार;
निष्कुलानंद हरिभक्तने ग्रही लेवो एवो सार. १८

સ્વાધ્યાય

૧. શિબિ રાજાની વાત તમારાં નાનાં ભાઈબહેનોને કહો.

૨. પછીના પાઠ ૫૭માંની વાત તમારી મેળે વાંચો. કોશલરાજ અને શિબિની સરખામણી થઈ શકે?

૧. દેવરૂપ — દૈવી, ચમત્કારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ જીત્યું ?

[બહુ પ્રાચીન સમયની આ વાત છે. કેટલીક વાતો, ચલણી સિક્કાની પેઠે, એક પેઢી પાસેથી બીજી પેઢી પાસે ઉતરી આવે છે; પરંતુ તેમનું મૂળ કે તેમનો સમય નોંધવાની કે જાણવાની દરકાર કોઈ નથી કરતું. તે વાતનો રસ કે સાર જ લોકોને મન અગત્યનો અંશ હોય છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આવી જુદી જુદી અનેક કથાઓને પોતાના ‘ કથા અને કહાણી ’ નામના ગ્રંથમાં સંઘરી છે, તેમાંની આ એક છે]

દાનેશ્વરી તરીકે કોશલ દેશના રાજાની મોટી નામના હતી. દીન-દરિદ્રીનું એ આશ્રયસ્થાન હતો. દુઃખમાં માતપિતાની પાસે જેમ બાળક દોડી જાય, તેમ દુઃખી તેની પાસે દોડી જતા.

કોશલરાજની એ કીર્તિ કાશીરાજથી સહન થઈ શકી નહિ. તે ઈર્ષ્યાથી બળી જવા લાગ્યો: ‘મારી પ્રજાના માણસો મારા કરતાં કોશલરાજને મોટો માને? મારા કરતાં જેનું પદ નીચું છે તેની, મારી જ પ્રજામાં આટલી બધી કીર્તિ ?’ એમ દાઝે બળી તેણે એક દિવસ પોતાના સેનાપતિને કહ્યું, ‘ સેનાપતિ, ચાલો હાથમાં તલવાર લો અને લશ્કર તૈયાર કરો. મારા કરતાં કોશલરાજને મોટા પુણ્યશાળી થઈ બેસવું છે, તો એને જરા પાઠ શીખવીએ.’

કાશીરાજે સૈન્ય તૈયાર કરી કોશલદેશ ઉપર ચડાઈ કરી. રણસંગ્રામમાં હારી જવાથી લાજનો માર્યો કોશલરાજ જંગલમાં પલાયન કરી ગયો. વિજયી કાશીરાજ દરબાર ભરી, મદથી હસતો હસતો, સભાસદોને કહેવા લાગ્યો, ‘ જેનામાં ધન સાચવવાની તાકાત ન હોય, તેણે દાનેશરી થવા નીકળવું ન જોઈએ !’

પરંતુ લોકોમાં હાહાકાર મચી ગયો. બધા કહેવા લાગ્યા, ‘ રાહુ ચંદ્રને ગળી ગયો. લક્ષ્મીજીએ બળવાનના બાહુ પસંદ કર્યાં, પણ ધર્મ સામું ન જોયું. ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશે દિશાના લોક કલ્પાંત કરતા બોલવા લાગ્યા, 'અમારું શિરછત્ર ચાલ્યું ગયું; સકળ જગતના બંધુ કોશલરાજના શત્રુને ધિક્કાર હજો!'

નગરજનોનું એ કલ્પાંત સાંભળી, કાશીરાજ ગુસ્સાથી સળગી જવા લાગ્યો: 'હરામખોરો! હું હજુ જીવતો-જાગતો છું, તો પછી આટલું બધું શાને રડી મરો છો? તમારો એ દાનેશ્વરી હવે શું પાછો આવશે? કે મને હરાવીને શું પોતાનું રાજ્ય પાછું મેળવશે? ઠીક, ઠીક; પરંતુ જ્યાં સુધી તે જીવતો છે, ત્યાં સુધી તમે બધા તેનો ખ્યાલ છોડવાના નથી. માટે તેને નામશેષ કરી નાખવો એ જ યોગ્ય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, શત્રુનું જરા સરખું મૂળ બાકી રહેવા દેવું નહિ.'

આમ વિચારી તેણે પોતાના મંત્રીને બોલાવીને કહ્યું, 'મંત્રીજી, જાઓ, નગરમાં ઢંઢેરો પિટાવો કે, જે માણસ કોશલરાજને પકડી લાવશે, તેને સો સોનામહોર ઇનામ આપવામાં આવશે.' રાજાના નોકરો રાતદિવસ ઠેર ઠેર એ ઘોષણા કરવા લાગ્યા. જે કોઈ તે સાંભળતું, તે આંખો મીંચી, જીભ કરડી, કાને હાથ દબાવી દેતું.

કોશલરાજ ગંદાં ફાટચાં-તૂટચાં કપડાં પહેરી વનવગડામાં રખડચા કરતો હતો. એક દિવસ એક વટેમાર્ગુએ આંસુ–ભરેલે મુખે તેને પૂછ્યું, 'ભાઈ, કોશલદેશનો રસ્તો કઈ બાજુ આવ્યો, તે બતાવીશ?'

રાજાએ તે સાંભળી તેને પૂછ્યું, 'એ અભાગિયા દેશમાં હવે શા દુઃખે જાય છે, ભાઈ?'

વટેમાર્ગુએ કહ્યું, 'હું વેપારી વાણિયો છું. મારું નાવ ભર સમુદ્રમાં ડૂબી ગયું છે. હવે ઘેર ઘેર ભીખ માગતો તો કેમ કરીને જીવું! પણ ચારે બાજુ મેં દયાળુ કોશલરાજની કીર્તિ સાંભળી છે. કહે છે કે, તે અનાથનો નાથ છે, દીન–દરિદ્રનું શરણ છે; કોઈ તેને બારણેથી ખાલી હાથે પાછું ફરતું નથી. માટે હું તેની પાસે જઈ મારું દુઃખ દૂર કરાવવા ઇચ્છું છું.'

તે સાંભળી કોશલરાજે જરા હસીને પોતાની આંખમાં આવતાં આંસુ છુપાવી દીધાં. ત્યાર બાદ ચૂપ રહી કાંઈક વિચાર કરી લીધો અને કહ્યું, 'ભાઈ! તું ઘણી મુશ્કેલીઓ વેઠતો આટલે દૂર આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તો તારી મનઃકામના પૂર્ણ થાય તેવો માર્ગ, આવ, તને બતાવું' એમ કહી તે તેને લઈને કાશી ભણી ચાલ્યો.

કાશીરાજ દરબાર ભરીને બેઠો છે. એટલામાં ત્યાં એક જટાધારી વનવાસી આવીને ઊભો રહ્યો. રાજાએ મોં મલકાવીને તેને પૂછયું, 'શા કારણસર તમારું આવવું થયું છે? ખુશીથી કહો. તમારી જે કાંઈ કામના હશે તે કાશીરાજ જરૂર પૂરી કરશે.'

પેલા જટાધારીએ ધીરે ધીરે કહ્યું, 'કાશીરાજ, હું કોશલરાજ છું. મને પકડી લાવે તેને જે મોટું ઇનામ આપવાનું તમે જાહેર કર્યું છે, તે મારા આ જોડીદાર વણિકને આપો. તે ભારે મુસ્કેલીમાં આવી પડ્યો છે, તથા મારી પાસેથી કંઈ મળશે એ આશાએ મારા નગરનો રસ્તો પૂછતો જતો હતો, ત્યાં મને વચ્ચે મળ્યો. તેને હું નિરાશ કરવા નથી માગતો. માટે લો મારું માથું, અને તેને ઇનામની રકમ ગણી આપો.'

આ જોઈ સભાસદો ચોંકી ઊઠ્યા. આખો દરબાર સ્તબ્ધ થઈ ગયો. બારણા પાસે ઊભેલા બખતરધારી દ્વારપાલની આંખો આંસુથી ભરાઈ ગઈ. કાશીરાજ પણ ક્ષણભર તો ચૂપ થઈ ગયો. પછી તે બોલ્યો, 'હે રાજકેદી! પોતાનું માથું આપીને મારા ઉપર વિજય મેળવવાનો પેંતરો તું ઠીક ગોઠવી લાવ્યો છે! પણ તારી એ આશા નિષ્ફળ જવાની છે, કેમ કે આજના આ રણસંગ્રામમાં પણ હું જ જીતીશ.'

પછી તેણે કોશલરાજને રાજા તરીકે સંબોધીને કહ્યું, 'હે કોશલરાજ! તમારું રાજ્ય હું તમને પાછું આપું છું, અને સાથે મારું હૃદય પણ. હવે આ ગાદીએ બેસી તમારા જ રાજ્યભંડારમાંથી આ વણિકને જોઈએ તેટલું ધન આપો.'

એમ કહી એ ચીંથરેહાલ વનવાસીને રાજાએ રાજ્યાસને બેસાર્યો, અને ઝાંખરા જેવા તેના વાળ ઉપર રાજમુગટ પહેરાવી દીધો. નગરજનો એકી અવાજે પોકારી ઊઠ્યા: 'ધન્ય, ધન્ય.'

સ્વાધ્યાય

કોણ જીત્યું તે તમે કહો: કોશલરાજ કે કાશીરાજ? ઈર્ષા કે પ્રેમ? મોટાઈનો મદ કે નમ્રતાની ટેક?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દકોશ

કોશમાં વાપરેલા વ્યાકરણના મ જ વ્યુત્પત્તિના સંક્ષેપોની સમજ:

અ૦ અવ્યય
અ૦ક્રિ૦ અકર્મક ક્રિયાપદ
ક્રિ૦ વિ૦ ક્રિયાવિશેષણ
ન૦ નપુંસકલિંગનું નામ
પું૦ પુંલ્લિંગનું નામ
વિ૦ વિશેષણ
સ૦ સર્વનામ
સ૦ક્રિ૦ સકર્મક ક્રિયાપદ
સ્ત્રી૦ સ્ત્રીલિંગનું નામ
[અ.] અરબી
[ઇં.] ઇંગ્લીશ
[ફા.] ફારસી
[સં.] સંસ્કૃત
[હિં.] હિંદી

અ

અગ્નિપરીક્ષા સ્ત્રી૦ [સં.] અગ્નિમાં પ્રવેશ કરીને પોતાના સાચની પરીક્ષા આપવી તે; આકરી કસોટી
અગ્ન્યસ્ત્ર ન૦[સં.] અગ્નિ વરસાવતું અસ્ત્ર
અકુંઠિત વિ૦ મુક્ત; રોકયા વગરનું
અણગળ વિ૦[સં. અનર્ગલ] અપાર; બેહદ
અણચિંતવ્યુ ક્રિ૦વિ૦ અણધાર્યું; એની મેળે
અદા કરવું = ચૂકતે કરવું; પૂરું કરવું
અદાલત સ્ત્રી૦ [અ.] ન્યાયની કચેરી; કોર્ટ
અધર પું૦ [સં.] નીચલો હોઠ
અધવચરો પું૦ અધકચરો; અર્ધદગ્ધ
અધ્યાત્મ-ચિંતન ન૦ [સં.] આત્મા વિષેનું ચિંતન-ધ્યાન
અનિલ પું૦ [સં.] પવન [ખોટું
અનિષ્ટ વિ૦[સં.] ન ઇચ્છવા જેવું; ખરાબ;
અનુચર પું૦ [સં.] દાસ; નોકર
અનુયાયી પું૦[સં.] અનુસરનારો; શિષ્ય
અનુવાદ પું૦ [સં.] ભાષાંતર; તરજુમો
અન્યોઅન્ય અ૦ પરસ્પર; અન્યોન્ય
અપથ્ય વિ૦ [સં.] ન સદે એવું
અપરમા સ્ત્રી૦[સં.] સાવકી-ઓરમાન મા
અબોધ વિ૦ [સં.] ભોળું; અણસમજુ
અભિલાખ પું૦ [સં. અભિલાષ] ઇચ્છા
અમાત્ય પું૦ [સં.] વજીર; પ્રધાન
અરણ્ય ન૦ [પદ્ય] અરણ્ય; વન
અલ્પાશન ન૦ [સં.] અલ્પ-થોડું અશન-આહાર કે ખાવું તે
અવધ સ્ત્રી૦ [સં. અવધિ] સીમા; હદ
અવર વિ૦ [સં.] બીજું
અવરાવું અ૦ક્રિ૦ ઢંકાવું; સંતાવું
અવશેષ પું૦ [સં.] બાકી રહેલું તે (જેમ કે, જમીનમાં દટાઈ ગયેલાં પ્રાણીઓનાં હાડપિંજર)
અવાક વિ૦ [સં.] ચૂપ; મૂંગું [રેલ
અશ્રુપૂર ન૦ આંસુરૂપી પૂર-આંસુની
અસ્થિ ન૦ [સં.] હાડકું
અંતર્ધાન ન૦ [સં.] અદૃશ્ય થઈ જવું તે
અંબુધિ પું૦ [સં.] દરિયો

આ

આકુળ વિ૦ બેચેન; અજંપાવાળું
આગ્રહ પું૦[સં.] નિશ્ચય; વળગ્યા રહેવું તે
આઘાત પું૦ [સં.] ધક્કો; ફટકો
આત્મદ્રોહી વિ૦ [સં.] પોતાની જાતને દ્રોહ-દગો કે હાનિ કરનાર
આત્મશુદ્ધિ સ્ત્રી૦ [સં.] પોતામાં સુધારો; જાત-સુધારો; જાતે સુધરવું તે
આદર પું૦ [સં.] માન
આધ્યાત્મિક વિ૦ [સં.] આત્માને લગતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમની સભા સ્ત્રી૦ વિલાયતની પાર્લ-મેન્ટની–સામાન્ય જનતા, આમપ્રજા–તેના પ્રતિનિધિઓની સભા
આમિષ ન૦ [સં.] માંસ
આયત સ્ત્રી૦ [અ.] (કુરાનનું) વાક્ય
આયુષ્મન્ વિ૦ [સં.] હે લાંબા આયુષ-વાળા! ચિરંજીવ!
આરત વિ૦ [સં. આર્ત] દુઃખી
આર્થિક વિ૦ [સં.] નાણાંને લગતું
આર્ય પું૦ [સં.] કુલીન–મોટો માણસ
આર્યપુત્ર પું૦ [સં.] પતિ (સંબોધનમાં)
આલિંગન ન૦ [સં.] ભેટવું તે
આલેશાન વિ૦ [અ. આલીશાન] મોટું; ભવ્ય
આંતરરાષ્ટ્રીય વિ૦ [સં.] જુદા જુદા અનેક દેશોના પરસ્પર સંબંધ વિષેનું કે તેને લગતું
આંધણ મુકાઈ ચૂકવું=નાહી નાખવું; આશા છોડીને બેસવું

ઉ

ઉગ્ર વિ૦ [સં.] ખૂબ જોરદાર; જબરું
ઉચ્ચાલન ન૦ [સં.] ભારે વસ્તુ થોડા બળથી ઊંચી કરવાની વિજ્ઞાનની યુક્તિ
ઉચ્છ્વાસ પું૦[સં.] બહાર કાઢેલો શ્વાસ
ઉછંગ પું૦ [સં. ઉત્સંગ] ખોળો
ઉત્પાત પું૦ [સં.] તોફાન; ધાંધલ
ઉદવું અ૦ક્રિ૦ [પદ્ય] ઊગવું; ઉદય થવો
ઉદ્યમ પું૦ [સં.] ઉદ્યોગ; ધંધો
ઉદ્યોગ પું૦ [સં.] શ્રમ; મહેનત–મજૂરી (૨) ઉદ્યમ; ધંધો
ઉન્મત્ત વિ૦ [સં.] ગાંડું (૨) માતેલું; છકેલું
ઉન્મીલિત વિ૦ [સં.] ખીલેલું; પ્રફુલ્લ
ઉપભોગ પું૦ [સં.] ભોગવવું તે; વાપર
ઉપહાસ પું૦ [સં.] મશ્કરી
ઉભય વિ૦ [સં.] બેઉ, બંને
ઉલેમા પું૦ [અ. ઉલમા] ઇસ્લામનો પંડિત
ઉષા સ્ત્રી૦ [સં.] મળસકું

ઋ

ઋણ ન૦ [સં.] દેવું; કરજ
ઋણી વિ૦ [સં.] દેવાદાર; આભારી

એ

એકપત્નીવ્રતી વિ૦ [સં.] એક જ વાર પરણવાના વ્રતવાળો
એક-મનું વિ૦ [સં.] એક મનવાળું; [એકાગ્ર
એલચી પું૦ [તુર્કી] રાજનો પરદેશમાં મોકલેલો પ્રતિનિધિ કે વકીલ

ઐ

ઐતિહાસિક વિ૦ [સં.] ઇતિહાસનું

ઓ

ઓઠવવું સ૦ક્રિ૦ બરોબર ગોઠવવું
ઓતપ્રોત વિ૦ [સં.] તલ્લીન; તન્મય
ઓવરકોટ પું૦ [ઇં.] (ટાઢ માટે) મોટો ડગલો
ઓસ સ્ત્રી૦; પું૦ ઝાકળ

ક

કથાનક ન૦ [સં.] કથાનું વસ્તુ–વાત
કદર સ્ત્રી૦ [અ. કદ્ર] બૂજ
કદલીવન ન૦ [સં.] કેળોનું વન
કદાપિ અ૦ [સં.] કદી પણ
કપોત પું૦ [સં.] હોલો
કબરસ્તાન ન૦ [ફા.] મડદું દાટવાની [જગા
કબીલો પું૦ [અ.] કુટુંબ; પરિવાર
કરાર પું૦ [અ.] કબૂલાત; વચન (૨) નિરાંત; આરામ
કલહ પું૦ [સં.] ઝઘડો; ટંટો; કજિયો
કલ્પતરુ ન૦ [સં.] સ્વર્ગનું એક કલ્પિત વૃક્ષ. તેની નીચે બેસી જે માગીએ તે મળે એમ મનાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પાંત ન૦ [સં.] રોકકળ; રડારોળ

કવચ ન૦ [સં.] બખતર

કવણ સ૦ [પદ્ય] કોણ; કયું

કસંર સ્ત્રી૦ [અ. કસ્ર] કરકસર

કંઠસ્થ વિ૦ [સં.] મોઢે કરેલું

કાગદી પું૦ [ફા.] કાગળ બનાવનારો કે તેનો વેપારી

કાફલો પું૦ [અ. કાફિલા] સમૂહ; જમાત

કારકિર્દી સ્ત્રી૦ [ફા.] કારભારનો સમય

કાર્બન પું૦ [ઇં] એક રાસાયણિક પદાર્થ (જેમ કે કોલસામાં તે છે)

કાર્યવાહક વિ૦[સં.] કામકાજ ચલાવનારું

કાલચક્ર ન૦ [સં.] કાળરૂપી ચક્ર; સતત વહેતો કાળ

કાસળ ન૦ નડતર; પીડા

કાળ પું૦ ક્રોધ; ગુસ્સો

કિશ્તી સ્ત્રી૦ [ફા. કિશ્તી] હોડી

કિંચિત્ અ૦ [સં.] જરાક

કિંતુ અ૦ [સં.] પણ; પરંતુ

કુણ સ૦ [પદ્ય] કોણ ?

કુતૂહલ ન૦ [સં.] નવાઈની લાગણી; ઉત્કંઠા [નામ

કુબ્જા સ્ત્રી૦[સં.] કંસની એક કૂબડી દાસીનું

કુમક સ્ત્રી૦ [તુર્કી] મદદ [મહાલકારી

કુમાવિસદાર પું. [ફા.] વહીવટદાર;

કુરનિસ સ્ત્રી૦ નમીને સલામ કરવી તે

કુશળીક્ષેમ વિ૦ ક્ષેમકુશળ; ખુશીઆનંદ-વાળું [વાળું ભવન-ઘર

કુંજભવન ન૦[સં.]ઝાડવેલ વગેરેની ઘટા-

કૂલ પું૦ [સં.] કિનારો

કૃતિ સ્ત્રી૦ [સં.] કળા કે કાવ્યની ચીજ

કૃષિક પું [સં.] ખેડૂત; કિસાન

કૃષિવલ પું૦ [સં.] કૃષિક; ખેડૂત

કોટવાળ પું૦ શહેરનો બંદોબસ્ત રાખનાર અમલદાર; ફોજદાર

કોટિશ: અ૦ [સં.] કરોડવાર–અનેકગણું

કોપાવેશ પું૦ [સં.] કોપ–ક્રોધનો આવેશ–જુસ્સો

કૌટુંબિક વિ૦ [સં.] કુટુંબનું

કૌસ્તુભ પું૦[સં.] વિષ્ણુના એક ઉત્તમ મણિનું નામ છે.

ક્યહું અ૦ [પદ્ય] ક્યાંય

ક્રાંતિકારી વિ૦[સં.]ભારે ફેરફાર કરી દેનારું

ક્રિયાકાંડ પું૦ [સં.]ધર્મના વિધિઓને લગતો ભાગ.

ક્વૉરેન્ટીન ન૦ [ઇં] ચેપી રોગવાળાને અમુક વખત અલગ રાખવો તે. પ્રજાની સામાન્ય સુખાકારી સાચવવા આવું કરવામાં આવે છે.

ખ

ખણવું સ૦ક્રિ૦ ખોદવું

ખમીર ન૦ [અ.] આથો કે ખટાશ ચડાવે એવો પદાર્થ (૨) તાકાત; છત

ખલીફ પું૦ [અ.] મહંમદ પેગંબર પછી ઇસ્લામ ધર્મનો વડો

ખંતીલું વિ૦ ખંતવાળું; ચીવટથી મંડ્યું રહે એવું [પદ્ધતિ

ખાતાબંધી સ્ત્રી૦ રૈયતવારી મહેસૂલ-

ખાનદાન ન૦ [ફા.] કુળ; કુટુંબ

ખામણું ન૦ કદ; બાંધો

ખાંત સ્ત્રી૦ લાલચ; ઇચ્છા

ખેદ પું૦ [સં.] દુઃખ

ખેદીવ પું૦ [ઇં.] ઇજીપ્તનો રાજા

ગ

ગદ્ગદ વિ૦ [સં.] ગળગળું

ગલીચ વિ૦ ગંદું; ખરાબ

ગુણીજન પું૦ [સં.] ચતુર માણસ

ગુપ્તચર પું૦ [સં.] જાસૂસ; છૂપો દૂત

ગેબ વિ૦ [અ.] અદૃશ્ય; ન દેખાતું

ગોરજ સ્ત્રી૦ [સં.] ગાયોના ચાલવાથી ઊડતી ધૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌરવ ન૦ [સં.] મોટાઈ; મહત્તા
ગ્રહણ ન૦ [સં.] સ્વીકારઃ લેવું તે
ગ્રામ-ઉદ્યોગ પું૦[સં.] ગામડામાં ચલાવી શકાય એવો ઉદ્યોગ

ઘ

ઘાક પું૦ એક જાતનો રેશમી સાલ્લો
ઘાટુડું વિ૦ ઘાટીલું; સારા ઘાટવાળું
ઘૃણા સ્ત્રી૦ [સં.] અણગમો; તિરસ્કાર

ચ

ચંદરવો પું૦ છત; ચંદની
ચિરંજીવ વિ૦ [સં.] લાંબું જીવનારું
ચીર ન૦ (સ્ત્રીનું) કપડું
ચીવટ સ્ત્રી૦ કાળજી
ચેત ન૦ [સં.] ચિત્ત; મન

છ

છત્રપતિ પું૦ [સં.] રાજા
છપ્પનિયો કાળ પું૦ વિ. સં. ૧૯૫૬નો [દુકાળ
છેક પું૦ છેડોઃ અંત
છેલ્લા ખોળાનો=છેલ્લો જન્મેલો, સૌથી [નાનો (છોકરો)

જ

જરજમીન સ્ત્રી૦ [ફા.] જર-પૈસો ને જમીન
જહાલ વિ૦ [ફા.] ઉગ્ર; આકળું
જહાં સ્ત્રી૦ [ફા.] દુનિયા
જાહોજલાલી સ્ત્રી૦ [ફા.] આબાદી, વૈભવ
જિજ્ઞાસા સ્ત્રી૦ [સં.] જાણવાની ઇચ્છા
જીવન-વિગ્રહ પું૦ [સં.] જીવન નભાવવા માટે કરવી પડતી મથામણ
જીવાણુ ન૦[સં.] નરી આંખે ન દેખાય એવો — અણુ જેવો સૂક્ષ્મ જીવ
જીવિત ન૦ [સં.] જીવન; જિંદગી
જુવાનિયાવેડા પું૦બ૦વ૦ ઉછાંછળાપણું
જોષિકાદાર પું૦ છડીદાર

ઝ

ઝડી સ્ત્રી૦ સપાટો; રમઝટ
ઝલમલ ઝૂલ સ્ત્રી૦ ઝલમલતી ઝૂલના જેવી હાર
ઝાતકાર વિ૦ ચકચકિત

ટ

ટંકારવ પું૦ ધનુષ્યની દોરીનો અવાજ
ટંબ્લર ન૦ [ઇં.] બદનો; લાંબા પ્યાલાના ઘાટનું એક વાસણ
ટાટડી=ટાટ; સ્થિર (?)
ટોપીવાળો પું૦ સાહેબ; ગોરો
ટોળા-વછોઈ વિ૦ સ્ત્રી૦ ટોળાથી વછૂટી ગયેલી–એકલી રહી ગયેલી

ડ

ડારવું સ૦ક્રિ૦ ડરાવવું
ડોળ ન૦ રૂપ; ઘાટ; આકાર

ઢ

ઢબુડાવવું સ૦ક્રિ૦ બરોબર ઓઢાડીને સુવાડવું

ત

તકાવ પું૦ તાકવું તે
તતખેવ અ૦ (પદ્ય) તત્કાળ; તરત
તન્મય વિ૦ [સં.] તલ્લીન; ગરક
તાજુબ વિ૦ [અ.] ચકિત
તાત્પર્ય ન૦ [સં.] સાર (૨) હેતુ
તારક-પટો પું૦ ડૂબતા બચવા ગોળ કડા જેવો પટો પહેરવાનો હોય છે તે
તારીફ સ્ત્રી૦ [ફા.] પ્રશંસા; વખાણ
તિમિર ન૦ [સં.] અંધારું
તીર્થોપવાસ પું૦ [સં.] તીર્થસ્થાનમાં, જઈને કરેલો ઉપવાસ
તુક્કો પું૦ મનનો તરંગ
તૂતક ન૦ વહાણના ઉપલા ભાગમાં ફરતે અગાસી જેવો ભાગ, જ્યાં ઉતારુઓ હરી ફરી શકે છે.
તોય ન૦ [સં.] પાણી
તોર પું૦ [અ.] મિજાજ; રોફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિકોણમિતિ સ્ત્રી૦ [સં.] ત્રિકોણને અંગેની ગણિતવિદ્યા
ત્વરા સ્ત્રી૦ [સં.] ઝડપ

દ

દક્ષ વિ૦ [સં.] હોશિયાર; ચતુર; કાબેલ
દફતરી પું૦ [ફા.] કામનાં કાગળિયાં સંઘરવાનું કામ કરનાર
દયામૂર્તિ સ્ત્રી૦ [સં.] દયાભરેલી આકૃતિ
દરખાસ્ત સ્ત્રી૦ [ફા.] સૂચના (૨) વિનંતિ
દરજ્જો પું૦ [ફા.] પાયરી; હોદ્દો
દર્શનીય વિ૦ [સં.] જોવા જેવું
દસ્તૂર પું૦ [ફા.] પારસીઓનો ગોર કે ધર્મગુરુ
દળદાર વિ૦ મોટું; કદવાળું
દાનાઈ સ્ત્રી૦ [ફા.] ભલમનસાઈ
દિઙ્મૂઢ વિ૦ [સં.] દિશા ન સૂઝે એવું થયેલું; ચકિત
દીર્ઘદર્શી વિ૦ [સં.] લાંબી નજર પહોંચાડનાર; દૂર સુધીનો વિચાર કરવાની સમજણવાળું
દુરસ્ત વિ૦ [ફા. દુરુસ્ત] ઠીક; બરોબર
દૂત પું૦ [સં.] ખાતમી લાવનાર લઈ જનાર
દૂબળો પું૦ સુરત જિલ્લાની એક પછાત કોમનો માણસ
દૂષિત વિ૦ [સં.] દોષવાળું; અયોગ્ય
દૃશ્ય ન૦ [સં.] નાટકનો અમુક ભાગ–દેખાવ
દેદેકાર પું૦ દો દો–આપો આપો એવો બોલ [કે હાનિ કરનાર
દેશદ્રોહી પું૦ [સં.] દેશનો દ્રોહ–દગો
દોત સ્ત્રી૦ ખડિયો; દવાત
દોર પું૦ મોટી દોરી (પા. ૧૫૫માં સ્ત્રી૦ છે તે પ્રાસ ખાતર 'દોરી'નું દોર કરેલું માનવું)
દોહ્યલું વિ૦ મળવું મુશ્કેલ
દ્રવવું અ૦ક્રિ૦ ઓગળવું; પીગળવું
દ્વાદશ વિ૦ [સં.] બાર
દ્વેષબુદ્ધિ સ્ત્રી૦ [સં.] ઝેર; અદેખાઈ

ધ

ધગશ સ્ત્રી૦ દાઝ; જોરદાર લાગણી
ધનરેખા સ્ત્રી૦ [સં.] હથેળીની ધનની રેખા
ધરા સ્ત્રી૦ [સં.] ધરતી
ધર્મનિષ્ઠ વિ૦ [સં.] ધર્મનિષ્ઠાવાળું
ધર્મનિષ્ઠા સ્ત્રી૦ [સં.] ધર્મમાં શ્રદ્ધા
ધર્મવેત્તા પું૦ [સં.] ધર્મ જાણનારો
ધર્માંતર ન૦ [સં.] બીજો ધર્મ પલટવો તે
ધારાસભા સ્ત્રી૦ [સં.] કાયદા ઘડનારી સરકારી સંસ્થા
ધિંગુંજડબું વિ૦ લઠ્ઠ ને મજબૂત
ધૂમ સ્ત્રી૦ ધમાલ; શોર
ધોમ પું૦ સૂર્ય

ન

નકોર વિ૦ નક્કોર; ભોળું; સરળ
નખશિખ અ૦ [સં.] પગના નખથી માથે શિખા સુધી; આખે શરીરે
નખોદ ન૦ સત્યાનાશ
નરવો પું૦ કાયમી મહેસૂલની જમીન
નવલકથા સ્ત્રી૦ [સં.] કલ્પી કાઢેલી લાંબી વાત કે તેની ચોપડી [જગા
નવાણ ન૦ જળાશય; નાહવા ધોવાની
નાડાછડી સ્ત્રી૦ રંગીન નાડું
નાદ પું૦ [સં.] ધૂન; છંદ; લહે
નામશેષ વિ૦ [સં.] જેનું નામ જ બાકી રહેલું એવું; નાશ પામેલું
નામાંકિત વિ૦ [સં.] નામીચું; જાણીતું
નામીચું વિ૦ [ફા.] પ્રસિદ્ધ; જાણીતું
નાયબ વિ૦ હાથ નીચેનું; મદદનીશ
નિકંદન ન૦ [સં.] નાશ
નિખાલસ વિ૦ ખુલ્લા કે ચોખ્ખા દિલનું
નિચોડ પું૦ સાર; તારણ
નિપુણ વિ૦ [સં.] હોશિયાર; કુશળ
નિબંધ પું૦ [સં.] અમુક મુદ્દા પરનો લેખ
નિરીક્ષણ ન૦ [સં.] બારીક તપાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્દેશવું સ૰ક્રિ૰ બતાવવું; જણાવવું
નિર્મવું સ૰ક્રિ૰ (નસીબ) નક્કી કરવું
નિર્માલ્ય વિ૰ માલ વગરનું; ફોગટ
નિવારણ ન૰[સં.]નિવારવું–દૂર કરવું તે
નિવૃત્ત વિ૰[સં.]પાછું ખસેલું–દૂર થયેલું
નિવૃત્તિધર્મ પું૰ [સં.] સંસારનાં કામ-કાજમાંથી અલગ થઈ ધર્મની સાધના કરવી તે; ત્યાગ કે સંન્યાસ
નિવેદન ન૰ [સં.] અરજ; વિનંતિ
નિવેદિત વિ૰ [સં.] જણાવેલું; રજૂ કરેલું
નિષ્કપટ વિ૰ [સં.] કપટરહિત; સરળ
નીચાજોણું ન૰ જેને માટે નીચું જોવું પડે એવું–શરમાવનારું હોય તે
નીલ વિ૰ [સં.] ભૂરું
નેકી સ્ત્રી૰ [ફા.] પ્રામાણિકપણું; ભલાઈ
નેટ અ૰ નક્કી [જગા
નેપથ્ય ન૰[સં.] નાટકના પડદા પાછળની
નેપુર ન૰ [સં. નૂપુર] ઝાંઝર
નેહ પું૰ [પદ્ય] સ્નેહ; પ્રેમ
નૈવેદ્ય ન૰ [સં.] દેવને થાળ ધરાવવો તે
નૌકાવિદ્યા સ્ત્રી૰[સં.] વહાણ ચલાવવાની વિદ્યા; વહાણવટું

પ

પક્ષાપક્ષી સ્ત્રી૰ પક્ષ પક્ષ વચ્ચેની અલગતા કે જુદાઈ; ભેદભાવ
પટકો પું૰ લૂગડાનો ટૂંકો કકડો
પતાકા સ્ત્રી૰ [સં.] ધજા
પદ્મ ન૰ [સં.] કમળ
પયપાન ન૰ દૂધ કે પાણી પીવું કે પાવું તે [પ્રભુ
પરવરદિગાર પું૰[ફા.] સૌનો પાળનાર-
પરવાળી વિ૰ પરવાળાના રંગનું–ગુલાબી
પરાભવ વિ૰ [સં.] હાર
પરિક્રમા સ્ત્રી૰ [સં.] પ્રદક્ષિણા; ચકરાવો
પરિચિત વિ૰ [સં.] ઓળખીતું
પરિષદ સ્ત્રી૰ [સં.] સભા
પાર્લમેન્ટ સ્ત્રી૰ [ઇં.] વિલાયતની રાજ-સભા, જે તેનું રાજ કરે છે
પાંચાલી સ્ત્રી૰ [સં.] પંચાલ દેશના રાજાની પુત્રી; દ્રૌપદી
પિંડ પું૰ [સં.] શરીર
પુણ્યશ્લોક વિ૰ [સં.] નામ લેવાથી પુણ્ય થાય એવું પવિત્ર [થવું તે
પુનરુત્થાન ન૰ [સં.] ફરી ઊઠવું–જાગ્રત
પુરવણી સ્ત્રી૰ બાકી રહેતું પૂરું કરવું કે કરે તે
પેંતરો પું૰ યુક્તિ; પ્રપંચ
પ્યાસું વિ૰ [હિં.] તરસ્યું
પ્રકૃતિ સ્ત્રી૰ [સં.] સ્વભાવ
પ્રક્રિયા સ્ત્રી૰ [સં.] કરવાની રીત
પ્રજામંડળ ન૰ (દેશી રાજ્યની) પ્રજાનું મંડળ (જેમ કે, વડોદરા રાજનું)
પ્રતિભા સ્ત્રી૰ [સં.] શક્તિની ઝળક
પ્રભુત્વ ન૰ [સં.] કાબૂ; સત્તા; અધિકાર
પ્રલોભન ન૰ [સં.] લોભાવે તે; લાલચ
પ્રવૃત્તિધર્મ પું૰ [સં.] સંસારનાં કામો ધર્મબુદ્ધિથી કરવા દ્વારા ધર્મની સાધના કરવી તે
પ્રસાદી સ્ત્રી૰ પ્રસાદ; કૃપા; દયા
પ્રાકૃતિક વિ૰ [સં.] પ્રકૃતિ–કુદરતનું (૨) સમાજના શિષ્ટાચારના ઓપ વગરનું
પ્રાપ્ત વિ૰ [સં.] મળેલું કે મેળવેલું
પ્રાબલ્ય ન૰ [સં.] જોર
પ્રામાણિક વિ૰ [સં.] વિશ્વાસુ; ઈમાનદાર
પ્રાશન ન૰ [સં.] ખાવું તે

ફ

ફાજલ વિ૰ [અ૰ ફાજિલ] વધેલું; ફાલતું
ફાંસિયો પું૰ ઠગ
ફિલસૂફ પું૰ તત્ત્વજ્ઞાની; વિચારક
ફૂર્તિ સ્ત્રી૰ સ્ફૂર્તિ; જોશ; જાગૃતિ
ફેડવું અ૰ક્રિ૰ ટાળવું; દૂર કરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ

બરબાદ વિ૦ [ફા.] નકામું; પાયમાલ
બહુમતવાદી વિ૦[સં.]બહુ લોકો જે મતના હોય તેમ ચાલવું જોઈએ એવું માનનાર
બંગ પું૦ [સં. વંગ] બંગાળ દેશ
બારેવાટ અ૦ ઠેકાણા વગર; ગમે તેમ
બાલિશ વિ૦[સં.]બાળકનું(૨) છોકરવાદ
બાહોશ વિ૦ [ફા.] હોશિયાર
બિંબ ન૦ [સં.] ઘિલોડું
બીડું ઝડપવું = સાહસને માટે તૈયાર થવું
બુત ન૦ [ફા.] પ્રતિમા, ઈશ્વર તુલ્ય મનાતી મૂર્તિ
બુતપરસ્તી સ્ત્રી૦ [ફા.] બુતની પૂજા (જુઓ બુત) [નિરપરાધી
બેકસૂર વિ૦ [ફા.] નિર્દોષ; ગુનાવગરનું;

ભ

ભગવંત પું૦ [માનવાચક] શ્રીમંત–મોટો માણસ
ભડ પું૦ યોદ્ધો; વીર પુરુષ
ભવ પું૦ [સં.] જન્મારો
ભંડક ન૦ વહાણનો નીચેનો ભાગ, જ્યાં સામાન લદાય છે.
ભા પું૦ મોટો માણસ–વડીલ
ભાણુ પું૦ ભાનુ; સૂરજ
ભામણે જવું = ઓવારણાં લેવાં; વારી જવું
ભાવિક વિ૦ [સં.] ભાવનાવાળું; શ્રદ્ધાળુ
ભિક્ષુણી સ્ત્રી૦ [સં.] સાધુડી [રંગનું
ભીનેવાન વિ૦ શામળું; કાળાશ પડતા
ભૂમિલીન વિ૦[સં.]ભૂમિમાં લીન–દટાઈ રહેલું
ભૂષણ ન૦ [સં.] ઘરેણું
ભેદી પું૦ [સં.] ભેદ–મર્મ જાણનાર
ભોજપત્ર ન૦ ભુર્જ નામના ઝાડની છાલ (અબરક પેઠે તેનાં કાગળ જેવાં પડ હોય છે તેની પર લખી શકાય છે.)
ભોર પું૦ સવાર; પ્રભાત
ભ્રમણ ન૦ [સં.] ભમવું–વિચરવું તે
ભ્રષ્ટ વિ૦ [સં.] પતિત; નીચે ઊતરેલું
ભ્રૂકુટિ સ્ત્રી૦ [સં.] આંખની ભમર

મ

મકરાકાર વિ૦ [સં.] મકર–મગરના આકારનું
મમી ન૦ [ઇ.] દવા ઇ૦માં સાચવીને સંઘરી રાખેલું મડદું
મર્કટ પું૦ [સં.] વાંદરો
મશક સ્ત્રી૦ [સં.] પાણી ભરવાની ચામડાની થેલી–પખાલ
મશગૂલ વિ૦ [અ.] ગરક; લીન
મશહૂર વિ૦ [અ.] જાણીતું; પ્રખ્યાત
મસલત સ્ત્રી૦ એકઠા મળીને વિચાર કરવો તે; સલાહસંતલસ
મહર્ષિ પું૦ [સં.] મોટા ઋષિ–જ્ઞાની
મહિમા પું૦ [સં.] મોટાઈ; મહત્ત્વ
માતામહ પું૦ [સં.] માતાનો પિતા; આજો [માનભંગ
માનમર્દન ન૦ [સં.] માન હણવું તે;
માનસશાસ્ત્ર ન૦ [સં.] મનનાં ધર્મો તથા કામો વિષેનું શાસ્ત્ર
મારામારી સ્ત્રી૦ ખેંચતાણ;ટંટો [હનુમાન
મારુતિ પું૦ [સં.] મરુત–વાયુનો પુત્ર;
માર્મિક વિ૦ [સં.] મર્મવાળું; નાજુક
માવો પું૦ લૂગદી
મિથ્યા અ૦ [સં.]ફોગટ (૨) અસત્ય
મિથ્યાભિમાન ન૦ [સં.] ખોટું હુંપદ
મિષ્ટ વિ૦ [સં.] મીઠું; મધુર
મુદ્રા સ્ત્રી૦ [સં.]વીંટી(૨)ચહેરો [ખાતું
મુલકીખાતું ન૦ [ફા.] દીવાની–મહેસૂલ
મુશાયરો પું૦ કવિઓની સભા, જેમાં તેઓ પોતાનાં કાવ્યો ગાઈ આનંદ કરે છે
મુશ્કેલી સ્ત્રી૦ મુસીબત; આપદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંડ ન૦ [સં.] ખોપરી; માથું
મૂક સ્તવન ન૦ [સં] મૂંગા રહીને–મનમાં થતી સ્તુતિ
મૃદુ વિ૦ [સં.] નરમ; કોમળ
મેખલા સ્ત્રી૦ [સં.] કંદોરો
મેગળ પું૦ હાથી
મોખાદાર વિ૦ મોખાવાળું; ફાવે એવું; [લાગતું
મોડ પું૦ કોઈ શુભ વિધિ કરતી વખતે સ્ત્રીઓ માથે પહેરે છે તે એક ઘાટ
મોસાળું ન૦ મામેરું; દીકરીના સીમંત વખતે કરાતી રીત
મોહન ન૦ [સં.] મોહવું કે મોહાવવું તે

ય

યજ્ઞસત્ર ન૦ [સં.] યજ્ઞના દહાડા
યાતના સ્ત્રી૦ [સં.] પીડા; વેદના
યાદદાસ્ત સ્ત્રી૦ [ફા.] યાદ રાખવાની શક્તિ; સ્મરણશક્તિ
યાંત્રિક પાવડો = પાવડા પેઠે ખોદવાનું કામ કરનારું મોટું યંત્ર
યુનિવર્સિટી સ્ત્રી૦ [ઇં.] વિદ્યાપીઠ; ઉચ્ચ જ્ઞાન આપનારી સંસ્થા [વારસનું પદ
યુવરાજપદ ન૦ [સં.] રાજગાદીના

ર

રડી ઊઠવું = હતાશ થઈ ખિન્ન થઈ જવું
રતી સ્ત્રી૦ ચણોઠી જેટલો–જરાક ભાર
રસપ્રદ વિ૦ [સં.] રસ દેનારું; રસિક
રાજમાન્ય વિ૦ [સં.] રાજ્યકર્તા તરફથી માન પામેલું કે સ્વીકારાયેલું
રામકહાણી સ્ત્રી૦ વીતક–દુઃખની કથા
રાષ્ટ્રપિતા પું૦ [સં.] દેશનો પિતા–દેશનો સુધારો ઘડનાર મહાપુરુષ
રાહત સ્ત્રી૦ [અ.] દુઃખમાં મદદ; વિસામો
રિદ્ધિસિદ્ધિ સ્ત્રી૦ રિદ્ધિસિદ્ધિ; વૈભવ; સમૃદ્ધિ
રુધિરાભિસરણ ન૦ [સં.] શરીરમાં લોહીનું ફરવું તે
રૂઢિ સ્ત્રી૦ [સં.] પડી ગયેલો રિવાજ

રેગિસ્તાન ન૦ [હિં.] રણ
રોજો પું૦ [અ.] જાણીતા કે મોટા માણસની કબર પરનું મકાન
રોહિત વિ૦ [સં.] રાતું

લ

લગની સ્ત્રી૦ લત; લહે
લહાણી સ્ત્રી૦ ભેટની વહેંચણી
લાખ-લાખેણો વિ૦ ખૂબ ભારે કીમતી કે આબરૂદાર
લાચારી સ્ત્રી૦ [ફા.] નાઇલાજ–નિરુપાય હોવું તે; કાંઈ ન ચાલવું તે
લાંગૂલ ન૦ [સં.] પૂંછડું
લીન વિ૦ [સં] ગરકાવ; મગ્ન; એકાગ્ર
લૅટિન સ્ત્રી૦ [ઇં.] પ્રાચીન રોમની ભાષા
લોકદાઝ સ્ત્રી૦ લોકના હિત માટેની લાગણી
લોકમાન્ય વિ૦ [સં.] લોકમાં માન પામેલું
લોકાપવાદ પું૦ [સં.] લોકમાં થતું વગોણું
લોપ પું૦ [સં.] ભંગ; નાશ

વ

વક્તૃત્વ ન૦ [સં.] ભાષણ કરવાની છટા
વખો પું૦ સંકટ
વચ્છ ન૦ [સં. વત્સ] વાછડું
વણજાર સ્ત્રી૦ પોઠ; વેપારીના માલ સાથેનો કાફલો [દેવી
વનદેવતા સ્ત્રી૦ [સં.] વનનું રક્ષણ કરનારી
વરતણિયો પું૦ ગામનો રાવણિયો કે પગી
વલોપાત પું૦ વલવલાટ; હાયવોય; રોકકળ
વસુંધરા સ્ત્રી૦ [સં.] પૃથ્વી; ધરતી
વહીવટ પું૦ રિવાજ; ધારો
વહીવટદાર પું૦ તાલુકા કે મહાલનો અમલદાર; મામલતદાર
વહોરત સ્ત્રી૦ વહોરેલું કે મેળવેલું તે
વહોરવું સ૦ક્રિ૦ માથે લેવું
વળાવો પું૦ ભોમિયો કે રખેવાળ
વાખો પું૦ વખો; ઉપવાસની પીડા કે સંકટ
વાગ્દાન ન૦ [સં.] વચન; કબૂલાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાટિકા સ્ત્રી૦ [સં.] વાડી; બગીચો
વાનપ્રસ્થ વિ૦[સં.] કામધંધા કે નોકરીમાંથી ઘડપણને લીધે છૂટું થયેલું
વામવું સ૦ક્રિ૦ ટાળવું; તજવું
વાયરલેસ પું૦ [ઇં.] તારના દોરડા વિના મોકલાતો તારનો સંદેશ
વાયવ્ય વિ૦[સં.] વાયુનું;પવનનું [અસ્ત્ર
વારુણાસ્ત્ર ન૦[સં.] વરુણનું-જળના દેવનું
વાવર પું૦ રોગ ફેલાવો તે
વાલું સ૦ક્રિ૦ [પદ્ય] વગાડવું
વાંછવું સ૦ક્રિ૦ ઇચ્છવું; ચાહવું
વિકટ વિ૦ [સં.] અઘરું; કઠણ [વિચારી
વિચારશીલ વિ૦ [સં.] વિચારવંતું;
વિદ્યમાન વિ૦ [સં.] હયાત; જીવતું
વિધિનિષેધ પું૦ [સં.] વિધિ-અમુક કરવું અને નિષેધ-અમુક ન કરવું એવા શાસ્ત્રના નિયમો
વિમાસણ ન૦ ચિંતા કે પસ્તાવો
વિશેક વિ૦ [પદ્ય] વિશેષ; વધારે
વિહાર પું૦ [સં.] (બૌદ્ધ) સાધુનો મઠ
વિહ્વળ વિ૦ [સં.] બાવરું; ગભરાયેલું
વીજળી-પોકાર પું૦વીજળીથી વાયરલેસ કરી, 'મદદ કરો' એવો પોકાર કરવો તે
વીતક ન૦ [સં.] વીતેલું દુઃખ
વીરઘોષણા સ્ત્રી૦ [સં.] વીરની ગર્જના
વીર ચારિત્ર પદ્ધતિ સ્ત્રી૦ [સં.] વીર પુરુષોના જીવનની રીત
વૃક્ષારોપણ ન૦ [સં.] ઝાડ રોપવું તે
વૃત્તિ સ્ત્રી૦ [સં.] મનનું વલણ-ભાવ
વેતાલ પું૦ [સં.] ભૂત
વેધશાળા સ્ત્રી૦ આકાશના પદાર્થો કે ખગોળ નિહાળવાની શાળા–સ્થાન
વેવિશાળ ન૦ સગાઈ; વિવાહ
વ્યક્તિ સ્ત્રી૦ [સં.] (કોઈ એક) માણસ
વ્યવહારદક્ષ વિ૦ [સં.] વ્યવહારના કામમાં ચતુર
વ્યાકુળ વિ૦ [સં. વ્યાકુલ] ગભરાયેલું; મૂંઝાયેલું

શ

શકર પું૦ સાર; બરકત
શક્ર પું૦ [સં.] ઇન્દ્ર
શપથ પું૦[સં.] સમ; સોગન; પ્રતિજ્ઞા
શમવું અ૦ક્રિ૦ શાંત થવું (પા. ૩૨ ઉપર 'મરવું' અર્થ છે.)
શરીફ પું૦[ઇં.] સરકારે નીમેલો શહેરનો એક અધિકારી નગરજન
શાંતિવાદી પું૦ [સં.] જગતમાં શાંતિ ફેલાવી જોઈએ–યુદ્ધ નહિ, એવું માનનાર
શિથિલ વિ૦ [સં.] ઢીલું; નરમ
શીલ ન૦ [સં.] ચારિત્ર; વર્તન
શીલવાન વિ૦ [સં.] સદાચારી; ઉમદા ચારિત્રવાળું
શુક પું૦ [સં.] પક્ષી
શુમાર પું૦ [ફા.] આશરો; અંદાજ
શેર પું૦ [ઇં.] વેપારી મંડળીનાં નાણાંમાં આપેલો કે ભરેલો હિસ્સો [પડતું
શ્યામલ વિ૦ [સં.] શામળું; કાળાશ
શ્રમ પું૦ [સં.] મહેનત

સ

સખ્ય ન૦ [સં.] ભાઈબંધી
સજીવ વિ૦ [સં.] જીવતું; જીવવાળું
સત્વર વિ૦ [સં.] ઝટ; તરત
સદાચારધર્મ પું૦ [સં.] સદાચાર–સારું વર્તન રાખવાનો ધર્મ; નીતિધર્મ
સનસનાટી સ્ત્રી૦ વ્યાપક હબકની અસર; તરખાટ
સબડવું અ૦ક્રિ૦ સડવું (૨) દુઃખી થવું
સમકાલીન વિ૦ [સં.]એક જ સમયમાં થયેલું કે હયાત
સમદૃષ્ટિ સ્ત્રી૦ [સં.] સમાન નજર; સૌ પ્રત્યે સરખો ભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમિતિ સ્ત્રી૦[સં.] નાની મંડળી કે સભા
સમૃદ્ધિ સ્ત્રી૦ [સં.] સંપત્તિ; ધનમાલ
સમ્રાટ પું૦ [સં.] બાદશાહ; શહેનશાહ
સરવે સ્ત્રી૦ [ઇ.] જમીનની તપાસ કરી વિઘોટી ઠરાવવી તે; આકારણી
સરીગત વિ૦ સાથી; ભાગિયું
સહધર્મચારિણી વિ૦સ્ત્રી૦ [સં.] પતિની સાથે રહી ધર્મ પ્રમાણે વર્તનારી
સંઘ પું૦ [સં.] (બૌદ્ધ ભિક્ષુઓનો) સંગઠિત સમૂહ
સંજ્ઞા સ્ત્રી૦ [સં.] નિશાની
સંદેહ પું૦ [સં.] શંકા
સંપાડવું સ૦ક્રિ૦ મેળવવું [ભેગું
સંયુક્ત વિ૦ [સં.] એકસાથે જોડાયેલું;
સંસ્કારિતા સ્ત્રી૦ [સં.] સારા સંસ્કાર કે કેળવણી હોવી તે [જગા
સંસ્થાન ન૦ [સં.] વસાહત;વસવાટની
સાથવો પું૦ શેકેલા અનાજનો લોટ
સામાજિક વિ૦ [સં.] સમાજને લગતું; સમાજનું કે તે વિષેનું
સામ્રાજ્ય ન૦ [સં.] અનેક દેશો પરની એક દેશની હકૂમત
સાહિત્ય ન૦ [સં.] ભાષામાં સંઘરાતું જ્ઞાન, વિચાર, વગેરેનું લખાણ; વાઙ્મય
સાંતિડું ન૦ હળ
સિતમ પું૦ [ફા.] જુલમ; ત્રાસ
સીંચાણો પું૦ શકરો; બાજ
સુધારો પું૦ ખોટું કે ખરાબ સુધારવું તે (૨) સંસ્કૃતિ; સમાજની પ્રગતિ
સુભાષિત ન૦ [સં.] સારી શિખામણ કે વિચારનું વાક્ય
સુરક્ષિત વિ૦ [સં.] બરોબર સચવાયેલું
સુરખી સ્ત્રી૦ [ફા.] લાલી
સુરતરુ ન૦ [સં.] દેવોનું વૃક્ષ—કલ્પતરુ
સુરતા સ્ત્રી૦ ધ્યાન; સૂરત
સુરભિ સ્ત્રી૦ [સં.] ગાય
સૂધું વિ૦ સીધું
સૂમસામ વિ૦ શાંત અને ચૂપ
સૂર પું૦ સ્વર; અવાજ (૨) (પદ્ય) સૂરજ
સેતુ પું૦ [સં.] પુલ
સેવના સ્ત્રી૦ [સં.] સેવા; ચાકરી
સોજું વિ૦ સારું; ઉત્તમ
સોણું ન૦ સ્વપ્નું [ભલમનસાઈ
સૌજન્ય ન૦ [સં.] સજ્જનતા;
સ્તબ્ધ વિ૦ [સં.] આશ્ચર્યથી સ્થિર—દિંગ કે ચકિત થયેલું
સ્નેહી પું૦ [સં.] મિત્ર; દોસ્ત
સ્પષ્ટવક્તૃત્વ ન૦ [સં.] સાવ સ્પષ્ટ કે ચોખ્ખેચોખ્ખું બોલવાનો ગુણ
સ્વાત્માર્પણ ન૦ [સં.] પોતાની જાતનું બલિદાન [કુદરતી
સ્વાભાવિક વિ૦ [સં.] સ્વભાવ જેવું થયેલું;

હ

હક પું૦ [અ. હક્ક] સત્ય
હકડેઠઠ અ૦ ખીચોખીચ; ચિકાર
હકૂમત સ્ત્રી૦ [અ૦] સત્તા; હાકેમપણું
હતાશ વિ૦ [સં.] નિરાશ; નાસીપાસ
હર પું૦ [સં.] મહાદેવ
હસ્તી સ્ત્રી૦ [ફા.] હયાતી; હોવું તે
હળાહળ વિ૦ ભારે સખત (ઝેર)
હાકલ સ્ત્રી૦ હાક; બૂમ
હાકેમ પું૦ સૂબો; રાજકર્તા
હાણ સ્ત્રી૦ હાનિ; નુકસાન
હિમપર્વત પું૦ [સં.] બરફનો પહાડ
હિંગળોકશું વિ૦ હિંગળોક જેવું લાલ
હુતાશન પું૦ [સં.] અગ્નિદેવ
હેરત સ્ત્રી૦ [અ.] નવાઈ; અચંબો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાડા દસ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar